ISSN-0971-8397

# યોજના

માર્ચ-૨૦૧૭ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૩૦

વિશેષાંક

# અંદાજપત્ર

## ૨૦૧૭-૧૮

**વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રથી વિકાસનો ધ્યેય સિદ્ધ થશે**
એન.આર ભાનુમૂર્તિ, એ. શ્રી હરિ નાયડુ

**૨૦૧૭નું વ્યવહારું કેન્દ્રીય અંદાજપત્ર**
ચરણ સિંહ

**૨૦૧૬-૧૭ના આર્થિક સર્વેક્ષણનું ક્ષમતા-નબળાઈ, તકો અને જોખમો (SWOT)ની દૃષ્ટિએ વિશ્લેષણ**
રવિન્દ્ર એચ. ધોળકીયા

**અંદાજપત્રની રોજગારી અને ઔદ્યોગિક વૃદ્ધિ ઉપર અસરો**
અરૂપ મિત્રા


### ખાસ લેખ


**ભારતીય રેલવે અંદાજપત્ર : એક નવા સ્વરૂપે**
અરુણેન્દ્ર કુમાર

### ફોકસ લેખ

**રેલવેને બાદ કરતાં માળખાગત ક્ષેત્રમાં અંદાજપત્રીય ફાળવણી**
ક્રિષ્ના દેવ

BOOK YOUR COPY NOW




# Reference Annual

**A TREASURE FOR RESEARCHERS, POLICY MAKERS, ACADEMICS, MEDIA PROFESSIONALS AND JOB SEEKERS, ESPECIALLY, ASPIRANTS OF CIVIL SERVICES EXAMINATION**

**Also available as eBook**
**Buy online at-**
**play.google.com, amazon.in, kobo.com**




Publications Division
Ministry of Information & Broadcasting, Government of India
Soochna Bhawan, CGO Complex, Lodhi Road, New Delhi-110003

**website: www.publicationsdivision.nic.in**
For placing orders, please contact:
Phone **: 011-24367260, 24365609,** e-mail**: businesswng@gmail.com**

@ DPD_India
www.facebook.com/publicationsdivision
www.facebook.com/yojanaJournal

**આયોજન અને વિકાસને સમર્પિત**

માર્ચ-૨૦૧૭

વર્ષ : ૪૪ અંક : ૧૨ સળંગ અંક : ૭૯૫

# યોજના



મુખ્ય તંત્રી : દીપિકા કચ્છલ
તંત્રી : અજય ઈન્દ્રેકર



**યોજના કાર્યાલય**
લોંગ લાઈફ હૉસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બૅંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦
E-mail Address : yojanagujarati@gmail.com
Website : www.yojana.gov.in


## વિષયસૂચિ


**વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રથી વિકાસનો ધ્યેય સિદ્ધ થશે**
**એન.આર ભાનુમૂર્તિ અને એ. શ્રી હરિ નાયડુ ........ ૫**

**૨૦૧૭નું વ્યવહારું કેન્દ્રીય અંદાજપત્ર**
**પ્રોફેસર ચરણ સિંહ ........ ૧૦**

**૨૦૧૬-૧૭ના આર્થિક સર્વેક્ષણનું ક્ષમતા-નબળાઈ, તકો અને જોખમો (SWOT)ની દૃષ્ટિએ વિશ્લેષણ**
**રવિન્દ્ર એચ. ધોળકીયા ........ ૧૬**

**અંદાજપત્રની રોજગારી અને ઔદ્યોગિક વૃદ્ધિ ઉપર અસરો**
**અરૂપ મિત્રા ........ ૨૧**

**ભારતીય રેલવે અંદાજપત્ર : એક નવા સ્વરૂપે**
**શ્રી અરુણેન્દ્ર કુમાર ........ ૨૫**

**રેલવેને બાદ કરતાં માળખાગત ક્ષેત્રમાં અંદાજપત્રીય ફાળવણી**
**ક્રિષ્ના દેવ ........ ૩૧**

**બજેટ ૨૦૧૭-૧૮ની મુખ્ય અને મહત્ત્વપૂર્ણ બાબતો**
**ડી. એસ. મલિક ........ ૩૭**

**કૃષિ ક્ષેત્ર અને ગ્રામીણ ભારતની ઝડપી વિકાસ કૂચ**
**નિરેન્દ્ર દેવ ........ ૪૧**

**વર્ષ ૨૦૧૭-૧૮ના સ્વાસ્થ્ય સંબંધિત અંદાજપત્રમાં ઊંચી વૃદ્ધિ**
**રાજીવ આહુજા ........ ૪૬**

**કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૭-૧૮માં કૃષિને મોટું પ્રોત્સાહન**
**લક્ષ્મી જોષી અને વી. પી. આહુજા ........ ૫૦**

**અંદાજપત્ર : રિયલ એસ્ટેટ સેક્ટર માટે સર્વાંગી પરિવર્તનની સંભાવના**
**ડૉ. રણજીત મહેતા ........ ૫૨**

**આવકવેરા ધારાની કલમ ૭૧ની પેટા કલમ (3A) અને ભારતની હાઉસિંગ સમસ્યા**
**ડૉ. એચ. સી. સરદાર ........ ૫૬**

**અંદાજપત્ર ૨૦૧૭-૧૮ : એક વિશ્લેષણ**
**ડૉ. મહેશ આર. સોનારા ........ ૬૦**

**અંદાજપત્ર ૨૦૧૭-૧૮ની મહત્વની જોગવાઈઓનું વિશ્લેષણ**
**ડૉ. સંજય એ. પંડ્યા ........ ૬૪**

**ડિજિટલ અર્થતંત્ર મારફત ગ્રામીણ અર્થતંત્રને પ્રોત્સાહન**
**સંદિપ દાસ ........ ૬૬**

**આપ જાણો છો?**
**યુનિવર્સલ બેઝિક ઇન્કમ (યુબીઆઈ) ........ ૬૯**


### ટાઈટલ


- આવરણ ડિઝાઇન : — ૧
- પ્રકાશન વિભાગની જાહેરાત : — ૨
- એન્યુઅલ ઈન્ડિયા ૨૦૧૭ અને ભારત ૨૦૧૭ નામનાં વાર્ષિક સંદર્ભ ગ્રંથોનું વિમોચન : — ૩
- અંદાજ પત્ર ૨૦૧૭-૧૮ અંગે પ્રધાન મંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીના મંતવ્યો : — ૪



છૂટક નકલ : રૂ. ૩૦-૦૦, વાર્ષિક લવાજમ : રૂ. ૨૩૦-૦૦, બે વર્ષ : રૂ. ૪૩૦-૦૦, ત્રણ વર્ષ : રૂ. ૬૧૦-૦૦
**લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦, Yojana (Guj.)"ના નામે મનીઑર્ડર/ચૅક/બૅંક ડ્રાફ્ટથી મોકલી શકાશે.**
**યોજના તથા કુરુક્ષેત્રનું લવાજમ હવે ઑનલાઇન ભરી શકાશે. www.yojana.gov.in**



આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.
યોજનામાં પ્રગટ થતા લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

# યોજના

## તંત્રીલેખ

## બજેટ : શ્રેષ્ઠ ભારતની દિશામાં વધુ એક કદમ




ચાલુ વર્ષે યુનિયન બજેટ અનેક અનિશ્ચિતતાઓ વચ્ચે પ્રસ્તુત થયું હતું. ડિમોનેટાઇઝેશન એટલે કે વિમુદ્રીકરણ કે નોટબંધીનું અભિયાન અને જીએસટીના અમલીકરણની તૈયારી, અમેરિકામાં નવી સરકાર વગેરે જેવાં પરિબળોને પગલે બજેટ પ્રસ્તુત કરવું અતિ પડકારજનક કામગીરી બની ગઈ હતી. ચાલુ વર્ષે બજેટ ઐતિહાસિક પણ હતું, કારણ કે તેમાં અનેક પરંપરાઓ તૂટી હતી, જેમકે – બજેટ ફેબ્રુઆરીના છેલ્લા દિવસે પ્રસ્તુત કરવાને બદલે પ્રથમ અઠવાડિયામાં રજૂ થયું હતું, રેલવે બજેટને યુનિયન બજેટમાં ભેળવીને પ્રસ્તુત કરવામાં આવ્યું હતું તથા આયોજિત અને બિન-આયોજિત ખર્ચનું વર્ગીકરણ ટાળવામાં આવ્યું હતું.

વિમુદ્રીકરણ પછી ધનિક અને ગરીબોને સામનો કરવો પડેલા સમાન પડકારો પછી એવા બજેટમાં જનતાને રાહત અને પ્રોત્સાહન આપવામાં આવશે, એવી અપેક્ષાઓ સ્વાભાવિક રીતે ઊભી થઈ હતી. જોકે બજેટમાં ગરીબના ઉત્થાન માટેની, ગ્રામીણ વિકાસ માટેની અને ખેડૂતોનાં હિતોનું સંરક્ષણ કરવાની પ્રાથમિકતા સરકારે જાળવી રાખી હતી તથા આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવાના લાંબાગાળાના એજન્ડા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ભારતની કાયાપલટ કરવા, ઊર્જાવંત કરવા અને પારદર્શક બનાવવાના સંપૂર્ણ ઉદ્દેશ સાથે બજેટમાં ગ્રામીણ વિકાસ, કૃષિ, માળખાગત સુવિધા, કૌશલ્ય વિકાસ, ઉત્પાદન અને રોજગારીના સર્જન પર પર્યાપ્ત ભાર મૂકીને અર્થતંત્રનાં તમામ ક્ષેત્રો પર ધ્યાન આપવામાં આવ્યું છે તથા આ માટે બહુપાંખિયો અભિગમ અપનાવવામાં આવ્યો છે.

સરકારની પ્રાથમિકતા ખેડૂતો અને ગ્રામીણ વિકાસ હોવાથી આગામી પાંચ વર્ષમાં ભારતીય ખેડૂતોની આવક બમણી કરવા અનેક પગલાંની જાહેરાત કરવામાં આવી છે. કૃષિ ધિરાણ ફાળવણી વધારીને રૂ. ૧૦ લાખ કરોડ કરવામાં આવી છે. કુદરતી આપત્તિઓમાંથી ખેડૂતોને બચાવવા પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અંતર્ગત પાક વિસ્તાર વધારીને ૪૦ ટકા આવરીને લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે તથા લૉંગટર્મ ઇરિગેશન ફંડ હેઠળ ભંડોળ વધારીને રૂ. ૪૦,૦૦૦ કરોડ કરવામાં આવ્યું છે.

ગ્રામીણ રોજગારી અને ગ્રામીણ વિસ્તારોમાં મૂળભૂત સુવિધાઓ સુધારવાના ઇરાદા સાથે નોંધપાત્ર સંખ્યામાં યુવાનોની કુશળતા વધારવા કેટલીક પહેલોની જાહેરાત કરવામાં આવી છે. ભારતમાં રોજગારીનું સર્જન કરતી મુખ્ય યોજના મનરેગા માટે અત્યાર સુધીની સૌથી વધુ ફાળવણી રૂ. ૪૮,૦૦૦ કરોડ કરવામાં આવી છે. ભારતને દુનિયાની કૌશલ્યની રાજધાની બનાવવા બજારલક્ષી કુશળતાઓ માટે યુવાનોને તાલીમ આપવા રૂ. ૪,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. મિશન અંત્યોદય અંતર્ગત ૧ કરોડ લોકો અને ૫૦,૦૦૦ ગ્રામપંચાયતોને ગરીબીમાંથી બહાર કાઢવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. સરકારે ગ્રામીણ વિકાસ પર વધારે ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જે ૧ મે, ૨૦૧૮ સુધીમાં ૧૦૦ ટકા તમામ ગામડાંઓનું વીજળીકરણ કરવાનો લક્ષ્યાંક, ઓપન ડિફિકેશન ફ્રી વિલેજીસને પ્રાથમિકતા આપી પાઇપ વૉટર સપ્લાય અને ગામડાંઓની જીવનરેખા સમાન ગ્રામીણ માર્ગોના નિર્માણની ઝડપ વધારી પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત દરરોજ ૧૩૩ કિમી માર્ગોનું નિર્માણ કરવાની પહેલ ઊડીને આંખે વળગે છે.

કોઈ પણ આર્થિક વિકાસ માટે માળખાગત સુવિધા પાયારૂપ છે, જેના માટે અત્યાર સુધીની રૂ. ૩.૯૬ કરોડની ફાળવણી કરીને ઉચિત રીતે ધ્યાન આપવામાં આવ્યું છે. રેલવે માટે રૂ. ૧.૩ લાખ કરોડની ફાળવણી અત્યાર સુધીની સૌથી વધારે ફાળવણી છે, જે પેસેન્જરની સલામતી, સ્વચ્છતા અને વિકાસલક્ષી કામો સાથે રાષ્ટ્રીય કેરિયર માટે જરૂરી છે. રિયલ એસ્ટેટ ક્ષેત્રને ચેતનવંતુ કરવા હાઉસિંગ સેક્ટરને 'ઇન્ફ્રાસ્ટ્રક્ચર'નો દરજ્જો આપવામાં આવ્યો છે.

વેપારવાણિજ્યની સરળતા માટે રોકાણને પ્રોત્સાહન આપવા અને તેમાં વધારો કરવા અનેક પગલાં લેવામાં આવ્યાં છે. અત્યારે ૯૦ ટકાથી વધારે એફડીઆઇ સીધા રૂટ મારફતે આવતું હોવાની બાબતને ધ્યાનમાં રાખીને વિદેશી રોકાણ પ્રોત્સાહન બોર્ડ (એફઆઇપીબી)ને નાબૂદ કરવામાં આવ્યું છે. લઘુ ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવા રૂ. ૫૦ કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતી કંપનીઓ માટે કૉર્પોરેટ આવકવેરાનો દર ઘટાડીને ૨૫ ટકા કરવામાં આવ્યો છે.


ભારત નેટ માટે રૂ. ૧૦,૦૦૦ કરોડની ફાળવણી, આધાર પેનું લૉન્ચિંગ કરવું, સાઇબર સિક્યોરિટીને મજબૂત કરવા વિશેષ કાર્યદળની રચના કરવા જેવાં વિવિધ પગલાં સરકારની ડિજિટલ અર્થતંત્ર તરફ અગ્રેસર થવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.

કાળાં નાણાંને અંકુશમાં લેવા અને રાજકીય વ્યવસ્થાને પારદર્શક બનાવવા રાજકીય પક્ષો દ્વારા રોકડમાં દાન મેળવવા માટે વ્યક્તિ દીઠ રૂ. ૨૦૦૦ની મહત્તમ મર્યાદા નિર્ધારિત કરવામાં આવી છે. તેનાથી વધારે રકમ ચેક કે ડિજિટલ પેમેન્ટ કે ઇલેક્ટ્રોરેલ બોન્ડ્સ મારફતે જ દાન કરી શકાશે.

સંપૂર્ણપણે જોઈએ તો બજેટ ૨૦૧૭-૧૮ સરકારના પારદર્શકતા વધારવા, ભ્રષ્ટાચાર ઘટાડવા અને ઝડપથી આર્થિક વૃદ્ધિ હાંસલ કરવાના ઇરાદા પર ભાર મૂકે છે તથા દરેક વ્યક્તિના જીવનમાં પ્રગતિ સુનિશ્ચિત કરવાની દિશામાં વધુ એક પગલું છે.

# વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રથી વિકાસનો ધ્યેય સિદ્ધ થશે

એન.આર ભાનુમૂર્તિ અને એ. શ્રી હરિ નાયડુ




*અંદાજપત્રની પૂર્વે મહત્ત્વના બે નીતિ વિષયક નિર્ણયો લેવાયા છેઃ આ નિર્ણયો નોટબંધી અને જીએસટી બિલ પસાર કરવા અંગેના છે. વૈશ્વિક મોરચાની વાત કરીએ, તો અમેરિકા અને યુરોપમાં વૈશ્વિકીકરણથી વિપરીત પ્રવાહો જોવા મળ્યા છે. ક્રૂડ ઑઈલના વધતા જતા ભાવ અને વિશ્વનાં બજારોમાં મંદીમાંથી બહાર આવવાની ધીમી ગતિને કારણે ભારતના અર્થતંત્ર માટે પણ નોંધપાત્ર અનિશ્ચિતતાઓનો ઉમેરો થયો છે.*

*આવી વ્યાપક અનિશ્ચિતતાઓની વચ્ચે અર્થતંત્ર બેઠું થાય અને તેના પરિણામે વધુ રોજગારી પેદા થાય તેવાં પગલાં અંદાજપત્રમાં લેવાશે, તેવી વ્યાપક અપેક્ષા હતી. અહી અંદાજપત્રને સમજવાની સાથે સાથે તેનું વિશ્લેષણ કરવાનો તથા તેની અર્થતંત્રને થનારી અસરો તપાસવાનો પણ પ્રયાસ કરાયો છે.*

અંદાજપત્ર એ ભારતના બંધારણની કલમ-૧૧૨, ૧૧૩, ૧૧૪(૩) અને ૧૧૦(એ) હેઠળની ફરજ છે. ઐતિહાસિક રીતે જોઈએ, તો તેને માત્ર સૂચિત સરવૈયું ગણી શકાય. જે તે સમયની સરકાર અંદાજપત્રનો ઉપયોગ મહત્ત્વના નીતિ વિષયક અને ખાસ કરીને કર દરખાસ્તોની જાહેરાત માટે કરતી હોય છે. વીતેલાં વર્ષોમાં આ ભારે ફેરફારો આવ્યા છે. આ વર્ષે પણ મહત્ત્વના ૩ ફેરફાર કરાયા છેઃ રેલવેના અંદાજપત્રને કેન્દ્ર સરકારના અંદાજપત્ર સાથે ભેળવી દેવાયું છે, અંદાજપત્રને એક માસ વહેલું રજૂ કરવામાં આવ્યું છે અને તેમાં આયોજિત/ બિન આયોજિત ખર્ચાઓ વચ્ચેનો તફાવત દર્શાવાયો નથી. આ ફેરફારોને કારણે વર્તમાન અંદાજપત્રને ભૂતકાળનાં અંદાજપત્રો સાથે ખૂબ ઓછું સરખાવી શકાય તેમ છે. આમ છતાં, જે સંજોગોની વચ્ચે તે રજૂ કરાયું છે, તે બાબત સમજવી ખૂબ જ મહત્ત્વની બની રહે છે. અંદાજપત્રની પૂર્વે મહત્ત્વના બે નીતિ વિષયક નિર્ણયો લેવાયા છેઃ આ નિર્ણયો નોટબંધી અને જીએસટી બિલ પસાર કરવા અંગેના છે. વૈશ્વિક મોરચાની વાત કરીએ, તો અમેરિકા અને યુરોપમાં વૈશ્વિકીકરણથી વિપરીત પ્રવાહો જોવા મળ્યા છે. ક્રૂડ ઑઈલના વધતા જતા ભાવ અને વિશ્વનાં બજારોમાં મંદીમાંથી બહાર આવવાની ધીમી ગતિને કારણે ભારતના અર્થતંત્ર માટે પણ નોંધપાત્ર અનિશ્ચિતતાઓનો ઉમેરો થયો છે.

આવી વ્યાપક અનિશ્ચિતતાઓની વચ્ચે અર્થતંત્ર બેઠું થાય અને તેના પરિણામે વધુ રોજગારી પેદા થાય તેવાં પગલાં અંદાજપત્રમાં લેવાશે, તેવી વ્યાપક અપેક્ષા હતી. અહી અંદાજપત્રને સમજવાની સાથે સાથે તેનું વિશ્લેષણ કરવાનો તથા તેની અર્થતંત્રને થનારી અસરો તપાસવાનો પણ પ્રયાસ કરાયો છે. નાણામંત્રીએ ઉલ્લેખ કર્યા મુજબ, આ વર્ષના અંદાજપત્રનો એજન્ડા 'ટીઈસી ઇન્ડિયા' (એટલે કે ટ્રાન્સફૉર્મ એનર્ગાઇઝ ઍન્ડ ક્લિન ઇન્ડિયા)નો હતો.

**વર્તમાન મેક્રો પ્રવાહો**

સેન્ટ્રલ સ્ટેટેસ્ટિકલ ઑફિસ (સીએસઓ) દ્વારા અંદાજ મૂકવામાં આવ્યો છે તે મુજબ ભારતની જીડીપી વૃદ્ધિ (આગોતરા અંદાજ મુજબ) ૨૦૧૬-૧૭ના વર્ષમાં ૭.૧ ટકાની આસપાસ રહેશે. આમ છતાં સીએસઓ પોતે પણ રજૂઆત કરે છે તે મુજબ આ આગોતરા અંદાજમાં નોટબંધીની અસર ગણતરીમાં લેવાઈ નથી, જેને કારણે મોટા ભાગના વિશ્લેષકો સૂચવે છે તે મુજબ જીડીપી નોટબંધીને કારણે ૧ થી ૨ ટકા જેટલી સંકોચાઈ શકે છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે કૃષિ ક્ષેત્રે સારા વરસાદને પરિણામે ખૂબ જ તેજીમય વાતાવરણ રહેશે, જ્યારે સર્વિસ સેક્ટરની વૃદ્ધિ લગભગ ૯ ટકાની આસપાસનો દર દર્શાવે તેવી સંભાવના છે. ઔદ્યોગિક ક્ષેત્ર ૫.૨ ટકાનો મધ્યમ વૃદ્ધિ દર દર્શાવે તેવી ધારણા રખાય છે. સીપીઆઈને આધારે ગણતરીમાં લેતા ફુગાવો ડિસેમ્બરમાં

૩.૪ ટકા હતો, જે રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાના લક્ષ્યાંક કરતાં ઓછો હતો. વ્યાપારી પ્રવાહોની વાત કરીએ, તો આયાત અને નિકાસ બંનેમાં ઘટાડો જોવા મળ્યો છે, તે ભારે ચિંતાની બાબત છે. આ આંકડાઓની સાથે સાથે ચાલુ ખાતાની હિસાબી ખાધમાં વર્ષ ૨૦૧૬-૧૭ના પ્રથમ અર્ધ વાર્ષિક ગાળામાં ૦.૩ ટકાનો તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. રાજકોષીય ખાધની વાત કરીએ તો આવકોમાં ભારે વૃદ્ધિ જોવા મળી છે, જ્યારે નાણાકીય ખાધ એપ્રિલ-નવેમ્બરના લક્ષ્યાંકની તુલનામાં ૮૬ ટકા સુધી પહોંચી છે. આ બધા આંકડાઓને આધારે એવી અપેક્ષા રહે છે કે વર્ષ ૨૦૧૬-૧૭માં સરકાર ૩.૫ ટકાની નાણાકીય ખાધનો લક્ષ્યાંક હાંસલ કરી શકશે.

બૅન્કીગને મોરચે જોવા જઈએ તો, નોટબંધી પછી બૅન્કોની થાપણોમાં વૃદ્ધિ જોવા મળી છે, બૅન્કોએ ધિરાણો અને થાપણોના વ્યાજ દરમાં ઘટાડો કરીને ગ્રાહકો માટે તેની અસર દર્શાવી છે. આ સ્થિતિને કારણે ધિરાણોની ઊંચી માંગ રહેવાની સંભાવના છે અને તેને કારણે જ ઊંચા દરે વૃદ્ધિ પણ થશે. વર્તમાન મૂડી રોકાણો (જીએફસીફ)ની વૃદ્ધિ -૦.૨ ટકા જેટલી નકારાત્મક રહી છે, તે ચિંતાની બાબત છે. નોટબંધી પહેલાંના અને પછીના ૫૦ દિવસની તુલના કરીએ, તો સીએમઆઈની આંકડાકીય વિગતો પણ નવા પ્રોજેક્ટસની જાહેરાતો ૨૨૭થી ઘટીને ૧૧૭ થતાં ભારે ઘટાડો થયો હોવાનું જણાવે છેઃ

**કેટલાક મેક્રો ઈકોનૉમિક નિર્દેશકોના તાજેતરના પ્રવાહો- કોઠોઃ૧**

| નિર્દેશક/વર્ષ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ PE | ૨૦૧૬-૧૭ AE |
|---|---|---|---|---|---|
| મૂળ કિંમતોએ જીવીએ (વૃદ્ધિ દર) | ૫.૪ | ૬.૩ | ૭.૧ | ૭.૨ | ૭.૧ |
| જીએફસીએફ (વૃદ્ધિ દર) | ૪.૯ | ૩.૪ | ૪.૯ | ૩.૯ | -૦.૨ |
| એકંદર ઘરગથ્થુ બચત (જીડીપીની ટકાવારી તરીકે) | ૩૩.૮ | ૩૩ | ૩૩ | - | - |
| કૃષિ (વૃદ્ધિ દર) | ૧.૫ | ૪.૨ | -૦.૨ | ૧.૨ | ૪.૧ |
| ઉદ્યોગો (વૃદ્ધિ દર) | ૩.૬ | ૫ | ૫.૯ | ૭.૪ | ૫.૨ |
| સેવા ક્ષેત્ર (વૃદ્ધિ દર) | ૮.૧ | ૭.૮ | ૧૦.૩ | ૮.૯ | ૮.૮ |
| ફુગાવો- સીપીઆઈ (વાર્ષિક સરેરાશ) | ૧૦ | ૯.૪ | ૫.૮ | ૪.૯ | ૩.૪૧# |
| ચાલુ ખાતાની ખાધ (જીડીપીની ટકાવારી તરીકે) | ૪.૮ | ૧.૭ | ૧.૩ | ૧.૧ | ૦.૩★ |
| નિકાસ (વૃદ્ધિ દર) | ૬.૭ | ૭.૮ | ૧.૭ | -૫.૨ | ૨.૨ |
| આયાત (વૃદ્ધિ દર) | ૬ | -૮.૨ | ૦.૮ | -૨.૮ | -૩.૮ |
| મહેસૂલી ખાધ (જીડીપીની ટકાવારી તરીકે) | ૩.૭ | ૩.૨ | ૨.૯ | ૨.૫ | ૨.૩ |
| નાણાકીય ખાધ (જીડીપીની ટકાવારી તરીકે ) | ૪.૯ | ૪.૫ | ૪.૧ | ૩.૯ | ૩.૫ |

**સ્રોતઃ વર્ષ ૨૦૧૬-૧૭નું આર્થિક સર્વેક્ષણ ★ વર્ષ ૨૦૧૬ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં સીએડી #ડીસેમ્બર ૨૦૧૬ માટેના આંકડાઓ**

**અંદાજપત્રની મુખ્ય વિશેષતાઓઃ**

ગયા વર્ષે બૅન્કરપ્સી કોડ, ફ્લેક્સીબલ ઇન્ફ્લેશન ટાર્ગેટિંગ અને મૉનેટરી પૉલિસી કમિટી, આધાર ઍક્ટ, જીએસટી વગેરે ઘણાં મહત્ત્વના સુધારાઓ હાથ ધર્યા પછી આ વર્ષે રજૂ થયેલું અંદાજપત્ર વિવિધ ક્ષેત્રોમાં કેટલાંક નવા નીતિવિષયક ફેરફારો લઈને આવ્યું છે.

**પરંપરાગત ક્ષેત્રો**

કૃષિ ક્ષેત્રમાં કાર્યરત ખેડૂતોની મુશ્કેલીઓને ૩ તબક્કામાં વહેંચી શકાય તેમ છે. આ તબક્કામાં પ્રિ-હાર્વેસ્ટ, હાર્વેસ્ટ અને પોસ્ટ હાર્વેસ્ટ તબક્કાનો સમાવેશ થાય છે. પ્રિ-હાર્વેસ્ટ સમસ્યાઓ ધિરાણ, ફર્ટિલાઇઝર અને સિંચાઈને લગતી છે. હાર્વેસ્ટિંગની સમસ્યાઓમાં દુષ્કાળ અથવા તો પૂરની પરિસ્થિતિ અને તે માટેના વીમાના આવરણનો સમાવેશ થાય છે. પોસ્ટ હાર્વેસ્ટ જોખમો માર્કેટિંગ, કિંમત અને પરિવહન અંગેનાં રહે છે. ગયા વર્ષના કાર્યક્રમો ચાલુ રાખીને 'લૅન્ડ ટાઇટલ ડિજિટાઇઝેશન' ગ્રામ્ય વીજળીકરણ અને ગ્રામ્ય વિસ્તારોમાં રૂરલ ઑપ્ટિકલ ફાઇબર કૅબલ લાઇનિંગ જેવા કાર્યક્રમો હાથ ધર્યા પછી આ વર્ષે લૅન્ડ સૉઈલ હેલ્થકાર્ડ્ઝ, ફસલ વીમા યોજના, લાંબા ગાળાનું અને માઇક્રો ઈરિગેશન ફંડ, eNAM (ઇલેક્ટ્રોનિક નૅશનલ એગ્રિકલ્ચર માર્કેટ)ના કારણે, જો યોગ્ય રીતે અમલીકરણ થાય તો ભારતની ખેતીમાં જોખમો વધવાની અપેક્ષા છે. વર્ષે ૨૦૧૬-૧૭માં રૂ.૯ લાખ કરોડથી વધારીને કૃષિ ધિરાણનો વ્યાપ ૨૦૧૭-૧૮માં રૂ.૧૦ લાખ કરોડનો કરાયો છે. લાંબા ગાળાના અને માઇક્રો ઇરિગેશન ભંડોળ માટે રૂ.૨૦,૦૦૦ કરોડનો વધારાનો

સપોર્ટ પૂરો પાડવામાં આવ્યો છે. માર્કેટ યાર્ડોમાં પ્રવર્તમાન કાર્ટેલને તોડવા માટે અને દેશભરના કૃષિ બજારોનું સંકલન કરવા માટે eNAM યોજનાનો હાલમાં ૨૫૦ બજારોમાં અમલ થઈ રહ્યો છે, તે વિસ્તારીને ૫૮૫ એગ્રિકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટીઝ (એપીએમસી) સુધી લઈ જવાશે. સરકારે ખાસ કરીને ડેરી ક્ષેત્ર, ફળ અને શાકભાજી ક્ષેત્ર માટે કૉન્ટ્રાક્ટ ફાર્મિંગનો મૉડેલ કાયદો લાવવાની દરખાસ્ત કરી છે.

**માળખાગત સુવિધાઓ :**

ભારતમાં ખાનગી તેમજ વિદેશી મૂડીરોકાણ બાબતે નબળી માળખાગત સુવિધાઓ મહત્ત્વનો મુદ્દો ગણાય છે. માળખાગત સુવિધાઓના અવરોધને નિવારવા માટે અંદાજપત્રમાં માર્ગો, વીજળી અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પૂરતું મહત્ત્વ આપવામાં આવ્યું છે. ૧ મે, ૨૦૧૮ સુધીમાં સરકાર ૧૦૦ ટકા ગ્રામ વીજળીકરણ હાંસલ કરવા માંગે છે. આ માટે દિનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના હેઠળ રૂ.૪,૮૧૪ કરોડની ફાળવણી કરવામાં આવી છે. પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના (પીએમજીએસવાય) હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭માં માર્ગ બાંધકામ દૈનિક ૧૩૩ કિ.મી. રોડના બાંધકામ સુધી પહોંચ્યું છે. આ સામે વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૪ની સ્થિતિની વાત કરીએ, તો તે વખતે દૈનિક સરેરાશ ૭૩ કિ.મી. જેટલું માર્ગ બાંધકામ થતું હતું. આ યોજના હેઠળ કરવામાં આવતી ફાળવણી આ અંદાજપત્રમાં વધારીને રૂ.૧૯,૦૦૦ કરોડની કરવામાં આવી છે. રેલવે વિભાગ માટે અંદાજ પત્રમાં વિસ્તરણના હેતુથી રૂ.૫૫,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. એકંદરે ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર માટે અંદાજપત્રમાં રૂ.૨.૪૧ લાખ કરોડની જોગવાઈ કરાઈ છે, તે દર્શાવે છે કે સરકાર પરિવહન ક્ષેત્રના વિસ્તરણ મારફતે વૃદ્ધિને પુનર્જીવિત કરવા માંગે છે, કારણ કે આ ક્ષેત્ર મોટી રોજગાર ક્ષમતા અને સાથે સાથે અન્ય ક્ષેત્રો સાથે ફોરવર્ડ લિંકેજ પૂરું પાડે છે. ખર્ચાઓમાં જે વધારો થશે તેનાથી સમાવેશી વિકાસ હાંસલ કરવામાં સહાય થશે.

**માળખાગત સુવિધા ક્ષેત્ર માટે ફાળવણીની તરાહ : કોઠો-૨**

| વિગત | ૨૦૧૫-૨૦૧૬ | ૨૦૧૬-૨૦૧૭ RE | ૨૦૧૭-૨૦૧૮ BE |
|---|---|---|---|
| મનરેગા પ્રોગ્રામ | ૩૮૫૦૦ | ૪૭૪૯૯ | ૪૮૦૦૦ |
| પ્રધાન મંત્રી આવાસ યોજના | ૨૦૦૭૫ | ૨૦૯૩૬ | ૨૯૦૪૩ |
| પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના | ૧૯૦૦૦ | ૧૯૦૦૦ | ૧૯૦૦૦ |
| અમૃત (AMRUT) | ૭૨૯૬ | ૯૫૫૯ | ૯૦૦૦ |
| સંરક્ષણ સેવાઓ માટે ઑપ્ટિકલ ફાયબર કેબલ નેટવર્ક | ૨૭૧૦ | ૩૨૧૦ | ૩૦૦૦ |
| ભારતનેટ | ૦ | ૬૦૦૦ | ૧૦૦૦૦ |
| મેટ્રો પ્રોજેક્ટ્સ | ૧૦૦૦૦ | ૧૫૭૦૦ | ૧૮૦૦૦ |
| દિન દયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના | ૮૫૦૦ | ૭૮૭૪ | ૧૦૬૩૫ |
| સાગરમાલા | ૪૫૦ | ૪૦૬ | ૬૦૦ |
| ગરીબોના આવાસોમાં એલપીજી જોડાણ | ૨૦૦૦ | ૨૫૦૦ | ૨૫૦૦ |
| રેલવે વિભાગ માટે અંદાજ પત્રીય ફાળવણી | ૩૦૧૨૧.૨ | ૩૫૦૦૭.૯ | ૫૫૦૦૦ |
| કુલ | ૧૩૮૬૫૨.૨ | ૧૬૭૬૯૧.૯ | ૧૮૭૬૭૮ |

**સ્રોતઃ ભારત સરકારના વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રના દસ્તાવેજો તથા પ્રેસ ઈન્ફોર્મેસન બ્યૂરો (PIB).**

**અંદાજપત્ર અને મેક્રોઈકોનૉમિક્સઃ**

અંદાજપત્રમાં લેવાયેલું એક મહત્ત્વનું નીતિ વિષયક કદમ નાણાકીય/ રોજકોષિય ખાધ અંગેના લક્ષ્યાંકોનું છે. આંતરરાષ્ટ્રીય રેટિંગ એજન્સીઓનાં દબાણો હેઠળ, એક એવી અપેક્ષા હતી કે સરકાર પ્રવર્તમાન

એફઆરબીએમ નિયમ હેઠળ ૩ ટકાની નાણાકીય ખાધને વળગી રહેશે. નવી એફઆરબીએમ કમિટીએ શું ભલામણ કરી છે, તે સ્પષ્ટ નહી હોવા છતાં મૂડી રોકાણોને પુનર્જીવિત કરવા માટે અંદાજપત્રમાં તેની નાણાકીય ખાધના લક્ષ્યાંક બાબતે થોડો અલગ ચીલો ચાતરાયો છે અને તે ૩.૨ ટકા (૩ ટકાના લક્ષ્યાંક સામે) રખાઈ છે. અહી એક અત્યંત મહત્ત્વનું પાસું એ છે કે તેમાં મહેસૂલી ખાધ ૧.૯ ટકા સુધી નીચી લઈ જઈ શકાઈ છે (૨.૩ ટકાથી), જ્યારે વધારાયેલો મૂડી ખર્ચ ૧.૩ ટકા છે (૧.૧ ટકાથી), જે અમારા મત મુજબ વિસ્તરણલક્ષી અને નાણાં એકત્ર કરવાની બાબત સાથે સુસંગત છે. આમ છતાં, એફઆરબીએમ કમિટીએ એવું સૂચન કર્યું હોવાનું જણાય છે કે ૬૦ ટકા સુધીનો મધ્યમ ગાળાનો દેવા માર્ગ સામાન્ય રીતે સરકાર માટે ૨૦૨૩ સુધી રહેશે (કેન્દ્ર સરકાર ૪૦ ટકા અને રાજ્ય સરકારોના ૨૦ ટકા), જે ભાનુમૂર્તિના અંદાજો સાથે સુસંગતતા ધરાવે છે. આવા નાણાકીય માર્ગને કારણે મધ્યમ સમયમાં વૃદ્ધિ અને વિકાસનાં ધ્યેયો હાંસલ કરવા માટે સંભાવના રહેશે.

**આવકો ગતિશીલ બનાવવા માટેની નીતિઓ :**

જીએસટી અને નોટબંધીને પગલે દેશમાં કરવેરો ભરવાનું વલણ વધે તેવી સંભાવના છે. આ કારણે અંદાજપત્રમાં કરવેરાની આવકોના આંકડા વધુ દર્શાવાયા છે. સ્વાભાવિક રીતે જ કરવેરાની આવક ૧.૪ ગણી વધવાની અંદાજપત્રમાં સંભાવના વ્યક્ત થઈ છે. વર્ષ ૨૦૦૩ થી ૨૦૦૭ દરમિયાન ટીન (ટૅક્સ ઇન્ફર્મેશન નેટવર્ક) રજૂ કરાયા પછી કરવેરાની આવકમાં તેજી આવી હતી, એવું જ થયું છે. મૂડી આવકો ગયા વર્ષ જેટલી જ અંદાજાઈ છે. અંદાજપત્રમાં ધારણા વ્યક્ત કરવામાં આવી છે કે તે આશરે રૂ.૭૨,૫૦૦ કરોડ જેટલી રહેશે, જેમાં મહદ્ અંશે ડીસ-ઇન્વેસ્ટમેન્ટનો સમાવેશ થશે. આ બાબત એક મુશ્કેલ કામગીરી ગણવામાં આવે છે. સમાન પ્રકારે માર્કેટ બોરાઈંગને ઍડજસ્ટ કર્યા પછી સરકાર બે લાખ કરોડ જેટલું રોકડ બૅલેન્સ રહેવાની ધારણા રાખે છે. આ પ્રમાણે નાણાં ઊભા કરવાની જે ધારણા રખાઈ છે, તેની પાછળ બીજી એક ધારણા પણ કામ કરે છે અને તે ૨૦૧૬-૧૭માં જીડીપીમાં ૧૧ ટકાની વૃદ્ધિ સામે ૧૧.૭૫ ટકાની વૃદ્ધિના અંદાજને કારણે છે. આ બધું ૧ જુલાઈથી જીએસટીના અમલીકરણ ઉપર અને જીએસટીના દર ઉપર આધાર રાખે છે. સીધા કરવેરાની વાત કરીએ, તો આર્થિક સર્વેક્ષણમાં દર્શાવ્યા મુજબ દેશમાં ૧૦૦માંથી માત્ર ૭ વ્યક્તિ જ કરદાતા છે. કરવેરાનો વ્યાપ વિસ્તારવા માટે અંદાજપત્રમાં ૫ ટકા વેરાનો નીચો સ્લેબ દાખલ કરાયો છે. અમારા મત મુજબ આ પગલાને કારણે વધુ લોકો કરવેરો ભરતા થશે. આમ છતાં આ કારણે અસરકારક કર દરમાં અસ્થિરતા આવશે. અંદાજપત્રમાં જે અન્ય સુધારાઓ સૂચવાયા છે, તેમાં રિટર્ન અને ઇ-ફાઇલિંગમાં સરલીકરણનો સમાવેશ થાય છે.

**બૅન્કોની કટોકટી અને એનપીએના મુદ્દાઓ**

વ્યાજના દરમાં નીતિ વિષયક ફેરફારો કર્યા છતાં ભારતમાં ખાનગી મૂડી રોકાણો ઘટવા પાછળનું કારણ બૅન્કીંગ ક્ષેત્રના સરવૈયામાં બે પ્રકારની કટોકટી કારણરૂપ ગણાય છે. નોટબંધીને કારણે સસ્તી થાપણો મેળવવામાં અને બૅન્કોના સરવૈયાંઓને સામાન્ય કરવા માટે સહાય થઈ હોવા છતાં એવી અપેક્ષા છે કે અંદાજપત્ર બૅન્કોને રિ-કૅપિટલાઇઝેશન માટે સહાય કરશે. ગયા વર્ષના અંદાજપત્રની તુલનામાં આ અંદાજપત્રમાં આ હેતુ માટે અગાઉના રૂ.૨૫,૦૦૦ કરોડના બદલે માત્ર રૂ.૧૦,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જાહેર ક્ષેત્રની બૅન્કોના એનપીએમાં તીવ્ર ઉછાળા છતાં કરાયેલી આ ઓછી જોગવાઈથી બૅન્કોને ખાસ લાભ નહી થાય. આમ છતાં ગયા વર્ષેથી લાગુ કરાયેલા એવાં ઘણાં પગલાં છે કે જે બૅન્કોને લાંબા ગાળે સહાયક બની શકશે. આ પગલાંઓમાં બૅન્કરપ્સી કોડ, ડેબ્ટ રિકવરી ટ્રિબ્યુનલ્સ અને એસએઆરએફઈએસઆઈ ઍક્ટમાં કરાયેલા સુધારા, બૅન્ક બોર્ડ બ્યૂરો અને ઈન્દ્રધનુષ સ્કીમનો સમાવેશ થાય છે.

**નોટબંધી અને અંદાજપત્ર**

નોટબંધી પછીની અસરમાં એવું જણાય છે કે દેશના અર્થતંત્રના કેટલાંક ક્ષેત્રોમાં સંકોચન અને સાથે સાથે મુશ્કેલી જણાશે. સેક્ટરના સ્તરે એસઆઈએએમ ડેટા દર્શાવે છે, તે મુજબ ડિસેમ્બર ૨૦૧૬માં ઓટોમોબાઇલ ક્ષેત્રનાં વેચાણોમાં ૧૮.૬૬ ટકાનો ઘટાડો થયો છે. સમાન પ્રકારે ટુ-વ્હિલર્સ અને થ્રી-વ્હિલર્સ કે જેનાં વેચાણો મુખ્યત્વે રોકડ રકમ દ્વારા થતાં હોય છે. તેમાં પણ અનુક્રમે ૨૨.૦૪ અને ૩૬.૨૩ ટકાનો ઘટાડો થયો છે. નાઇટ બૅન્ક ડેટા અનુસાર રિયલ એસ્ટેટ સેક્ટરના વેચાણોમાં પણ ૨૦૧૬ના છેલ્લાં ત્રિ-માસિક ગાળામાં ૫૦ ટકાથી વધુ ઘટાડો નોંધાયો છે. આર્થિક સર્વેક્ષણના અંદાજ મુજબ જીડીપી ઉપર

નોટબંધીની વિપરીત અસર ૦.૨૫ ટકાથી ૧ ટકા જેટલી રહેવાની સંભાવના છે.

બીજી તરફ જીડીપીની વૃદ્ધિમાં મંદ ગતિ છતાં કરવેરાની આવકોમાં નોટબંધી પછી નોંધપાત્ર સુધારો થયો છેઃ કૉર્પોરેશન ટૅક્સ (૪.૪ ટકા), ઈન્કમટૅક્સ (૨૪.૬ ટકા), સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટી (૪૩ ટકા), સર્વિસ ટૅક્સ (૨૩.૯ ટકા) અને કસ્ટમ ડ્યૂટીમાં (૪.૧ ટકા) વધારો થયો છે. એક સ્પષ્ટતા એવી કરવામાં આવે છે કે નોટબંધી પછી કરવેરાનો વ્યાપ વધ્યો હોય તેમ જણાયું છે. જો કરવેરો નહી ભરવાનું કે કરવેરો ટાળવાનું વલણ અગાઉ જે હિસાબો બતાવાતા ન હતા, તે દર્શાવવાના કારણે વધ્યું હોય, તો સારી બાબત છે. આર્થિક સર્વેક્ષણ અને નૅશનલ પેમેન્ટ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા (એનપીસીઆઈ)ના જણાવ્યા મુજબ પીઓએસ દ્વારા રૂપે-આધારિત ઈલૅક્ટ્રોનિક આર્થિક વ્યવહારોમાં રૂ. ૧૩,૦૦૦ કરોડનો તથા ઇ-કૉમર્સ દ્વારા આર્થિક વ્યવહારોમાં રૂ. ૨,૦૦૦ કરોડનો વધારો થયો છે.આ વધારો છેલ્લાં થોડા મહિનાઓમાં ૩૦૦થી ૪૦૦ ટકા જેટલો વધ્યો હોય તેમ જણાય છે.

### અંદાજપત્ર અને ડિજિટલ અર્થતંત્ર

અર્થતંત્ર રોકડ વ્યવહારોથી કૅશલેસ વ્યવહારો તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે ચુકવણી કરવા માટેની માળખાગત સુવિધાઓમાં પણ નોંધપાત્ર સુધારા કરવાની જરૂર છે. ભારત આ ક્ષેત્રે હાલમાં ૩ પ્રકારની સમસ્યાઓનો સામનો કરે છે- આ સમસ્યાઓમાં સાયબર સિક્યોરિટી, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ આર્થિક વ્યવહારોના ખર્ચનો સમાવેશ થાય છે. અંદાજપત્રમાં કેટલેક અંશે પ્રથમ બે સમસ્યાઓ હલ કરવાનો પ્રયાસ થયો છે.

**સાયબર સિક્યોરિટીઃ** વધતા જતા સાયબર હુમલાઓનું પ્રમાણ ઘટાડવા માટે નાણાકીય ક્ષેત્રમાં સુસંકલન અને સ્થિરતા લાવવી જરૂરી છે. અંદાજપત્રમાં આ હેતુથી ફાયનાન્સિયલ સેક્ટરમાં સુધારા માટે કોમ્પ્યુટર ઈમર્જન્સી રિસ્પોન્સ ટીમ (CERT-Fin)ની રચના કરાઈ છે.

**ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરઃ** ડિજિટલ માળખાગત સુવિધાઓમાં સુધારો કરવાના ભાગ રૂપે અંદાજપત્રમાં ભારતનેટ, ડીજીગાંવ, મોડીફાઈડ સ્પેશ્યલ ઈન્સેન્ટીવ પેકેજ સ્કીમની ફાળવણીમાં વધારો કરવામાં આવ્યો છે. આવી નીતિઓને પરિણામે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભુ કરવામાં સહાય થશે તેવી અપેક્ષા છે અને તેને પરિણામે દેશની સ્વદેશી ઉત્પાદન વ્યવસ્થામાં પણ સુધારાઓ આવશે.

### શું અંદાજપત્રને પરિણામે સમાવેશી વિકાસ શક્ય બનશે?

હાલમાં ભારત જે જાહેર નીતિ વિષયક પડકારોનો સામનો કરી રહ્યું છે તેમાં ઊંચા દરે રોજગાર નિર્માણમાં વૃદ્ધિ હાંસલ થઈ શકે તેવી નીતિનો સમાવેશ થાય છે. આ માટે મધ્યમ ગાળામાં મેન્યુફેક્ચરીંગનો હિસ્સો ૨૫ ટકા સુધી લઈ જવાના પગલાંનો સમાવેશ થાય છે. તાજેતરમાં મેન્યુફેક્ચરીંગની વૃદ્ધિમાં નકારાત્મક પ્રવાહોને કારણે મોટા પડકાર ઉભા થયા છે. આ પશ્ચાદ્ ભૂમિકા વચ્ચે અંદાજપત્રમાં હાઉસિંગ, ટુરિઝમ, માર્ગ બાંધકામ તથા અન્ય માળખાગત સુવિધાઓ દ્વારા વધુ શ્રમપ્રચુર ક્ષેત્રો તરફ ધ્યાન આપવામાં આવ્યું છે. આમ છતાં, જે સ્ટ્રક્ચરલ પરિવર્તન લાવીને વિસ્તરણ કરવાની અપેક્ષા રખાય છે તે માટે નીતિ વિષયક સુધારાઓ તથા જમીન અને શ્રમલક્ષી સુધારાઓ આવશ્યક બની રહેશે. અંદાજપત્રમાં આવા મુદ્દાઓનો ભાગ્યે જ સમાવેશ કરાયો છે.

### સારાંશ

એકંદરે સ્થાનિક અને વિદેશના આર્થિક વાતાવરણમાં જે અનિશ્ચિતતાઓ ઉભી થઈ છે તેને હલ કરવા માટે કેન્દ્ર સરકારના અંદાજપત્રમાં ઘણાં મુદ્દાઓ હાથ પર લેવાયા છે અને તેનાથી દેશને વૃદ્ધિમાં સહાય થવાની સંભાવના છે. ખાસ કરીને, ઘણાં લાંબા સમયથી પ્રોત્સાહનો આપવાની નીતિનો અમલ કરાતો હતો અને તેને ઓછી સફળતા હાંસલ થઈ હોવાથી વૃદ્ધિની પ્રક્રિયાઓ ઉપર વિશેષ ધ્યાન અપાયું છે. આમ છતાં, આવા પગલાંઓને કેટલાંક વધુ સમાવેશી વૃદ્ધિલક્ષી પૂરક નીતિઓનું પૂરું સમર્થન મળે તેવી અપેક્ષા છે. આ માટે પેટા કાયદાઓના સ્તરે પણ નીતિ વિષયક ફેરફારો કરવાનું એટલું જ જરૂરી છે. આવું થશે તો મધ્યમ ગાળાની વૃદ્ધિ અને વિકાસના ધ્યેય હાંસલ કરવામાં સહાય થશે.

**એન આર ભાનુમૂર્તિ નવી દિલ્હીમાં એનઆઈપીએફપીના પ્રોફેસર છે. તેઓ દિલ્હીમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક ગ્રોથમાં એસોસિએટ પ્રોફેસર છે. તેઓ વિશ્વ બૅંક, આઈએલઓ, એડીબીવ વગેરે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં કન્સલ્ટન્ટ તરીકે પણ સેવા આપે છે.**

**E-mail:nrbmurthy@gmail.com**

**એ શ્રી હરિ નાયડુ નૅશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લીક ફાયનાન્સ અને પૉલીસીમાં અર્થશાસ્ત્રી છે.**

**E-mail: sriharinaidua@gmail.com**

# ૨૦૧૭નું વ્યવહારું કેન્દ્રીય અંદાજપત્ર

**પ્રોફેસર ચરણ સિંહ**




*તાજેતરના બજેટનો હેતુ ભારતમાં પરિવર્તન લાવવાનો, ઊર્જાસભર અને સ્વચ્છ બનાવવાનો છે. બજેટની દરખાસ્તો દશ વિશિષ્ટ થીમ પર આધારિત હતી – ખેડૂતો, ગ્રામીણ જનતા, યુવા, ગરીબો અને વંચિતો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નાણાકીય સેક્ટર, ડિજિટલ અર્થતંત્ર, જાહેર સેવા, યોગ્ય રાજકોષીય વ્યવસ્થાપન અને ટૅક્સ વહીવટ. મર્યાદાઓ હોવા છતાં બજેટમાં રાજકોષીય કોન્સોલિડેશન પર ધ્યાન આપવામાં આવ્યું છે અને તમામ પ્રકારની ખાધ ઘટી રહી છે.*

*સરકારે સફળતાપૂર્વક આવકની ખાધ તથા કુલ રાજકોષીય ખાધને નિયંત્રણમાં રાખવાનો પ્રયાસ કર્યો છે. જોકે, જીડીપીની ટકાવારીમાં મૂડીખર્ચ નીચો છે, જ્યારે મહેસૂલી ખર્ચ મહેસૂલની પ્રાપ્તિ કરતા નોંધપાત્ર પ્રમાણમાં ઊંચો છે.*

*ભારતમાં આયોજનની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીના ટ્રેન્ડનું વિશ્લેષણ દર્શાવે છે કે મૂડીખર્ચ અન્ય વેરિયેબલ્સમાં આંચકા સહન કરવામાં બફર તરીકે કામ કરે છે અને ૧૯૬૦ના દાયકાથી તે સતત ઘટી રહ્યો છે.*

રાજકોષીય નીતિમાં બજેટ એક મહત્ત્વનો ઘટક છે. કોઈ પણ મેક્રોઈકોનૉમિક નીતિનો હેતુ સ્થિર વૃદ્ધિ છે, જે રાજકોષીય નીતિ અને નાણાકીય નીતિના અમલીકરણ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. રાજકોષીય નીતિનો લક્ષ્ય રોજગારી વધારવાનું અને ટકાઉ વૃદ્ધિ સુનિશ્ચિત વૃદ્ધિ કરવાનું છે, જ્યારે નાણાકીય નીતિ ફુગાવો નિયંત્રણમાં રાખીને અર્થતંત્રના વિકાસ માટે અનુકૂળ વાતાવરણ રચવા માંગે છે. વૃદ્ધિ અને રોજગારીને ઉત્તેજન આપવાના હેતુના કારણે રાજકોષીય નીતિ સારું શિક્ષણ આપવા અને કૌશલ્યમાં વધારો કરવા માટે વિવિધ સાધનોનો ઉપયોગ કરે છે. કાર્યક્ષમ જાહેર આરોગ્ય સંસ્થાઓ દ્વારા તંદુરસ્ત શ્રમબળનું સર્જન, વાણિજયને ઉત્તેજન આપવા માટે મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ, પ્રતિબદ્ધ સુરક્ષા દળો, વહીવટીતંત્ર અને ન્યાયતંત્ર દ્વારા સુરક્ષા મિલકતોની રચના કરવામાં આવે છે. પાયાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે આ આવશ્યક ખર્ચને ફાઈનાન્સ કરવા સરકારે પરોક્ષ અને પ્રત્યક્ષ વેરા દ્વારા નાણાકીય સ્રોત એકત્ર કરવા પડે છે, જાહેર ક્ષેત્રનાં સાહસો પાસેથી ડિવિડન્ડ અને નફો વસૂલવામાં આવે છે અને અંતિમ પગલાં તરીકે સ્થાનિક અને બાહ્ય સ્રોત પાસેથી લાંબા અને ટૂંકાગાળાનું ઋણ લેવું પડે છે. સરકાર દ્વારા નાણાકીય સ્રોત એકઠા કરવાની તથા ખર્ચ કરવાની અસર કામ, વપરાશ, બચત, મોજશોખ અને રોકાણ પર પડે છે, જે નાણાકીય નીતિનું ક્ષેત્ર છે.


તાજેતરનું બજેટ અત્યંત મુશ્કેલ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્થિતિમાં રજૂ કરવામાં આવ્યું છે. ભારતમાં ૮ નવેમ્બરે જાહેર થયેલી નોટબંધીની અસર હજુ જોવાની બાકી છે. વાસ્તવમાં ડિમોનેટાઈઝેશન પછી બૅન્કોમાં એકઠી થયેલી રોકડને હજુ રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા દ્વારા પુષ્ટિ આપવાની બાકી છે. ભારતીય ઉદ્યોગ અને વ્યાપાર પર પડેલી તેની અસર પણ હજુ સ્પષ્ટ નથી. આ ઉપરાંત ભારત જીએસટીના સ્વરૂપમાં સ્વતંત્રતા પછીનો સૌથી વધારે મહત્ત્વનો ટૅક્સ સુધારો લાગુ કરવાની તૈયારીમાં છે. બાહ્ય પરિબળોને ધ્યાનમાં લઈએ તો વિશ્વમાં આર્થિક વૃદ્ધિ ધીમી અને સ્થગિત થઈ રહી છે. તેલના ભાવ વધી રહ્યા છે અને રક્ષણવાદી નીતિ વેગ પકડી રહી છે. અમેરિકામાં વૈશ્વિકીકરણની વિચારધારામાં ફેરફાર તથા યુકેમાં બ્રેક્ઝિટને લગતી અનિશ્ચિતતાના કારણે સ્થિર વૃદ્ધિ માટે આયોજન કરવાનું મુશ્કેલ બની રહ્યું છે તથા યુરોપમાં બીજી રાજકીય હિલચાલો થઈ રહી છે.

તાજેતરના બજેટનો હેતુ ભારતમાં પરિવર્તન લાવવાનો, ઊર્જાસભર અને સ્વચ્છ બનાવવાનો છે. બજેટની દરખાસ્તો દશ વિશિષ્ટ થીમ પર આધારિત હતી – ખેડૂતો, ગ્રામીણ જનતા, યુવા, ગરીબો અને વંચિતો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નાણાકીય સેક્ટર, ડિજિટલ અર્થતંત્ર, જાહેર સેવા, યોગ્ય રાજકોષીય વ્યવસ્થાપન અને ટૅક્સ વહીવટ.

## રાજકોષીય કૉન્સોલિડેશન

મર્યાદાઓ હોવા છતાં બજેટમાં રાજકોષીય કોન્સોલિડેશન પર ધ્યાન આપવામાં આવ્યું છે અને તમામ પ્રકારની ખાધ ઘટી રહી છે (ચાર્ટ ૧)

**ચાર્ટ ૧: મુખ્ય ખાધ**




**સ્ત્રોતઃ રિસિપ્ટ્સનું વલણ, કેન્દ્રીય બજેટ, ૨૦૧૭-૧૮, GOI**

સરકારે સફળતાપૂર્વક આવકની ખાધ તથા કુલ રાજકોષીય ખાધને નિયંત્રણમાં રાખવાનો પ્રયાસ કર્યો છે. જોકે, જીડીપીની ટકાવારીમાં મૂડીખર્ચ નીચો છે, જ્યારે મહેસૂલી ખર્ચ મહેસૂલની પ્રાપ્તિ કરતા નોંધપાત્ર પ્રમાણમાં ઊંચો છે (કોષ્ટક ૧)

**કોષ્ટક ૧: કેન્દ્રીય બજેટનો સારાંશ (આંકડા જીડીપીની ટકાવારી સ્વરૂપ)**

| આવક | ૨૦૧૬-૧૭ (RE) | ૨૦૧૭-૧૮ (BE) | ખર્ચ | ૨૦૧૬-૧૭ (RE) | ૨૦૧૭-૧૮ (BE) |
|---|---|---|---|---|---|
| મહેસૂલી આવક | ૯.૪ | ૯.૦ | મહેસૂલ ખર્ચ | ૧૧.૫ | ૧૦.૯ |
| મહેસૂલી ખર્ચમાંથી મહેસૂલી આવકની બાદબાકી = મહેસૂલ ખાધ | | | | ૨.૧ | ૧.૯ |
| મૂડીઆવક | ૩.૯ | ૩.૮ | મૂડી ખર્ચ | ૧.૯ | ૧.૮ |
| કુલ ખર્ચમાંથી મહેસૂલી આવકની બાદબાકી = કુલ રાજકોષીય ખાધ* | | | | ૩.૫ | ૩.૨ |

* ડિસ્ઈન્વેસ્ટમેન્ટ જેવી બિન-ઋણ મૂડીની પ્રાપ્તિ માટે સમાયોજિત

**સ્ત્રોતઃ કેન્દ્રીય બજેટ ૨૦૧૭-૧૮, GOI**

ભારતમાં આયોજનની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીના ટ્રેન્ડનું વિશ્લેષણ દર્શાવે છે કે મૂડીખર્ચ અન્ય વેરિયેબલ્સમાં આંચકા સહન કરવામાં બફર તરીકે કામ કરે છે અને ૧૯૬૦ના દાયકાથી તે સતત ઘટી રહ્યો છે (કોષ્ટક ૨)

**કોષ્ટક ૨:જીડીપીની ટકાવારી તરીકે મહેસૂલ અને મૂડી એકાઉન્ટના ઘટકો**

| વર્ષ | મહેસૂલ પ્રાપ્તિ | મૂડી પ્રાપ્તિ | મહેસૂલ ખર્ચ | મૂડી ખર્ચ |
|---|---|---|---|---|
| ૧૯૫૦-૫૧ | ૩.૯૦ | ૧.૧૬ | ૩.૩૪ | ૧.૭૬ |
| ૧૯૬૦-૬૧ | ૪.૮૯ | ૬.૪૪ | ૪.૬૦ | ૫.૭૪ |
| ૧૯૭૦-૭૧ | ૬.૯૧ | ૪.૨૯ | ૬.૫૭ | ૫.૨૪ |
| ૧૯૮૦-૮૧ | ૮.૨૭ | ૫.૨૯ | ૯.૬૩ | ૫.૫૯ |
| ૧૯૯૦-૯૧ | ૯.૩૭ | ૬.૬૫ | ૧૨.૫૪ | ૫.૪૨ |
| ૨૦૦૦-૦૧ | ૮.૮૫ | ૬.૧૬ | ૧૨.૭૬ | ૨.૧૯ |
| ૨૦૧૦-૧૧ | ૧૦.૧૩ | ૫.૧૭ | ૧૩.૩૭ | ૨.૦૧ |
| ૨૦૧૧-૧૨ | ૮.૬૦ | ૬.૫૧ | ૧૩.૧૨ | ૧.૮૨ |
| ૨૦૧૨-૧૩ | ૮.૮૪ | ૫.૮૫ | ૧૨.૫૦ | ૧.૬૮ |
| ૨૦૧૩-૧૪ | ૯.૦૦ | ૫.૦૦ | ૧૨.૧૭ | ૧.૬૬ |
| ૨૦૧૪-૧૫ | ૮.૮૨ | ૩.૮૮ | ૧૧.૭૫ | ૧.૫૭ |
| ૨૦૧૫-૧૬ | ૮.૭૫ | ૩.૯૭ | ૧૧.૨૬ | ૧.૮૫ |
| ૨૦૧૬-૧૭ (RE) | ૯.૪૪ | ૩.૯૨ | ૧૧.૫૧ | ૧.૮૬ |
| ૨૦૧૭-૧૮ (BE) | ૯.૦૦ | ૩.૭૫ | ૧૦.૯૦ | ૧.૮૪ |

સ્ત્રોતઃ i) હેન્ડબુક ઑફ સ્ટેટિસ્ટિક્સ ઑન ઇન્ડિયન ઇકોનૉમી, RBI
ii) કેન્દ્રીય બજેટ ૨૦૧૭-૧૮, GOI

મહેસૂલી હિસાબ, વ્યાજની ચુકવણી, સબસિડી અને પેન્શન મહેસૂલી આવકના અડધાથી વધારે હિસ્સાનો પ્રતિકાર કરે છે (કોષ્ટક ૩)

**કોષ્ટક ૩: મહેસૂલ બજેટ (GDPના ટકા તરીકે)**

| મહેસૂલ પ્રાપ્તિ | | | મહેસૂલ ખર્ચ | | |
|---|---|---|---|---|---|
| આવક | ૨૦૧૬-૧૭ (RE) | ૨૦૧૭-૧૮ (BE) | ઘટકો | ૨૦૧૬-૧૭ (RE) | ૨૦૧૭-૧૮ (BE) |
| કોર્પોરેટ ટૅક્સ | ૩.૩ | ૩.૨ | વ્યાજ ચુકવણી | ૩.૨ | ૩.૧ |
| આવક વેરો | ૨.૩ | ૨.૬ | સબસિડી | ૧.૭ | ૧.૬ |
| કસ્ટમ્સ ડ્યૂટી | ૧.૪ | ૧.૫ | પેન્શન | ૦.૯ | ૦.૮ |
| કેન્દ્રીય એક્સાઈઝ ડ્યૂટી | ૨.૬ | ૨.૪ | | | |
| સર્વિસ ટૅક્સ | ૧.૬ | ૧.૬ | | | |
| ડિવિડન્ડ અને નફો | ૧.૦ | ૦.૮ | | | |
| કુલ | ૯.૪ | ૯.૦ | કુલ | ૧૧.૫ | ૧૦.૯ |

**સ્ત્રોતઃ ટ્રેન્ડ ઈન રિસિપ્ટ્સ, કેન્દ્રીય બજેટ ૨૦૧૭-૧૮, GOI**

૧૯૭૦-૭૧ થી મહેસૂલી ટ્રેન્ડ દર્શાવે છે કે ડિવિડન્ડ સહિત બિન ટૅક્સ આવક સ્થગિત રહી છે, જ્યારે ટૅક્સ આવકમાં ધીમો વધારો થયો છે.(કોષ્ટક ૪).

**કોષ્ટક ૪: રાજકોષીય સૂચકાંકો પસંદ કરો (GDPની ટકાવારીમાં)**

| વર્ષ | કુલ ટૅક્સ મહેસૂલ | બિન ટૅક્સ મહેસૂલ | મહેસૂલ પ્રાપ્તિ |
|---|---|---|---|
| ૧૯૭૦-૭૧ | ૫.૨ | ૧.૮ | ૬.૯ |
| ૧૯૮૦-૮૧ | ૬.૩ | ૨.૦ | ૮.૩ |
| ૧૯૯૦-૯૧ | ૭.૩ | ૨.૦ | ૯.૪ |
| ૨૦૦૦-૦૧ | ૬.૩ | ૨.૬ | ૮.૯ |
| ૨૦૧૪-૧૫ | ૭.૨ | ૧.૬ | ૮.૮ |
| ૨૦૧૫-૧૬ | ૬.૯ | ૧.૮ | ૮.૮ |
| ૨૦૧૬-૧૭ (RE) | ૭.૨ | ૨.૨ | ૯.૪ |
| ૨૦૧૭-૧૮ (BE) | ૭.૩ | ૧.૭ | ૯.૦ |

**સ્ત્રોતઃ ટ્રેન્ડ્સ ઈન રિસિપ્ટ્સ, કેન્દ્રીય બજેટ ૨૦૧૭-૧૮, GOI**

**જુદા જુદા દેશો સાથે સરખામણી**

ભારત કેટલીક સમસ્યાઓ ભોગવતું હોવા છતાં વૈશ્વિક અર્થતંત્રમાં સારો દેખાવ કરે તેવી શક્યતા છે, કારણ કે ભારત પાસે પૂરતો રાજકોષીય અવકાશ છે. (કોષ્ટક ૫)

**કોષ્ટક ૫: GDPની ટકાવારીમાં કુલ દેવું**

| દેશ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૨૦૧૬ | ૨૦૧૭ | ૨૦૧૮ | ૨૦૧૯ | ૨૦૨૦ | ૨૦૨૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બ્રાઝિલ | ૬૦.૪ | ૬૩.૩ | ૭૩.૭ | ૭૮.૩ | ૮૨.૪ | ૮૫.૨ | ૮૭.૯ | ૯૦.૮ | ૯૩.૬ |
| ચીન | ૩૬.૯ | ૩૯.૮ | ૪૨.૯ | ૪૬.૩ | ૪૯.૯ | ૫૨.૬ | ૫૪.૬ | ૫૬.૧ | ૫૭.૨ |
| ફ્રાન્સ | ૯૨.૪ | ૯૫.૩ | ૯૬.૧ | ૯૭.૨ | ૯૭.૮ | ૯૭.૯ | ૯૭.૪ | ૯૫.૯ | ૯૩.૮ |
| જર્મની | ૭૭.૧ | ૭૪.૫ | ૭૧.૦ | ૬૮.૨ | ૬૫.૯ | ૬૩.૬ | ૬૧.૧ | ૫૮.૯ | ૫૬.૭ |
| ભારત | ૬૮.૦ | ૬૮.૩ | ૬૯.૧ | ૬૮.૫ | ૬૭.૨ | ૬૫.૬ | ૬૩.૫ | ૬૧.૪ | ૫૯.૨ |
| ઈન્ડોનેશિયા | ૨૪.૮ | ૨૪.૭ | ૨૭.૩ | ૨૭.૫ | ૨૮.૨ | ૨૯.૨ | ૨૯.૯ | ૩૦.૪ | ૩૦.૯ |
| જાપાન | ૨૪૪.૫ | ૨૪૯.૧ | ૨૪૮.૦ | ૨૫૦.૪ | ૨૫૩.૦ | ૨૫૪.૯ | ૨૫૪.૭ | ૨૫૪.૫ | ૨૫૩.૯ |
| રશિયા | ૧૩.૧ | ૧૫.૯ | ૧૬.૪ | ૧૭.૧ | ૧૭.૯ | ૧૮.૬ | ૧૯.૧ | ૧૮.૯ | ૧૮.૫ |
| સાઉથ આફ્રિકા | ૪૪.૦ | ૪૬.૯ | ૪૯.૮ | ૫૧.૭ | ૫૩.૩ | ૫૪.૬ | ૫૫.૪ | ૫૫.૯ | ૫૬.૨ |
| યુકે | ૮૬.૦ | ૮૭.૯ | ૮૯.૦ | ૮૯.૦ | ૮૮.૮ | ૮૮.૬ | ૮૬.૬ | ૮૪.૩ | ૮૨.૧ |
| યુનાઈટેડ સ્ટેટ્સ | ૧૦૪.૬ | ૧૦૪.૬ | ૧૦૫.૨ | ૧૦૮.૨ | ૧૦૮.૪ | ૧૦૭.૯ | ૧૦૭.૮ | ૧૦૭.૯ | ૧૦૮.૩ |

**સ્ત્રોતઃ વર્લ્ડ ઈકોનોમિક આઉટલૂક રિપોર્ટ - ઑક્ટોબર ૨૦૧૬, IMF**

**કેન્દ્રીય બજેટની અસરો**

કેન્દ્રીય બજેટ વૃદ્ધિલક્ષી અને રોજગારી સર્જન કરતું છે, જેનું વિશ્લેષણ કોષ્ટક ૬માં કરવામાં આવ્યું છે.

**કોષ્ટક ૬: બજેટની અસરો**

| વિગત | વૃદ્ધિ | રોજગાર | વપરાશ | રોકાણ |
|---|---|---|---|---|
| કૃષિ ધિરાણ રૂ. ૧૦ લાખ કરોડ | ✓ | | | ✓ |
| લાંબા ગાળાનું સિંચાઈ ફંડ રૂ. ૪૦,૦૦૦ કરોડ. | ✓ | | | ✓ |
| મનરેગા રૂ. ૪૮,૦૦૦ કરોડ. | ✓ | ✓ | ✓ | |
| ગ્રામ સડક યોજના રૂ. ૨૭,૦૦૦ કરોડ | ✓ | ✓ | | ✓ |
| આવાસ યોજના રૂ. ૨૩, ૦૦૦ કરોડ | ✓ | ✓ | | ✓ |
| રેલવેઝ રૂ. ૧.૩ લાખ કરોડ. | ✓ | ✓ | | ✓ |
| રોડ સેક્ટર- હાઈવે રૂ. ૬૪,૯૦૦ કરોડ. | ✓ | ✓ | | ✓ |
| પરિવહન સેક્ટર રૂ. ૨.૪ લાખ કરોડ. | ✓ | ✓ | | ✓ |
| મુદ્રા યોજનાનો લક્ષ્યાંક રૂ. ૨.૪ લાખ કરોડ | ✓ | ✓ | | ✓ |

**સ્ત્રોત : કેન્દ્રીય બજેટ વક્તવ્ય ૨૦૧૭-૧૮, GOI**

વૃદ્ધિના વૈશ્વિક સંદર્ભમાં દેશમાં એ વિશ્વાસ પેદા કરવો મહત્ત્વનો છે કે સરકાર ભારતને પરિવર્તનશીલ, ઊર્જાસભર કરવા અને સ્વચ્છ બનાવવા માટે ગંભીર પ્રયાસ કરી રહી છે. બજારમાં વિશ્વાસનો સંચાર કરવા સરકારે શ્રેણીબદ્ધ પગલાં જાહેર કર્યાં છે.

**કોષ્ટક ૭: બજેટમાં વિશ્વાસનો સંચાર કરતાં પગલાં**

| વિગત | વૃદ્ધિ | હિસાબ વગરના નાણાં | વિશ્વાસ |
|---|---|---|---|
| સ્ટૉક એક્સ્ચેન્જ પર રેલવે પીએસઇના શૅર્સ | ✓ | | ✓ |
| બૅન્કોનું મૂડીકરણ રૂ. ૧૦,૦૦૦ કરોડ | ✓ | | ✓ |
| GDPના ૬૦% જેટલું દેવું | ✓ | | ✓ |
| આગામી ત્રણ વર્ષમાં ૩% રાજકોષીય ખાધ | ✓ | | ✓ |
| રૂ. ૫૦ કરોડના વાર્ષિક ટર્નઓવર સાથે આવકવેરામાં રાહત | ✓ | | ✓ |
| માર્ચ ૨૦૧૭ સુધીમાં ૧૦ લાખ નવાં PoS ટર્મિનલ | ✓ | ✓ | ✓ |
| ટ્રાન્ઝેક્શન માટે રૂ. ૩ લાખની રોકડ મર્યાદા | ✓ | ✓ | ✓ |
| રાજકોષીય ફંડિંગ નિયંત્રણો | ✓ | ✓ | ✓ |

**સ્ત્રોતઃ કેન્દ્રીય બજેટ વક્તવ્ય ૨૦૧૭-૧૮, GOI**

**મહત્ત્વના મુદ્દા**

કેન્દ્રીય બજેટ એ માત્ર હિસાબનું સ્ટેટમેન્ટ નથી, પણ રાજકોષીય નીતિના ક્ષેત્રમાં એક મહત્ત્વનો નીતિવિષયક દસ્તાવેજ છે. તાજેતરના બજેટમાં વિવિધ મુદ્દા ઉઠાવવામાં આવ્યા હતા.

**ભારતમાં ટૅક્સનું અનુપાલન ન થવું**

નાણામંત્રીએ એ બાબતનો ઉલ્લેખ કર્યો હતો કે ભારત મોટા ભાગે ટૅક્સ નિયમોનું પાલન ન કરતો દેશ છે (કોષ્ટક ૮ અને ૯). કેન્દ્ર અને રાજ્ય સહિતની સરકારો દ્વારા કુલ ટૅક્સની વસૂલાતના આંકડા (વિવિધ રાજ્યોમાં સ્થાનિક સંસ્થાઓના ટૅક્સ વસૂલાતના ચોક્કસ આંકડાની ગેરહાજરીમાં) તાજેતરનાં વર્ષોમાં જીડીપીના ૧૮ ટકા કરતાં ઓછા છે, જ્યારે મોટા ભાગના આધુનિક દેશોમાં જીડીપીના ૩૦ ટકા સુધી ટૅક્સ વસૂલાત હોય છે. જોકે, દેશની આર્થિક સ્થિતિને ધ્યાનમાં લેતાં, જ્યાં ૩૦ ટકાથી વધારે લોકો ગરીબીની રેખા નીચે જીવે છે અને લગભગ ૬૦ ટકા વસતી ગ્રામીણ વિસ્તારોમાં રહે છે તથા કૃષિની આવક (કરમુક્ત) પર આધારિત છે, ત્યારે નાણાકીય સ્ત્રોત એકત્ર કરવામાં અવરોધો રહેલા છે. આ ઉપરાંત એક્સાઇઝ ડ્યૂટી ચૂકવવાની હોય તેવી કોમોડિટી પર માફી આપવામાં આવી છે. આ ઉપરાંત ટૅક્સ એ આવક પર આધિન છે અને શ્રીલંકા, મૅક્સિકો, ઇન્ડોનેશિયા અને ફિલિપાઇન્સ જેવા ગરીબ અને ઉભરતા દેશોમાં ટૅક્સ વસૂલાત વિકસિત દેશો કરતાં નોંધપાત્ર પ્રમાણમાં નીચી રહેવાની શક્યતા છે.

**કોષ્ટક ૮: ભારતમાં ટૅક્સ અનુપાલનનો ચાર્ટ - સામાન્ય**

| કેટેગરી | સંખ્યા |
|---|---|
| સંગઠિત સેક્ટરમાં કામ કરતાં લોકો | ૪.૨ કરોડ |
| પગારની આવક માટે રિટર્ન ફાઇલ કરતાં લોકો | ૧.૭ કરોડ |
| અનૌપચારિક સેક્ટરમાં કામ કરતાં લોકો | ૫.૬ કરોડ |
| ફાઇલ કરવામાં આવતાં રિટર્ન | ૧.૮ કરોડ |
| રજિસ્ટર થયેલી કંપનીઓ | ૧૩.૯ લાખ |
| રિટર્ન ફાઇલ કરતી કંપનીઓ | ૫.૯ લાખ |
| શૂન્ય આવક અથવા નુકસાન જાહેર કરતી કંપનીઓ | ૨.૮ લાખ |
| રૂ. ૧ કરોડથી ઓછો નફો જાહેર કરતી કંપનીઓ | ૨.૮ લાખ |
| રૂ. ૧ કરોડથી ૧૦ કરોડ સુધી નફો જાહેર કરતી કંપનીઓ | ૨૮,૬૬૭ |
| રૂ. ૧૦ કરોડથી વધારે નફો જાહેર કરતી કંપનીઓ | ૭,૭૮૧ |

**સ્ત્રોતઃ કેન્દ્રીય બજેટ વક્તવ્ય ૨૦૧૭-૧૮, GOI**

**કોષ્ટક ૯: ભારતનો ટૅક્સ અનુપાલન ચાર્ટ - વ્યક્તિઓ**

| કેટેગરી | સંખ્યા |
|---|---|
| વ્યક્તિગત ટૅક્સ રિટર્ન | ૩.૭ કરોડ |
| મુક્તિ મર્યાદાથી નીચે | ૯૯ લાખ |
| રૂ. ૨.૫ લાખથી ૫ લાખ સુધીની આવક | ૧.૯ કરોડ |
| રૂ. ૫ લાખથી ૧૦ લાખ સુધીની આવક | ૫૨ લાખ |
| રૂ. ૧૦ લાખથી વધુ આવક | ૨૪ લાખ |
| રૂ. ૫ લાખથી વધુ આવક | ૭૬ લાખ |
| જેમાં પગારદાર વર્ગ | ૫૬ લાખ |
| રૂ. ૫૦ લાખથી વધુ | ૧.૭ લાખ |

**સ્ત્રોતઃ કેન્દ્રીય બજેટ વક્તવ્ય ૨૦૧૭-૧૮, GOI**

સરકારે ભારતને સ્વચ્છ કરવાનો ઈરાદો દર્શાવ્યો છે, તે બાબતને ધ્યાનમાં લેતા, દેશમાં લક્ઝરી કારની ખરીદી અને વિદેશ પ્રવાસના આંકડા પ્રાપ્ત છે, ત્યારે ટૅક્સ વહીવટીતંત્રે વધારે સાવધ અને કાર્યક્ષમ બનવાની જરૂર છે. જાપાન જેવા દેશોમાં ટૅક્સ ભરવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. તેનાથી વિપરીત અમેરિકા જેવા દેશોમાં ટૅક્સ ચોરી માટે આકરી સજા કરવામાં આવે છે.

ઘણા આધુનિક દેશોમાં જ્યાં ટૅક્સ જીડીપી રેટ ઊંચો છે, ત્યાં જાહેર આરોગ્ય, શિક્ષણ, પરિવહન અને નાગરિક સેવાઓની ગુણવત્તા ઘણી ઊંચી છે. આ ઉપરાંત નાગરિકોના જીવનની સુરક્ષા, મહિલા કામદારો માટે સુરક્ષિત વાતાવરણ, વિવાદોના સમયસર ઉકેલ માટે ન્યાય પ્રણાલીથી ટૅક્સ અનુપાલનમાં પ્રોત્સાહન મળે છે.

ભારતની ડેમોગ્રાફિક સ્થિતિ જોવામાં આવે, તો દેશના ૬૬ ટકા લોકો ૩૪ વર્ષથી ઓછી વયના છે. તેથી ભ્રષ્ટાચાર મુક્ત ભારત રચવામાં આવે, તો આગામી પેઢીને ફાયદો થશે, સ્ટાર્ટ અપ અને સ્ટેન્ડ-અપ ઇન્ડિયાને ઉત્તેજન મળશે તથા બિઝનેસ કરવા માટે સરળ સ્થિતિ પેદા થશે. બેહિસાબી આવક શોધવા માટે આવકની સ્વૈચ્છિક જાહેરાત કરવાની અને માફી આપવાની વિવિધ યોજના જાહેર કરવામાં આવી છે, છતાં ભ્રષ્ટાચારના ઇન્ડેક્સમાં ભારતનો દેખાવ નબળો છે. તેથી બેહિસાબી નાણાં શોધવામાં સાતત્યપૂર્ણ પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. આ પ્રયાસમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, કાનૂની નિષ્ણાતો, સમાજશાસ્ત્રીઓ, ધાર્મિક આગેવાન અને મીડિયા તથા રાજકારણમાંથી સામાજિક આગેવાનોની મદદથી એક સમગ્રલક્ષી વલણ અપનાવવું પડશે.

### નાણાકીય સેક્ટર

અગાઉનાં વર્ષોનો ટ્રેન્ડ જારી રાખતા સરકારે બૅન્કોના પુનઃમૂડીકરણની જાહેરાત કરી છે. અહીં એ વિચારવું જોઈએ કે બૅન્કોને અપાતી આવી રાહત ઑટોમેટિક અને નિયમિત હશે કે પછી પરફૉર્મન્સમાં ચોક્કસ સુધારો થાય, ત્યારે જ રાહત આપવી જોઈએ. કૉમર્શિયલ બૅન્કો વ્યાપારની દૃષ્ટિએ ટકાઉ હોવી જોઈએ અને તેમને તેમની ખોટ રિકવર કરવા તથા ખર્ચ ઘટાડવા માટે તેની શાખાઓ સહિતની કેટલીક મિલકતો કાઢી નાખવા જણાવવું જોઈએ. આ ઉપરાંત તમામ જાહેર સેક્ટરની બૅન્કો, પછી તે નફો કરતી હોય કે ખોટ કરતી હોય, તેના કર્મચારીઓને એકસમાન પગારવધારો આપે છે, તેથી નિર્દોષ કરદાતા પાસેથી સ્ત્રોત મેળવતાં પહેલાં કૉમર્શિયલ બૅન્કોએ સૌથી પહેલા પોતે ચુસ્ત પગલાં લેવા જોઈએ. તેથી કૉમર્શિયલ બૅન્કોમાં સતત મૂડી રોકવામાં આવે તે નૈતિક રીતે સમસ્યા પેદા કરે છે.

### કેન્દ્રીય બજેટને વહેલું રજૂ કરવું

કેન્દ્રીય બજેટને આ વખતે વહેલું રજૂ કરવામાં આવ્યું હતું, જેથી માર્ચના અંત સુધીમાં સંસદ તેને મંજૂર કરી દે અને મંત્રાલયો વિકાસ કાર્ય કરવા માટે પહેલી એપ્રિલથી સંસાધનો મેળવવાની શરૂઆત કરી દે. ભારતમાં જૂનથી ચોમાસાની શરૂઆત થાય છે, તેથી મંત્રાલયો પાસે તેમના ખર્ચનું આયોજન કરવા અને ચોમાસું બેસે તે પહેલાં યોજનાઓ લાગુ કરવા માટે સમય મળશે. તેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તારીખ આગળ રાખવાથી આવક એકત્રિકીકરણ અને મૂડીખર્ચમાં નાણાકીય વર્ષની શરૂઆતથી જ કામગીરી શરૂ થઈ જશે. આ ઉપરાંત બજેટની જાહેરાત એક મહિના વહેલા કરવાની પાછળ તર્ક એવો હતો કે પહેલી ફેબ્રુઆરી કરતાં વહેલું બજેટ આવવું ન જોઈએ કારણ કે તે સમયે ગણતંત્ર દિવસના કારણે દિલ્હીમાં બહુ કામ રહે છે અને વિચારવિમર્શ મર્યાદિત થઇ જાય છે. આ ઉપરાંત, બજેટ કામના દિવસે રજૂ થવું જોઈએ કે કોઇ ચોક્કસ દિવસ હોવો જોઈએ, પ્રથમ શુક્રવારે ૨ વાગ્યે રજૂ કરી શકાય અથવા ફેબ્રુઆરીના પ્રથમ શનિવારે ૧૧ વાગ્યે રજૂ થવું જોઈએ.

### નાણાકીય નીતિ – શું તે વાર્ષિક હોવી જોઈએ?

વિકસિત દેશોમાં બજેટની કવાયતનું સામાન્ય રીતે ખાસ મહત્ત્વ નથી હોતું, જ્યારે ભારતમાં લગભગ એક મહિના સુધી દેશની નજર બજેટ પર હોય છે. ઉદ્યોગ, શૅરબજાર તથા વ્યક્તિગત નાગરિકો ભારે ઉત્તેજનાપૂર્વક બજેટની દરખાસ્તોની રાહ જોતા હોય છે. આર્થિક નીતિ ઘડવા માટે અને સ્થિર વૃદ્ધિ પ્રાપ્ત કરવા સામે તે નુકસાનકારક હોઈ શકે છે કારણ કે રોકાણને વાસ્તવમાં આવતા સામાન્ય રીતે વર્ષ કરતાં વધુ સમય લાગી જાય છે. એવી વિચારણા છે કે નાણાકીય હિસાબના સ્ટેટમેન્ટને દર વર્ષે રજૂ કરવામાં આવે જ્યારે નાણાકીય નીતિને તેનાથી અલગ કરીને મધ્યમથી લાંબા ગાળા માટે, જેમકે ૫ વર્ષ માટે જાહેર કરવામાં આવે.

### રેલવે બજેટ

બ્રિટિશ રેલવે ઇકોનૉમિસ્ટ વિલિયમ એકવર્થની ભલામણો બાદ

૧૯૨૪ બાદ અલગથી રેલવે બજેટની શરૂઆત કરવામાં આવી હતી. જોકે, ૧૯૪૯થી અનેક સમિતિઓએ રેલવે બજેટને કેન્દ્રીય બજેટમાં ભેળવી દેવાનું સૂચન કર્યું હતું, પરંતુ રાજકીય કારણોથી તેમ થઈ શક્યું ન હતું. તેથી હવે રેલવે બજેટને સામાન્ય બજેટમાં ભેળવી દેવાયું હોવાથી ગ્રાહકો રેલવેની કામગીરીમાં પ્રોફેશનલાઇઝેશન, સર્વિસની ગુણવત્તામાં સુધારો, આધુનિક સાધનો અને સુરક્ષાના પગલાંની અપેક્ષા રાખી શકે છે તથા બજારની માંગને આધારે સ્પર્ધાત્મક ભાડાંની અપેક્ષા રાખી શકાય છે. તેવી જ રીતે સતત સંસદીય સ્ક્રૂટીનીથી મુક્ત રહીને રેલવે એક હળવા અને ટેક્નોલૉજિકલી ઉત્કૃષ્ટ સંગઠન બનવા પર ધ્યાન આપી શકે છે. કોંકણ રેલવે તેનું સફળ ઉદાહરણ છે.

**બજેટરી ધોરણોનું વ્યવહારીકરણ**

એક મહત્ત્વનો સુધારો એ થયો કે કેન્દ્રીય બજેટમાં યોજનાકીય અને બિનયોજનાકીય વચ્ચેનો તફાવત દૂર કરવામાં આવ્યો છે. આયોજન શબ્દને દૂર કરવાના નીતિવિષયક નિર્ણયને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે, જેની સાથે સામાજિક-આર્થિક વેલફેર કાર્યક્રમનો તફાવત રાખવામાં આવ્યો છે. ભારતમાં સામાન્ય ધારણા એવી છે કે યોજનાકીય ખર્ચ સારી બાબત છે અને બિનયોજનાકીય ખર્ચ નાણાંનો બગાડ છે. આ ધારણાના કારણે એવી સ્થિતિ સર્જાઈ છે, જ્યાં એસેટની જાળવણી માટે પણ બિનયોજનાકીય ખર્ચની ઉપેક્ષા કરવામાં આવે છે. કેન્દ્ર અને રાજયમાં ઊંચા યોજનાકીય ખર્ચને દર્શાવવા માટે સતત પ્રોત્સાહન છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ તફાવતને દૂર કરવાથી ખર્ચ અને પરિણામ વચ્ચે એક સીધી લિંક સ્થાપિત કરી શકાશે જે જાહેર ખર્ચની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં ઉપયોગી હોઈ શકે છે. તેથી બજેટિંગનું કેન્દ્ર હવે રેવન્યુ અને મૂડીખર્ચ પર શિફ્ટ થશે જેના માટે બંધારણમાં વાસ્તવમાં વિચારણા કરવામાં આવી હતી. વિશ્લેષણ આધારિત, પારદર્શક અને કાર્યક્ષમ નિર્ણય લેવા માટે આવક અને મૂડીખર્ચ વચ્ચે ભેદ રાખવો આવશ્યક છે. આ ભેદ સરકારના સંચાલકીય ખર્ચનું મૂલ્યાંકન કરવા અને તેના રોકાણની આકારણી કરવામાં ઉપયોગી છે.

બંધારણની કલમ ૧૧૨ પ્રમાણે વાર્ષિક નાણાકીય સ્ટેટમેન્ટમાં રેવન્યુ એકાઉન્ટ પરના ખર્ચે અન્ય ખર્ચથી અલગ કરવું જોઈએ. સરકારના જનરલ ફાઇનાન્શિયલ રૂલ્સ, ૨૦૦૫ હેઠળ ખર્ચના અંદાજોએ અન્ય ખર્ચમાંથી રેવન્યુ એકાઉન્ટ પરના ખર્ચ માટે એક વિશિષ્ટ જોગવાઈ કરવી જોઈએ, જેમાં કેપિટલ એકાઉન્ટ પરનો ખર્ચ, સરકાર દ્વારા લોન, લોનની પુનઃચુકવણી અને ટૂંકા ગાળાના ઋણનો સમાવેશ થાય છે.

આંતરરાષ્ટ્રીય અનુભવો એવું નથી દર્શાવતા કે ખર્ચને એકદમ અલગ રાખવું ખાસ આવશ્યક છે. વાસ્તવમાં અગાઉ વિકાસશીલ સ્થિતિમાં હતા તેવા ઘણા આધુનિક દેશોએ રેવન્યુ અને મૂડી એકાઉન્ટ વચ્ચે ખાસ ભેદ રાખ્યો છે જેથી સ્ત્રોતની વધુ સારી રીતે ફાળવણી થઈ શકે. આ પૈકી કેટલાંક દેશો ખાસ સ્થાન જાળવી રહે છે, જયારે બીજા દેશોએ અલગ વર્ગીકરણની પદ્ધતિ ચાલુ રાખી છે.

**તારણ**

એક તારણ એવું નીકળે છે કે આ એક સમજદારીપૂર્વકનું બજેટ હતું, જેને વૈશ્વિક અનિશ્ચિતતા અને ડિમોનેટાઇઝેશનમાંથી રિકવરીના સંદર્ભમાં જાહેર કરવું જોઈતું હતું. જોકે, ડિમોનેટાઇઝેશનની કવાયતમાં મળેલા ટેકાનો ઉપયોગ કરીને ભ્રષ્ટાચાર મુક્ત ભારતની દિશામાં પગલાં લઇ શકાયાં હોત. જેના માટે રોકડ ટ્રાન્ઝેક્શન પર ત્રણ લાખની મર્યાદા મૂકવા અને રાજકીય ફંડિંગ પર નિયંત્રણ મૂકવા જેવાં પગલાં લેવાના બદલે કેટલાંક વધારે હિંમતવાન પગલાં લેવાની જરૂર હતી. સામાન્ય રીતે જોતાં બજેટમાં લેવામાં આવેલાં પગલાંથી ટૅક્સ બેઝ તથા વૃદ્ધિ વધશે અને તે રોજગારીલક્ષી બજેટ છે, પરંતુ બજેટમાં મધ્યમ અને લાંબાગાળાનું વિઝન ગણતરીમાં લેવામાં આવ્યું હોય તેમ બની શકે. તે વસતિ વિષયક ફાયદો અને ડિજીટલાઈઝિંગ ઇન્ડિયાની સંભવિતતા માટે તથા લાંબાગાળાના નાણાકીય સુધારા હાથ ધરવા માટે માર્ગ પૂરો પાડે તેવી શક્યતા છે.

**લેખક આઇઆઇએમ બેંગલોરમાં ઈકોનોમિક્સના આરબીઆઈ ચેર પ્રોફેસર છે અને આરબીઆઇના બેકિંગ રિસર્ચના ભૂતપૂર્વ ડિરેક્ટર છે.**

**E-mail:charansingh60@gmail.com**

# ૨૦૧૬-૧૭ના આર્થિક સર્વેક્ષણનું ક્ષમતા-નબળાઈ, તકો અને જોખમો (SWOT)ની દૃષ્ટિએ વિશ્લેષણ

રવિન્દ્ર એચ. ધોળકીયા




*વર્ષ ૨૦૧૬-૧૭ના આર્થિક સર્વેક્ષણમાં ભારતીય અર્થતંત્રની ક્ષમતા, નબળાઈઓ, તકો અને જોખમોની વિસ્તૃત સમીક્ષા કરવાનો પ્રયાસ થયો છે તથા પડકારોને પહોંચી વળવા અને નબળાઈઓ નિવારવા માટે કેટલાંક ચોક્કસ સુધારાઓ અને પગલાં લેવાનાં સૂચનો કરાયા છે. સર્વેક્ષણમાં જે અનુભવમૂલક ઉદાહરણો આપીને કરાયેલાં વિશ્લેષણો તથા મેળવાયેલાં તારણો અંગે મતભેદ હોઈ શકે છે અથવા તો ક્ષમતા અને તકો બાબતે ભિન્ન વલણ હોઈ શકે છે. દા.ત. સર્વેક્ષણમાં એવી દલીલ કરવામાં આવી છે કે 'ભારતમા સ્થળાંતર બાબતે આંતરિક કામગીરી થઈ રહી છે' જ્યારે અનુભવમૂલક ઉદાહરણો દર્શાવે છે કે માત્ર ૪ રાજ્યો (દિલ્હી, મહારાષ્ટ્ર, તામિલ નાડુ અને ગોવા)માં કુલ ૭૫ ટકા જેટલું આંતરિક સ્થળાંતર જોવા મળે છે, જ્યારે માત્ર ૪ રાજ્યો (યુપી, બિહાર, ઝારખંડ અને મધ્ય પ્રદેશ)માં બહારનાં રાજ્યોમાં થતા સ્થળાંતરનું પ્રમાણ ૬૬ ટકા જેટલું છે. બાકીનાં રાજ્યોમાં લોકો નોંધપાત્ર પ્રમાણમાં સ્થળાંતર કરીને આવતા કે જતા નથી. આ રાજ્યોમાં શ્રમિકોની આવન-જાવન બહુ ઊંચી નથી. માલ-સામાન અને મૂડીની આવન-જાવન બાબતે પણ વિશ્લેષણમાં સમાન પ્રકારની મર્યાદા જોવા મળે છે. આથી સર્વેક્ષણ દ્વારા વપરાશ તથા આવકના પરિણામો અંગે વિવિધ રાજ્યો અંગે એવો કોયડો ઉભો કરાયો છે. આમ છતાં વિવિધ રાજ્યો દ્વારા મોટા પ્રમાણમાં માલ-સામાન, શ્રમ અને મૂડીની જે આવન-જાવન થાય છે તેનાથી જે અંતર ઉભુ થાય છે તે ખરેખર કોયડારૂપ નથી તેવી છાપ ઉભી થાય છે, આવી સ્થિતિ અનુભવમૂલક ઉદાહરણોના છીછરા વિશ્લેષણને કારણે ઊભી થાય છે. આવી નાની મર્યાદાઓ ઊભી થવા છતાં સર્વેક્ષણ બાબતે પ્રશંસાજનક કામ થયું છે.*

૨૦૧૬-૧૭નું આર્થિક સર્વેક્ષણ તા.૩૧ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ સંસદના ટેબલ પર મુકાયું હતું, જે સમસ્યાઓ, પડકારો, સંભવિત ઉપાયો અને સંભાવનાઓનું વ્યાપક સંશોધનો અને અનુભવોને આધારે તાજેતરના ગતિવિધીઓને કેન્દ્રમાં રાખીને સમયાંતરે ભારતના અર્થતંત્રનુ આકલન કરે છે. આ એક વ્યાપક કવાયત છે, જેમાં સરકારી અધિકારીઓ, સંશોધકો અને વિદ્વાનો મોટી સંખ્યામાં સામેલ થાય છે. આ વર્ષનું સર્વેક્ષણ આગાઉનાં થોડાં વર્ષથી વિપરીત રીતે એક વૉલ્યુમમાં જ રજૂ કરવામાં આવ્યું છે, કારણ કે આ વૉલ્યુમ વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન અર્થતંત્રના દેખાવનું વિગતવાર આકલન કરે છે અને પાછળથી તે એક અલાયદા વૉલ્યુમ તરીકે રજૂ થઈ શકે તે પ્રકારે તેનું આયોજન કરાયું છે. આથી આ સર્વેક્ષણ પાયાની ક્ષમતા, નબળાઈઓ, તકો અને જોખમો - જેને લોકપ્રિય ભાષામાં SWOT તરીકે ઓળખવામાં આવે છે તે પ્રકારે વિશ્લેષણ કરે છે. આ સર્વેક્ષણને વિવિધ ઉપલબ્ધ સાહિત્ય, પ્રિન્ટ અને વિઝ્યુઅલ મીડિયામાં પ્રસિદ્ધ થયેલા પ્રતિભાવો અને ખાસ કરીને સરકારી વિભાગો અને સંશોધન સંસ્થાઓ માટે કેટલાંક તાજા હાથ ધરાયેલાં સંશોધનોના સમર્થન દ્વારા SWOT વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**ક્ષમતાઓ:**

૧. નિરાશાજનક વૈશ્વિક આર્થિક વાતાવરણ હેઠળ અને વ્યાપક મંદી વચ્ચે ભારતનું અર્થતંત્ર હજુ પણ એક બ્રાઇટ સ્પોટ તરીકે એકંદરે પ્રભાવક કામગીરી દર્શાવી રહ્યું છે. આ સર્વેક્ષણમાં વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ૬.૫ ટકાથી ૬.૭૫ ટકા સુધીની વૃદ્ધિની આગાહી કરવામાં આવી હોવા છતાં, મૉનેટરી પૉલિસી કમિટી (એમપીસી) નો એવો અંદાજ છે કે વૃદ્ધિ દર અંદાજે ૭ ટકા આસપાસ રહેશે અને ભારતને વિશ્વની સૌથી ઝડપથી વૃદ્ધિ પામતા મોખરાના અર્થતંત્રનું સ્થાન અપાવશે. ફુગાવાનો દર ૪ થી ૫ ટકા અને ઘટી રહેલો દર્શાવાયો છે. ચાલુ ખાતાની ખાધ બૅલેન્સ ઑફ પેમેન્ટની તુલનામાં એકંદર ઘરગથ્થુ ઉત્પાદન (જીડીપી)ના ૧ ટકા કરતાં ઓછી છે અને ડૉલર સામે રૂપિયાનો વિનિમય દર ઠીક ઠીક પ્રમાણમાં સ્થિર છે. વિદેશી દેવુ સલામત મર્યાદામાં છે અને નાણાકીય શિસ્તમાં કોઈ ચૂક નહી થાય તેવી અપેક્ષા છે તથા કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા છેલ્લાં કેટલાંક વર્ષથી અનુસરવામાં આવતો ઉજ્જવલ ડીસ્કોમ એસ્યોરન્સ યોજના (UDAY) સહિત કે તે વગર સલામત મર્યાદામાં છે.

૨. સીધા વિદેશી મૂડીરોકાણ અંગે જે પગલાં લેવામાં આવ્યાં છે, તેનાથી ખાત્રી થઈ છે કે ભારત સીધા વિદેશી મૂડીરોકાણ (FDI) નો સૌથી મોટો પ્રવાહ મેળવી રહ્યું છે. જીડીપીના પ્રમાણમાં આ રોકાણની તુલના કરીએ તો ૨૦૧૫-૧૬માં તે ૧.૭ ટકા હતુ, જે ૨૦૧૬-૧૭ના બીજા ત્રિમાસિક ગાળાના ૩.૨ ટકા સુધી પહોંચ્યું છે. વિદેશી હૂંડિયામણની અનામતો વધીને ડિસેમ્બર ૨૦૧૬ના અંતે ૩૬૦ અબજ ડૉલર સુધી પહોંચી છે અને તે સ્ટાન્ડર્ડ રિઝર્વ એડેક્વસીના ધોરણોને પહોંચી વળવા કરતાં પણ વધુ છે.

૩. હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ (WPI) અને કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) વચ્ચેનો ગાળો હવે પૂરાયો છે અને અર્થતંત્રમાં સંબંધિત ભાવ સ્થિતિ નોંધપાત્ર પ્રમાણમાં સ્થિર થઈ છે. આને પરિણામે નૉમિનલ જીડીપીની વૃદ્ધિ જળવાઈ છે, જે સરકારની આવકની વૃદ્ધિ ઊંચી લઈ જવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

૪. ઉચ્ચ મૂલ્ય ધરાવતાં ચલણની સફળ નોટબંધીને કારણે ભ્રષ્ટાચારમાં ઘટાડો, ઘરેલુ નાણાકીય બચતોમાં વધારો અને કરવેરાનું માળખું વિસ્તરવા જેવા લાભ થશે.

૫. ગુડ્ઝ ઍન્ડ સર્વિસ ટૅક્સ બિલ સંસદ દ્વારા મંજૂર કરવામાં આવ્યું છે અને તેના અમલીકરણને પરિણામે એક રાષ્ટ્ર વ્યાપી સમાન બજાર ઊભુ થશે. કરવેરા ભરવાની સ્થિતિ બહેતર બનશે, ઊંચા પ્રમાણમાં રોકાણો અને વૃદ્ધિ હાંસલ થશે તથા સારી સુશાસન પ્રણાલિઓ સ્થાપી શકાશે.

૬. વિશ્વના મૅન્યુફૅક્ચરિંગ એક્સપોર્ટસમાં ભારતનો હિસ્સો વધી રહ્યો છે, કારણ કે દેશ મૂડીરોકાણના ઊંચા પ્રવાહ અને ફુગાવા છતાં સ્પર્ધાત્મક બની રહ્યો છે.

૭. આંતર રાજ્ય વેપારને કારણે માલ-સામાનની આંતરિક હેરફેર જીડીપીના આશરે ૫૪ ટકા અથવા તો વિદેશ વ્યાપારથી ૧.૭ ગણી છે. સમાન પ્રકારે કામને માટે થતું સ્થળાંતર પણ નોંધપાત્ર બની રહ્યું છે.

૮. જલવાયુ પરિવર્તન અંગે નિષ્ઠા વ્યક્ત કરીને ભારતે મોટા ભાગના દેશો કરતાં બહેતર કામગીરી દર્શાવી છે અને તે પેટ્રોલિયમ અને ડિઝલ ઉપર કરવેરા લાદી રહ્યું છે.

૯. વસતિની દૃષ્ટિએ તુલના થઈ શકે તેવા અન્ય દેશોની સરખામણીમાં ભારત એક વિશિષ્ટ લાભ ધરાવે છે. કેટલાંક મોટા રાજ્યોમાં ભિન્ન પ્રકારની વસતિને કારણે દેશ લાંબે ગાળે કેટલાક અન્ય દેશોની તુલનામાં નવા શિખરો હાંસલ કરશે તેવું જણાય છે.

૧૦. JAM- જનધન યોજના, આધાર કાર્ડ અને મોબાઈલ ફોન્સને ખાસ કરીને લક્ષિત જૂથો સુધી તથા દૂરના વિસ્તારમાં પહોંચાડવાનો સીધો અને અસરકારક પ્રયાસ થયો છે.

૧૧. સમય વીતતાં દેશના વિવિધ રાજ્યોમાં સંભવિત આયુષ્યમાં અને ગર્ભધારણના પ્રમાણમાં વૃદ્ધિ હાંસલ થઈ છે.

૧૨. તમામ ક્ષમતાજનક બાબતોને ધ્યાનમાં લઈએ તો ભારતનું અર્થતંત્ર વાસ્તવિક ધોરણે ૮ થી ૧૦ ટકાનો વૃદ્ધિ દર મધ્યમથી લાંબા ગાળામાં હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે. આ કારણે ભારતમાં મૂડી રોકાણનાં સાચાં વળતર હાલમાં તમામ તુલના કરી શકાય તેવા અને સ્પર્ધા કરતાં દેશોની તુલનામાં અત્યંત આકર્ષક બની રહેશે.

સર્વેક્ષણમાં ભારતની એક મહત્ત્વની તાકાત વીસરી જવાઈ છે અને તે એ છે કે ભારત તમામ સ્તરે સંસ્થાઓના નોંધપાત્ર વિકાસ અને જન સમુદાયના સુશાસનમાં તથા નિર્ણય લેવાની પ્રક્રિયામાં વ્યાપક સહયોગ એક મહત્ત્વનો મુદ્દો બની રહ્યો છે, જે વિદેશી રોકાણકારો માટે ખૂબ જ મહત્ત્વનો બની રહે છે.

**નબળાઈઓ:**

૧. ભારતની ક્ષમતાના સંદર્ભમાં એક મહત્ત્વની નબળાઈ તરીકે ભિન્ન, સામાજિક વિચારધારાઓ, માનસિકતા અને આવક તથા સંપત્તિ, સર્વિસ પૂરી પાડવાનું ક્ષમતા નિર્માણ તેમજ બજાર નિયમન અને પુનઃવિતરણ તથા મિલકતના હક્કો તથા ખાનગી ક્ષેત્રની ભૂમિકા બાબતે વ્યક્ત થતા ભિન્ન મત છે. આગળ વધતા ઇતિહાસની સાથે સાથે ઉભા થયેલા સ્થાપિત હિતોને કારણે અર્થતંત્રની સંપૂર્ણ આર્થિક ક્ષમતા હાંસલ કરવામાં સામાજિક-આર્થિક વાતાવરણ ઓછુ ઉદ્દીપન ધરાવે છે.

૨. કેન્દ્ર અને રાજ્ય સરકારોની પુનઃવિતરણની નીતિઓ અસરકારક લક્ષ બાબતે બિન અસરકારકતા ધરાવે છે. ગુડઝ ઍન્ડ સર્વિસ ટૅક્સ (GST) જેવા વેરાના અમલમાં પણ તેની સબ-ઓપ્ટીમલ ડિઝાઇન અને કાર્યક્ષમતાનો લાભ મેળવવા માટેના અત્યંત ગૂંચવાડાભર્યા માળખાને કારણે મુશ્કેલી ઊભી થાય તેમ છે.

૩. જાહેર અને ખાનગી ક્ષેત્રની ભૂમિકા બાબતે વિચારધારા અને આદર્શ

સ્થિતિની દૃષ્ટિએ જે ગૂંચવાડો પ્રવર્તે છે તેને કારણે બિન ઉત્પાદક વિલંબ અને ઍક્ઝિટ આપવા અંગે, સરકારી હિસ્સાના ડિસ-ઇન્વેસ્ટમેન્ટ અંગે તથા નીતિમાં દરમિયાનગીરી રોકવા બાબતે તેમજ મિલકતના હક્કોની સુરક્ષા જેવી બાબતોમાં ચર્ચાઓ ચાલુ રહી છે.

૪. કેટલીક આવશ્યક જાહેર સેવાઓમાંથી આરોગ્ય અને શિક્ષણ પૂરું પાડવાની બાબતે મોટાભાગનાં રાજ્યોમાં અનુસરી શકાય તેવું મોડલ પૂરું પાડી શકાયું નથી. આ સેવાઓ પૂરી પાડવાની બાબત એક મહત્ત્વની નબળાઈ બની રહી છે.

૫. ખાનગી મૂડી રોકાણ નીચું છે અને નિકાસો ઘણા સમયથી ઊંચા દરે થઈ શકતી નથી. આ બંને વૃદ્ધિના નોંધપાત્ર સ્રોતો છે, પણ ઘણા સમયથી ભારતમાં આ બાબતે મંદ ગતિ ચાલુ રહી છે.

૬. કૉર્પોરેટ સેક્ટર અને વ્યાપારી બૅન્કો તેમના સરવૈયાંઓમાં તાણ અનુભવી રહ્યા છે. કંપનીઓ નવાં મૂડી રોકાણો માટે ખર્ચ કરી શકતી નથી, કારણ કે તેમણે લીધેલાં ધિરાણો ચૂકવી શકી નથી અને બૅન્કો હવે વધુ નાણાં આપી શકતી નથી, કારણ કે બૅન્કોમાં પણ જંગી નોન-પર્ફોર્મિંગ એસેટસ (NPAs) નો ભરાવો થયો છે.

૭. કેન્દ્ર સરકારની કરવેરા સિવાયની આવકો તેમના લક્ષ સુધી પહોંચી શકતી નથી, કારણ કે સ્પેક્ટ્રમ, ડિસ-ઇન્વેસ્ટમેન્ટસ અને સરકારને મળતા ડિવિડન્ડની રકમ અપેક્ષા કરતાં ઓછી પ્રાપ્ત થાય છે. આ મોરચે નજીકના ગાળામાં વૃદ્ધિ થાય તેવી અપેક્ષા રાખી શકાય તેમ નથી.

૮. રાજ્ય સરકારોનાં અંદાજપત્રોમાં ઘણાં સમયથી ખાધ વધતી જાય છે. આ કારણે ઉદય યોજનાનો અમલ કરવો તે એક મહત્ત્વનું કારણ બની રહે છે. ચાલુ વર્ષથી આ સ્થિતિમાં સુધારો થવાની આશા છે, પરંતુ રાજ્ય સરકારોના બોન્ડઝનો વ્યાજ ખર્ચ પણ જાન્યુઆરી ૨૦૧૭થી, ઑક્ટોબર ૨૦૧૬ની તુલનામાં તીવ્રપણે વધ્યો છે.

૯. ઊંચા વૃદ્ધિ દર ઉપર આવક મેળવવા માટે અતિશય આધાર રાખવાને કારણે દેવા-જીડીપી વચ્ચેનો ગુણોત્તર મુખ્યત્વે ખાધ વધારે છે અને કેન્દ્ર અને રાજ્ય સરકારોને ધાર્યાં પરિણામો પ્રાપ્ત થઈ શકતાં નથી.

૧૦. વિવિધ યોજનાઓ માટે જાહેર ભંડોળનું વિતરણ જિલ્લાઓમાં જે રીતે થાય છે તે પ્રણાલી ખૂબ જ ક્ષતિજનક છે અને તેમાં ઘણી તંગી વર્તાય છે, કારણ કે ગરીબોની સંખ્યા જોતાં જરૂરિયાત ઘણી ઊંચી છે.

૧૧. ભારતમાં કામ કરતા સમુદાય અને કામ નહીં કરતા સમુદાયની ઉંમર વચ્ચેનો ગાળો વર્ષ ૨૦૨૦ સુધીમાં વધીને આશરે ૧.૭ જેટલો મહત્તમ રહેશે. તુલના કરી શકાય તેવા બ્રિક્સના અન્ય દેશોની સરખામણીમાં આ ગાળો નોંધપાત્ર પ્રમાણમાં ઓછો છે, જેને કારણે ભારતમાં ઓછું ડેમોગ્રાફિક ડિવિડન્ડ પ્રાપ્ત થાય છે. આમ છતાં ભારતને ઘણા લાંબા ગાળે ટોચની નજીક પહોંચાશે, ત્યારે આ ગુણોત્તરના મૂલ્યનો અનુભવ થશે.

૧૨. તાજેતરનાં વર્ષોમાં ભારતમાં મૂડી રોકાણ અને બચતના દરમાં ઘટાડો થઈ રહ્યો છે.

૧૩. ભારતના વિવિધ રાજ્યોમાં આવક અને વપરાશ વચ્ચેની અસમાનતા વધતી જાય છે.

**તકોઃ**

૧. કંપનીઓ માટે ઍક્ઝિટ અંગે બૅન્કરપ્સીના કાયદામાં કરાયેલા સુધારાઓને કારણે ઘણાં સ્થગિત થયેલા સ્રોતો ઉપલબ્ધ થશે.

૨. આધાર કાર્ડ્ઝની કાનૂની તાકાતમાં વધારો અને ઇન્ટર-ઑપરેટેબિલિટીથી ચુકવણીના ડિજિટાઇઝેશનનો માર્ગ મોકળો થશે અને સરકારી યોજનાઓની કામગીરી કાર્યક્ષમ બનીને સમાવેશીપણું તથા સમાનતા હાંસલ થઈ શકશે.

૩. સ્પર્ધાત્મક અને સહકારી ફેડરાલિઝમ એ કૌશલ્ય, મૂડી રોકાણ અને ટેક્નોલૉજી આકર્ષવાની મોટી ક્ષમતા ધરાવે છે.

૪. ઊંચુ મૂલ્ય ધરાવતા ચલણની નોટબંધી પછી મજબૂત રાજકીય નિષ્ઠાને કારણે માળખાગત સુધારાઓ (structural refroms) પૂરા થવાની અપેક્ષા ઉભી થઈ છે, કારણ કે ઘણાં લાંબા સમય પછી સરકારને સંસદમાં ચોખ્ખી બહુમતી હાંસલ થઈ છે.

૫. અમેરિકાના અર્થતંત્રમાં વિવિધ ગતિવિધિઓને કારણે ડૉલરનું મૂલ્ય વધતાં ચીનના અર્થતંત્રને પોતાની નિકાસો ઘટાડવાની તથા સ્થાનિક વપરાશના લાભાર્થે ફરીથી સમતોલ કરવાની જરૂર પડશે. આની હકારાત્મક અસર ભારત અને બાકીની દુનિયાને પણ થઈ શકે છે અને ભારત સહિતના દેશો વચ્ચે ચીન દ્વારા ખાલી

પડેલું સ્થાન પ્રાપ્ત કરવા માટે સ્પર્ધા થશે.

૬. અમેરિકા અને જર્મની જેવા વિકસિત દેશોમાં વૃદ્ધિની જે ઉચ્ચ સંભાવનાઓ છે, તેને કારણે ભારત સહિતના વિકસિત દેશોમાંથી નિકાસો વધવાની સંભાવના છે.

૭. બ્રેક્ઝિટ પછી શ્રમપ્રચૂર નિકાસોને પ્રોત્સાહન આપવાના સંદર્ભમાં ભારતને યુકે અને યુરોપ સાથે વ્યાપાર કરારો બાબતે પુનઃ વાટાઘાટો કરવાની તથા નિકાસ અને રોજગાર વૃદ્ધિમાં નોંધપાત્ર વધારો કરવાની તક ઊભી થઈ છે.

૮. રિજિયોનલ ટ્રેડ એગ્રિમેન્ટસ અંગે અમેરિકાનું પ્રતિકૂળ વલણ, વર્લ્ડ ટ્રેડ ઑર્ગેનાઈઝેશન (WTO) ની સુસંગતતા અને અસરકારકતા તથા મલ્ટિલેટરલિઝમને કારણે આખરે ભારતને ફાયદો થાય તેવી સંભાવના છે.

૯. ભારતનાં મોટા રાજ્યોમાં વસતિ વૈવિધ્ય બાબતે ભારે તફાવત જોવા મળે છે. ભારતનાં રાજ્યોને મહદ્ અંશે પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, કેરાલા અને કર્ણાટક જેવા દ્વિપકલ્પ જેવાં રાજ્યો (peninsular) તથા બીજી તરફ મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને બિહાર જેવા બંદરકાંઠા જેવા વિસ્તારોથી દૂરવર્તી પ્રદેશો (hinterland) એવા બે ભાગમાં વહેંચી શકાય તેમ છે. પેનીનસુલર રાજ્યોમાં મોટી ઉંમરના લોકોની વસતિ વધારે છે, જ્યારે હિન્ટરલેન્ડ રાજ્યોમાં યુવાનોની વસતિ વધારે છે. આવો વસતિ વિષયક તફાવત ઊંચો વૃદ્ધિ દર હાંસલ કરવા બાબતે અને કલ્યાણની દૃષ્ટિએ શ્રમિકોમાં મોટા પ્રમાણમાં સ્થળાંતરની સંભાવના દર્શાવે છે.

૧૦. પેનીનસુલર રાજ્યોમાં વર્ષ ૨૦૨૦ સુધીમાં ડેમોગ્રાફિક ડિવિડન્ડ ટોચ ઉપર પહોંચશે, પરંતુ હિટરલેન્ડ રાજ્યોમાં તે માત્ર ૨૦૪૦ આસપાસ ટોચ ઉપર પહોંચી શકે તેમ છે. આ રીતે મોટા ભાગના અન્ય દેશોની તુલનામાં વસતિ વૈવિધ્યનો લાભ (ડેમોગ્રાફિક ડિવિડન્ડ) ઘણાં લાંબે ગાળે મેળવી શકાય તેમ છે. આ કારણે સમય જતાં વિવિધ રાજ્યો વચ્ચે ઊભું થયેલું આર્થિક અંતર પૂરવા માટેની પણ કુદરતી તકો પ્રાપ્ત થઈ શકે છે. આ પાસું સંબંધિત આર્થિક સુધારાઓ હાંસલ કરવાની તાકીદ દ્વારા આ પ્રકારનો લાભ મહત્તમ પ્રમાણમાં મેળવવા માટે એક ચોક્કસ દૃષ્ટિકોણ માંગી લે છે.

૧૧. બે પ્રકારના સરવૈયાની સમસ્યા હલ કરવા માટે મોટા અને અટપટા કેસ હાથમાં લઈને આકરા નિર્ણયો લેવા માટે એક પબ્લિક સેક્ટર એસેટ રિહેબિલિયેશન એજન્સી સ્થાપવાની એક તક છે.

**જોખમોઃ**

૧. સમય જતાં વિવિધ દેશોના મેક્રો ઇકોનૉમિક પર્ફોર્મન્સના રેટિંગ્ઝ સુધારવાની વાત આવે છે, ત્યારે ઇન્ટરનેશનલ રેટિંગ એજન્સીઓમાં કોઈ સાતત્ય વર્તાતું નથી. કમનસીબે ભારતને આ સ્થિતિનો ભોગ બનવું પડ્યું છે અને છેલ્લાં ૭ વર્ષથી કામગીરીમાં નોંધપાત્ર સુધારો થયો હોવા છતાં રેટિંગમાં ખાસ રિવિઝન થઈ શક્યું નથી. આને કારણે દેશમાં મૂડી રોકાણોને માઠી અસર થાય છે.

૨. ફેડરલ લોકશાહીમાં જે સ્પર્ધાત્મક લોકરંજકતા જોવા મળે છે તેનાથી નાણાકીય શિસ્ત અને સુશાસનના ધોરણોને નુકસાન થાય છે.

૩. પગાર સુધારાઓ અને ઉદય બોન્ડ્ઝને કારણે જે પડકારો ઉભા થયા છે તે રાજ્યો માટે તેમની નાણાકીય શિસ્તના લક્ષ્યાંકો જાળવી રાખવા બાબતે ખૂબ જ ચિંતા ઉપજાવે તેવી સ્થિતિ ઊભી કરે છે.

૪. આંતરરાષ્ટ્રીય સ્તરે રાજકીય પરિસ્થિતિઓ અને પર્યાવરણમાં ઝડપથી ફેરફારો આવી રહ્યા હોવાથી અલગતાવાદ અને સુરક્ષાવાદ ઊભો થાય છે. માલ-સામાન, સર્વિસીસ અને શ્રમ બાબતે ઍન્ટિ-ગ્લોબલાઇઝેશનનો મૂડ વિકસિત દેશોમાં જોવા મળે છે. આનાથી ૧૫ થી ૨૦ ટકા જેટલો નિકાસ વૃદ્ધિ દર હાંસલ કરવાનો વિકલ્પ અને જીડીપીનો ૮ થી ૧૦ ટકાનો વૃદ્ધિ દર હાંસલ કરવાનો વિકલ્પ ભારત માટે મહદ અંશે બંધ થઈ જઈ શકે છે.

૫. ઑઈલના આંતરરાષ્ટ્રીય ભાવો વધવા તરફ છે અને કોમોડિટીઝના ભાવો પણ વધી રહ્યા છે તથા અમેરિકા દ્વારા શેલ ગૅસના ઉત્પાદનને કારણે જે સમસ્યાઓ ઊભી થવાની છે તેમ છતાં, સર્વેક્ષણમાં અથવા તો એ કારણે જે સ્થિતિ ઊભી થવાની છે, તે પારખવાની નિષ્ફળતા જોવા મળે છે. આવી સ્થિતિમાં ઑઈલના ભાવો અસરકારક રીતે વધારવામાં અવરોધ નડી શકે તેમ છે.

૬. અમેરિકાના અર્થતંત્રમાં જે ગતિવિધિ થઈ રહી છે, તેને પરિણામે વિશ્વમાં વ્યાજના દરો અને વિકસિત દેશોમાં ફુગાવાનો દર મજબૂત રહેવાની સ્થિતિ છે. આને કારણે ભારતમાં આવતા મૂડીના પ્રવાહને વિપરીત અસર થશે અને તે દ્વારા મૂડી રોકાણના વાતાવરણને પણ વિપરીત અસર થઈ શકે છે.

૭. અમેરિકાના અર્થતંત્રમાં જે ગતિવિધિઓ થઈ રહી છે તેના પરિણામે ડૉલરને કારણે યેનને ઘસારો પહોંચે તેમ છે. આ કારણે ચીનમાં નોંધપાત્ર માળખાગત પરિવર્તન અને અવરોધો ઊભાં થતાં તેની વળતી અસર ભારતનાં વેપાર અને મૂડી રોકાણોને થઈ શકે છે. અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડ વૉર ઊભું થવાની સંભાવના પણ વિશ્વના અર્થતંત્રને હચમચાવી શકે છે.

૮. વિશ્વનો નિકાસ-જીડીપીનો ગુણોત્તર છેલ્લાં ૬ વર્ષથી ઘટી રહ્યો છે. આવા નિરાશાવાદી વાતાવરણ વચ્ચે વિશ્વના દેશોમાં થતી નિકાસોમાં ભારતનો હિસ્સો વધારવાની બાબત ખૂબ જ પડકારરૂપ બને તેવી સંભાવના છે.

૯. વિશ્વના બજારમાં ભારતની સ્પર્ધાત્મકતાને વિયેતનામ, બાંગ્લાદેશ અને ફિલિપાઈન્સ જેવા ઊભરતા દેશો તરફથી ગંભીર જોખમ ઊભું થઈ રહ્યુ છે. આ ઊભરતા દેશો આપણી વિવિધ પ્રકારની નિકાસી ચીજો અને સર્વિસીસ માટે ભારે સ્પર્ધા ઊભી કરી શકે તેમ છે.

૧૦. રિયલ ઈફેક્ટિવ એક્ચચેન્જ રેટ (REER) ની દૃષ્ટિએ વાત કરીએ તો ભારતના ચલણનું અન્ય દેશોની તુલનામાં મૂલ્ય વધી રહ્યું છે અને આથી જ એકંદરે માલ-સામાન અને સર્વિસીસમાં સ્પર્ધાત્મકતાનો લાભ ગુમાવવો પડે તેમ છે. વિનિમય દરમાં વૃદ્ધિ, ઈન્ટરનેશનલ મૉનિટરિંગ ફંડ (IMF) ના મતે ૧૯.૪ ટકાથી ૧૨ ટકા જેવી રહેવાનો તથા રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (RBI) ના અંદાજ મુજબ જાન્યુઆરી, ૨૦૧૪ની તુલનામાં ઑક્ટોબર, ૨૦૧૬ સુધી ૮.૩ ટકા રહેવાનું સર્વેક્ષણમાં જણાવવામાં આવ્યું છે. જે હદે આ અંદાજોમાં તફાવત જોવા મળે છે તે મુજબ ચલણોના બાસ્કેટના વજનમાં એ પ્રમાણમાં તફાવત જોવા મળશે. આમ છતાં, ૩ એજન્સીઓના આવા અલગ અલગ અંદાજોનો વ્યાપ ગણતરીમાં ન લઈએ તો પણ ભારતના રૂપિયા માટે વધતાં REER અને વિશ્વના બજારમાં ભારતની ચીજો માટે ઘટતી સ્પર્ધાત્મકતાની તરાહ સ્પષ્ટપણે જોઈ શકાય છે.

૧૧. ભારતને વસતિ વૈવિધ્યનો જે લાભ મળે છે તે ટૂંક સમયમાં ઓછો થશે, કારણ કે ૨૦૨૦ સુધીમાં તે ટોચ ઉપર પહોંચશે અને આ ઊંચાઈ ચીન અને બ્રાઝિલ જે ઊંચાઈએ પહોંચ્યાં છે તેના કરતાં પ્રમાણમાં ઓછી હશે.

વર્ષ ૨૦૧૬-૧૭ના આર્થિક સર્વેક્ષણમાં ભારતીય અર્થતંત્રની ક્ષમતા, નબળાઈઓ, તકો અને જોખમોની વિસ્તૃત સમીક્ષા કરવાનો પ્રયાસ થયો છે તથા પડકારોને પહોંચી વળવા અને નબળાઈઓ નિવારવા માટે કેટલાંક ચોક્કસ સુધારાઓ અને પગલાં લેવાનાં સૂચનો કરાયા છે. સર્વેક્ષણમાં જે અનુભવમૂલક ઉદાહરણો આપીને કરાયેલાં વિશ્લેષણો તથા મેળવાયેલાં તારણો અંગે મતભેદ હોઈ શકે છે અથવા તો ક્ષમતા અને તકો બાબતે ભિન્ન વલણ હોઈ શકે છે. દા.ત. સર્વેક્ષણમાં એવી દલીલ કરવામાં આવી છે કે 'ભારતમા સ્થળાંતર બાબતે આંતરિક કામગીરી થઈ રહી છે' જ્યારે અનુભવમૂલક ઉદાહરણો દર્શાવે છે કે માત્ર ૪ રાજ્યો (દિલ્હી, મહારાષ્ટ્ર, તામિલ નાડુ અને ગોવા)માં કુલ ૭૫ ટકા જેટલું આંતરિક સ્થળાંતર જોવા મળે છે, જ્યારે માત્ર ૪ રાજ્યો (યુપી, બિહાર, ઝારખંડ અને મધ્ય પ્રદેશ)માં બહારનાં રાજ્યોમાં થતા સ્થળાંતરનું પ્રમાણ ૬૬ ટકા જેટલું છે. બાકીનાં રાજ્યોમાં લોકો નોંધપાત્ર પ્રમાણમાં સ્થળાંતર કરીને આવતા કે જતા નથી. આ રાજ્યોમાં શ્રમિકોની આવન-જાવન બહુ ઊંચી નથી. માલ-સામાન અને મૂડીની આવન-જાવન બાબતે પણ વિશ્લેષણમાં સમાન પ્રકારની મર્યાદા જોવા મળે છે. આથી સર્વેક્ષણ દ્વારા વપરાશ તથા આવકના પરિણામો અંગે વિવિધ રાજ્યો અંગે એવો કોયડો ઉભો કરાયો છે. આમ છતાં વિવિધ રાજ્યો દ્વારા મોટા પ્રમાણમાં માલ-સામાન, શ્રમ અને મૂડીની જે આવન-જાવન થાય છે તેનાથી જે અંતર ઉભુ થાય છે તે ખરેખર કોયડારૂપ નથી તેવી છાપ ઉભી થાય છે, આવી સ્થિતિ અનુભવમૂલક ઉદાહરણોના છીછરા વિશ્લેષણને કારણે ઊભી થાય છે. આવી નાની મર્યાદાઓ ઊભી થવા છતાં સર્વેક્ષણ બાબતે પ્રશંસાજનક કામ થયું છે.

**લેખક વર્ષ ૧૯૮૫થી આઈઆઈએમ અમદાવાદમાં ઇકોનોમિક્સના પ્રોફેસર છે. તેઓ નાણાકીય નીતિ સમિતિના સભ્ય છે અને ભારત સરકારની ઘણી ઉચ્ચસ્તરીય સમિતિમાં સેવા આપે છે. તેમણે ૨૨ પુસ્તકો લખ્યાં છે.**

**E-mail:rdholkia@iima.ac.in**

# અંદાજપત્રની રોજગારી અને ઔદ્યોગિક વૃદ્ધિ ઉપર અસરો

અરૂપ મિત્રા



અંદાજપત્રમાં માળખાગત સુવિધાઓ માટે જે ફાળવણીઓ થઈ છે, તે દેખીતી રીતે ઘણી મોટી છે. તેનાથી જંગી માળખાગત સુવિધાઓ ઊભી કરવા માટે માનવબળની જરૂર પડશે અને તેથી રોજગારી પ્રાપ્ત થશે. આમ છતાં, આ માળખાગત સુવિધાઓના નિર્માણની વ્યૂહરચનાને પ્રાદેશિક પરિબળો સાથે જોડવાથી વધુ સારી રીતે રોજગારી પેદા કરી શકાશે. સમય જતાં પ્રાદેશિક અસમાનતાઓ વધી છે. સ્થિતિ સુધરવાને બદલે વિપરીત બનતી જાય છે અને આ કારણે વિવિધ રાજ્યોના આર્થિક વિકાસની તુલના કરતાં અસમાનતા જોવા મળે છે. પ્રાદેશિક અસમાનતાને નિયંત્રિત કરવા માટેનાં અસરકારક પગલાં તરીકે જે વિસ્તારો નોકરી આપવાની દૃષ્ટિએ પાછળ રહી જતાં હોય ત્યાં આવી સુવિધાઓ ઊભી કરવાનું બહેતર લેખાશે. હકીકતમાં આપણી સમજ છે, તે મુજબ જ્યાં અર્થતંત્ર સંયુક્તપણે વિકસ્યું છે ત્યાં નોકરીઓ વધુ મળતી જણાય છે અને આવા વિસ્તારોમાં વધુ મૂડીરોકાણો પણ આવે છે, જે પ્રારંભિક સ્તરે નોંધપાત્ર બાબત બની ચૂકી છે.

ઔદ્યોગિક વૃદ્ધિ અને રોજગાર નિર્માણ સરકારના મુખ્ય ઉદ્દેશોના કાર્યક્ષેત્રમાં આવે છે. ભારત અથવા તો કોઈ પણ વિકસતો દેશ તેના ઔદ્યોગિક ક્ષેત્રને પુનર્જીવિત કરવાની જરૂરિયાત સમજે છે, કારણ કે માત્ર સેવાઓ (services)થી બિનકુશળ અને અર્ધકુશળ માનવબળનો ઉત્પાદનલક્ષી ઉપયોગ થઈ શકતો નથી અને બીજી તરફ ખેતીમાં બેરોજગારીનું પ્રમાણ ઘણું મોટું છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં ઉત્પાદકતા વૃદ્ધિનું એકંદર પરિબળ ટેકનિકલ પ્રગતિનો ઉપયોગ કરીને નોંધપાત્ર પ્રમાણમાં ઊંચુ લઈ જઈ શકાય છે અને એ દ્વારા કાચા માલનો ઉપયોગ કર્યા સિવાય પણ વૃદ્ધિ હાંસલ થઈ શકે છે. જો ટેક્નોલૉજિકલ નવીનતાને મૂડીપ્રચુર માનવામાં આવતું હોય તો તાજેતરનું સંશોધન (Vivarelli, ૨૦૧૩) દર્શાવે છે કે એવા સંખ્યાબંધ માર્ગો છે કે જેના વડે વાસ્તવિક રોજગારવૃદ્ધિ શક્ય બની શકે છે. મૂડી અને સામગ્રીમાં પ્રમાણસર વૃદ્ધિ કર્યા વગર અને વધુ મહત્ત્વની બાબત એ છે કે નવી ટેક્નોલૉજીને મોટા પાયે અપનાવ્યા વગર પેદાશોનું વિવિધિકરણ, નવી પેદાશો અને પેટા પેદાશોનું ઉત્પાદન કરી રોજગારી વધારી શકાય છે. આથી ઉત્પાદકતામાં વૃદ્ધિ અને રોજગારમાં વૃદ્ધિ એકસાથે હાંસલ કરવા માટે વેચાણને સામેલ કરવાની જરૂર નથી. આ પૂર્વભૂમિકાથી કેન્દ્ર સરકારના ૨૦૧૭-૧૮ના અંદાજપત્રને સમજવા એક ઝડપી અવલોકન દ્વારા તેની ટૂંકા ગાળાની અસરો અને તે દ્વારા લાંબા ગાળાના ધ્યેયમાં કેટલું રૂપાંતર થઈ શકે તે સમજવાની જરૂર છે.

હજુ થોડાક સમય પહેલાં જ ઐતિહાસિક નોટબંધી અમલમાં આવી હતી અને એવો ભય હતો કે ઓછામાં ઓછુ ટૂંકા ગાળામાં તો તેની વૃદ્ધિ પર વિપરીત અસર થશે અને એ કારણે બેરોજગારીમાં વૃદ્ધિ થશે. બિન કૃષિ મૂડીરોકાણો અને વૃદ્ધિ મહદ્ અંશે શહેરી વિસ્તારોમાં જોવા મળે છે. બેરોજગારીનો દર વધવાથી અને અર્ધ રોજગારીથી આવા વિસ્તારોમાં અસર થઈ શકે. મૅન્યુફૅક્ચરિંગ અને સર્વિસીસ બંને ક્ષેત્રોના મધ્યમ અને નાના કદના એકમોને મૂડી રોકાણ, વૃદ્ધિ અને રોજગારીના સંદર્ભમાં વધુ સહન કરવું પડે એવી સ્થિતિ થઈ શકે. આમ છતાં, મોટા એકમો પણ સંપૂર્ણપણે જોખમ વિહીન થઈ જતા નથી. હકીકતમાં ઘણાં એકમો નિયમોનું પાલન ટાળવા માટે લાંચ આપવાની પ્રથા ચાલુ રાખીને પોતાનો બિઝનેસ આગળ ધપાવતા હોય છે.આવા કારણથી મૂડીરોકાણ ઉપર કાપ આવે, તો તેની માઠી અસર હંમેશાં શ્રમની માંગમાં ઘટાડો થવાની સ્થિતિ પેદા

કરતી હોય છે. આવુ એટલા માટે બને છે કે માત્ર કાચો માલ, ખાસ કરીને કૉન્ટ્રાક્ટની પ્રક્રિયામાં અન્ય સામગ્રીની તુલનામાં ખૂબ જ પ્રવાહી સ્થિતિમાં રહેતો હોય છે. આથી જો શ્રમના ખર્ચને પહોંચી વળવું હોય, તો કથળતી બજાર પરિસ્થિતિનું કારણ ઉદ્યોગસાહસિકો માટે સૌથી વધુ આસાન પસંદગી બની રહે છે (આવી બાબત અમલમાં મૂકવાનું શક્ય પણ છે.). ગ્રામ્ય ક્ષેત્રમાં બેરોજગારી વધવાનો પણ ભય હતો, કારણ કે કૃષિક્ષેત્ર નોંધપાત્ર પ્રમાણમાં શ્રમિકોને સમાવી શકતું નથી અને આ કારણે તેમાંના ઘણા બધા લોકો ગ્રામવિસ્તારના નૉન-ફાર્મ ક્ષેત્રમાં કામે લાગતા હોય છે અને આ માટે રોજબરોજ બિઝનેસમાં રોકડ રકમની જરૂર પડતી હોય છે. આથી નોટબંધીનાં પરિણામોથી ગ્રામ વિસ્તારોનું બિનખેતી ક્ષેત્ર વૃદ્ધિ અને રોજગારીની અસરથી બાકાત રહેતું નથી. આમ છતાં, આમાંની ઘણી બધી બાબત અતિશયોક્તિજનક હોય છે, કારણ કે તેમાં મોટા પ્રમાણમાં આર્થિક વ્યવહારો કરવાની જરૂર પડતી હોય છે અને આ પ્રક્રિયામાં નોંધપાત્ર સમય લાગતો હોય છે. આથી જે ઍડ્જસ્ટમૅન્ટ કરવાં પડે છે, તેનાથી નોટબંધીને કારણે વૃદ્ધિ નબળી પડવાનું પાસું બિન-અસરકારક બની જાય છે. સાતમા દાયકામાં કરાયેલા બૅન્કોના રાષ્ટ્રીયકરણની જેમ નોટબંધી આવશ્યક હતી અને તેની જરૂરિયાત લાંબા સમયથી વર્તાતી હતી. નોટબંધી ઓચિંતી જ થઈ શકે, નહીં તો તેનો સમગ્ર હેતુ માર્યો જાય તેવું બની શકે છે.

ટૂંકા ગાળાની સંભવિત દુર્ઘટનાઓ સાથે તાલ મિલાવીને કેન્દ્ર સરકારના બજેટમાં મનરેગા માટે સૌથી વધુ ફાળવણી કરાઈ છે, જેથી વચગાળાની વ્યવસ્થા તરીકે રોજગારીની તકો ઊભી થઈ શકે. રોજગાર ગેરંટી કાર્યક્રમની એક સ્ટાન્ડર્ડ ટીકા એવી થાય છે કે તેનાથી ભવિષ્યના વિકાસ માટે યોગદાન આપી શકે તેવી પૂરતી અસ્કયામતો ઊભી થતી નથી. આમ છતાં કેન્દ્ર સરકારનું અંદાજપત્ર મનરેગાના આયોજન માટે સ્પેસ ટેક્નોલૉજીનો ઉપયોગ કરવાનું એક નવુ પાસુ લઈને આવ્યું છે. આ બનવાથી ફાળવણી નાણાંકીય વર્ષના અંત ભાગમાં થાય તેવું બનવાથી અને ખૂબ ઝડપથી ખર્ચ કરવો પડે કે જેથી થયેલી ફાળવણીઓ પાછી આપવી પડે તેવું બનશે નહીં. ૨૦૧૭-૧૮ દરમિયાન દુષ્કાળ સામે ટકી રહેવા માટે વધુ ૫ લાખ તળાવોનું નિર્માણ કરાશે. આ સિંચાઈના કાર્યક્રમોને મનરેગા પ્રોગ્રામ સાથે જોડવામાં આવશે. આવુ પગલુ કૃષિ ક્ષેત્રે વૃદ્ધિની દૃષ્ટિએ તે એક અસરકારક વ્યૂહરચના પૂરવાર થવાની સંભાવના છે. ગ્રામ્ય, કૃષિલક્ષી અને સંલગ્ન ક્ષેત્રો માટે વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ ૨૪ ટકા જોગવાઈ કરવામાં આવી છે, જે ગયા વર્ષના આંકડા કરતાં વધારે છે અને દર્શાવે છે કે સરકાર ગ્રામ્ય વિસ્તારની બેરોજગારી, અર્ધરોજગારી અને ગરીબીના મુદ્દાને અસરકારક રીતે હલ કરવાની ઇચ્છા ધરાવે છે.

પ્રધાનમંત્રીશ્રીની રોજગાર નિર્માણ અને ધિરાણસહયોગ યોજનાઓ માટેની ફાળવણીઓ ૩ ગણી વધારાઈ છે. પ્રધાન મંત્રી રોજગાર નિર્માણ યોજના એ મુખ્યત્વે સબસિડી સાથે જોડાયેલો ધિરાણ કાર્યક્રમ છે અને તેમાં ગ્રામ રોજગાર નિર્માણ કાર્યક્રમ (REGP) અને પ્રધાનમંત્રી રોજગાર યોજના (PMRY) નો સમન્વય કરવામાં આવ્યો છે. માઇક્રો, નાના અને મધ્યમ કદના એકમોનું મંત્રાલય (MoMSME) આ કાર્યક્રમનું સંચાલન કરે છે અને તેનો અમલ ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન (KVIC) દ્વારા કરવામાં આવે છે. રાજય સ્તરે કેવીઆઈસી વિભાગ આ કાર્યક્રમનો અમલ કરે છે. તેનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સ્વરોજગારીનાં સાહસો, માઈક્રો એકમો અને અન્ય પ્રોજેક્ટસ માટે રોજગાર નિર્માણ કરવાનો છે. પરંપરાગત ગ્રામ્ય કસબ પાછો લાવવાનો અને જે યુવાનો (શહેરી) નોકરી મેળવી શકે તેમ નથી, તેમને સહાય કરવાનો એમાં બેવડો ઉદ્દેશ છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ સતત અને સાતત્યપૂર્ણ રીતે રોજગારી પૂરી પાડીને લાભાર્થીઓની કમાવાની ક્ષમતા વધારવાનો પણ છે.

ડિજિટલ થવાના રાષ્ટ્રિય કાર્યક્રમ સાથે કદમ મિલાવીને અંદાજપત્રમાં ડિજિટલ આર્થિક વ્યવહારો વધારવા ઉપર ભાર મૂકવામાં આવ્યો હોવાથી નાના અને માઇક્રો એકમોને ઔપચારિક રીતે ધિરાણ પ્રાપ્ત થઈ શકે. આથી આવા એકમોની ઉત્પાદકતામાં વૃદ્ધિ માટે અને આ એકમો રાષ્ટ્રની જીડીપીમાં યોગદાન આપી શકે તે માટે કેટલાંક અપેક્ષિત પરિણામો આવશ્યક છે, જેનાથી આવા એકમો નોટબંધીની વિપરીત અસરને પાર કરી શકે. નાના અને માઇક્રો કદના એવા ઘણાં એકમો હોય છે કે જેમનું મૂલ્ય વૃદ્ધિની દૃષ્ટિએ પ્રદાન નહીવત હોય છે. ઉદાહરણ તરીકે નહી નોંધાયેલા મૅન્યુફેક્ચરિંગનો દાખલો લઈએ તો આવા એકમોનો ઉત્પાદકીય મૂલ્ય વૃદ્ધિમાં હિસ્સો આશરે એક તૃતીયાંશ જેટલો છે. ખાસ કરીને આપણે એવુ માનતા હોઈએ કે સંગઠિત મૅન્યુફેક્ચરિંગને કારણે જ શ્રમની માંગ અને પુરવઠા વચ્ચેની

અસમતુલા નોંધપાત્ર રીતે ઘટતી નથી તો તેમને વ્યાપકપણે ડિજિટલ બનાવીને બેઠા કરવાની બાબત રસપ્રદ બની રહેશે. કરવેરાની અસર ટાળવા માટે ઘણાં એકમો અન-રજિસ્ટર્ડ/ઔપચારિક ક્ષેત્રમાં રહેવાનું પસંદ કરતા હોય છે અને એ હેતુથી તેમની પ્રવૃત્તિઓને અનેક એકમોમાં વિભાજિત કરી દેતા હોય છે. ડિજિટાઇઝેશન દ્વારા આવા એકમોને મજબૂત બનાવવા કરવેરો એકત્ર કરવાની સુવિધા પૂરી પાડીને તેમની નાણાકીય દ્રશ્યતા અને કામગીરી સુધારી શકાય. જેમની પાસે ક્રેડિટકાર્ડ કે મોબાઇલ ફોન નથી, તે વેપારી હવે પછી જે રજૂ કરવાની દરખાસ્ત છે, તે આધાર પેમેન્ટ સિસ્ટમ આધારિત પદ્ધતિ અપનાવી શકે છે.

રૂ.૫૦ કરોડ કે તેથી ઓછું ટર્નઓવર ધરાવતી નાની પેઢીઓએ ઓછો કર (૨૫ ટકા) ભરવાનો રહેશે. આધુનિક લઘુ કદના એકમો આથી વધુ મૂડીરોકાણ કરવાનું પસંદ કરી શકશે અને આ પ્રક્રિયામાં ઔદ્યોગિક વૃદ્ધિ અને રોજગારી વધવાની અપેક્ષા છે. બીજી તરફ વિદેશી મૂડીરોકાણ કે જે આધુનિક ટેક્નોલૉજીની સાથે આવે છે, તે તરફ પણ અંદાજપત્રમાં નોંધપાત્ર પ્રમાણમાં ધ્યાન આપવામાં આવ્યું છે. એ હકીકત છે કે ૯૦ ટકા જેટલું સીધું મૂડીરોકાણ ઑટોમેટિક પદ્ધતિથી કરાશે અને ફૉરેન ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશનબોર્ડ નાબૂદ કરવામાં આવશે. આર્થિક પ્રવૃત્તિઓને નોકરશાહી દ્વારા થતા વિલંબમાંથી પસાર થવાની ફરજ પાડ્યા વગર ઊંચે લઈ જઈ શકાશે. સીધા વિદેશી મૂડી રોકાણમાં ૩૬ ટકા જેટલો વધારો થતાં મૂડી રોકાણ વધશે અને રોજગારીમાં નોંધપાત્ર પ્રમાણમાં વૃદ્ધિ થશે.

આપણે ટીએફપીજી દ્વારા થયેલા સંશોધનોથી જાણ્યું છે તે મુજબ ઔદ્યોગિક ક્ષેત્રમાં ઉત્પાદકતા વૃદ્ધિને અવરોધક પરિબળો તરીકે ઘણી બાબતો કારણરૂપ હોવાનું જણાયું છે. આવાં પરિબળોમાં વેપારનું ખુલ્લાપણું, વિવિધ અર્થતંત્રો સાથેનાં જોડાણો, માળખાગત સુવિધાઓ તથા આઈસીટી અને ઇનોવેશન જેવાં મુખ્ય ૪ પરિબળો કામ કરતાં હોવાનું જણાયું છે. ઇનોવેશન એ પણ ઉત્પાદકતામાં નોંધપાત્ર તફાવત સર્જતુ વધુ એક પરિબળ છે. ઈનોવેશન મારફતે ઉચ્ચ સ્તરની ટેક્નોલૉજી પ્રાપ્ત કરી શકાય છે અને તેનાથી ઇનપુટ સિવાયના માર્ગોથી વૃદ્ધિનો આંક ઊંચો લઈ જઈ શકાય છે. સાહિત્યમાં માળખાગત સુવિધાઓના વ્યાપક મહત્ત્વને સ્વિકારવામાં આવ્યું છે. દા.ત., જાહેર માળખાગત સુવિધાઓને ઉત્પાદકતામાં વૃદ્ધિ અને ટેક્નિકલ કાર્યક્ષમતા સહાયરૂપ થતી હોવાનું જણાયું છે. ઉત્પાદનનાં આ પરિબળો એક બીજાં સાથે સંબંધ અને બહારનાં અર્થતંત્રોના વ્યાપ ઉપર આધાર રાખે છે. શ્રમદળને નોકરીઓ પૂરી પાડવાની ઓછી ક્ષમતાને મૂડી રોકાણ અને રોજગારવૃદ્ધિ પાછળનું મોટુ પરિબળ ગણવામાં આવે છે. સમય જતાં કૌશલ્યની અસમતુલા વધી છે, ખાસ કરીને મૅન્યુફેક્ચરિંગ સેક્ટરમાં આવું જોવા મળે છે (મિત્રા ૨૦૧૩). કેન્દ્ર સરકારનું અંદાજપત્ર પદ્ધતિસર રીતે આવા અવરોધોને હલ કરવા પ્રયાસ કરે છે. આ અંદાજપત્રમાં જણાવ્યા મુજબ સરકારે વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ.૪,૦૦૦ કરોડના ખર્ચે સ્કીમ સંકલ્પની ખાત્રી આપી છે (રોજગાર-પ્રોત્સાહનના કાર્યક્રમોમાં કૌશલ્ય હાંસલ કરવા અને જ્ઞાન પ્રાપ્ત કરવા અંગેના કાર્યક્રમ દ્વારા). સરકાર દ્વારા રજૂ થનારા સંકલ્પ પ્રોગ્રામ હેઠળ અંદાજે ૩.૫ કરોડ યુવાનોને તાલીમ અપાશે. સંકલ્પ કાર્યક્રમ હેઠળ યુવાનોને બજાર સાથે સંકળાયેલી તાલીમ આપવામાં આવશે. પ્રધાનમંત્રી કૌશલકેન્દ્રોનું ૬૦૦ જિલ્લાઓમાં વિસ્તરણ કરીને ૧૦૦ આંતરરાષ્ટ્રીય કૌશલ કેન્દ્રો લોકોની સહાય માટે ખુલ્લા મૂકવામાં આવશે. કૌશલકેન્દ્રોમાં ગ્રામ્યવિસ્તારની વસતિને ધ્યાનમાં રાખીને સામુદાયિક કૌશલ્ય કેન્દ્રો સ્થાપવામાં આવશે, જેમાં લૅંગ્વેજ લેબ, ડિજિટલ લાયબ્રેરી, એસેસમેન્ટ અને કૅરિયર ગાઇડન્સ ઉપરાંત સ્કીલરૂમ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. આ બધાને કારણે રોજગારપાત્રતામાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે.

ઇન્ડિયા ઇન્ટરનૅશનલ સ્કિલ્સ સેન્ટર્સ (આઈઆઈએસસી)ની સ્થાપના દેશભરમાં કરવામાં આવશે. આ બાબત ખરેખર રસપ્રદ છે, કારણ કે તેમાં વિદેશી ભાષાઓમાં અદ્યતન તાલીમ અને અભ્યાસક્રમો રજૂ કરાશે. આ સુવિધા દ્વારા વિદેશમાં નોકરીની તકો ઇચ્છતા હોય તેવા લોકોને સહાયરૂપ બની શકાશે. ઉમેદવારોને જે ગુણવત્તાથી તાલીમ અપાય છે, તેમાં વિવિધ આઈઆઈટી અંગે આકરી ટીકા થઈ રહી છે. વ્યક્તિઓને મધ્ય-પૂર્વના દેશોમાં કામ માટે મોકલાય, ત્યારે પ્લમ્બર જેવા કામ માટે ફરીથી તાલીમ આપવી પડે છે. આવા દૃષ્ટિકોણથી તાજેતરમાં હાથ ધરાયેલી હિલચાલ ખૂબ જ પ્રોત્સાહક નિવડશે, કારણ કે તેનાથી વિવિધ દેશોમાં શ્રમિકો માટે સુવિધા ઊભી થશે, સ્થાનિક અર્થતંત્રમાં અધિક પુરવઠો ઘટશે અને બીજી તરફ ત્યાંથી આવતા નાણાંને કારણે દેશના વિદેશી હૂંડિયામણમાં નોંધપાત્ર વધારો થશે.

વિદેશથી આવતાં નાણાં દેશમાં વસતા પરિવારોના કલ્યાણ માટે નોંધપાત્ર વધારો કરે છે. વિદેશથી આવતા નાણાંનો ઉત્પાદકિય અસ્કામતો માટેની તંત્રવ્યવસ્થા સ્થાપવામાં કેવી રીતે ઉપયોગ થઈ શકે તે તથા તેને કઈ રીતે પ્રોત્સાહિત કરવું તે ભવિષ્યની નીતિઓનો એજન્ડા બની શકે છે. આવા પ્રથમ કદમ તરીકે સરકારને પક્ષે શ્રમદળની રોજગારપાત્રતા ઊભી કરવા હાથ ધરાયેલું આ પગલું આંતરરાષ્ટ્રીય ધોરણો સાથે સુસંગત બનીને અર્થતંત્રને ઊંચે લઈ જવામાં યોગદાન આપી શકે છે અને એમાં સરકારનું લાંબા ગાળાનું અત્યંત પ્રગતિશીલ વિઝન દેખાય છે.

અંદાજપત્રમાં માળખાગત સુવિધાઓ માટે જે ફાળવણીઓ થઈ છે, તે દેખીતી રીતે ઘણી મોટી છે. તેનાથી જંગી માળખાગત સુવિધાઓ ઊભી કરવા માટે માનવબળની જરૂર પડશે અને તેથી રોજગારી પ્રાપ્ત થશે. આમ છતાં, આ માળખાગત સુવિધાઓના નિર્માણની વ્યૂહરચનાને પ્રાદેશિક પરિબળો સાથે જોડવાથી વધુ સારી રીતે રોજગારી પેદા કરી શકાશે. સમય જતાં પ્રાદેશિક અસમાનતાઓ વધી છે. સ્થિતિ સુધરવાને બદલે વિપરીત બનતી જાય છે અને આ કારણે વિવિધ રાજ્યોના આર્થિક વિકાસની તુલના કરતાં અસમાનતા જોવા મળે છે. પ્રાદેશિક અસમાનતાને નિયંત્રિત કરવા માટેનાં અસરકારક પગલાં તરીકે જે વિસ્તારો નોકરી આપવાની દૃષ્ટિએ પાછળ રહી જતાં હોય ત્યાં આવી સુવિધાઓ ઊભી કરવાનું બહેતર લેખાશે. હકીકતમાં આપણી સમજ છે, તે મુજબ જ્યાં અર્થતંત્ર સંયુક્તપણે વિકસ્યું છે ત્યાં નોકરીઓ વધુ મળતી જણાય છે અને આવા વિસ્તારોમાં વધુ મૂડીરોકાણો પણ આવે છે, જે પ્રારંભિક સ્તરે નોંધપાત્ર બાબત બની ચૂકી છે. પરંતુ આવી પ્રક્રિયાને કારણે કેટલાંક વિસ્તારોની સંપૂર્ણ અવગણના થતી હોય તેવા અનેક દાખલાઓ જોવા મળ્યા છે, તે મુજબ મૂડીરોકાણો કેટલાંક વિસ્તારોમાં વ્યાપક પ્રમાણમાં કેન્દ્રિત થયાં છે અને તેના પરિણામે પ્રાદેશિક ઘર્ષણો વધ્યાં છે. આ સમસ્યાઓને નિયંત્રિત કરવા માટે માળખાગત સુવિધાઓના નિર્માણ બાબતે વધુ પ્રાદેશિક અભિગમ અપનાવાય તે ઇચ્છનીય છે. ઉત્તર-પૂર્વના રાજ્યોમાં ઔદ્યોગિકીકરણની ગતિ નહીવત્ કહી શકાય તેવી છે.

આ ઉપરાંત એક નવી મેટ્રો રેલ પૉલિસી જાહેર થાય તેવી અપેક્ષા છે. તેનાથી યુવાનો માટે રોજગારીની નવી તકો ખૂલશે. શહેરોમાં વસતા શિક્ષિત યુવાનો માટે આ એક મોટું આશ્વાસન છે. મેટ્રો રેલવે પ્રોજેક્ટથી માળખાગત સુવિધાઓના નેટવર્ક, આવન-જાવનની સુવિધામાં કાર્યક્ષમતા અને વ્યક્તિગત કામગીરીમાં સુધારો થશે. ગામડાંમાંથી શહેરો તરફના સ્થળાંતરને કારણે શહેર તરફી વલણ ધરાવતા લોકો માટે આવા વધુ રોજગારલક્ષી કાર્યક્રમો હાથ ધરાય તે ઇચ્છનીય છે.


આમ છતાં, ઉપયોગ આધારિત વૃદ્ધિ શક્ય બનાવવા મૅન્યુફેક્ચરિંગ ક્ષેત્ર માટે ઘણું થઈ શક્યું હોત. સરકાર દ્વારા મેક ઇન ઇન્ડિયા ની પહેલના ભાગ તરીકે ઉત્પાદન વધારવા, રોજગારનિર્માણ અને નિકાસને પુનર્જીવિત કરવા માટે ચર્મ, જેમ્સ ઍન્ડ જ્વેલરી વગેરે શ્રમપ્રચુર ઉદ્યોગો માટે કરવેરાનાં વધુ પ્રોત્સાહનો જાહેર કરી શકાયાં હોત. ચીનની શૈલી પ્રમાણે સમગ્ર દેશમાં ઉત્પાદન એકમોથી સજ્જ હોય તેવાં મેગા ઔદ્યોગિક શહેરો, જાહેર સુવિધાઓ, નિવાસી વિસ્તારો, શાળાઓ અને હૉસ્પિટલો સ્માર્ટસિટી પ્રોગ્રામ હેઠળ ઑફર કરીને ૨૦૧૭ના અંદાજપત્રમાં મોટા નાણાકીય પ્રદાન વડે આવાં ગ્રોથ સેન્ટર્સ ઊભાં કરાયાં હોત, તો તે નોંધપાત્ર પ્રમાણમાં ધ્યાનાકાર્ષક બની શકત. શ્રમપ્રચુર માલ-સામાન આધારિત ઔદ્યોગિકીકરણ અંગે અંદાજપત્રમાં વિશેષ ધ્યાન અપાયું હોય તેમ જણાતું નથી. તેને બદલે અંદાજપત્ર વધુ કૃષિલક્ષી અને ગ્રામલક્ષી જણાયું છે. આવાં પગલાંની જરૂર તો હતી જ, કારણ કે વસતિનો બહુ મોટો હિસ્સો ગ્રામ્યવિસ્તારોમાં વસે છે અને અંદાજે અડધું શ્રમદળ કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલું છે. આમ છતાં શ્રમપ્રચૂર માલ-સામાનનું આધુનિકીકરણ કરવા માટે એકમો ગુણવત્તા ધરાવતી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરે તો નિકાસની માંગ વધે અને તેમનું વિસ્તરણ કરવામાં સહાય થતાં વૃદ્ધિ અને રોજગારનિર્માણ નોંધપાત્ર થઈ શકે. આવી બાબતો હજુ પ્રતિક્ષાયાદીમાં છે. માત્ર ટેક્નોલૉજીની આયાત કરવાને બદલે ઇનોવેશનને કઈ રીતે પ્રોત્સાહિત કરી શકાય અને તે દ્વારા ઉત્પાદકતા અને રોજગાર બંનેને પ્રોત્સાહિત કરી શકાય તે ભવિષ્યની ચર્ચાઓ માટેનું મહત્ત્વનું મેનુ (વિષય) બની રહેશે.

**લેખક દિલ્હીમાં ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇકોનોમિક ગ્રોથના પ્રોફેસર છે અને અત્યારે જાપાનની નાગોયા યુનિવર્સિટીના વિઝિટિંગ પ્રોફેસર છે. તેઓ શ્રમ અને કલ્યાણ, શહેરી વિકાસ, ઔદ્યોગિક વૃદ્ધિ અને ઉત્પાદકતા, વિકાસલક્ષી અર્થતંત્ર અને જાતિ અસમાનતા જેવા ક્ષેત્રોમાં નિષ્ણાત છે.**

**E-mail:arup@iegindia.rog**

# ભારતીય રેલવે અંદાજપત્ર : એક નવા સ્વરૂપે

**શ્રી અરુણેન્દ્ર કુમાર**




*ભારતીય રેલવેમાં સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સ્વચ્છતા ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ભારતીય રેલવેના સંદર્ભમાં તે સ્વચ્છ રેલ પર નવેસરથી ધ્યાન આપે છે. આ સ્વચ્છતા અંગેના પ્રયાસો રેલવે પ્લૅટફૉર્મ પર અને મુસાફરી દરમિયાન ટ્રેનમાં જોઈ શકાય છે. એસએમએસ આધારિત ક્લીન માય કોચ સર્વિસ આધારિત સેવાની લોકપ્રિયતામાં વધારો થઈ રહ્યો છે. હવે બજેટમાં કોચ મિત્ર સગવડ પ્રક્રિયા અને ડબ્બા સંબંધી બધી જ જરૂરિયાતોની નોંધણી માટે સિંગલ વિન્ડો ઈન્ટરફેસ દાખલ કરવાની દરખાસ્ત છે. રેલવે સ્ટેશન પર ટ્રેનમાંથી શૌચાલય મુક્તિ સામાન્ય રીતે જોવા મળે છે. ૨૦૧૯ સુધીમાં બધા જ ડબ્બાઓમાં જૈવિક શૌચાલયો લગાવવાની બજેટમાં દરખાસ્ત છે. જ્યારે આ ઉમદા પ્રયોગ પૂર્ણ થશે, ત્યારે પાટાઓની શિકલ બદલાઈ જશે. આ પ્રકારના પ્રયત્નો ભવિષ્યમાં ચાલુ રાખવા માટે નવી દિલ્હી અને જયપુર રેલવે સ્ટેશન પર પર્યાવરણને અનુરૂપ શૌચાલયના કચરાના નિકાલ અને જૈવ વિઘટીય કચરાના ઊર્જામાં રૂપાંતરણ માટેના પ્રાયોગિક પ્લાન્ટની સુયોજિત વ્યવસ્થાની ગોઠવણી અંગે બજેટમાં રૂપરેખા નક્કી કરવામાં આવી છે. એક સ્વચ્છ સ્ટેશનને ઉત્પાદક પણ બનાવી શકાશે, સ્ટેશનની આજુબાજુ તેને સ્વચ્છ રાખવા સફાઈકર્તાઓ રાખવામાં આવશે.*

આ વર્ષે રેલવે બજેટને અલગથી રજૂ કરવાની ૯૩ વર્ષથી અનુસરવામાં આવતી પ્રથાને અનુસરવામાં આવી નથી. રેલવે બજેટને સામાન્ય બજેટ સાથે જોડી દેવામાં આવ્યું હતું. આપણે અન્ય બાબત માટે આગળ વધીએ એ પહેલાં રેલવે બજેટ અને સામાન્ય બજેટને એક સાથે અને અલગથી રજૂ કરવા વિશે જાણવું જોઈએ.

૧૯૨૦માં સર વિલિયમ એકવર્થના વડપણ હેઠળ ઈસ્ટ ઈન્ડિયન રેલવે સમિતિની રચના કરવામાં આવી હતી. એકવર્થ સમિતિની ભલામણોના આધારે ૧૯૨૪થી રેલવેની નાણાકીય બાબતોને પરંપરાગત નાણાકીય બાબતોથી અલગ કરવામાં આવી હતી. તેને અક્ષરશઃ કહીએ તો "તે ૩૧ માર્ચે પૂર્ણ થતા અને ૧ એપ્રિલે શરૂ થતા સંપૂર્ણ વ્યાવસાયિક વ્યાપારના જાળામાંથી બહાર જતી આવકની ચિંતા અંગે નવેસરથી તૈયાર કરવા અંગેનું માળખું તૈયાર કરે છે તેવું અનુમાન કરવામાં આવે છે. રેલવેની નવી રસીદ પર વસૂલ કરવામાં આવતો પ્રથમ ચાર્જ એ રેલવે દ્વારા આપવામાં ચોક્કસ ફાળા રૂપે મળતી સામાન્ય આવક છે". સ્વતંત્રતા બાદના સમયગાળામાં રેલવે દ્વારા ૭૫ % જાહેર પરિવહન થતું હતું અને ૯૦ % નૂર વહન કરવામાં આવતું હતું. આથી સામાન્ય બજેટથી તેને અલગ રાખવાની જરૂરિયાત વ્યાજબી છે. આનાથી વિપરીત આજે આ હિસ્સો ૧૫ % અને ૩૦ % જેટલો ઘટી ગયેલો છે. વર્તમાન સરકાર આ બાબત સાથે સંમત છે. તેથી આ મુદ્દાને સમગ્ર રીતે જોતા આ નિર્ણય સભાનપણે લેવામાં આવ્યો છે. આ પૃષ્ઠભૂમિ સાથે આપણે જોઈએ છીએ કે રેલવે બજેટને સામાન્ય બજેટમાં આધારરૂપ વ્યવસ્થાની શ્રેણી હેઠળ આવરી લેવામાં આવ્યું છે. બજેટમાં ભારતીય રેલવેની નાણાકીય સ્વાયતત્તામાં અડચણ નાખ્યા વગર અત્યાર સુધી મળેલી સ્વતંત્રતાને જાળવી રાખવાની ખાતરી આપવામાં આવી છે.

બજેટમાં પરિવહનના તાલમેલના સંકલનની સ્પષ્ટ અસર જોવા મળે છે. રેલવેએ એવી તાર્કિક પરિવહન વ્યવસ્થા વિકસાવવાની જરૂરિયાત છે કે જે પસંદગીપાત્ર ચીજવસ્તુઓની સેવા પૂરી પાડતા પ્રદાતાઓ દ્વારા અપાતી સંકલિત પરિવહનની સેવાઓની શરૂઆતથી અંત સુધીની સેવાઓ અંગેની વ્યવસ્થાનો યોગ્ય ઉકેલ આપે. ગ્રાહક અને પરિવહન સેવા પ્રદાતાઓ માટે આ બાબત જીતનું દૃશ્ય ઊભું કરશે. તેનાથી માલના શેડની અટકાયતમાં નોંધપાત્ર રીતે ઘટાડો થવાની સાથોસાથ ગ્રાહકોની ખુશીમાં વધારો થશે.

વર્તમાન બજેટે રેલવેને મૂળભૂત રીતે ૪ બાબતો પર ધ્યાન આપવાનો આદેશ આપ્યો છે જે નીચે મુજબ છે:

(i) મુસાફરોની સલામતી
(ii) ભંડોળ અને વિકાસના કાર્યો
(iii) સ્વચ્છતા અને
(iv) નાણાકીય અને હિસાબી સુધારાઓ

**મુસાફરોની સલામતી**

છેલ્લાં કેટલાંક વર્ષથી એ મહેસૂસ કરવામાં આવ્યું છે કે સલામતી વ્યવસ્થાને અદ્યતન બનાવવા માટે એક અલગથી ફંડની જરૂરિયાત છે, તેની એટલા માટે પણ જરૂરિયાત છે કારણ કે આંતરિક સ્ત્રોતો દ્વારા એકઠું કરાતું ભંડોળ સલામતીની જરૂરિયાતોને પહોંચી વળવા અપૂરતું છે. ભૂતકાળમાં આ જ પ્રકારના ખાસ પ્રયત્નો આદરણીય અટલબિહારી વાજપેયીના વડપણ હેઠળ ૧.૪.૨૦૦૧ના રોજ ખાસ રેલવે સલામતી ભંડોળની રચના કરવામાં આવ્યાં હતાં. આ બાબતો સલામતી માટે ધ્યાનમાં રાખવા યોગ્ય બાબતો જેવી કે રેલવેના પાટા, પુલો, ગિયર સિગ્નલ, રેલવેના ડબ્બા અને એંજિનો વગેરે પુરાતન મિલકતોને હાનિ કરતી બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. રૂપિયા ૧૭,૦૦૦ કરોડનું તે ભંડોળ બિન વ્યાજપાત્ર અને બિન રદ થવા પાત્ર રકમનું બનેલું હતું. આ રીતે કરવાના કાર્યોની નક્કી કરેલી યાદી ‘ગ્રીનબુક’ નામના પુસ્તકમાં તૈયાર કરવામાં આવી હતી. વર્તમાન બજેટમાં સલામતીની ચિંતાને એક અનિવાર્ય જરૂરિયાત તરીકે સ્વીકારવામાં આવી છે અને ૫ વર્ષ માટે એક લાખ કરોડ રૂપિયાના રાષ્ટ્રીય રેલ સુરક્ષા કોષ (આરઆરએસકે)ની રચનાની જાહેરાત થઈ છે. સરકાર દ્વારા મૂળભૂત મૂડી પૂરી પાડવામાં આવશે અને રેલવે પોતાના અને અન્ય સ્ત્રોતો દ્વારા બાકીનાં નાણાની વ્યવસ્થા કરશે. સરકાર દ્વારા આ કોષમાંથી સલામતી અંગેના વિવિધ કાર્યો માટે વાપરવા લાયક ભંડોળ અંગેની સ્પષ્ટ માર્ગદર્શિકા અને સમયમર્યાદા વિશે જણાવવામાં આવ્યું છે. સલામતીની સજ્જતા અને વ્યવહારોની અસરકારક જાળવણી માટે વિવિધ આંતરરાષ્ટ્રીય નિષ્ણાત સહાયકોની મદદ લેવામાં આવશે. આ એક સાહસિક પગલું અને વિચાર છે, જેનો સમય ખરેખર આવી ગયો છે. તેનો એવો અર્થ કરી શકાય કે આઈએફસી ડિઝાઈનવાળા ડબ્બાઓને બદલે એલએચબી ડિઝાઈનવાળા ડબ્બાઓ, રેલવેની તિરાડોને અગાઉથી શોધી શકે તેવી સ્વયંસંચાલિત ટેક્નોલૉજીની સ્થાપના કરવી, વધુ ભારવાળા પુલોને બદલવા, સલામત સિગ્નલની વ્યવસ્થા લગાવવી, વધુ વ્યસ્ત માર્ગોના સ્થાને પરસ્પર જોડાણવાળી વ્યવસ્થા વગેરે બાબતો પર ધ્યાન આપવામાં આવશે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં માનવરહિત રેલવે ફાટક પાસે થનારા અકસ્માતોની સંખ્યામાં નોંધપાત્ર રીતે ઘટાડો થયો છે. આ બજેટ ૨૦૨૦ સુધીમાં માનવરહિત રેલવે ફાટકની સંપૂર્ણ નાબૂદી વિશે જણાવે છે. કદાચ એવું પણ જોવા મળે કે રસ્તાઓ ઉપરના પુલ અને નીચેના પુલ દ્વારા માણસોના પસાર થવાના સ્તરમાં વધારો થાય. સલામતી માટે લેવાયેલા પગલાને ડબ્બામાં વાપરવામાં આવતા અગ્નિ વિરોધી સામાન રૂપે પણ જોઈ શકાય છે.

રાષ્ટ્રીય રેલ સંરક્ષા કોષ (આરઆરએસકે)ના ભંડોળની રચના મહેસૂલી અને મૂડી ખર્ચમાંથી કરવામાં આવી છે. રૂપિયા ૧,૦૦૦ કરોડ મહેસૂલી ખર્ચમાંથી અને રૂપિયા ૧૯,૦૦૦ કરોડ મૂડી ખર્ચમાંથી ફાળવવામાં આવ્યા છે. આ કોષની યોજનાઓની ખાસ યાદી કરવામાં આવશે.

**મૂડી અને વિકાસનાં કાર્યો**

વર્તમાન બજેટમાં નોંધપાત્ર રીતે યોજના ખર્ચ રૂપિયા ૧,૨૧,૦૦૦ કરોડથી વધારીને રૂપિયા ૧,૩૧,૦૦૦ કરોડ કરવામાં આવ્યો છે. એ જ રીતે ચોખ્ખો બજેટરી ટેકો રૂપિયા ૪૬,૩૫૫ કરોડથી વધારીને રૂપિયા ૫૫,૦૦૦ કરોડ કરવામાં આવ્યો છે. વધારાના બજેટરી સ્ત્રોતો ઊભા કરવા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. આમ છતાં આંતરિક સ્ત્રોતોમાંથી નાણાં મેળવવાનું સ્તર રૂપિયા ૧૪,૧૭૫ કરોડના બદલે રૂપિયા ૧૪,૦૦૦ કરોડના વાસ્તવિક સ્તરને જાળવી રાખવામાં આવ્યું છે. યોજનાની જીબીએસ, ઈબીઆર અને આંતરિક સ્ત્રોતોની વિગતવાર માહિતી નીચે આપવામાં આવી છે.

રૂપિયા (કરોડમાં)

| વર્ષ | યોજના ખર્ચ | જીબીએસ | વધારાના બજેટરી સ્ત્રોતો | આંતરિક સંસાધન નિર્માણ |
|---|---|---|---|---|
| ૨૦૧૧-૧૨ | ૪૫,૦૬૧ | ૨૧,૦૭૩ | ૧૪,૭૯૦ | ૯,૧૯૮ |
| ૨૦૧૨-૧૩ | ૫૦,૩૮૩ | ૨૫,૨૩૪ | ૧૫,૧૪૨ | ૧૦,૦૦૭ |
| ૨૦૧૩-૧૪ | ૫૩,૯૮૪ | ૨૮,૧૭૪ | ૧૫,૨૨૫ | ૧૦,૫૯૦ |
| ૨૦૧૪-૧૫ | ૬૫,૭૯૮ | ૩૧,૫૯૬ | ૧૭,૭૮૮ | ૧૬,૪૧૪ |
| ૨૦૧૫-૧૬ | ૯૩,૫૨૦ | ૩૫,૦૦૭ | ૩૯,૦૦૬★ | ૧૯,૪૪૬ |
| ૨૦૧૬-૧૭ | ૧,૨૧,૦૦૦ | ૪૬,૩૫૫ | ૫૯,૯૩૦ | ૧૪,૭૧૫ |
| ૨૦૧૭-૧૮ | ૧,૩૧,૦૦૦ | ૫૫,૦૦૦ | ૬૨,૦૦૦ | ૧૪,૦૦૦ |

★ ૧૭,૧૩૬ કરોડના સંસ્થાકીય રોકાણ સાથે. આ રીતે ભંડોળ એકઠું કરવાની નવીન પદ્ધતિનો પ્રથમ વખત પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આથી હવે તે નિયમિત લક્ષણ તરીકે આવનારાં બે વર્ષ સુધી જોઈ શકાશે.

એવું જોઈ શકાય છે કે યોજનાગત ખર્ચ એટલે કે ૨૦૧૪-૧૫ માં ૬૫,૭૯૮ રૂપિયા કરોડથી વધારીને લગભગ બમણો એટલે કે ૨૦૧૭-૧૮માં રૂપિયા ૧,૩૧,૦૦૦ કરી દેવામાં આવ્યો છે. તે બાબત વર્તમાન સરકારના ભારતીય જીવાદોરી સમાન ભારતીય રેલવેમાં વધુ રોકાણ કરવાના મજબૂત ઇરાદાને દર્શાવે છે. રેલવે બજેટના એકીકરણથી ભારતીય રેલવેની ડિવિડન્ડ જવાબદારીના પરિણામે અંદાજે રૂપિયા ૧૦,૦૦૦ કરોડના વધારાની પ્રાપ્તિ પણ થશે. આ લાભ વર્ષો વર્ષ પ્રાપ્ત થતો આવર્તી લાભ હશે.

કાર્યોની યાદી કંઈક અંશે પ્રભાવશાળી અને રેલવેના વિકાસની મહત્ત્વપૂર્ણ બાબતોને આવરી લે છે. બજેટનો લક્ષ્યાંક ૨૦૧૬-૧૭ના ૨૮૦૦ કિમીની સરખામણીએ ૨૦૧૭-૧૮માં ૩૫૦૦ કિમીને આવરી લેવાનો છે. આથી વિદ્યુતીકરણ તરફ વધુ ઢોળાવ/ઝુકાવ છે. આરઈ ૨૦૧૬-૧૭ના ૨૦૦૦ કિમી માર્ગની સરખામણીએ ૨૦૧૭-૧૮માં ૩૫૦૦ કિમીનું બમણું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આવનારાં ૩ વર્ષોમાં 'થ્રોપુટ'માં ૧૦%નો વધારો કરવાની વ્યૂહરચના છે. સામાન્ય શબ્દોમાં થ્રોપુટનો મતલબ ટન કિલોમીટર અને મુસાફર કિલોમીટરનો સરવાળો છે. સ્ટેશનનો પુનઃવિકાસ એ અન્ય ક્ષેત્ર છે, જે બાજી પલટાવનાર સાબિત થશે. ભોપાલ નજીક હબીબગંજ અને ગાંધીનગરથી તેની શરૂઆત પણ થઈ ચૂકી છે. ૨૦૧૭-૧૮ દરમિયાન સ્ટેશનના પુનઃવિકાસ માટે ઓછામાં ઓછાં ૨૫ સ્ટેશનના પુનઃવિકાસના કરાર અપાય તેવો અંદાજ છે. ૫૦૦ સ્ટેશનને 'વિકલાંગતા અનુકૂળ' બનાવવા માટે લીફટ અને એકસેલેટર પૂરાં પાડવામાં આવ્યા છે. બજેટની મધ્યાવધિમાં ૭૦૦૦ સ્ટેશન પર સૌર ઊર્જાની દરખાસ્તના આધારે સૌર ઊર્જા કેન્દ્રો સ્થાપવામાં આવશે. ૩૦૦ સ્ટેશન પર તેની શરૂઆત પણ થઈ ચૂકી છે. ૧૦૦૦ મેગાવૉટના સૌર ઊર્જા મિશનના ભાગરૂપે ૨૦૦૦ રેલવે સ્ટેશન પર કાર્ય કરવામાં આવશે. પ્રવાસન અને યાત્રાધામ માટે સમર્પિત ટ્રેનો શરૂ કરવાનાં પગલાંઓ પણ લેવામાં આવશે. ઉપયુક્ત બધી જ યોજનાઓની શરૂઆત માટે જમીન સ્તરે કાર્ય શરૂ થઈ ગયા હોવાના પુરાવા છે. રાજ્ય સરકારો સાથે સંયુકત સાહસ રચવા માટેની નવીન વ્યૂહરચના પર હસ્તાક્ષર થઈ ગયા છે. રાજ્યના સહકારથી ભંડોળની નવીનતા અને ઝડપી અમલવારીમાં સરળતા રહેશે. રેલવે ૯ રાજયો સાથે સંયુક્ત સાહસની સ્થાપના કરશે. બાંધકામ અને વિકાસ માટે ૭૦ પ્રોજેક્ટની ઓળખવિધિ કરવામાં આવી છે.

**સ્વચ્છતા**

ભારતીય રેલવેમાં સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સ્વચ્છતા ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ભારતીય રેલવેના સંદર્ભમાં તે સ્વચ્છ રેલ પર નવેસરથી ધ્યાન આપે છે. આ સ્વચ્છતા અંગેના પ્રયાસો રેલવે પ્લૅટફૉર્મ પર અને મુસાફરી દરમિયાન ટ્રેનમાં જોઈ શકાય છે. એસએમએસ આધારિત ક્લીન માય કોચ સર્વિસ આધારિત સેવાની લોકપ્રિયતામાં વધારો થઈ રહ્યો છે. હવે બજેટમાં કોચ મિત્ર સગવડ પ્રક્રિયા અને ડબ્બા સંબંધી બધી જ જરૂરિયાતોની નોંધણી માટે સિંગલ વિન્ડો ઇન્ટરફેસ દાખલ કરવાની દરખાસ્ત છે. રેલવે સ્ટેશન પર ટ્રેનમાંથી શૌચાલય મુક્તિ સામાન્ય રીતે જોવા મળે છે. તેનાથી ફકત ખિન્નતા ઉત્પન્ન નથી થતી, પરંતુ તેનાથી ટ્રેનમાં કાટ પણ લાગે છે. ૨૦૧૯ સુધીમાં બધા જ ડબ્બાઓમાં જૈવિક શૌચાલયો લગાવવાની બજેટમાં દરખાસ્ત છે. જ્યારે આ ઉમદા પ્રયોગ પૂર્ણ થશે, ત્યારે પાટાઓની શિકલ બદલાઇ જશે. આ પ્રકારના પ્રયત્નો ભવિષ્યમાં ચાલુ રાખવા માટે નવી દિલ્હી અને જયપુર રેલવે સ્ટેશન પર પર્યાવરણને અનુરૂપ શૌચાલયના કચરાના નિકાલ અને જૈવ વિઘટીય કચરાના ઊર્જામાં રૂપાંતરણ માટેના પ્રાયોગિક પ્લાન્ટની સુયોજિત વ્યવસ્થાની ગોઠવણી અંગે બજેટમાં રૂપરેખા નક્કી કરવામાં આવી છે. એક સ્વચ્છ સ્ટેશનને ઉત્પાદક પણ બનાવી શકાશે, સ્ટેશનની આજુબાજુ તેને સ્વચ્છ રાખવા સફાઇકર્તાઓ રાખવામાં આવશે.

**નાણાકીય અને હિસાબી સુધારાઓ**

માર્ચ ૨૦૧૯થી સંચય આધારિત નાણાકીય નિવેદન શરૂ કરવામાં આવશે. સંચય આધારિત હિસાબી પદ્ધતિમાં આવક/મહેસૂલ જ્યારે પ્રાપ્ત થાય ત્યારે તેને આવક વિવરણ ખાતામાં દર્શાવવામાં આવે છે. રોકડ આધારિત હિસાબી પદ્ધતિમાં રોકડ જ્યારે મળે ત્યારે તેને આવક તરીકે આવક વિવરણ ખાતામાં દર્શાવવામાં આવે છે. સંચય આધારિત હિસાબી પદ્ધતિનો મુખ્ય ફાયદો એ છે કે તેમાં સંબંધિત ખર્ચાઓ સાથે આવકની મેળવણી કરી બતાવવાથી એક અહેવાલીય સમયગાળા દરમિયાન વ્યાપારિક વ્યવહારોની સંપૂર્ણ અસર જોઇ શકાય છે. આ હિસાબી સુધારાઓ રેલવેને તેણે પૂરી પાડેલી દરેક સેવાની ખરેખર કિંમત જાણવા સક્ષમ બનાવે છે.

આ બજેટમાં નૂરના દરમાં કોઈ છૂપો વધારો કરવામાં આવ્યો નથી. યાત્રીઓમાં ડિઝિટલ હેબિટને પ્રોત્સાહન આપવા માટે તેમના દ્વારા બુક થતી ઇ-ટિકિટ પરના આઇઆરસીટીસીના સર્વિસ ચાર્જને હટાવી દેવામાં આવ્યા છે. આ એક પ્રશંસનીય પગલું છે. રેલવેના ત્રણ પીએસયુ - આઇઆરએફસી, ઇરકોન અને આઇઆરસીટીસી પીએસયુના શૅરોની નોંધણી સ્ટૉક એક્સચેન્જમાં કરાવવાની દરખાસ્ત છે.

**આવક અને ખર્ચ**

રેલવે બજેટના મુખ્ય કેન્દ્ર બિંદુ પર થતી ચર્ચાના સંદર્ભમાં વર્ષ ૨૦૧૭-૧૮ના આવક અને ખર્ચ જે નીચે આપવામાં આવેલા છે તેના પર દૃષ્ટિપાત કરીએ :

## આવક અને ખર્ચનું વિહંગાવલોકન

**રૂપિયા (કરોડમાં)**

| ક્રમ | વિષય | ખરેખર ૨૦૧૫-૧૬ | બજેટ ૨૦૧૬-૧૭ | સુધારેલા ૨૦૧૬-૧૭ | બજેટ ૨૦૧૭-૧૮ |
|---|---|---|---|---|---|
| | **આવક** | | | | |
| ૧ | કુલ ટ્રાફિક આવક (૧એ થી ૧ઇ) | ૧,૬૪,૩૩૪ | ૧,૮૪,૮૨૦ | ૧,૭૨,૧૫૫ | ૧,૮૮,૯૯૮ |
| એ | મુસાફરો પાસેથી આવક | ૪૪,૨૮૩ | ૫૧,૦૧૨ | ૪૮,૦૦૦ | ૫૦,૧૨૫ |
| બી | નૂરની આવક | ૧,૦૯,૨૦૮ | ૧,૧૭,૯૩૩ | ૧,૦૮,૯૦૦ | ૧,૧૮,૧૫૭ |
| સી | અન્ય કોચિંગ આવક | ૪,૩૭૧ | ૬,૧૮૫ | ૫,૦૦૦ | ૬,૪૯૪ |
| ડી | અન્ય પરચૂરણ આવક | ૫,૯૨૯ | ૯,૫૯૦ | ૧૦,૧૦૦ | ૧૪,૧૨૩ |
| ઈ | ટ્રાફિક સસ્પેન્સ | ૫૪૩ | ૧૦૦ | ૧૫૫ | ૧૦૦ |
| ૨ | પરચૂરણ આવકો | ૪,૦૪૬ | ૪,૪૫૧ | ૧૫૦ | ૫૦૦ |
| ૩ | કુલ મહેસૂલી આવક (૧₹૨) | ૧,૬૮,૩૮૦ | ૧,૮૯,૨૭૧ | ૧,૭૨,૩૦૫ | ૧,૮૯,૪૯૮ |
| ૪ | સામાન્ય મહેસૂલમાંથી મૂડી આવક | ૩૭,૬૦૮ | ૪૫,૦૦૦ | ૪૬,૩૫૫ | ૫૫,૦૦૦ |
| ૫ | કુલ રેલવે આવક ₹ બજેટરી મદદ (૩₹૪) | ૨,૦૫,૯૮૮ | ૨,૩૪,૨૭૧ | ૨,૧૮,૬૬૦ | ૨,૪૪,૪૯૮ |
| ૬ | અન્ય બજેટરી સ્ત્રોતો (ઇબીઆર) | ૩૯,૦૬૬ | ૫૯,૩૨૫ | ૫૯,૯૩૦ | ૬૨,૦૦૦ |
| ૭ | ઈબીઆર સહિતની કુલ આવકો (૫₹૬) | ૨,૪૫,૦૫૪ | ૨,૯૩,૫૯૬ | ૨,૭૮,૫૯૦ | ૩,૦૬,૪૯૮ |
| | ખર્ચ | | | | |
| ૮ | કુલ ચાલુ ખર્ચાઓ (૮એ થી ૮સી) | ૧,૪૭,૮૩૬ | ૧,૬૯,૨૬૦ | ૧,૬૨,૯૬૦ | ૧૭૮,૩૫૦ |
| એ | સામાન્ય ચાલુ ખર્ચાઓ | ૧,૦૭,૭૩૬ | ૧,૨૩,૫૬૦ | ૧,૨૨,૭૬૦ | ૧૨૯,૭૫૦ |
| બી | પેન્શન ફંડ માટે વિનિયોગ | ૩૪,૫૦૦ | ૪૨,૫૦૦ | ૩૫,૦૦૦ | ૪૩,૬૦૦ |
| સી | ધસારા અનામત ફંડનો વિનિયોગ | ૫,૬૦૦ | ૩,૨૦૦ | ૫,૨૦૦ | ૫,૦૦૦ |
| ૯ | પરચૂરણ ખર્ચાઓ | ૧,૩૧૫ | ૧,૮૦૦ | ૧,૬૫૦ | ૨,૨૦૦ |
| ૧૦ | રેલવેની આવકમાંથી કુલ ખર્ચાઓ (૮₹૯) | ૧,૪૯,૧૫૧ | ૧,૭૧,૦૬૦ | ૧,૬૪,૬૧૦ | ૧,૮૦,૫૫૦ |
| ૧૧ | ઈબીઆરમાંથી ખર્ચ અને બજેટરી મદદ (૪₹૬) | ૭૬,૬૭૧ | ૧,૦૪,૩૨૫ | ૧,૦૬,૨૮૫ | ૧,૧૭,૦૦૦ |
| ૧૨ | ઈબીઆર સહિતના કુલ ખર્ચાઓ (૧૦₹૧૧) | ૨,૨૫,૮૨૬ | ૨,૭૫,૩૮૫ | ૨,૭૦,૮૯૫ | ૨,૯૭,૫૫૦ |
| ૧૩ | ચોખ્ખી આવક (૩-૧૦) | ૧૯,૨૨૮ | ૧૮,૨૧૧ | ૭,૬૯૫ | ૮,૯૪૮ |
| ૧૪ | ચૂકવવાપાત્ર ડિવિડન્ડ | ૮,૭૨૩ | ૯,૭૩૧ | ... | ... |
| ૧૫ | વધારો/ઘટાડો (૧૩-૧૪) | ૧૦,૫૦૬ | ૮,૪૭૯ | ૭,૬૯૫ | ૮,૯૪૮ |
| ૧૬ | વિકાસ ફંડ માટે વિનિયોગ | ૧,૨૨૦ | ૨,૫૧૫ | ૨,૫૧૫ | ૨,૦૦૦ |
| ૧૭ | મૂડી ભંડોળ માટે વિનિયોગ | ૫,૭૯૮ | ૫,૭૫૦ | ૫,૧૮૦ | ૫,૯૪૮ |
| ૧૮ | ડેબ્ટ સર્વિસ ફંડ માટે વિનિયોગ | ૩,૪૮૮ | ૨૧૪ | ... | ... |
| ૧૯ | રાષ્ટ્રીય રેલ સંરક્ષા કોષ (આરાઆરએસકે) માટે વિનિયોગ | ... | ... | ... | ૧૦૦૦ |
| ૨૦ | સંચાલન ગુણોત્તર | ૯૦.૫% | ૯૨.૦% | ૯૪.૯% | ૯૪.૬% |

**નોંધ :** ઉપર્યુક્ત આંકડાઓમાં દશાંશ અંકને તેના નજીકના આંકડામાં સરભર કરવામાં આવ્યા છે.

૨૦૧૭-૧૮ના બીઇ રૂપિયા ૧,૮૮,૯૯૮ કરોડ એ ૨૦૧૬-૧૭ના આરઈ રૂપિયા ૧,૭૨,૧૫૫ કરોડમાં ૧૬,૮૪૩ કરોડ રૂપિયાનો વધારો દર્શાવે છે અને ૨૦૧૬-૧૭ના બીઈમાં ૪,૧૭૮ કરોડનો કુલ ટ્રાફિક આવકનો વધારો દર્શાવે

છે. ૨૦૧૬-૧૭ના આરઈની સરખામણીએ યાત્રી આવકમાં રૂપિયા ૨,૧૨૫ કરોડનો વધારો થયો છે, પરંતુ ૨૦૧૬-૧૭ના બીઈની સરખામણીએ રૂપિયા ૮૮૭ કરોડનો ઘટાડો થયો છે. એ જ રીતે ૨૦૧૭-૧૮ના બીઈની સરખામણીએ નૂરની આવક રૂપિયા ૯,૨૫૬ કરોડ ૨૦૧૬-૧૭ આરઈની સરખામણીએ વધુ છે અને ૨૦૧૭-૧૭ના બીઈની સરખામણીએ રૂપિયા ૨૨૪ કરોડ વધુ છે. પરચૂરણ આવકમાં રૂપિયા ૧૪,૧૨૨ કરોડનો થયેલો નોંધપાત્ર વધારો ૨૦૧૬-૧૭ના આરઈની સરખામણીએ રૂપિયા ૪,૦૩૨ કરોડ જેટલો વધારે છે. ઉપર્યુક્ત આંકડાઓ પરથી એવું દેખાય છે કે કમાણીનો દર વાસ્તવિક સ્તરે જળવાઇ રહ્યો છે અને વધુ પડતા મહાત્ત્વાકાંક્ષી નથી. કુલ આવક (મૂડી અને મહેસૂલી આવક સાથે) રૂપિયા ૩૦૬,૪૯૮ કરોડ છે જે ૨૦૧૬-૧૭ના આરઈથી ૨૭,૯૦૮ કરોડ વધુ અને ૨૦૧૬-૧૭ના બીઈથી ૧૨,૯૦૩ ૨૦૧૭-૧૮ના બીઈમાં મહેસૂલી ખર્ચની વાસ્તવિક આકારણી કરતા તે રૂપિયા ૧૫,૩૯૦ કરોડ વધીને ૨૦૧૬-૧૭ના આરઈની સરખામણીએ રૂપિયા ૧,૭૮,૩૫૦ કરોડ થયેલ છે. રેલવેએ ૨૦૧૬-૧૭ના આરઈની સરખામણીએ સામાન્ય કાર્યકારી ખર્ચ(ઓડબ્લ્યુ)માં રૂપિયા ૧,૨૨,૭૬૦ કરોડમાં દાખલા તરીકે ૨૦૧૬-૧૭ના બીઈની સરખામણીએ રૂપિયા ૮૦૦ કરોડનો ઘટાડો કરીને સારી કામગીરી કરી છે. ૨૦૧૭-૧૮ના બીઈમાં ઓડબ્લ્યુનો લક્ષ્યાંક ૧૨૯,૭૫૦ કરોડ રૂપિયાનો રાખવામાં આવ્યો છે. ૨૦૧૭-૧૮ના બીઈમાં ચોખ્ખી આવકનો લક્ષ્યાંક ૮,૯૪૮ કરોડ રૂપિયાનો રાખવામાં આવ્યો છે, જે ૨૦૧૬-૧૭ના આરઇ કરતા ૧,૨૫૩ કરોડ રૂપિયા વધુ છે. આમ છતાં તે ૨૦૧૫-૧૬ની ખરેખર ચોખ્ખી આવક ૧૯,૨૨૮ હતી, તેના કરતાં ઘણી ઓછી છે. સંચાલન ગુણોત્તરનો લક્ષ્યાંક ૯૪.૬% રાખવામાં આવ્યો છે, જે ૨૦૧૬-૧૭ના આરઇના સંચાલકીય ગુણોત્તર ૯૪.૯% કરતા થોડો ઓછો છે. આ એક પડકારરૂપ કાર્ય હતું, કારણ કે ડિસેમ્બર ૨૦૧૬માં સંચાલકીય ગુણોત્તર ૧૦૯.૬% હતો. બજેટ આ પરિસ્થિતિથી માહિતગાર છે. તેની રૂપરેખા રેલવેના નિશ્ચિત શુલ્ક નક્કી કરવા, ખર્ચ પર ધ્યાન આપવા વિશે, સેવાની ગુણવત્તા વધારવા, સામાજિક જવાબદારી અને પરિવહનના અન્ય પ્રકાર સાથે સ્પર્ધા કરવા વિશે જણાવે છે.

**રેલવેના વિકાસના કાર્ય માટે પસંદગીપાત્ર મહત્ત્વના ક્ષેત્રમાં મૂડીગત ખર્ચ નીચે મુજબ છે. :**

**રૂપિયા (કરોડમાં)**

| વિષય | ખરેખર ૨૦૧૫-૧૬ | બજેટ ૨૦૧૬-૧૭ | સુધારેલા ૨૦૧૬-૧૭ | બજેટ ૨૦૧૭-૧૮ |
|---|---|---|---|---|
| મૂડી ખર્ચાઓ (બજેટરી સ્ત્રોતો) | ૧૩,૨૪૮ | ૧૧,૯૬૩ | ૧૩,૬૬૦ | ૧૧,૫૩૩ |
| નવી લાઇન (નિર્માણ) | ૩,૪૦૭ | ૩,૨૭૬ | ૩,૭૨૧ | ૩,૦૯૧ |
| ગેજ રૂપાંતરણ | ૨,૯૫૦ | ૪,૭૮૨ | ૧,૪૨૩ | ૨,૫૪૩ |
| લાઇનને બમણી કરવી | ૯૮૪ | ૧,૧૨૬ | ૧,૦૩૬ | ૧,૮૫૧ |
| ટ્રાફિક સગવડતા-યાર્ડ રિમૉડેલિંગ અને અન્ય | ૪,૨૪૦ | ૫,૪૪૮ | ૬,૧૫૦ | ૨,૦૦૬ |
| રોલિંગ સ્ટૉક | ૬,૩૨૫ | ૭,૦૦૦ | ૭,૦૦૦ | ૮,૦૦૦ |
| ભાડાપટ્ટે મિલકતો-મૂડીના ભાગની ચુકવણી | | | | |
| રોડ સલામતી કાર્ય : | ૪૭૦ | ૫૫૫ | ૬૭૯ | ૭૦૫ |
| • લેવલ ક્રોસિંગ | ૨,૧૩૩ | ૨,૪૪૩ | ૩,૦૬૬ | ૪,૫૧૨ |
| • રોડ ઓવર/અન્ડર બ્રિજ | ૫,૫૮૬ | ૪,૦૦૦ | ૬,૭૪૦ | ૯,૯૬૧ |
| પાટાઓનું નવીનીકરણ | ૫૨૦ | ૫૮૯ | ૫૯૨ | ૭૪૬ |
| પુલોનું ચાલું કામ | ૮૯૪ | ૯૫૮ | ૯૫૪ | ૨,૩૩૧ |
| સિગ્નલિંગ અને ટેલિકોમ કાર્ય | | | | |

નોંધ : ઉપર્યુક્ત આંકડાઓમાં દશાંશ અંકને તેના નજીકના આંકડામાં સરભર કરવામાં આવ્યા છે.

એવું જોઈ શકાય છે કે નવી લાઇનના બાંધકામ માટેની ફાળવણીમાં રૂપિયા ૧૧,૫૩૩ કરોડનો મામૂલી ઘટાડો થયો છે. ગેજનું રૂપાંતરણ વધુ બાકી ન હોવાથી ગેજ રૂપાંતરણની ફાળવણીમાં ૩,૦૯૧ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. સૌથી વધુ ફાળવણી લાઇનને બમણી કરવા માટે અને ટ્રાફિક સગવડતામાં થતા વધારાથી ગતિશીલતામાં થતા વધારા માટે થઈ છે. ૨૦૧૬-૧૭ના આરઇના રૂપિયા ૧,૪૨૩ કરોડથી વધારીને ૨,૫૪૩ કરોડ રૂપિયા લાઇનને બમણી કરવા માટે ફાળવવામાં

આવ્યા છે. એવી જ રીતે ૨૦૧૬-૧૭ના આરઈ મુજબ ૧,૦૩૬ કરોડ રૂપિયાની સામે ૨,૫૪૩ કરોડ રૂપિયા ટ્રાફિક સગવડતામાં નોંધપાત્ર રીતે વધારો કરવા ફાળવાયા છે. રોડની સલામતીનાં કાર્યો મુખ્યત્વે ઓવર/અન્ડર બ્રિજ માટે પણ નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. આ વધારો રૂપિયા ૩,૦૬૬ કરોડમાંથી વધીને રૂપિયા ૪,૫૧૨ કરોડ સુધી કરવામાં આવ્યો છે. પ્રમુખ વધારો રેલવે ટ્રેક નવીનીકરણ શ્રેણી માટે થયો છે. ૨૦૧૬-૧૭ના બજેટમાં ૪,૦૦૦ કરોડ રૂપિયા ફાળવાયા હતા, જે ૨૦૧૬-૧૭ના આરઈમાં વધીને ૬૭૪૦ કરોડ રૂપિયા થયા છે અને ૨૦૧૭-૧૮ના બીઈમાં તેમાં ખૂબ વધારો કરીને ૯,૯૬૧ કરોડ રૂપિયા કરવામાં આવ્યા છે. આ બાબત એ દર્શાવે છે કે જૂના ટ્રેક માટે પૂરી નિષ્ઠાથી પ્રયત્નો થઈ રહ્યાં છે. તેવી જ રીતે પૂલોના કાર્યો માટે ૨૦૧૬-૧૭ના આરઈમાં ફાળવાયેલા ૫૯૨ કરોડ રૂપિયાની સરખામણીએ ૨૦૧૭-૧૮ના બીઈમાં ૭૪૬ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. સિગ્નલિંગ અને સંચારમાં પણ તીવ્ર વધારો જોવા મળે છે ૨૦૧૬-૧૭ના આરઈમાં ફાળવાયેલા ૯૫૪ કરોડ રૂપિયામાં લગભગ ૧૪૫% વધારો કરીને ૨૦૧૭-૧૮ના બીઈમાં રૂપિયા ૨,૩૩૧ કરોડ કરવામાં આવ્યા છે.

આરઆરએસકે સિવાય સલામતી માટેના પરંપરાગત પ્રયત્નોમાં વધારો કરી તેને સતત અમલમાં લાવવામાં આવશે. સલામતીની શ્રેણી અંગેના ખર્ચાઓનો સમાવેશ વિવિધ શ્રેણી જેમકે, ટ્રેક, લોકોમોટિવ્ઝ, ડબ્બાઓ, પુલો અને સિગ્નલિંગ હેઠળ આવે છે. સલામતી સંબંધિત બાબતો માટે કુલ રકમ (આરઆરએસકેના ખર્ચથી અલગ ખર્ચ) રૂપિયા ૪૨,૬૭૯ કરોડ ફાળવાયા છે, જે ૨૦૧૬-૧૭ના આરઈમાં ૮૧૪ કરોડ રૂપિયાનો વધારો સૂચવે છે. તેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

**સલામતી સંબંધિત બાબતો માટેનો ખર્ચ**

| વિષય | બજેટ ૨૦૧૬-૧૭ | સુધારેલા ૨૦૧૬-૧૭ | બજેટ ૨૦૧૭-૧૮ |
|---|---|---|---|
| મહેસૂલ ખર્ચ | | | |
| ટ્રેક જાળવણી | ૧૩,૭૧૨ | ૧૩.૫૩૯ | ૧૩,૭૫૯ |
| લોકોમોટીવસ | ૬,૩૧૮ | ૬.૧૦૮ | ૬,૨૦૪ |
| ડબ્બાઓ અને વેગન | ૧૪,૩૧૨ | ૧૪.૩૫૧ | ૧૪,૭૩૪ |
| પ્લાન્ટ અને સાધનો | ૮,૧૧૨ | ૭.૮૩૨ | ૭,૯૪૭ |
| ટ્રાફિક | ૩૫ | ૩૫ | ૩૫ |
| કુલ મહેસૂલ (સલામતી) | ૪૨,૪૮૯ | ૪૧,૮૬૫ | ૪૨,૬૭૯ |

**ગતિશીલતાની ઉપરછલ્લી સમજ**

ચોખ્ખા ટન કિલોમીટર અને પેસેન્જર કિલોમીટર દ્વારા રેલવે વ્યવસ્થાની ગતિશીલતામાં વધારવાનું દર્શાવે છે, આ બંને સૂચકાંકના લક્ષ્યાંકનો વધારો અહિ દર્શાવાયો છે. :

| વિષય | ૨૦૧૫-૧૬ ખરેખર | બીઈ | ૨૦૧૬-૧૭ આરઈ | ૨૦૧૭-૧૮ બજેટ |
|---|---|---|---|---|
| મુસાફર કિમી (લાખમાં) | ૧,૧૪૩,૦૩૯ | ૧,૧૩૭,૨૯૮ | ૧,૧૫૭,૬૩૭ | ૧,૧૫૯,૯૦૦ |
| ચોખ્ખા ટન કિમી (લાખમાં) | ૬૫૪,૪૮૧ | ૬૯૪,૬૦૭ | ૬૨૧,૨૪૭ | ૬૭૫,૬૨૨ |

બજેટમાં ચાર કેન્દ્રિત ક્ષેત્ર માટે પર્યાપ્ત પીઠબળ આપનારા નાણાકીય સ્ત્રોતો છે. રાષ્ટ્રીય રેલ સંરક્ષા કોષ માટે પૂરતા પ્રમાણમાં જોગવાઇ કરવામાં આવી છે. વધુમાં આવક અને ખર્ચના લક્ષ્યાંકો અને વિવિધ યોજનાના ભૌતિક લક્ષ્યાંકો વાસ્તવિક સ્તરે જાળવવામાં આવ્યા છે. ભારતીય રેલવે જે દેશના વિકાસનું એન્જિન છે, તેની સેવાઓના સુધારણા તરફ આગળ વધવા માટે બજેટ નવા અવતારમાં અગ્રેસર છે.

**સંદર્ભ:**


૧. બજેટ દસ્તાવેજ ૨૦૧૭-૧૮

૨. રેલવે મંત્રાલયની સ્ટેટિસ્ટિકલ ડિરેક્ટોરેટ સમરી.



**શ્રી અરુણેન્દ્ર કુમાર ભારતીય રેલવેના નિવૃત્ત ચેરમેન અને ૩૯ વર્ષ રેલવેમાં સેવા આપ્યા પછી ડિસેમ્બર, ૨૦૧૪માં ભારત સરકારના એક્સ-ઓફિશિયો પ્રિન્સિપલ સેક્રેટરી છે. તેઓ ડિઝલ લોકોમોટિવ્સ, કોચીસ અને વેગન્સ તથા સંપૂર્ણ રેલવે મેનેજમેન્ટના મેઈન્ટેનન્સમાં બહોળો અનુભવ ધરાવે છે. તેમણે ભારતમાં હાઈ-સ્પીડ ટ્રેન, રેલવેમાં એફડીઆઈ અને સ્ટેશન રિડેવલપમેન્ટ જેવી ઘણી નવી પહેલો પ્રસ્તુત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. અત્યારે ભારતમાં સૌથી ઝડપી ટ્રેન ગતિમાન એક્સપ્રેસનું આયોજન તેમના સમયગાળામાં જ કરવામાં આવ્યું હતું.**

**E-mail:noidarail54@gmail.com**



**આગામી આકર્ષણ**

**શ્રમ સુધારા**

**Labour Reforms**

# રેલવેને બાદ કરતાં માળખાગત ક્ષેત્રમાં અંદાજપત્રીય ફાળવણી

**ક્રિષ્ના દેવ**



*એકંદરે ૨૦૧૭-૧૮નું બજેટ દર્શાવે છે કે સરકારનો ઈરાદો ખૂબ જ સ્પષ્ટ છે કે જે પણ લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા છે તેને સમયસર અને ઝડપથી પ્રાપ્ત કરવા માટે કુલ બજેટની લગભગ ૧/૫ રકમ આધારભૂત માળખાકીય ક્ષેત્ર માટે ફાળવવામાં આવી છે. આ બતાવે છે કે લક્ષ્યાંકોને ખૂબ જ મહત્ત્વાકાંક્ષી રીતે પ્રાપ્ત કરવાની જરૂરિયાત છે અને આધારભૂત માળખાકીય ક્ષેત્રને ટેક-ઑફ તબક્કામાં લેવાની જરૂરિયાત છે. તેનાથી અર્થતંત્રમાં વેગ આવશે, વળી તે યુવાનો માટે નોકરીની વિશાળ તકો ઊભી કરી વિદેશી રોકાણ માટે વાતાવરણનું નિર્માણ કરી અને ગ્રામીણ ભારતને નવું જીવન આપશે.*

*આ ટેક-ઑફ તબક્કામાં ઘણા બધા પડકારો છે જેમ કે પ્રોજેક્ટને તૈયાર કરવા અને તેની મંજૂરી લેવી, જમીન સંપાદિત કરવી, પર્યાવરણીય મંજૂરી લેવી, કાયદાકીય અને નિયમનકારી મુદ્દાઓ, આંતર મંત્રાલીય સંકલન, કુશળ માનવશક્તિની ઉપલબ્ધતા અને તૂર્તજ નિમણૂક વગેરે છે. સલામતી અને નાણાકીય મુદ્દાઓ ખૂબ સમય લેશે અને પ્રોજેક્ટ પાછળ વધુ ખર્ચ અને સમય ખર્ચાશે.*

*સરકાર પાસે આ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં સમય અને નાણા છે. આ પ્રોજેક્ટ પર દૈનિક આધારે નજર રાખવામાં આવે અને તેની સ્થિતિને પણ દૈનિક આધારે સંબંધિત વેબસાઇડ પર અપલોડ કરવામાં તે જરૂરી છે નહિંતર આ ક્ષેત્ર કદાચ ફરીથી ટેક-ઑફના આરઈ સ્ટેજની પૂર્વ સ્થિતિએ આવીને ઊભું રહી જશે.*

૨૦૧૭-૧૮ના કેન્દ્રીય બજેટની મુખ્ય કાર્યસૂચિ 'રૂપાંતરિત, ઉત્સાહિત અને સ્વચ્છ ભારત' (ટ્રાન્સફૉર્મ, ઍનર્જી અને સ્વચ્છ ભારત) (ટીઇસી ભારત) છે. ટીઇસી ભારતની કાર્યસૂચિનું પાલન કરવા માટે દસ અલગ વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. આ વિષયોમાં મુખ્યત્વે ખેડૂતો, ગ્રામ્યજનતા, યુવાનો, ગરીબ અને પછાત, આધારરૂપ માળખા, નાણાકીય ક્ષેત્ર, ડિજિટલ અર્થવ્યવસ્થા, જાહેર સેવા, રાજકોષીય પ્રબંધન અને કર વહીવટીતંત્ર પર લક્ષ્ય કેન્દ્રિત કર્યું છે. આ કાર્યસૂચિને પહોંચવા અને લક્ષ્યને મેળવવા ૨૦૧૭-૧૮ના વર્ષ માટે રૂપિયા ૨૧,૪૬,૭૩૫ કરોડ ફાળવવાની દરખાસ્ત છે.

૨૦૧૭-૧૮ના બજેટમાં 'કાર્યક્ષમતા, ઉત્પાદકતા અને જીવનની ગુણવત્તા'ના હેતુને ધ્યાનમાં રાખીને વધુ પ્રમાણમાં આધારભૂત માળખા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ લક્ષ્યોને હાંસલ કરવા કુલ બજેટની ફાળવણીના ૧૮.૫% રાખવામાં આવ્યા છે, જે કુલ રૂપિયા ૩,૯૬,૧૩૫ કરોડ છે, તે રાખવામાં આવી છે, જે પાછલા વર્ષના બજેટના ૧૪% કરતાં વધુ છે. ૨૦૧૬-૧૭(બીઇ)માં આ ફાળવણી રૂપિયા ૩,૪૮,૯૫૨ કરોડની અને ૨૦૧૬-૧૭ના(આરઇ)માં વધીને ૩,૫૮,૬૩૪કરોડ રૂપિયા થઈ હતી. ટેબલ ૧માં તેની વિગતો આપવામાં આવી છે.

**ટેબલ ૧: ખર્ચની રૂપરેખા (રૂપિયા કરોડમાં)**

| ક્રમ | ક્ષેત્રો / મથાળાં | ૨૦૧૬-૧૭ (બીઇ) | ૨૦૧૬-૧૭ (આરઇ) | ૨૦૧૭-૧૮ (બીઇ) |
|---|---|---|---|---|
| ૧ | @૨૦૧૧-૧૨ની શ્રેણીએ ચાલુ બજારકિંમતે જીડીપી | ૧,૫૦,૭૫,૪૨૯ | ૧,૫૦,૭૫,૪૨૯ | ૧,૬૮,૪૭,૫૪૪ |
| ૨ | કુલ બજેટીય ખર્ચ | ૧૯,૭૮,૦૬૦ | ૨૦,૧૪,૪૦૭ | ૨૧,૪૬,૭૩૫ |
| ૩ | (જેમાં) આધારરૂપ માળખું | ૩,૪૮,૯૫૨ | ૩,૫૮,૬૩૪ | ૩,૯૬,૧૩૫ |
| ૪ | (જેમાં) પરિવહન | ૨,૧૬,૨૬૮ | ૨,૧૬,૯૦૩ | ૨,૪૧,૩૮૭ |

**સ્ત્રોત: ૨૦૧૭-૧૮ બજેટ દસ્તાવેજ**

આર્થિક બાબતોના વિભાગ (માળખાગત વિભાગ) નાણા મંત્રાલય, નવી દિલ્હીના ૮ ઑક્ટોબર, ૨૦૧૩ના રોજના જાહેરનામા અનુસાર આધારભૂત માળખા ક્ષેત્ર એ પરિવહન, ઊર્જા, પાણી અને સ્વચ્છતા, સંચાર, સામાજિક અને વ્યાવસાયિક માળખાનો સમૂહ છે.

**૧. પરિવહન**

૨૦૧૭-૧૮ના બજેટમાં પરિવહન

**ટેબલ ૨ : આધારભુત સંરચના સંબંધી મંત્રાલયો/વિભાગો દ્વારા ખર્ચ**

**(રૂપિયા કરોડમાં)**

| ક્રમ | મંત્રાલય/વિભાગ | ૨૦૧૫-૧૬ (ખરેખર) | ૨૦૧૬-૧૭ (બીઈ) | ૨૦૧૬-૧૭ (આરઈ) | ૨૦૧૭-૧૮ (બીઈ) |
|---|---|---|---|---|---|
| ૧ | માર્ગપરિવહન અને હાઈવે મંત્રાલય | ૪૬,૯૧૩ | ૫૭,૯૭૬ | ૫૨,૪૪૭ | ૬૪,૯૦૦ |
| ૨ | રેલવે મંત્રાલય | ૩૫,૦૦૮ | ૪૫,૦૦૦ | ૪૬,૧૫૫ | ૫૫,૦૦૦ |
| ૩ | શિપિંગ મંત્રાલય | ૧,૩૨૪ | ૧,૫૩૧ | ૧,૪૫૪ | ૧,૭૭૩ |
| ૪ | નાગરિક ઉડ્ડયન મંત્રાલય | ૪,૧૬૮ | ૨,૫૯૦ | ૩,૪૫૨ | ૨,૭૦૨ |
| ૫ | ઊર્જા /વિદ્યુત મંત્રાલય | ૭,૭૩૫ | ૧૨,૨૫૩ | ૧૦,૪૭૬ | ૧૩,૮૮૧ |
| ૬ | પેટ્રોલિયમ અને કુદરતી ગૅસ મંત્રાલય | ૩૧,૨૮૭ | ૨૯,૧૬૦ | ૩૦,૨૪૧ | ૨૯,૧૫૮ |
| ૭ | સંચાર વિભાગ | ૨૦,૪૮૫ | ૧૮,૪૧૪ | ૨૪,૨૭૨ | ૨૬,૬૮૭ |
| ૮ | પેયજલ અને સ્વચ્છતા મંત્રાલય | ૧૧,૦૮૧ | ૧૪,૦૦૯ | ૧૬,૫૧૨ | ૨૦,૦૧૦ |
| કુલ બજેટ ખર્ચ | | ૧૭,૯૦,૭૮૩ | ૧૯,૭૮,૦૬૦ | ૨૦,૧૪,૪૦૭ | ૨૧,૪૬,૭૩૫ |
| @૨૦૧૧-૧૨ ની કિંમતે ચાલુ બજારકિંમતે જીડીપી | | ૧,૩૬,૭૫,૩૩૧ | ૧,૫૦,૭૫,૪૨૯ | ૧,૫૦,૭૫,૪૨૯ | ૧,૬૮,૪૭,૫૪૪ |

**સ્ત્રોત : ૨૦૧૭-૧૮ બજેટ દસ્તાવેજ**

ક્ષેત્રમાં સમગ્ર રીતે રેલવે, રસ્તાઓ, વહાણવટું અને ઍરપોર્ટનો સમાવેશ થાય છે. ૨૦૧૭-૧૮માં ૨,૪૧,૩૮૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જે કુલ માળખાગત ક્ષેત્રના બજેટના ૬૧% ટકા છે. આ મહત્ત્વાકાંક્ષી અને રોકાણના પરિમાણથી સમગ્ર દેશમાં મોટા પાયે આર્થિક પ્રવૃત્તિઓને પ્રેરણા પુરી પાડશે અને દેશમાં રોજગારીની વધુ તકોનું સર્જન કરશે. જો આ શક્ય બને, તો તે અર્થતંત્રના સમગ્ર દશ્યને બદલી નાખશે અને અર્થતંત્ર કાર્યક્ષમતા સાથે ઉચ્ચ વિકાસ તરફ આગળ વધી શકશે અને જીવનની ઉત્પાદકતા અને ગુણવત્તામાં સુધારો કરવાનો હેતુ પ્રાપ્ત થઇ શકશે, પરંતુ બીજી બાજુ ઘણા બધા પડકારો સામે કાળજી લેવી જરૂરી છે અને સમયમર્યાદામાં કાર્ય પૂર્ણ થાય તે જરૂરી છે.

**અ. રસ્તાઓ /સડક**

સડકક્ષેત્ર માટે ૨૦૧૬-૧૭ના બીઇ (ટેબલ ૨)ના ૫૭,૯૭૬ કરોડ રૂપિયાથી વધીને ૨૦૧૭-૧૮ના બજેટમાં ૬૪,૯૦૦ કરોડ રૂપિયાની ફાળવણી થઇ જે પરિવહન વિભાગની કુલ ફાળવણીના ૨૭ ટકા છે. આ રકમ વર્તમાનના વિવિધ પ્રોજેક્ટ અને કાર્યક્રમો પાછળ ખર્ચવામાં આવશે અને તેને ૨૦૦૦ કિમીના બાંધકામ અને વિકાસ માટે નક્કી કરવામાં આવેલા રસ્તાઓના દરિયાઈ જોડાણના નવા લક્ષ્ય પાછળ ખર્ચવામાં આવશે. આનાથી બંદરો અને દુરસ્થ ગામડાંઓ સાથે વધુ સારી સગવડવાળું જોડાણ શકય બનશે. અલબત, પીએમજીએસવાય હેઠળ આવતા રસ્તાઓની સાથે સમાવિષ્ટ થતા રસ્તાઓ કે જેનું ૨૦૧૪-૧૫થી વર્તમાન વર્ષ સુધીમાં ૧,૪૦,૦૦ કિમીનું બાંધકામ કાર્ય પૂર્ણ થયું છે તે અગાઉનાં ત્રણ વર્ષ કરતાં વધુ છે.

વધુમાં અસરકારક મલ્ટિમૉડેલના પ્રચાલન અને પરિવહનક્ષેત્રથી અર્થતંત્ર વધુ સ્પર્ધાત્મક બનશે. મલ્ટી મૉડેલ લૉજિસ્ટીક પાર્કના વિકાસના ચોક્કસ કાર્યક્રમોની સાથોસાથ મલ્ટી મોડેલ પરિવહન સુવિધાને દોરવણી આપી અમલ કરશે. આ મલ્ટી મોડેલ લોજિસ્ટીક પાર્કના સાથો સાથ બહુઆયામી પરિવહન સગવડતાઓનો વિકાસ લાંબા ગાળાથી પડતર યોજનાઓનો અમલ કરાવે છે, જે ખરેખર આવકારદાયક પગલું છે.

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (પીએમજીએસવાય) પહેલા કયારેય આ રીતે અમલમાં આવી ન હતી અને તે ત્વરિત ગતિથી આગળ વધી રહી છે. પીએમજીએસવાયમાં રસ્તાઓ/રોડની બાંધકામની ગતિ લગભગ બમણાં વેગથી વધી છે અને ૨૦૧૬-૧૭માં એક દિવસના ૧૩૩ કિમી રસ્તાના બાંધકામે પહોંચી છે, જે ૨૦૧૧-૨૦૧૪ના સમયગાળા દરમિયાનના ૭૩ કિમીની સરેરાશ કરતાં લગભગ બમણા છે. સરકારે ડાબેરી પક્ષની આત્યંતિકતાથી અસરગ્રસ્ત ૧૦૦થી વધુ લોકો માટે વસવાટની જોગવાઈ કરવાનું કાર્ય પણ હાથ ધર્યું છે.

પીએમજીએસવાય હેઠળ વર્તમાન લક્ષ્ય ૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવા પ્રતિબદ્ધ છીએ અને ૨૦૧૭-૧૮માં (ટેબલ ૩) આ મહત્ત્વાકાંક્ષી અને મહત્ત્વપૂર્ણ કાર્ય પૂર્ણ કરવા માટે આ યોજના હેઠળ રૂપિયા ૧૯૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. ૨૦૧૭-૧૮માં રાજ્યોના ફાળાની મદદથી રૂપિયા ૨૭૦૦૦ કરોડ પીએમજીએસવાય હેઠળ ખર્ચવામાં આવશે.

**ટેબલ ૩ : કેન્દ્ર પ્રાયોજિત મુખ્ય યોજનાઓમાં ફાળવણી**

**(રૂપિયા કરોડમાં)**

| ક્રમ | મંત્રાલય/વિભાગ | ૨૦૧૫-૧૬ (ખરેખર) | ૨૦૧૬-૧૭ (બીઇ) | ૨૦૧૬-૧૭ (આરઇ) | ૨૦૧૭-૧૮ (બીઇ) |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (પીએમજીએસવાય) | ૧૮,૨૯૦ | ૧૯,૦૦૦ | ૧૯,૦૦૦ | ૧૯,૦૦૦ |
| ૨ | પ્રધાનમંત્રી આવાસ યોજના (પીએમએવાય) | ૧૧,૬૦૩ | ૨૦,૦૭૫ | ૨૦,૯૩૬ | ૨૯,૦૪૩ |
| (અ) | પીએમએવાય : ગ્રામીણ | ૧૦,૧૧૬ | ૧૫,૦૦૦ | ૧૬,૦૦૦ | ૨૩,૦૦૦ |
| (બ) | પીએમએવાય : શહેરી | ૧,૪૮૭ | ૫,૦૭૫ | ૪,૯૩૬ | ૬,૦૪૩ |
| ૩ | રાષ્ટ્રીય ગ્રામીણ પેયજલ મિશન | ૪,૩૭૦ | ૫,૦૦૦ | ૬,૦૦૦ | ૬,૦૫૦ |
| ૪ | દીનદયાળ ઉપાધ્યાય ગ્રામજયોતિ યોજના (ડીડીયુજીજેવાય) | ૪,૫૦૦ | ૩,૦૦૦ | ૩,૩૫૦ | ૪,૮૧૪ |
| ૫ | સ્વચ્છ ભારત મિશન (એસબીએમ) | ૭,૪૬૯ | ૧૧,૩૦૦ | ૧૨,૮૦૦ | ૧૬,૨૪૮ |
| (અ) | એસબીએમ : ગ્રામીણ | ૬,૭૦૩ | ૯,૦૦૦ | ૧૦,૫૦૦ | ૧૩,૯૪૮ |
| (બ) | એસબીએમ : શહેરી | ૭૬૬ | ૨,૩૦૦ | ૨,૩૦૦ | ૨,૩૦૦ |
| ૬ | એકીકૃત પાવર/ઊર્જા વિકાસ યોજના | ૧,૦૦૨ | ૫,૫૦૦ | ૪,૫૨૪ | ૫,૮૨૧ |
| ૭ | શહેરી નવીનીકરણ મિશન : અમૃત — અટલ મિશન ફૉર રિજુવેનેશન ઍન્ડ અર્બન ટ્રાન્સફૉર્મેશન ઍન્ડ સ્માર્ટ સિટીશ મિશન | ૪,૧૮૬ | ૭,૨૯૬ | ૯,૫૫૯ | ૯,૦૦૦ |
| ૮ | ભારત નેટ | - | - | ૬,૦૦૦ | ૧૦,૦૦૦ |
| ૯ | એમઆરટીએસ અને મેટ્રો પ્રોજેક્ટસ | ૯,૩૦૦ | ૧૦,૦૦૦ | ૧૫,૭૦૦ | ૧૮,૦૦૦ |
| ૧૦ | ગરીબ ઘરોમાં એલપીજી જોડાણ | - | ૨,૦૦૦ | ૨,૫૦૦ | ૨,૫૦૦ |
| ૧૧ | રસ્તા/રોડ સલામતી કાર્ય | ૨,૬૦૩ | ૨,૯૯૮ | ૩,૭૪૫ | ૫,૨૧૭ |
| ૧૨ | ઈલેકટ્રૉનિક્સનો પ્રચાર અને આઇટી એચ ડબ્લયુ ઉત્પાદન (એમ-એસઆઇપીએસ અને ઇડીએફ અને ઉત્પાદનનું ઝૂમખું/કલસ્ટર | ૫૨ | ૭૦ | ૫૦ | ૭૪૫ |

**સ્ત્રોત : ૨૦૧૭-૧૮ બજેટ દસ્તાવેજ**

એ બાબતનો ઉલ્લેખ કરવો મહત્ત્વનો રહેશે કે રાષ્ટ્રીય હાઇવે વિકાસ યોજના (એનએચડીપી)ના નોંધપાત્ર અપવાદ સિવાય આ નેટવર્કે તેની ક્ષમતામાં વધારો કરવાના બદલે તેની કનેક્ટિવિટીની સુધારણા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ ક્ષેત્રની મુખ્ય અડચણોમાં કરારોના સમયસર પૂર્ણ ન થવા, જમીન સંપાદિત કરવામાં મુશ્કેલી, સુરક્ષિત પર્યાવરણીય મંજૂરીઓની મુશ્કેલી અને બાંધકામ ક્ષમતાની સતત અછત વગેરેને કહી શકાય.

સ્થાનિક મોટરચાલન અને બિન મોટરચાલન તેમજ સામાજિક જવાબદારીના ભાગરૂપે રાહદારીઓ/પશુઓ જયાંથી પસાર થાય છે, તે અંડરપાસની સગવડતામાં વધારો થાય તે માટે સર્વિસ રોડ સાથે ઉચ્ચ ક્ષમતાવાળા કૉરિડોરમાં વધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત છે. એ જ રીતે સિક્કાની બીજી બાજુની જેમ પીએમજીએસવાય ગ્રામીણ વિસ્તારોમાં આવાં નવીન જોડાણથી અનહદ ફાયદો થવા પર ભાર મૂકે છે અને ગ્રામીણ સડકોના યાતાયાતના વિકાસની માંગ અનુસાર તેને ઉન્નત કરે છે. આમ છતાં તેની મુખ્ય ખામી એ છે કે વર્તમાન ગ્રામીણ રસ્તાઓ તમામ પ્રકારના મોસમમાં એકબીજા સાથે જોડાઇ રહે તે માટેના અડગ પ્રયાસો થઇ

શક્યાં નથી.

દરમિયાનમાં આ પરિસ્થિતિ સુધારવાના પ્રયત્નોમાં અવરોધ ઉત્પન્ન કરતાં વિવિધ પરિબળો તરીકે મંજુરીઓ મળવામાં થતો વિલંબ, બહુવિધ સત્તાધિકારીઓ અને ન્યાયાલયોનો અતિ વ્યાપ, ખાનગી ક્ષેત્રથી સંબંધિત નિયમોમાં થતા વારંવારના ફેરફારો, જમીનના કાયદાઓની બિનઅસરકારકતા અને કૂશળતાની ખામીનો સમાવેશ વગેરેની ગણના થઈ શકે છે.

આ ઉપરાંત માર્ગ વિકાસને એક અલગાવ તરીકે ન જોતાં તેને પરિવહનની બહુઆયામી પ્રણાલી તરીકે જોવી જોઇએ. આથી પ્રાદેશિક ટ્રાફિક/યાતાયાત અને પરિવહન પ્રણાલીના સર્વે નિયમિત રીતે દર પાંચ વર્ષે થાય તે જરૂરી છે.

**બ. એરપોર્ટસ/હવાઈઅડ્ડાઓ**

એરપોર્ટ ક્ષેત્ર માટે ૨૦૧૬-૧૭ના બજેટ બીઇમાં ફાળવાયેલા ૨૫૯૦ કરોડ રૂપિયાથી વધીને ૨૦૧૭-૧૮માં તે ૨૭૦૨ કરોડ રૂપિયા થયા છે, પરંતુ તેમાં ૨૦૧૬-૧૭ના આરઈથી ૩૪૫૨ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. ૨૦૧૬-૧૭ના આરઈમાં વધારો થયા બાદ તે ક્ષેત્ર વધુ વધારાની જરૂરિયાતને દર્શાવે છે, જે આ ક્ષેત્રની સામાન્ય રીતે જરૂરિયાત હોય છે અને વધુ પ્રમાણમાં નાણાં સમાવવાની ક્ષમતાને બતાવે છે, કારણ કે છેલ્લાં ૨૦ વર્ષમાં ભારતના ઉડ્ડયન ક્ષેત્રે નાટકીય પરિવર્તનો આવ્યાં છે. નવી ઍરલાઈન્સ દ્વારા ઘરેલું અને આંતરરાષ્ટ્રીય એમ બંને નવા પરિવહન માર્ગ શરૂ કરવામાં આવ્યા છે. હવાઈઅડ્ડાઓ આધુનિક અને મોટા થઈ રહ્યાં છે. ભારતીય હવાઈઅડ્ડા અને ઍરલાઈન્સના સલામતીનાં ધોરણો વ્યાપક રીતે આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ વધી રહ્યાં છે.

ઍર નૅવીગેશન સેવા (એએનએસ) વિમાન વ્યવહારની સલામતીના સતત અપવાદરૂપ વિક્રમો સ્થાપતી રહે તે માટે નોંધપાત્ર રોકાણ જરૂરી છે. મેટ્રોપોલિટન શહેરો પરનાં વ્યસ્ત ઍરસ્પેશ ખીચોખીચ ભરી હશે અને નવી ટેક્નોલૉજી ટર્મિનલ દ્વારની ઝડપી પ્રક્રિયાની યથાર્થતા નક્કી કરશે. તેનો મતલબ એવો છે કે તે ઉતરાણ અને પ્રસ્થાન વચ્ચે નજીવું પૃથક્કરણ કરશે અને નજીકના ઍરપોર્ટના ઍરસ્પેશના યાતાયાતનું વધુ સારી રીતે સંચાલન કરશે.

૨૦૧૭-૧૮ના બજેટમાં ટાઇપ ૨ પ્રકારના શહેરના પસંદગીપાત્ર ઍરપોર્ટની કામગીરી અને જાળવણી પીપીપી ઢબથી થાય તેવો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ઍરપોર્ટ ઑથોરિટી ઑફ ઇન્ડિયા (એએઆઇ) એક્ટ જમીની મિલકતનું અસરકારક મુદ્રીકરણ કરી તેને પ્રસારિત કરશે. આ સાથે જ સંસાધનોમાં થઇ રહેલા વધારાનો ઉપયોગ ઍરપોર્ટની કક્ષાને ઉચ્ચ બનાવવા માટે કરાશે. બજેટમાં આધુનિકિકીકરણ માટેનો એક ઘટક એવા ચોક્કસ સમયની ગેરહાજરી ધ્યાનસૂચક છે.

સરકારે વિદેશી માલિકી અને ઘરેલું ઍરલાઈન્સના સંચાલન અંગેના પારદર્શક અને સ્થિર નિયમોનો નિર્ણય કરવો જોઇએ. આ વિદેશી માલિકો સસ્તા ઉધાર નાણાંના મેળવવાના, ટેક્નોલૉજી ફેરબદલના, સંચાલન નો-હાઉ અંગેના અને આંતરરાષ્ટ્રીય બજારના વધારાના લાભો મેળવવાની કદાચ અપેક્ષા રાખતા હોય.

આ ક્ષેત્રની એકંદરે નાણાકીય સ્થિરતાના અભિગમ સાથે ઘરેલું ઍરલાઈન્સના ખાનગી ઇક્વિટી અને ઉધાર ફંડની સ્થિરતા માટે સાવચેતીપૂર્વકનાં નિયમનોનો વિકાસ કરવો જોઇએ.

**ક. વહાણવટું**

ભારતીય બંદરો ક્ષમતાના સંદર્ભમાં અત્યંત મર્યાદિત છે અને નજીકના ભવિષ્યમાં પણ આમ જ રહે તેવું અપેક્ષિત છે. ૨૦૧૧-૧૨માં બંદરોનો સરેરાશ ૮૦ ટકા ઉપયોગ થતો હતો. વૈશ્વિક મંદીના કારણે મંદી હોવા છતાં ૧૨માંથી ચાર મહા બંદરોનો ઉપયોગ ૧૦૦ ટકાથી ઉપરનો હતો.

ભારતની મોટા ભાગની આયાત અને નિકાસ સમુદ્રી બંદરો દ્વારા થઇ રહી છે. બંદરો દ્વારા વિશાળ જથ્થામાં કાર્ય થઈ રહ્યું છે અને છેલ્લા દાયકા દરમિયાન તેમાં અભૂતપૂર્વ વૃદ્ધિ થઈ છે. એટલે સુધી કે સીએજીઆરના ૨૧ ટકા સુધી નિકાસમાં અને આયાતમાં ૨૫ ટકા સુધી વધારો થયો છે. ભારત વર્તમાન વૈશ્વિક ટનેજમાં પોતાની ટનેજ કરવા માટે અને હિસ્સો વધારવા સતત વિશાળ રોકાણ કરી રહ્યું છે.

જહાજ/વહાણવટા ક્ષેત્રને પરિવહનના ઓછા ખર્ચાળ અને પર્યાવરણીય અનુકૂળ પ્રકાર તરીકે માનવામાં આવે છે. તેના માટે ૨૦૧૭-૧૮ના બીઇમાં ૧૭૭૩ કરોડ રૂપિયાની સૂચિત દરખાસ્ત છે. તેમાં ૨૦૧૬-૧૭ના બીઇમાં ૧૫૩૧ કરોડ રૂપિયાથી વધારો થયો છે અને ૧૪૫૪ કરોડ રૂપિયાથી આરઈમાં વધારો થયો છે.

બંદરો અને લાઇટ હાઉસની મુખ્ય ફાળવણીમાં ૨૦૧૬-૧૭ (બીઇ)ના ૭૩૨.૫૦ કરોડ રૂપિયાથી ૨૦૧૭-૧૮માં ૧૦ટકાના દરે વધારો કરતા તે રકમ ૮૦૧.૪૦ કરોડ રૂપિયાની થઈ છે.

વહાણવટા અને ઉત્તર-પૂર્વી વિસ્તારમાં ફાળવવામાં આવેલી રકમમાં ૨૦૧૬-૧૭ (બીઇ)ના અનુક્રમે ૧૭૨ કરોડ રૂપિયા અને ૧૦૦ કરોડ રૂપિયા સામે ૨૦૧૭-૧૮માં અનુક્રમે ૨૩૮ કરોડ રૂપિયા અને ૧૨૬ કરોડ રૂપિયાનો વધારો કરવામાં આવ્યાં છે.

આંતરદેશીય જળ પરિવહન (આઇડબલ્યુટી) અનુકૂળ પર્યાવરણીય સ્થિતિના કારણે તેમજ પોતાની અદ્દભુત બળતણ/ઇંધણની અસરકારકતા અને ન્યૂનતમ ઉત્સર્જન સ્તરના કારણે પરિવહનનું ખૂબ જ અસરકારક સાધન છે. આઇડબલ્યુટીએ જળમાર્ગથી જોડાયેલા પ્રદેશના અભિન્ન સામાજિ-આર્થિક વિકાસ માટેની ક્ષમતા વિકસાવી અને તેની આર્થિક જીવાદોરી સમાન બનીને સેવા કરવાની ક્ષમતા કેળવી છે.

બજેટીય ફાળવણીમાં આંતરદેશીય જળ પરિવહન (આઇડબલ્યુટી)માં ઘટાડો જોવા મળે છે. આઇડબલ્યુટીમાં ૨૦૧૬-૧૭(બીઇ)ના ૩૨૬.૪૨ કરોડ રૂપિયા અને ૨૦૧૬-૧૭(આરઇ)ના ૨૭૮.૪૨ કરોડ રૂપિયાથી ઘટીને ૨૦૧૭-૧૮ (બીઇ)માં ૨૨૫ કરોડ રૂપિયા થયા છે. આ ઘટાડો એટલા માટે થયો છે કારણ કે આંતરદેશીય જળ પરિવહન દ્વારા વહન થતા કાર્ગોના જથ્થામાં થયેલો ઘટાડો જેમ કે ગોવામાંથી આર્યન ઓર અને પશ્ચિમી દરિયાઇ કિનારાથી ફર્ટિલાઇઝરની અવરજવર નિયંત્રિત થઈ છે, પરંતુ આંતરદેશીય જળ પરિવહનના વિકાસ દ્વારા પૂરતા પ્રમાણમાં આંતરિક મૉડેલ જોડાણની મદદથી રસ્તાઓ અને રેલવેની ભીડ ઓછી થશે અને કાર્બન($CO_2$)ના ઉત્સર્જનમાં ઘટાડો થશે.

**૨. સંદેશા વ્યવહાર**

આધારભૂત માળખાકીય ઇકો-સિસ્ટમમાં દૂર સંચાર ક્ષેત્ર મહત્ત્વનું ઘટક છે. વર્તમાન સ્પેક્ટ્રમની હરાજીએ દેશમાં સ્પેક્ટ્રમની અછતને દૂર કરી છે અને તે મોબાઇલ બ્રૉડબેન્ડ અને ડિજિટલ ઇન્ડિયાને જોશ પૂરું પાડશે તેમજ ગ્રામીણ અને દુરસ્થ ક્ષેત્રમાં વસતા લોકો માટે લાભદાયી બનવાની સાથોસાથ વિશાળ પ્રમાણમાં નોકરીઓનું સર્જન કરશે.

૨૦૧૭-૧૮ના વર્ષ માટે કુલ ૨૬,૬૮૭ કરોડ ફાળવવાની દરખાસ્ત છે જે પાછલા વર્ષના બીઇ અને આરઇ કરતા ૪૫ ટકા અને ૧૦ ટકા વધુ છે. ઉદાહરણ તરીકે તે બંને અનુક્રમે ૧૮,૪૧૪ કરોડ રૂપિયા અને ૨૪,૨૭૨ કરોડ રૂપિયા હતાં.

રાષ્ટ્રીય હિતના મહત્ત્વવાળી ભારત નેટ તરીકે જાણીતી યોજના આ પ્રોજેક્ટના ઉચ્ચ ગુણવતા ધરાવતા આંતરમાળખાકીય નેટવર્કને પ્રાપ્ય કરાવવા સાથે ડિજિટલ ઈન્ડિયાના દૃષ્ટિકોણથી તમામ ઘરોમાં તેમની માંગ અનુસાર યોગ્ય દરે બ્રોડબેન્ડ જોડાણ પૂરા પાડે છે. આ જોડાણ વિશ્વનું સૌથી મોટું ઓપ્ટીકલ ફાઇબરનો ઉપયોગ કરતું ગ્રામીણ બ્રોડબેન્ડ જોડાણ હશે.

ભારતનેટ પ્રોજેક્ટમાં ૨૦૧૬-૧૭ના આરઇના ૬૦૦૦ કરોડ રૂપિયાથી વધીને ૨૦૧૭-૧૮માં ૧૦,૦૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ૨૦૧૭-૧૮ના અંત સુધીમાં વધુ ઝડપવાળા ઓપ્ટીકલ ફાઇબરથી જોડાયેલા બ્રોડબેન્ડ ૧,૫૦,૦૦૦થી વધુ ગ્રામ પંચાયતોમાં વાઇ ફાઇ હોટ સ્પોટસ સાથે અને ઓછા ખર્ચે ડિજિટલ સેવાઓની પહોંચ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ પ્રોજેક્ટ હેઠળ ૧,૫૫,૦૦૦ કિમીમાં ઑપ્ટિકલ ફાઇબર કેબલ નાખવામાં આવ્યા છે. વધારામાં ડિજિગાંવ પહેલ હેઠળ ટેલી-મેડિસિન, શિક્ષણ અને ડિજિટલ ટેક્નોલૉજી દ્વારા કુશળતા મેળવવાની શરૂઆત કરવામાં આવશે.

**૩. ઊર્જા :**

**a. શક્તિ**

સરકાર ૧ મે, ૨૦૧૮ના રોજ ૧૦૦% ગ્રામ્ય વિદ્યુતીકરણ પ્રાપ્ત કરવા તરફ અગ્રસર છે. ૨૦૧૭-૧૮માં દીનદયાલ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના હેઠળ ૪,૮૧૪ કરોડ રૂપિયાના વધારાના ફાળવણીની દરખાસ્ત છે.

સૌર ઉર્જાના બીજા તબક્કામાં વધારાના ૨૦,૦૦૦ મેગાવોટની ક્ષમતા સૌર પાર્કના વિકાસ દ્વારા મેળવવાની દરખાસ્ત છે.

ભારતને ઇલેકટ્રોનિક્સ ઉત્પાદનનું વૈશ્વિક હબ બનાવવા માટે ઇકો સિસ્ટમ પણ બનાવવામાં આવી રહી છે. છેલ્લાં ૨ વર્ષમાં ૨૫૦થી વધુ રોકાણની દરખાસ્ત ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન માટે મળી છે જેનું કુલ રોકાણ ૧.૨૬ લાખ કરોડનું થાય છે. ભારતમાં વૈશ્વિક નેતા અને મોબાઇલ ઉત્પાદકોએ ઉત્પાદન એકમો સ્થાપ્યા છે. તેથી એમ-એસાઇપીએસ (M-SIPS)અને ઇડીએફ જેવી યોજનાઓમાં ૨૦૧૭-૧૮માં ૭૪૫ કરોડ રૂપિયાની ફાળવણી ઝડપી પ્રોત્સાહન રૂપે વધી છે. આ અત્યાર સુધીમાં સૌથી વધુ છે.

**b. ઓઇલ અને પ્રાકૃતિક ગેસ**

પેટ્રોલિયમ આધુનિક સંસ્કૃતિની જીવાદોરી છે. તે કૃષિ, ઉધોગ અને પરિવહન ક્ષેત્ર માટે ઉર્જાનો સ્ત્રોત છે અને અન્ય આવશ્યક ઉદ્યોગોના પૈડાની ગતિને જાળવી રાખે છે. તેના પરિણામે પેટ્રોલિયમ

અને પ્રાકૃતિક ગેસ ક્ષેત્રમાં વિપુલ માત્રામાં વિસ્તરણ અને નોકરીની તકોનો અવકાશ છે. તે આધારભુત માળખામાં સૌથી વધુ આયોજિત અને યાંત્રિક/ઔપચારિક ક્ષેત્રમાંનુ એક છે. નજીકના ભુતકાળમાં ઘરગથ્થુ અને ઓટોમોબાઈલ ક્ષેત્રમાંથી વધુ રકમની માંગણી થઇ રહી હતી. તેની પ્રાપ્તિની મર્યાદા અને કાર્બન નિકાસના કારણે અસરકારક અને ટકાઉ ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરવાની વધુ જરૂરિયાત છે.

ઊર્જા ક્ષેત્રને મજબુત કરવા માટે સરકારે ક્રુડ ઓઇલનો અનામત જથ્થો રાખવા માટેનું વ્યૂહાત્મક માળખું ઘડવાનું નક્કી કર્યું છે. પ્રથમ તબક્કામાં ૩ અનામત જથ્થા અંગેની સુવિધા ઉભી કરવામાં આવી છે. હવે દ્વિતિય તબક્કામાં ઓરિસ્સામાં ચાંદીખોલે અને રાજસ્થાનમાં બીકાનેરમાં વધુ ૨ કોતર/ગુફા સ્થાપવાની દરખાસ્ત છે. તેનાથી ૧૫.૫૫ એમએમટી જેટલી વ્યૂહાત્મક અનામત ક્ષમતામાં વધારો થશે.

૨૦૧૭-૧૮ માટે રૂપિયા ૨૯,૧૫૮ કરોડના સૂચિત મુડીરોકાણની દરખાસ્ત છે જે પાછલા વર્ષના બીઇ અને આરઇ કરતા ઓછા છે. ૨૦૧૬-૧૭(બીઇ)માં ૨૯,૧૬૦ કરોડ રૂપિયા અને ૨૦૧૬-૧૭(આરઇ)માં ૩૦,૨૪૧ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યાં હતાં. આંકડાઓ પરથી જણાય છે કે ૨૦૧૬-૧૭ના આરઇના તબક્કે વધારો થયો હતો. ૨૦૧૭-૧૮ના બીઇમાં ઘટાડો થવાનું કારણ બજેટમાં દર્શાવવામાં આવ્યું નથી. જો કે કેન્દ્ર પુરસ્કૃત યોજના જે ગરીબ લોકોના ઘરગથ્થુ એલપીજીના જોડાણ માટેની છે તેના માટે ૨૦૧૬-૧૭ના (બીઇ) અને ૨૦૧૬-૧૭ના આરઇના રૂપિયા ૨૦૦૦ કરોડથી વધારીને ૨૦૧૭-૧૮માં ૨૫૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

**૪. પાણી અને સ્વચ્છતા :**

સ્વચ્છ ભારત મિશને (ગ્રામીણ) અદભૂત રીતે સ્વચ્છતાની બાબતોને પ્રોત્સાહન આપી ખૂલ્લામાં મળત્યાગની વૃત્તિનો અંત કર્યો છે. ભારતમાં ગ્રામીણ ક્ષેત્રમાં સ્વચ્છતાનો વ્યાપ ઑકટોબર ૨૦૧૪ના ૪૨% વિસ્તારમાંથી ૬૦% સુધીના વિસ્તારમાં થયો છે. હવે ખૂલ્લામાં મળત્યાગથી મૂકત ગ્રામડાઓને પાઇપથી પાણી પૂરવઠો પૂરો પાડવા અગ્રતા આપવામાં આવી રહી છે.

આ મિશનને આગળ વધારવા માટે આગામી ચાર વર્ષમાં ૨૮,૦૦૦થી વધુ આર્સેનિક અને ફલોરાઈડથી ગ્રસ્ત વસાહતોમાં પીવાનું ચોખ્ખું પાણી પૂરું પાડવાની દરખાસ્ત છે. રાષ્ટ્રીય ગ્રામીણ પેયજલ પ્રોગ્રામ (એનઆરડીડબ્લયૂપી)ના પેટા કાર્યક્રમ તરીકે તે કાર્ય કરશે. તેની સૂચિત દરખાસ્ત ૨૦૧૬-૧૭ (બીઇ)ના રૂપિયા ૫૦૦૦ કરોડથી વધીને ૨૦૧૭-૧૮માં રૂપિયા ૬૦૫૦ કરોડ કરવાની છે.

**એકંદર આકારણી :**

એકંદરે ૨૦૧૭-૧૮નું બજેટ દર્શાવે છે કે સરકારનો ઇરાદો ખૂબ જ સ્પષ્ટ છે કે જે પણ લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા છે તેને સમયસર અને ઝડપથી પ્રાપ્ત કરવા માટે કુલ બજેટની લગભગ ૧/૫ રકમ આધારભૂત માળખાકીય ક્ષેત્રા માટે ફાળવવામાં આવી છે. આ બતાવે છે કે લક્ષ્યાંકોને ખૂબ જ મહત્ત્વાકાંક્ષી રીતે પ્રાપ્ત કરવાની જરૂરિયાત છે અને આધારભૂત માળખાકીય ક્ષેત્રને ટેક-ઑફ તબક્કામાં લેવાની જરૂરિયાત છે. તેનાથી અર્થતંત્રમાં વેગ આવશે, વળી તે યુવાનો માટે નોકરીની વિશાળ તકો ઊભી કરી વિદેશી રોકાણ માટે વાતાવરણનું નિર્માણ કરી અને ગ્રામીણ ભારતને નવું જીવન આપશે.

આ ટેક-ઑફ તબક્કામાં ઘણા બધા પડકારો છે કે જેમ કે પ્રોજેક્ટને તૈયાર કરવા અને તેની મંજૂરી લેવી, જમીન સંપાદિત કરવી, પર્યાવરણીય મંજૂરી લેવી, કાયદાકીય અને નિયમનકારી મુદ્દાઓ, આંતર મંત્રાલીય સંકલન, કૂશળ માનવશક્તિની ઉપલબ્ધતા અને તૂર્તજ નિમણૂક વગેરે છે. સલામતી અને નાણાકીય મુદ્દાઓ ખૂબ સમય લેશે અને પ્રોજેક્ટ પાછળ વધુ ખર્ચ અને સમય ખર્ચાશે.

સરકાર પાસે આ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં સમય અને નાણા છે. આ પ્રોજેક્ટ પર દૈનિક આધારે નજર રાખવામાં આવે અને તેની સ્થિતિને પણ દૈનિક આધારે સંબંધિત વેબસાઇડ પર અપલોડ કરવામાં તે જરૂરી છે નહિંતર આ ક્ષેત્ર કદાચ ફરીથી ટેક-ઑફના આરઈ સ્ટેજની પૂર્વ સ્થિતિએ આવીને ઊભું રહી જશે.

**લેખક માળખાગત ક્ષેત્રના નિષ્ણાત છે, જેઓ સ્વતંત્ર કન્સલ્ટન્ટ છે. તેઓ આયોજન પંચના કન્સલ્ટન્ટ તરીકે કામ કરે છે તથા ૧૧મી પંચવર્ષીય યોજના અને વાર્ષિક યોજનાઓની રચના સાથે સંકળાયેલા હતાં. તેઓ રાષ્ટ્રીય પરિવહન નીતિ પર ઉચ્ચ સ્તરીય સમિતિ સાથે પણ કામ કરતાં હતાં, જેમાં તેમણે પરિવહન ક્ષેત્ર પર લાંબા ગાળાની નીતિ ઘડવામાં મદદ કરી હતી. ઉપરાંત તેમણે વિશ્વ બેંક અને આરઆઇટીઇએસ લિમિટેડ માટે પણ કામ કર્યું હતું.**

**E-mail:kd.krishnadev@gmail.com**

# બજેટ ૨૦૧૭-૧૮ની મુખ્ય અને મહત્ત્વપૂર્ણ બાબતો

ડી. એસ. મલિક




- *કુશળતા વિકાસ, રોજગાર, સ્વાસ્થ્ય અને પોષણ માટે તકો સાથે મહિલાઓને સશક્ત કરવા ૧૪ લાખ આંગણવાડી કેન્દ્રોમાં ગ્રામીણ સ્તરે મહિલા શક્તિ કેન્દ્રો સ્થાપિત કરવામાં આવશે.*
- *વાજબી કિંમત ધરાવતા મકાનને માળખાનો દરજ્જો આપવામાં આવશે, જે હાઉસિંગ પ્રોજેક્ટ્સને ઉદાર શરતે બેન્ક લોન મેળવવા સક્ષમ બનાવશે.*
- *નેશનલ હાઉસિંગ બેન્ક ૨૦૧૭-૧૮માં રૂ. ૨૦,૦૦૦ કરોડની હાઉસિંગ લોનનું પુનઃધિરાણ કરશે.*
- *કાળો તાવ, કમળો, ટીબીની નાબૂદી માટે ચોક્કસ લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવશે.*
- *આઇએમઆર અને એમએમઆર પણ ઘટાડવામાં આવશે.*
- *૧.૫ લાખ આરોગ્ય પેટાકેન્દ્રોને આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોમાં પરિવર્તિત કરવામાં આવશે.*
- *તબીબી શિક્ષણ અને પદ્ધતિ માટે નિયમનકાર માળખું પરિવર્તિત કરવામાં આવશે.*
- *ઝારખંડ અને ગુજરાતમાં બે નવી એમ્સ સ્થાપિત કરવામાં આવશે.*
- *વર્તમાન શ્રમ કાયદાઓને ૪ આચારસંહિતામાં તર્કબદ્ધ કરીને જોડવામાં આવશે.*

I. બજેટ છેલ્લાં બે વર્ષમાં મજબૂત રાજકોષીય અને નક્કર, વિસ્તૃત આર્થિક પાયા પર નિર્મિત છે. વિમુદ્રીકરણ, જીએસટી અને જેએએમએ ભવિષ્ય માટે અતિ હકારાત્મક ભવિષ્ય ઊભું કર્યું છે. અગાઉના વર્ષના અન્ય સુધારાથી અર્થતંત્રને વેગ મળ્યો છે.

a. વૃદ્ધિની સંભવિતતા હકારાત્મક જળવાઈ રહી છે.

b. રાજકોષીય ખાધ ૩.૨ ટકા જાળવવાની પ્રતિબદ્ધતતા વ્યક્ત કરવામાં આવી અને આગામી નાણાકીય વર્ષ (૨૦૧૮-૧૯)માં તેને ૩ ટકા કરવાનો લક્ષ્યાંક જાળવવામાં આવ્યો.

c. ચાલુ વર્ષમાં મહેસૂલી ખાધ ઘટાડવામાં આવી છે અને આગામી વર્ષે વધુ ઘટાડીને ૧.૯ ટકા કરવામાં આવશે.

d. બાયબૅક સાથે બજારમાં ચોખ્ખું ઋણ અગાઉના વર્ષની સરખામણીમાં ૨૦૧૭-૧૮માં રૂ. ૩.૪૮ લાખ કરોડ સાથે વધુ ઘટશે.

e. સ્થાયી ઋણ પર રાજકોષીય નીતિને જાળવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી.

**II. ખેડૂતો**

a. લાંબાગાળાનું સિંચાઈ ફંડ – ભંડોળ વધારીને રૂ. ૪૦,૦૦૦ કરોડ કર્યું.

b. નાબાર્ડ દ્વારા સૂક્ષ્મ સિંચાઈ ફંડની સ્થાપના (ભંડોળ રૂ. ૫,૦૦૦ કરોડ).

c. ઈ-એનએએમ ૫૮૫ એમપીએમમાં લાગુ કરવામાં આવશે.

d. રાજ્યોને એપીએમસીમાંથી સડી જાય તેવી ચીજવસ્તુઓ ડિનોટિફાઈ કરવાની અપીલ કરવામાં આવશે.

e. રાજ્યોમાં સ્વીકાર્યતા માટે મોડલ કાયદો અને કૉન્ટ્રાક્ટ ખેતીનો પ્રસાર વધારવામાં આવશે.

ક. ૨૦૧૭-૧૮ માટે પાક લોનનો લક્ષ્યાંક રૂ. ૧૦ લાખ કરોડ નિર્ધારિત કરવામાં આવ્યો હતો.

g. ૬૩,૦૦૦ કાર્યરત પીએસીએસ કમ્પ્યૂટરાઈઝ્ડ કરવામાં આવશે અને ડીસીસીબીના સીબીએસ સાથે જોડવામાં આવશે.

h. ફસલ બીમા યોજનાનું કવરેજ ૨૦૧૭-૧૮માં ૪૦ ટકા અને ૨૦૧૮-૧૯માં ૫૦ ટકા થશે.

I. ૩ વર્ષમાં ડેરી પ્રોસેસિંગ અને માળખાગત વિકાસ ફંડ રૂ. ૮,૦૦૦ કરોડના વિકાસ સાથે સ્થાપિત કરવામાં આવશે.

**III. ગ્રામીણ વસ્તી**

a. વર્ષ ૨૦૧૯ સુધીમાં એક કરોડ કુટુંબોને ગરીબીમાંથી બહાર લાવવા અને ૫૦,૦૦૦ ગ્રામ પંચાયતોને ગરીબીમુક્ત કરવા શરૂ કરવામાં આવશે.

b. વર્ષ ૨૦૧૭-૧૮માં મનરેગા માટે અત્યાર સુધીની સૌથી વધુ રૂ. ૪૮,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી, જે રોજગારીના સર્જન અને સંપત્તિના સર્જન પર કેન્દ્રિત છે.

c. પીએમજીએસવાય – રૂ. ૨૭,૦૦૦ કરોડ, જેમાં રાજ્યોનું પ્રદાન કરશે, જેને ૨૦૧૭-૧૮માં ખર્ચ કરવામાં આવશે. નિર્માણની ઝડપ વધારીને ૨૦૧૧-૧૪ દરમિયાન દરરોજ ૭૩ કિમીથી વધારીને ૨૦૧૬-૧૭માં દરરોજ ૧૩૩ કિમી કરવામાં આવી.

d. આગામી ચાર વર્ષમાં ૨૮,૦૦૦ આર્સેનિક અને ફ્લોરાઇડ ધરાવતા વિસ્તારોમાં પીવાનું સ્વચ્છ પાણી પૂરું પાડવામાં આવશે.

**IV. યુવાન, શિક્ષણ અને રોજગારી વગેરે**

a. યુજીસીમાં સુધારા હાથ ધરવામાં આવશે.

b. સ્વયં પ્લૅટફૉર્મ ઓછામાં ઓછા ૩૫૦ ઑનલાઇન અભ્યાસક્રમો સાથે લૉંચ કરવામાં આવશે.

c. કુશળતા વિકાસ કાર્યક્રમ સંકલ્પ ૩.૫ કરોડ યુવાનોને તાલીમ આપવા રૂ. ૪,૦૦૦ કરોડના ખર્ચે શરૂ કરવામાં આવશે.

d. ચર્મ અને ફૂટવેર ઉદ્યોગ માટે ટૅક્ષટાઇલ ક્ષેત્ર જેવી યોજનાનો અમલ થશે.

e. પાંચ વિશેષ પ્રવાસન ઝોન સ્થાપિત કરવામાં આવશે.

**V. ગરીબો અને વંચિતો માટે**

a. કુશળતા વિકાસ, રોજગાર, સ્વાસ્થ્ય અને પોષણ માટે તકો સાથે મહિલાઓને સશક્ત કરવા ૧૪ લાખ આંગણવાડી કેન્દ્રોમાં ગ્રામીણ સ્તરે મહિલા શક્તિ કેન્દ્રો સ્થાપિત કરવામાં આવશે.

b. વાજબી કિંમત ધરાવતા મકાનને માળખાનો દરજ્જો આપવામાં આવશે, જે હાઉસિંગ પ્રોજેક્ટ્સને ઉદાર શરતે બૅન્ક લોન મેળવવા સક્ષમ બનાવશે.

c. નેશનલ હાઉસિંગ બૅન્ક ૨૦૧૭-૧૮માં રૂ. ૨૦,૦૦૦ કરોડની હાઉસિંગ લોનનું પુનઃધિરાણ કરશે.

d. કાળો તાવ, કમળો, ટીબીની નાબૂદી માટે ચોક્કસ લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવશે.

e. આઇએમઆર અને એમએમઆર પણ ઘટાડવામાં આવશે.

f. ૧.૫ લાખ આરોગ્ય પેટાકેન્દ્રોને આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોમાં પરિવર્તિત કરવામાં આવશે.

g. તબીબી શિક્ષણ અને પદ્ધતિ માટે નિયમનકાર માળખું પરિવર્તિત કરવામાં આવશે.

h. ઝારખંડ અને ગુજરાતમાં બે નવી એમ્સ સ્થાપિત કરવામાં આવશે.

I. વર્તમાન શ્રમ કાયદાઓને ૪ આચારસંહિતામાં તર્કબદ્ધ કરીને જોડવામાં આવશે.

**VI. માળખાગત ક્ષેત્ર**

a. રેલવેઝ – મૂડીગત અને વિકાસલક્ષી ખર્ચ રૂ. ૧,૩૧,૦૦૦ કરોડ, જેમાં સરકાર પાસેથી રૂ. ૫૫,૦૦૦ કરોડ સામેલ છે.

b. રૂ. ૧ લાખ કરોડના ભંડોળ સાથે પાંચ વર્ષમાં રાષ્ટ્રીય રેલ સંરક્ષા કોષ ઊભો કરવામાં આવશે.

c. રેલવેનું આગામી ૧૦ વર્ષમાં ૧૦ ટકા વિસ્તરણ કરવામાં આવશે.

d. રેલવે અને ૯ રાજ્ય સરકારો વચ્ચે સંયુક્ત સાહસો મારફતે અમલીકરણ માટે ૭૦ પ્રોજેક્ટની ઓળખ કરવામાં આવી.

e. રેલવે ઍન્ડ-ટૂ-એન્ડ પરિવહન સૉલ્યુશન્સ અને લોજિસ્ટિક સુવિધાઓ પૂરી પાડશે.

f. હિસાબી સુધારા – રેલવે માર્ચ, ૨૦૧૯ સુધીમાં એક્રૂઅલ આધારિત નાણાકીય નિવેદનો અપનાવશે.

g. નવી મેટ્રો રેલ નીતિની જાહેરાત થશે અને નવો મેટ્રો રેલ કાયદો બનાવવામાં આવશે.

h. માર્ગ ક્ષેત્ર પર સતત ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે

I. પીપીપી મોડમાં ઓઍન્ડઍમ માટે ટિઅર ટૂ શહેરોમાં પસંદગીના ઍરપોર્ટનું કામ હાથ પર લેવાશે.

j. ભારતીય ઍરપોર્ટ ઓથોરિટી કાયદાને અસ્કામતોના અસરકારક મૉનેટાઇઝેશન માટે સુધારવામાં આવશે.

k. **ભારતનેટ પ્રોજેક્ટ:** ૧.૫ લાખ ગ્રામ પંચાયતોને ૨૦૧૭-૧૮ના અંત સુધીમાં ઓએફસી બ્રૉડબેન્ડ જોડાણ આપવામાં આવશે.

l. ઓડિશા અને રાજસ્થાનમાં ક્રૂડ ઑઇલનો ભંડોળ ઊભું કરવા બે નવા કેવર્ન્સ સ્થાપિત કરવામાં આવશે.

m. વધુ ૨૦,૦૦૦ મેગાવોટ ક્ષમતા માટે સૌર પાર્કનો બીજો તબક્કો વિકસાવવામાં આવશે.

n. ભારતને ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો માટે વૈશ્વિક કેન્દ્ર બનાવવા માટે ઇકો સિસ્ટમ ઊભી કરવામાં આવશે.

**VII. નાણાકીય ક્ષેત્ર**

a. વિદેશી રોકાણ પ્રોત્સાહન બોર્ડ (એફઆઇપીબી) ૨૦૧૭-૧૮માં નાબૂદ કરવામાં આવશે.

b. કૉમોડિટીઝ માટે સ્પૉટ માર્કેટ અને ડેરિવેટિવ્ઝ માર્કેટના સંકલન માટે કામગીરી અને કાયદેસર માળખું વિકસાવવા નિષ્ણાતોની સમિતિ સ્થાપિત કરવામાં આવશે.

c. કાયદેસર છટકબારીઓ દૂર કરવા તથા ગરીબો અને પ્રામાણિક રોકાણકારોના હિતોના સંરક્ષણ માટે બહુ રાજ્ય સહકારી સોસાયટી ધારો સુધારવામાં આવશે.

d. નાણાકીય કંપનીઓના ઠરાવ સાથે સંબંધિત ખરડાને સંસદનાં બજેટ સત્રમાં રજૂ કરવામાં આવશે.

e. નિર્માણ કરારો સાથે સંબંધિત માળખા અને પીપીપીમાં વિવાદોના સમાધાન માટે લવાદી અને સમજૂતી કાયદામાં સુધારો કરવામાં આવશે.

f. અમારા નાણાકીય ક્ષેત્ર (સીઇઆરટી-ફિન) માટે કમ્પ્યૂટર ઇમરજન્સી રિસ્પૉન્સ ટીમ.

g. સીપીએસઇની સમયમર્યાદામાં લિસ્ટિંગ માટે સંશોધિત વ્યવસ્થાની જાહેરાત થશે.

h. આઇઆરસીટીસી, આઇઆરએફસી અને આઇઆરસીઓએન જેવી રેલવેની સરકારી કંપનીઓનું શૅરબજારો પર લિસ્ટિંગ થશે.

i. હાલ સરકારી જાહેર એકમોને સંકલન મારફતે સંકલિત પબ્લિક સેક્ટર 'ઑઇલ મેજર' સ્થાપિત કરવામાં આવશે.

j. ડાઇવર્સિફાઇડ સીપીએસઈ સ્ટૉક્સ સાથે નવું ઇટીએફ લૉંચ કરવામાં આવશે

k. સિક્યોરિટાઇઝેશન કે પુનર્નિર્માણ કંપનીઓ દ્વારા ઇસ્યૂ સિક્યૉરિટી રિસિપ્ટ્સ (એસઆર)ના શૅરબજારો પર લિસ્ટિંગ અને ટ્રેડિંગને મંજૂરી આપવામાં આવશે.

**VIII ડિજિટલ અર્થતંત્ર**

a. આધાર સક્ષમ પેમેન્ટ સિસ્ટમના મર્ચન્ટ વર્ઝન આધાર પેને ટૂંક સમયમાં લૉંચ કરવામાં આવશે

b. ફાઇનાન્સિયલ ઇન્ક્લૂઝન ફંડને સંકલિત કરવામાં આવશે.

c. ડિજિટલ પેમેન્ટની વર્તમાન જરૂરિયાતોને અનુરૂપ પેમેન્ટ અને સેટલમેન્ટ સિસ્ટમની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવશે. દરમિયાન કાયદો સુધારવામાં આવશે અને રિઝર્વ બૅન્ક ઓફ ઇન્ડિયામાં પેમેન્ટ રેગ્યુલેટરી બોર્ડ સ્થાપિત કરવામાં આવશે

d. બૅન્કના વ્યવહારો અને ચૅક પેમેન્ટના વધારા હેઠળ નવા પડકારો ઝીલવા વાટાઘાટ કરી શકાય, તેવાં માધ્યમોનો કાયદો સુધારવામાં આવશે.

**IX. સરકારી સેવા**

a. હેડ પોસ્ટ ઓફિસો પાસપોર્ટ સર્વિસ આપવા કામ કરશે.

b. આર્થિક અપરાધો, કાયદાની પહોંચમાંથી છટકવા દેશવટો ભોગવવા સહિત મોટા આર્થિક અપરાધીઓની અસ્કામતો ટાંચમાં લેવા કાયદાકીય ફેરફારો કરવામાં આવશે કે નવો કાયદો બનાવવામાં આવશે.

**ક્ષેત્ર મુજબ કુલ**

**(રૂપિયા કરોડમાં)**

| ક્રમ | ક્ષેત્રો | BE ૨૦૧૬-૧૭ | RE ૨૦૧૬-૧૭ | BE ૨૦૧૭-૧૮ |
|---|---|---|---|---|
| ૧. | કૃષિ અને આનુષંગિક ક્ષેત્રો | ૪૮૫૭૨ | ૫૨૮૨૧ | ૫૮૬૬૩ |
| ૨. | ગ્રામીણ વિકાસ | ૧૦૨૫૪૩ | ૧૧૪૯૪૭ | ૧૨૮૫૬૦ |
| ૩. | માળખાગત સુવિધા | ૩૪૮૯૫૨ | ૩૫૮૬૩૪ | ૩૯૬૧૩૫ |
| ૩a. | જેમાં પરિવહન | ૨૧૬૨૬૮ | ૨૧૬૯૦૩ | ૨૪૧૩૮૭ |
| ૪. | સામાજિક ક્ષેત્રો | ૧૬૮૧૦૦ | ૧૭૬૨૨૫ | ૧૯૫૪૭૩ |
| ૪a | શિક્ષણ અને સ્વાસ્થ્ય | ૧૧૨૧૩૮ | ૧૧૪૮૦૬ | ૧૩૦૨૧૫ |
| ૪b | કલ્યાણલક્ષી સામાજિક ક્ષેત્રો | ૫૫૯૬૨ | ૬૧૪૧૯ | ૬૫૨૫૮ |
| ૫. | રોજગારી, કુશળતા અને આજીવિકાનું સર્જન | ૧૨૦૦૬ | ૧૪૭૩૫ | ૧૭૨૭૩ |
| ૬. | વિજ્ઞાન મંત્રાલયો | ૩૩૪૬૭ | ૩૪૩૫૯ | ૩૭૪૩૫ |

**સ્ત્રોતઃ ખર્ચની પ્રોફાઈલ અને ખર્ચનું બજેટ ૨૦૧૭-૧૮**

**પાર્ટ બીમાં કરવેરાની દરખાસ્તનો સારાંશ**

**I. વાજબી કિંમત ધરાવતાં મકાનો :**

૧. વાજબી કિંમત ધરાવતા મકાન માટે આવકવેરાની મર્યાદાની યોજનામાં ત્રણ છૂટછાટો :

a. કાર્પેટ એરિયા અને નૉન બિલ્ટ-અપ એરિયા મુજબ ૩૦ અને ૬૦ ચોરસ મીટર એરિયાની ગણતરી થશે.

b. ૪ મેટ્રોપોલિટન સિટીમાં ૩૦ ચોરસ મીટર અને દેશનાં બાકીનાં શહેરોમાં ૬૦ ચોરસ મીટરની મર્યાદા.

c. પૂર્ણ કરવાનો સમયગાળો ૩ વર્ષથી વધારીને ૫ વર્ષ કરવામાં આવ્યો.

૨. સર્ટિફિકેટ મળ્યાનાં વર્ષ પૂર્ણ થયાના એક વર્ષ પછી બિલ્ડર્સ માટે નૅશનલ રેન્ટલ ઇન્કમ પર કરવેરાની ગણતરી થશે.

૩. જંગમ મિલકતો માટે કૅપિટલ ગેઇન ટેક્સમાં ત્રણ ફેરફારો :

a) લૉંગ કૅપિટલ ગેઇનની ગણતરી માટે હવે ત્રણને બદલે બે વર્ષ ગણતરીમાં લેવાશે;

b) તમામ પ્રકારની પ્રોપર્ટીના ખર્ચની ગણતરી કરવા આધારભૂત વર્ષ ૧.૪.૧૯૮૧ને બદલે ૧.૪.૨૦૦૧ ગણવામાં આવ્યું, જેમાં જંગમ મિલકત સામેલ છે

c) કૅપિટલ ગેઇનનું રોકાણ કરવેરાની ચુકવણી વિના થઈ શકે તેવા નાણાકીય માધ્યમો વધારવામાં આવશે.

૪. સંયુક્ત વિકાસ સમજૂતી માટે વર્ષમાં કૅપિટલ ગેઇન ટૅક્સ ચૂકવવાની જવાબદારી નોંધપાત્ર રકમ મળશે એ વર્ષમાં વધશે.

૫. આંધ્રપ્રદેશ માટે ૨.૬.૨૦૧૪ના રોજ મૂડી, જમીનના માલિકોને કૅપિટલ ગેઇનમાંથી મુક્તિ આપવામાં આવશે, જો તે લૅન્ડ-પુલિંગ વ્યવસ્થા હેઠળ ઓફર થાય.

**II. વૃદ્ધિકારક પગલાં :**

૧. ભારતમાં લોન આપનાર વિદેશી કંપનીઓને પ્રાપ્ત વ્યાજ માટે ૫ ટકાનો કન્સેશનલ વિથહૉલ્ડિંગ રેટ કે ૩૦.૬.૨૦૧૭ પછી વધુ ૩ વર્ષ માટે રોકાણ જાળવવામાં આવશે.

૨. ગયા વર્ષે આપેલા આવકવેરામાં છૂટછાટની યોજના હેઠળ સ્ટાર્ટ-અપ્સને બે વર્ષની મુક્તિ.

(a) મૂળ રોકાણકારો પ્રમોટરનો હિસ્સો ન ઘટે ત્યાં સુધી ૫૧ ટકા મતાધિકાર જાળવવાની શરત હળવી કરવામાં આવશે.

(b) રચનાની તારીખથી ૭ વર્ષમાં કોઈ પણ ૩ વર્ષ માટે મુક્તિ પ્રાપ્ત થશે.

૩. મેટક્રેડિટના લાભનો ગાળો ૧૦ વર્ષથી વધારીને ૧૫ વર્ષ કરવામાં આવશે.

૪. ૨૦૧૫-૧૬માં રૂ. ૫૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતી કંપનીઓ માટે કૉર્પોરેટ આવકવેરો ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરવામાં આવશે. આ લાભ હાલની ૬.૬૭ લાખ કંપનીઓમાંથી ૯૬ ટકાને મળશે.

૫. નફામાંથી બૅન્કોની એનપીએમાં ઘટાડો ૭.૫ ટકાને બદલે ૮.૫ ટકા કરવામાં આવશે.

૬. નૉન-શિડ્યુલ્ડ સહકારી બૅન્કોના કેસમાં વ્યાજ મળશે ત્યારે જ આવક સ્વરૂપે ગણાશે.

### III. ડિજિટલ અર્થતંત્રને પ્રોત્સાહન

૧. નાનાં વેપારીઓ માટે અંદાજિત આવકવેરો ટર્નઓવરના ૬ ટકા લાવેશે, જે ડિજિટલ કે બૅન્ક મારફતે લેવામાં આવશે.

૨. રોકડ ખર્ચની મર્યાદા હાલ રૂ. ૨૦,૦૦૦થી ઘટાડીને રૂ. ૧૦,૦૦૦ કરવામાં આવી.

૩. રૂ. ૩ લાખથી વધારેના રોકડ વ્યવહારને મંજૂરી નહી. ઉલ્લંઘન પર વધારાની રકમ જેટલો દંડ કરવાની જોગવાઈ.

### IV. ચૂંટણી ભંડોળમાં પારદર્શકતા

૧. રાજકીય પક્ષોને દાનની મર્યાદા વ્યક્તિગત ધોરણે રૂ. ૨૦,૦૦૦થી ઘટાડીને રૂ. ૨,૦૦૦ કરવામાં આવશે.

૨. કરવેરા પાત્ર નાણાં માટે ઈલેક્ટોરલ બોન્ડ રજૂ થશે અને ગુપ્તતા જાળવવામાં આવશે.

૩. આવકવેરા ધારામાં સૂચિત મર્યાદામાં રાજકીય પક્ષોએ રિટર્ન ભરવું પડશે.

### V. વેપારવાણિજ્યની સરળતા માટેની જોગવાઈ

૧. જો બેમાંથી એક કંપની નફા સાથે સંબંધિત કરકપાતનો લાભ મેળવશે, તો સ્થાનિક ટ્રાન્સફર પ્રાઈઝિંગ લાગુ પડશે.

૨. વેપારી કંપનીઓ માટે ઑડિટની મર્યાદાની સંભવિત યોજના વધારીને રૂ. ૧ કરોડથી વધારીને રૂ. ૨ કરોડ કરવામાં આવી છે.

૩. વ્યક્તિઓ અને એચયુએફ (હિંદુ સંયુક્ત પરિવાર) રૂ. ૨૫ લાખ સુધીનું ટર્નઓવર ધરાવશે કે રૂ. ૨.૫ લાખ સુધીની આવક ધરાવશે, તો હિસાબના ચોપડાં જાળવવાની જરૂર નહી પડે.

૪. વિદેશમાં રોકાણ કરવાનો પૉર્ટફોલિયો ધરાવતા રોકાણકારોની કૅટેગરી ૧ અને ૨ને પરોક્ષ હસ્તાંતરણની જોગવાઈઓમાંથી મુક્તિ આપવામાં આવશે.

૫. વ્યક્તિગત વીમા એજન્ટો કરવેરાને પાત્ર મર્યાદાથી ઓછી આવક ધરાવે છે તેવું પ્રમાણિત કરશે, તો ૫ ટકા ટીડીએસ કપાશે નહી.

૬. સંભવિત યોજનામાં વ્યાવસાયિકોને ચાર હપ્તાને બદલે હવે માર્ચમાં ફક્ત એક હપ્તામાં એડવાન્ટ ટૅક્સ ચૂકવવો પડશે.

૭. કરવેરાના રિટર્નને સુધારવા માટેની સમયમર્યાદા ઘટાડીને ૧૨ મહિના કરવામાં આવી છે. ઉપરાંત ચકાસણી પૂર્ણ કરવા માટેની સમયમર્યાદા પણ ઘટાડીને ૧૨ મહિના કરવામાં આવશે, જેનો અમલ આકારણી વર્ષ ૨૦૧૯-૨૦થી શરૂ થશે.

### VI. વ્યક્તિગત આવકવેરો

૧. નાગરિકો માટે વ્યક્તિગત કરવેરાની જોગવાઈઓમાં રૂ. ૨.૫ લાખથી રૂ. ૫ લાખની આવક ધરાવતી વ્યક્તિઓ માટે કરવેરાનો દર ૧૦ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવામાં આવ્યો. તેનાથી કરવેરાની જવાબદારી ઘટીને અડધી થશે, ત્યારે આ સ્લેબથી ઉપરના સ્લેબમાં સામેલ અન્ય તમામ કરદાતાઓને વ્યક્તિ દીઠ રૂ. ૧૨,૫૦૦નો ઓછો કરવેરો ભરવો પડશે (સરકારને રૂ. ૧૫,૫૦૦ કરોડનું નુકસાન થશે).

૨. રૂ. ૨.૫ લાખથી રૂ. ૫ લાખ વચ્ચેની આવક ધરાવતા બ્રૅકેટમાં સામેલ કરદાતાઓને રૂ. ૫૦૦૦નું રિબેટ ઉપલબ્ધ હતું, જે રૂ. ૩.૫ લાખથી વધારે આવક ધરાવતા કરદાતાઓને હવે રૂ. ૨,૫૦૦ જ મળશે.

૩. રૂ. ૫૦ લાખથી રૂ. ૧ કરોડ વચ્ચેની આવક ધરાવતી વ્યક્તિઓ પર ૧૦ ટકાનો સરચાર્જ લાગુ પડશે (સરકારની આવકમાં રૂ. ૨,૭૦૦ કરોડનો લાભ થશે).

### VII. પરોક્ષ વેરા

૧. એલએનજી પર કસ્ટમ ડ્યૂટી ૫ ટકાથી ઘટાડીને ૨.૫ ટકા કરવામાં આવી છે. તેનાથી કૅમિકલ અને પેટ્રો-કૅમિકલ તથા સ્ટીલ ઉદ્યોગને ફાયદો થશે.


૨. ડિજિટલ પેમેન્ટ્સ માટે ઉપયોગી એમ-પીઓએસમાંથી મિનિએચ્યોરાઇઝ પીઓએસ કાર્ડ રીડર્સ, માઇક્રો-એટીએમ, ફિંગર-પ્રિન્ટ રીડર્સ, સ્કેનર્સ અને આઇડી સ્કૅનર્સ માટે કસ્ટમ, સીવીડી, એસએડી અને એક્સાઇઝ ડ્યૂટી શૂન્ય કરવામાં આવશે.

### VIII. જીએસટીનો અમલ ૧ જુલાઈ, ૨૦૧૭થી શરૂ થવાની શક્યતા.

**લેખક ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રેસ ઈન્ફૉર્મેશન બ્યૂરોના ઍડિશનલ ડાયરેક્ટર જનરલ (એમએન્ડસી) છે.**

# કૃષિ ક્ષેત્ર અને ગ્રામીણ ભારતની ઝડપી વિકાસ કૂચ

નિરેન્દ્ર દેવ




*એ એક સાચી વાત છે કે ઘણા બધા લોકોએ કરેલા પૃથક્કરણ મુજબ કૃષિ અર્થતંત્ર અને ગ્રામીણ વિકાસમાં રહેલી ઘણી બધી શક્તિ છતાં એનાં ધાર્યાં પરિણામો નથી આવ્યાં, પરંતુ આ સંબંધમાં નાણામંત્રી અરૂણ જેટલીએ રજૂ કરેલું ૨૦૧૭-૧૮નું અંદાજપત્ર એકથી વધુ રીતે બાજી પલટાવનારું બની રહે એવી ધારણા છે. આ ક્ષેત્રોમાં યોગ્ય પ્રોજેક્ટોની પસંદગી એને માટે વધુ ફાળવણી તથા વિકાસ માટે અત્યંત સુસ્પષ્ટ નકશો દોરવાનાં પગલાં કૃષિ ક્ષેત્રની વિશાળતાને યોગ્ય રીતે ધ્યાનમાં લેવામાં તથા ગ્રામીણ વિકાસ ક્ષેત્રના કુદરતી તેમજ માનવસર્જીત અવરોધો દૂર કરવાની જરૂરિયાત સમજવામાં સહાયક બનશે. આ વર્ષના અંદાજપત્રની તાકાત એની સાચી સમતુલામાં રહી છે. ગ્રામીણ ક્ષેત્રે ધ્યાન કેન્દ્રિત કરવું, ખેતી ઉપર નભતા સમાજને મદદ કરવી અને સાથોસાથ શહેરી ભારતમાંના વપરાશકારોને સહાયક બનવામાં સમતોલ સમન્વય કરવામાં આવ્યો છે.*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારમાં કૃષિ ક્ષેત્ર, ખેડૂતોના કલ્યાણ અને ગ્રામીણ વિસ્તારોના ઉદ્ધાર તથા રોજગારી નિર્માણને હમેશા સવિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ ક્ષેત્રોમાં વધુ સુધારો કરવા માટેના પ્રયાસોને આ વર્ષના કેન્દ્રીય અંદાજપત્રમાં વધુ વેગ બક્ષવામાં આવ્યો છે.

એ એક સાચી વાત છે કે ઘણા બધા લોકોએ કરેલા પૃથક્કરણ મુજબ કૃષિ અર્થતંત્ર અને ગ્રામીણ વિકાસમાં રહેલી ઘણી બધી શક્તિ છતાં એનાં ધાર્યાં પરિણામો નથી આવ્યાં, પરંતુ આ સંબંધમાં નાણામંત્રી અરૂણ જેટલીએ રજૂ કરેલું ૨૦૧૭-૧૮નું અંદાજપત્ર એકથી વધુ રીતે બાજી પલટાવનારું બની રહે એવી ધારણા છે. આ ક્ષેત્રોમાં યોગ્ય પ્રોજેક્ટોની પસંદગી એને માટે વધુ ફાળવણી તથા વિકાસ માટે અત્યંત સુસ્પષ્ટ નકશો દોરવાનાં પગલાં કૃષિ ક્ષેત્રની વિશાળતાને યોગ્ય રીતે ધ્યાનમાં લેવામાં તથા ગ્રામીણ વિકાસ ક્ષેત્રના કુદરતી તેમજ માનવસર્જીત અવરોધો દૂર કરવાની જરૂરિયાત સમજવામાં સહાયક બનશે. આ વર્ષના અંદાજપત્રની તાકાત એની સાચી સમતુલામાં રહી છે. ગ્રામીણ ક્ષેત્રે ધ્યાન કેન્દ્રિત કરવું, ખેતી ઉપર નભતા સમાજને મદદ કરવી અને સાથોસાથ શહેરી ભારતમાંના વપરાશકારોને સહાયક બનવામાં સમતોલ સમન્વય કરવામાં આવ્યો છે.

સૌપ્રથમ તો ગયા વર્ષની સરખામણીએ, ગ્રામીણ કૃષિવિષયક અને આનુષંગિક ક્ષેત્રો માટે ૨૦૧૭-૧૮માં સૂચક એવી ૨૪ ટકાની વધુ ફાળવણી કરવામાં આવી છે અને આ ફાળવણી આશ્ચર્યકારક એટલી મોટી કુલ રૂ. ૧,૮૭,૨૨૩ કરોડની છે. અહીં એ સમજવું જરૂરી છે કે, દેશના વિકાસને આગળ ધપાવવા તથા ''સબ કા સાથ સબ કા વિકાસ''ના સૂત્રમાં જેની અપેક્ષા રાખવામાં આવી છે એવો સર્વ સમાવેશક વિકાસ સિદ્ધ કરવા માટે કૃષિ અને આનુષંગિક ક્ષેત્રોમાં ગ્રામીણ આંતર માળખાના વિકાસ ઉપર ખાસ ધ્યાન આપવાનું આવશ્યક છે.

દાયકાઓથી કૃષિ પેદાશોના છૂટાછવાયા બજારોને કારણે ખેડૂતોને એમની ઉપજના યોગ્ય દામ ન મળતા હોવાની ફરિયાદો રહી છે હવે એવું જણાય છે કે સરકારે સ્થળ ઉપર તેમજ ગૌણ પેદાશોનાં સંગઠિત બજારો માટેની યોજનાઓ ઘડી છે અને આમ, ખેતબજારોના અભાવની થોડીઘણી મુશ્કેલીઓ હવે દૂર કરવામાં આવશે.

### કૃષિપેદાશો માટે વધુ દામ

ખેડૂતોને એમની પેદાશોના વધુ સારા દામ મેળવવામાં સહાયભૂત થવા નાણાં મંત્રીએ કરારબદ્ધ ખેતી-કૉન્ટ્રાક્ટ ફાર્મીંગ અંગે એક નમૂનારૂપ કાયદો ઘડવાનો વિચાર રજૂ કરતાં સૂચિત કાયદાનો મુદ્દો રાજયોને મોકલવાની વાત કરી છે સરકારે નિયમન હેઠળના વધુ કૃષિ બજારોને ઇલેક્ટ્રૉનિક રાષ્ટ્રીય કૃષિ બજારના (ઈ.નેમ) પ્લૅટફોર્મ ઉપર મૂકવાના એની અગાઉના 'લક્ષ્યનું પુનરૂચ્ચારણ કર્યુ છે. ઇ-નેમ હાલમાં કુલ ૨૫૦ કૃષિ બજારોને આવરી લે છે, જેની સંખ્યા વધારીને પ્રત્યેક એપી એમસી કરવામાં આવશે. વધુમાં પ્રત્યેક ઇલેક્ટ્રૉનિક રાષ્ટ્રીય કૃષિ બજારને સાફસુફી, ગ્રેડીંગ અને પૅકેજિંગની સગવડો ઊભી કરવા રૂ. ૭૫ લાખની મહત્તમ સહાય પૂરી પાડવાની જાહેરાત નાણામંત્રીએ કરી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇલેક્ટ્રૉનિક વેપાર સોદા માટેનું પ્લૅટફૉર્મ પૂરું પાડતા જે ઇ-નેમનો પ્રદાન ૨૦૧૬માં કર્યો હતો, એને યોગ્ય રીતે જ એક બાજુ પલ્ટાવનાર ઉપાય ગણવામાં આવે છે. આ પ્લૅટફૉર્મ , ખેડૂતો ઘણીવાર કૃષિ પેદાશોના દામમાં જે ભારે વધઘટનો સામનો કરે છે એના ઉપાયરૂપ બની રહેશે. કૃષિ મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા મુજબ ખેડૂતો જે કેટલીક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. એમાં ઝડપી ઉકેલ માંગતી સમસ્યા વચેટિયાનો કે દલાલોની છે. આમ સરકારની આ પહેલ વચેટિયાઓની ભૂમિકાનો અંત લાવવાની અને કૃષિ પેદાશોના દામ નક્કી કરવામાં પાદર્શિતા લાવવાની છે. સરકાર એ જોવા ખૂબજ આતુર છે કે દેશભરમાં કૃષિ પેદાશોના સુનિશ્ચિત ધોરણસરના ભાવ નક્કી થાય અને આમાં ઈ-નેમ પ્લૅટફૉર્મ ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવશે.

વાસ્તવમાં ગયા વર્ષે જ કેન્દ્રીય કૃષિ મંત્રાલયે એવી સ્પષ્ટતા કરી હતી કે, ઈ-નેમ એક ઑનલાઇન પ્લૅટફૉર્મ છે અને અને એને માર્કેટિંગનું સમાંતર માળખું માનવાની ભૂલ ન કરવી જોઈએ. જેના સંપર્ક ઑનલાઈન થઈ શકે એવા ભૌતિક બજારોનું રાષ્ટ્રીય નેટવર્ક ઊભું કરવા માટે ઇ-નેમ એક સાધન માત્ર છે એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું ઈ-નેમના ઑનલાઇન ટ્રેડિંગ પોર્ટલ મારફત કૃષિ બજારના ભૌતિક આંતરમાળખાનો સંપર્ક સાધીને, સંબંધિત રાજય બહારના ખરીદદારો પણ સ્થાનિક સપાટીએ ટ્રેડિંગમાં હિસ્સો લઈ શકે છે. આ કાર્યક્રમનું ધ્યેય ઇ-નેમ પ્લૅટફૉર્મ ઉપર દેશનાં આઠ રાજયોનાં ૨૧ કૃષિ બજારોને સંગઠિત કરવાનો હતો. આ બજારોમાં ઉત્તરપ્રદેશ (૬), ગુજરાત (૩), તેલંગણા (૫), રાજસ્થાન (૧), મધ્યપ્રદેશ (૧), હરિયાણા (૨), ઝારખંડ (૧) અને હિમાચલ પ્રદેશનાં (૨) બજારોનો સમાવેશ થાય છે.

### માઇક્રો સિંચાઈફંડ

ગમે એમ પણ કેટલીક બાબતોમાં ફરી જોવાનું જરૂરી છે ખરેખર તો, ખેડૂતોએ એમની પેદાશોની જે ખરીદી થાય છે એમાં રોકાયેલા એજન્ટોથી દૂર રહેવાની આવશ્યકતા છે અને સરકાર પણ ખરીદદારની વ્યવસ્થાને પારદર્શી બનાવવા આ એજન્ટોને દૂર કરવા ઇચ્છે છે. નાણાંમંત્રીએ જાહેર કર્યું હતું કે સરકાર બજાર ક્ષેત્રે સુધારા કરવા પગલાં ભરશે. એમણે આ સંબંધમાં રાજયોને એપીએમસીમાંથી ઝટ બગડી જાય એવી કૃષિ પેદાશોને દૂર કરવા જાહેરનામું બહાર પાડવા જણાવ્યું હતું. આમ કરવાથી ખેડૂતોને એમની આવી પેદાશોનું અન્યત્ર વેચાણ કરી એના વધુ સારા દામ મેળવવાની તક મળશે. આ સંબંધમાં અંદાજપત્રની દરખાસ્તોમાં ફરીવાર, ફળો અને શાકભાજીની ખેતી કરતા ખેડૂતોને, એમની પેદાશોના વધુ સારા દામ મળે અને પાકની લણણી પછી થતું નુકસાન ઘટાડવા કૃષિ પ્રોસેસિંગ એકમો સાથે સાંકળવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

નાબાર્ડ દ્વારા પાણીનાં "પ્રત્યેક ટીપાદીઠ વધુ પાક" મેળવવાનું એનું ધ્યેય સિદ્ધ કરવા માત્ર સૂક્ષ્મ સિંચાઈ માટે, માઈક્રો સિંચાઈ ફંડ સ્થાપવાની જાહેરાત નાણાં મંત્રીએ કરી હતા. આ માટે સરકારે રૂ. ૫૦૦ કરોડનું પ્રારંભિક ભંડોળ ફાળવ્યું હતું. નાબાર્ડ રૂ. ૮૦૦૦ કરોડનું ડેરી પ્રોસેસીંગ આંતરમાળખા ફંડની પણ રચના કરશે. અંદાજપત્ર ઉપરની ચર્ચા દરમિયાન ભૂતપૂર્વ પ્રધાનમંત્રી એચ.ડી.દેવગૌડાએ ડેરી પ્રવૃત્તિ માટે ફાળવાયેલા ફંડનો દેશનાં ઉત્તરના રાજ્યોમાં પશુ સંવર્ધન પ્રવૃત્તિમાં યોગ્ય ઉપયોગ થાય એના ઉપર ભાર મૂક્યો હતો. આ ક્ષેત્રે અત્યાર સુધી માત્ર ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવાં રાજયોએ જ સારી કામગીરી કરી છે.

### પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના

આ વર્ષના અંદાજપત્રમાં ખેડૂતો એમની લોનની પરત ચુકવણીના તારીખની અંદર એની બનતી ત્વરાએ ભરપાઈ કરે એ માટે ૩ ટકાનું વધારાનું પ્રોત્સાહન પૂરું પાડવાની જોગવાઈ કરવામાં આવી છે.

નાણામંત્રીએ એની નોંધ લીધી છે કે ચાલુ નાણાકીય વર્ષમાં કૃષિ ક્ષેત્ર ૪.૧ ટકાનો વૃદ્ધિ દર સિદ્ધ કરશે. આ સંબંધમાં એ નોંધવું રહયું કે, ચાલુ વર્ષે ખરીફ (ઉનાળુ) અને રવિ (શિયાળુ) પાક હેઠળ વાવણીનું પ્રમાણ વધુ રહયું છે.

ખેડૂતોને એમની વસમી પરિસ્થિતિમા સહાય કરવા સંબંધમાં સરકાર ગંભીર હોવાનો વધુ એક સંકેત આપતાં અંદાજપત્રમાં જણાવાયું છે કે, ગયા વર્ષે શરૂ કરાયેલી નવી પાક વીમા યોજના - પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના માટેની ફાળવણી જે બજેટમાં રૂ. ૫૫૦૦ કરોડ હતી એ ચાલુ નાણાંકીય વર્ષમાં વધારીને રૂ. ૧૩૨૪૦ કરોડ કરવામાં આવી છે. જ્યારે ૨૦૧૭-૧૮ માં રૂ. ૯૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે ૨૦૧૬-૧૭મા આ યોજનામાં પાક હેઠળનો ૩૦ ટકા વિસ્તાર આવરી લેવાયો હતો, જ્યારે ૨૦૧૭-૧૮માં વધારીને ૪૦ ટકા અને ૨૦૧૮-૧૯માં વધારીને ૫૦ ટકા કરવામાં આવશે.

ફસલ વીમા યોજના માટે વધુ ફંડની ફાળવણી કરવાના સરકારના નિર્ણયને સંસદમાં તેમજ સંસદ બહાર એના રાજકીય વિરોધીઓએ પણ આવકાર્યો હતો. આ વર્ષના અંદાજપત્રમાં સિંચાઈ કાર્યક્રમ ઉપર કેન્દ્રિત પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનાને પણ પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીના વધુ એક સંશોધનાત્મક વિચારરૂપ જમીનના આરોગ્ય કાર્ડ-સૉઇલ હેલ્થ કાર્ડની યોજનાનો ઉલ્લેખ કરતાં નાણાંમંત્રીએ કહ્યું હતું કે, આ યોજનામાં જ્યારે જમીનના નમૂનાની ઝડપથી ચકાસણી થાય અને એનું પોષક સ્તર જાણવા મળે ત્યારે જ ખેડૂતોને એનો ખરો ફાયદો થશે. આ બાબતને ધ્યાનમાં રાખી સરકાર કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં નવી મિનિ પ્રયોગશાળાઓ ઉભી કરશે અને દેશનાં તમામ ૬૪૮ વિજ્ઞાન કેન્દ્રોમાં આ સગવડો ઊભી કરવાનું સુનિશ્ચિત કરશે. વધુમાં યોગ્યતા ધરાવતાં સ્થાનિક ઉદ્યોગ સાહસિકો દ્વારા બીજી ૧૦૦૦ મિનિ પ્રયોગશાળા સ્થાપવામાં આવશે. વધુમાં નાબાર્ડમા લાંબા ગાળાની સિંચાઈ માટે એક ફંડ રચવામાં આવ્યું છે.

કૃષિ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગ્રામીણ વિસ્તારો અને કૃષિ ક્ષેત્રોમાં આંતરમાળખાના વિકાસ દરમિયાન વરસાદના પાણીનો તળાવોમાં સંગ્રહ કરવામાં આવશે અને ખાસ કરીને ઓછો વરસાદ ધરાવતા વિસ્તારોમાં આ પાણીનો તાકીદના સંજોગોમાં સિંચાઈ માટે ઉપયોગ થશે. દેશનાં ઘણાં રાજ્યોએ સિંચાઈ માટેના પાણીનો પુરવઠો વધારવા શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારોમાં વરસાદના પાણીના સંગ્રહ માટે કાયદા ઘડ્યાં છે, આમ છતાં ૨૦૧૪મા વર્તમાન સરકારે શરૂ કરેલી પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના આ દિશામાં એક નવતર ચીલો પાડનારી યોજના ગણાય છે. અહીં એ વાતનો ઉલ્લેખ કરવો રહ્યો કે, ગયા વર્ષના અંદાજપત્રમાં પણ, ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા માટે કૃષિ તેમજ બિન-કૃષિ ક્ષેત્રે દરમિયાનગીરીનાં સરકારનાં પગલાંને નવો ઓપ આપવાનો નિર્ધાર વ્યક્ત થયો હતો.

### ગ્રામીણ વિસ્તારોમાં વધુ ખર્ચ

એ તો ખૂબ જ દેખીતું છે કે પુડિંગની કસોટી એને ખાવામાં રહેલી છે આમ જો ગ્રામીણ વિસ્તારોમાં ખર્ચા વધારવામાં ન આવે તો ગ્રામીણ ભારતમાં સુધાર કરવાની વાતો માત્રનો કોઈ અર્થ નથી. નાણામંત્રીએ એમના આ ચોથા અંદાજપત્રમાં ગ્રામીણ વિસ્તારોમાં વધુ ખર્ચ કરવાની વાત કરી છે. એમણે આંતરમાળખાની સગવડો, ગ્રામીણ રસ્તા અને ગ્રામવિદ્યુતિકરણ સુધારવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા ઉપર ભાર મૂકવાની સાથોસાથ ગરીબી નિવારણ માટેની મક્કમતા દોહરાવી છે. એમણે યોગ્ય જ જણાવ્યું છે કે, "મેં આર્થિક સુધારા ચાલુ રાખવાની, વધુ મૂડી રોકાણને પ્રોત્સાહન આપવાની અને વિકાસને વધુ ગતિ બક્ષવાની જરૂરિયાતનું પણ ધ્યાન રાખ્યું છે"

દેશના ગ્રામીણ વિસ્તારોમાં દરવર્ષે રૂા. ૩ લાખ કરોડનો જંગી ખર્ચ કરવામાં આવે છે. અંદાજપત્રમાં સરકારે મિશન અંત્યોદય હાથ ધરવાની મહત્ત્વની જાહેરાત કરવામાં આવી છે, જેની હેઠળ ૨૦૧૯ સુધીમાં દેશના એક કરોડ પરિવારોને ગરીબી રેખાની ઉપર લાવવાનું અને ૫૦,૦૦૦ ગ્રામ પંચાયતોને ગરીબીમાંથી મુક્ત કરવાનું ધ્યેય નજર સમક્ષ રાખવામાં આવ્યું છે. આ ધ્યેય ૨૦૧૯ સુધીમાં એટલે કે મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતી સુધીમાં સિદ્ધ કરવાનો સંકલ્પ થયો છે અને ગામડાંને નજર સમક્ષ રખાયાં છે કારણકે ગામડાં ગાંધી દર્શનના મહત્ત્વના હિસ્સા રૂપ છે અને ભારતની કાયાપલટ અંગેના ગાંધીજીના સ્વપ્નમાં ગામડાંને અગત્યનું સ્થાન અપાયું છે. અંત્યોદય મિશન પ્રત્યેક વંચિત પરિવારનો સારી રીતે જીવન ગુજારો થાય એ માટે એક માઇક્રો પ્લાન ઘડી એના ઉપર યોગ્ય ખાસ ધ્યાન આપશે. ગામડાંની પ્રગતિનું ઝીણવટભર્યું મૉનિટરિંગ કરવા માટે, ગરીબી મુક્ત ગ્રામ પંચાયત માટે એક સર્વગ્રાહી-કોમ્પોઝિટ ઈન્ડેક્ષ વિકસાવવામાં આવશે.

### મનરેગા'ને પ્રોત્સાહન

બહુચર્ચિત ગ્રામીણ રોજગાર યોજના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગૅરંટી યોજના-ટૂંકમાં મનરેગા સંબંધમાં નાણામંત્રીએ જણાવ્યું હતું કે, આ યોજના ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પમાં સહાયક બને એ માટે સભાન પ્રયાસો કરવામાં આવ્યા છે. સરકારે બહુ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, પ્રત્યેક ગ્રામીણ કુટુંબને ઓછામાં ઓછી ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવા દરમિયાન મનરેગા હેઠળ પાકની ખેતરની ઉત્પાદકતા અને ખેડૂતોની આવક વધારવા માટે ઉત્પાદક અસ્કયામતો ઉભી થાય એ જોવું જરૂરી છે. ગયા વર્ષના અંદાજપત્રમાં મનરેગા માટેના ફંડમાંથી પાંચ લાખ ખેત તળાવો અને ખાતર બનાવવા માટે ૧૦ લાખ ખાડા બનાવવાનું જે લક્ષ્ય રાખવામાં આવ્યું હતું એ સિદ્ધ કરવામાં આવશે વાસ્તવમાં સરકાર એવી આશા રાખે છે કે પાંચ લાખ ખેત તળાવ બનાવવાના લક્ષ્યાંક સામે માર્ચ, ૨૦૧૭ સુધીમાં આશરે દસ લાખ ખેત તળાવો બનાવવાનું કામ પૂરું થશે. ૨૦૧૭-૧૮માં વધુ પાંચ લાખ ખેત તળાવો બાંધવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ એક માત્ર પગલું ગ્રામ પંચાયતોને અનાવૃષ્ટિ સામે સુરક્ષિત બનાવવામાં મોટો ફાળો આપશે.

મનરેગાના કાર્યક્રમોમાં રોજી મેળવતી મહિલાઓનું પ્રમાણ જે અગાઉ ૪૮ ટકા હતું એ હવે વધીને ૫૫ ટકા થયું છે એ નોંધવું સૂચક છે.

નાણાંમંત્રીએ અંદાજપત્ર રજૂ કરતાં જાહેર કર્યું હતું કે, અંદાજપત્રમાં મનરેગા માટે ગયા વર્ષે રૂ. ૩૮,૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી એ ૨૦૧૭-૧૮માં વધારીને રૂ. ૪૮૦૦૦ કરોડ કરવામાં આવી છે. આ જોગવાઈ અત્યાર સુધીમાં સૌથી મોટી છે. મનરેગાની અસ્કયામતોને જાહેર પરિક્ષણ માટે મૂકવાના પગલાએ આ યોજનાની પારદર્શકતા વધારી છે.

ગ્રામીણ વિસ્તારોમાં સરકાર ખેડૂતો અને અન્ય લોકોનું જીવન અને વાતાવરણ સુધારવા માટે એમની સાથે ગાઢ સંપર્કમાં રહી એની કામગીરી ચાલુ રાખશે, એમ નાણામંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું. એમણે ખૂબજ સ્પષ્ટ શબ્દોમાં ભારપૂર્વક કહ્યું હતું કે આ સંબંધમાં કોઈ બાંધછોડ નહીં થાય. ગ્રામીણ વિસ્તારોના લોકોને નવા કૌશલ્યથી સુસજ્જ કરવા ખાસ વ્યૂહ ઘડવામાં આવશે. આશરે ૫ લાખ લોકોને ૨૦૨૨ સુધીમાં કડિયાકામની તાલીમ પૂરી પાડવામાં આવશે અને તાત્કાલિક લક્ષ્યાંક ૨૦૧૭-૧૮ના અંત સુધીમાં ઓછામાં ઓછા ૨૦,૦૦૦ લોકોને કડીયાકામની તાલીમ પૂરી પાડવાનું છે. વિકાસ કાર્યક્રમોના અમલ માટે પંચાયતી રાજ સંસ્થાઓમાં હજી પણ માનવ સંસાધનોનો અભાવ - તંગી વર્તાય છે. એના ઉકેલ માટે ૨૦૧૭-૧૮ દરમિયાન "પરિણામો માટે માનવ સંસાધન સુધારણા" નો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે.

### સબ કા સાથ સબ કા વિકાસ

ગ્રામીણ લોકો અને ખેડૂત સમાજને સહાય કરવાના સંદર્ભમાં, આ સરકારના "સબ કા સાથ સબ કા વિકાસ" સૂત્રનો ઉલ્લેખ કરવો જરૂરી છે. આ સંબંધમાં નાણામંત્રીનો અંદાજપત્ર પરત્વેના અભિગમનો આરંભ કન્યા-છોકરી અને મહિલાઓથી થાય છે. દેશનાં ગામડાંમાં ૧૪ લાખ આઈસીડીએસ આંગણવાણી કેન્દ્રોમાં મહિલાશક્તિ કેન્દ્રો સ્થાપવામાં આવશે જેને માટે રૂ. ૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ કેન્દ્રમાં મહિલાઓના સશક્તિકરણ માટે એક જ સ્થળે અનેકવિધ ટેકારૂપ સેવાઓ પૂરી પાડવામાં આવશે, જે એમને માટે કૌશલ્ય વિકાસ, રોજગારી, ડિજિટલ સાક્ષરતા, આરોગ્ય અને પોષણની તકો પૂરી પાડશે.

ગર્ભવતી સ્ત્રીઓ માટે નાણાંકીય સહાયની રાષ્ટ્રવ્યાપી યોજનાની જાહેરાત પ્રધાનમંત્રીએ ગઈ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ કરી હતી. આ યોજના હેઠળ જે મહિલાઓ એમની પ્રસૂતિ હૉસ્પિટલમાં કરાવે અને એનાં બાળકોને વિવિધ રોગો સામે રક્ષણની રસી મુકાવે એમના બૅન્કના ખાતામાં મહિલા દીઠ રૂ. ૬૦૦૦ની રકમ જમા થશે. આ યોજના ગ્રામ વિસ્તારોના લોકો માટે ઘણી સહાયક બનશે.

### પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના

બીજી એક ઉલ્લેખપાત્ર જાહેરાત, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના માટે કરવામાં આવેલી રૂ. ૧૯૦૦૦ કરોડની ફાળવણીની છે, જેનો ઉદ્દેશ દેશમાંની બધી જ ગ્રામીણ વસાહતોને રસ્તાથી જોડવાનો છે એમ માનવામાં આવે છે કે ગ્રામ સડકો માટે રાજ્ય સરકારો પણ જે ખર્ચ કરશે, એને ધ્યાનમાં લેતાં આ યોજના માટે કુલ લગભગ રૂ. ૨૭૦૦૦ કરોડનો ખર્ચ થશે. નાણામંત્રીએ જણાવ્યું હતુ કે, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ૨૦૧૧-૧૪ દરમિયાન દેશમાં રોજ સરેરાશ ૭૩ કિમી લંબાઈના રસ્તાનું બાંધકામ થયું હતું, એની સામે ૨૦૧૬-૧૭માં દરરોજ ૧૩૩

ક્રિમીના રસ્તાનું બાંધકામ થયું હતું.

ગરીબ લોકો માટેની આવાસ યોજના પ્રધાનમંત્રી આવાસ યોજના માટેની ફાળવણી ૪૪ ટકા વધારી ૨૦૧૭-૧૮માં રૂ. ૨૩૦૦૦ કરોડ કરવામાં આવી છે, જેનું લક્ષ્ય ગરીબો માટે એક કરોડ આવાસો બાંધવાનું છે. આજ પ્રમાણે ગ્રામવીજળીકરણ માટેની દીનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના અંગેની ફાળવણીમાં ગયા બજેટની સરખામણીએ ૨૦૧૭-૧૮માં વિક્રમરૂપ ૪૩ ટકાનો વધારો કરી આ ફાળવણી રૂ. ૪૮૧૪ કરોડ કરવામાં આવી છે.

એ કહેવાની ભાગ્યે જ જરૂરિયાત છે કે ગ્રામીણ આંતરમાળખાની સુધારણા અને ભારતના ખેડૂતોને મદદરૂપ થવાનાં પગલાં ભારતીય અર્થતંત્રના એકંદર વિકાસ માટેના સૌથી મહત્ત્વના પરિબળો છે.

આમ, કૃષિવિષયક વિકાસને ધ્યાનમાં રાખી ઘડાયેલી પાયાના ગ્રામીણ આંતરમાળખાને લગતી વિવિધ યોજનાઓનો અગાઉ કરતાં વધુ સર્વગ્રાહી રીતે અને વધુ પ્રત્યક્ષ રીતે અમલ કરવાની આવશ્યકતા છે. આ બાબતને ધ્યાનમાં રાખીને છેલ્લાં અઢી વર્ષમાં શ્રેણીબદ્ધ પગલાં ભરવામાં આવ્યાં છે અને યોજનાઓ એવી રીતે ઘડવામાં આવી છે કે જેથી ગામડાંમાં તેમજ નાનાં નગરોમાં લોકોને માટે લાભદાયક રોજગારીનું નિર્માણ સુનિશ્ચિત થઈ શકે. અને એની સાથોસાથ લાભાર્થી કુટુંબોની સપાટીએ મૂળભૂત સાધનો નિષ્પન્ન થાય ખેતીમાં સુધારો આવે આનુષંગિક ક્ષેત્રોને પણ ફાયદો થાય અને આ બધાનાં પરિણામ રૂપે ગ્રામીણ સુખાકારી અને આબાદી માટે માર્ગ મોકળો થાય.

## ગ્રામ વીજળીકરણ

અંદાજપત્રમાં બહુ જ સ્પષ્ટપણે જણાવાયું છે કે વર્તમાન સરકાર ગ્રામીણ વીજળીકરણને ઉચ્ચ અગ્રતાક્રમ આપી રહી છે. રાજીવ ગાંધી ગ્રામ્ય વિદ્યુતીકરણ યોજનાના અમલ છતાં ગ્રામીણ ભારતના કેટલાંક ભાગોમાં વીજળી નથી મળતી. કેન્દ્રીય વિદ્યુતમંત્રી પીયૂષ ગોયલે લોકસભામાં ૯મી ફેબ્રુઆરીએ જણાવ્યું હતું કે, ૧૦૦ ટકા વીજળીકરણ હાંસલ કરવા દેશનાં ૨૯માંથી ૨૮ રાજ્યોએ કેન્દ્રીય પ્રોજેક્ટ અનુસાર કામ કરવાનું સ્વીકાર્યું છે. દેશનાં વીજળી વિહોણાં દુર્ગમ અને માઓવાદી હિંસાથી ત્રસ્ત ગામડાં સહિત જે ૧૮૫૪૨ ગામડાં વીજળીથી વંચિત છે, એને વીજળીથી ઝળહળતાં કરવા માટે વર્તમાન સરકારે પગલાં ભર્યાં છે. આ કાર્યને અગ્રતાક્રમ આપી ગ્રામીણ વિકાસ મંત્રીલયે દિલ્હીની જેમ, નકામાં, પ્રદૂષિત પાણી અને ગટરનાં પાણીનો વીજળી ઉત્પન્ન કરવા માટે ફરીથી ઉપયોગ કરવાની દરખાસ્ત કરી છે. ગામડાંને વીજળીથી ઝળહળતાં કરવા સૂર્યશક્તિમાંથી વીજળીનું ઉત્પાદન કરવા પણ પગલાં ભરવાની વિચારણા છે.

## અંદાજપત્રમાંની મહત્ત્વની જાહેરાતો

- ખેડૂતોને ધિરાણ માટે રૂ. ૧૦ લાખ કરોડનો વિક્રમરૂપ લક્ષ્યાંક
- સૉઇલ હેલ્થકાર્ડનું વિસ્તારણ, જમીનના નમૂનાના પરીક્ષણ માટે કૃષિવિજ્ઞાન કેન્દ્રોમાં મીની પ્રયોગશાળાની થનારી સ્થાપના
- લાંબાગાળાની સિંચાઈ માટે નાબાર્ડમાં રૂ. ૪૦,૦૦૦ કરોડનું ફંડ
- કરારબદ્ધ ખેતી અંગેનો નમૂનારૂપ કાયદો રાજ્યોને ટીકાટિપ્પણી માટે મોકલાશે.
- ડેરી પ્રોસેસીંગ માટે આંતરમાળખાની સગવડો સંબંધમાં રૂ. ૮૦૦૦ કરોડનું ભંડોળ
- ગરીબી રેખા હેઠળના એક કરોડ પરિવારોને મિશન અંત્યોદય હેઠળ ગરીબી રેખાની ઉપર લાવવામાં આવશે.
- મનરેગા માટે અત્યાર સુધીમાં સૌથી વધુ રૂ. ૪૮૦૦૦ કરોડની વિક્રમ ફાળવણી.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના માટે રૂ. ૧૯૦૦૦ કરોડની ફાળવણી રાજ્યોનાં ખર્ચને ધ્યાનમાં લેતાં કુલ રૂ. ૨૭૦૦૦ કરોડનો ખર્ચ થશે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના માટે રૂ. ૨૩૦૦૦ કરોડની ફાળવણી
- મે, ૨૦૧૮ સુધીમાં ૧૦૦ ટકા ગામડાંને વીજળીથી ઝળહળતાં કરવાનો લક્ષ્યાંક

**લેખક નવી દિલ્હીમાં ધ સ્ટેટ્સમેનમાં વિશેષ પ્રતિનિધિ છે.**
**E-mail:nirendev1@gmail.com**

# વર્ષ ૨૦૧૭-૧૮ના સ્વાસ્થ્ય સંબંધિત અંદાજપત્રમાં ઊંચી વૃદ્ધિ


રાજીવ આહુજા




*કેન્દ્ર સરકારની સ્વાસ્થ્ય ક્ષેત્ર માટેની ફાળવણીમાં ઊંચી વૃદ્ધિ વર્ષ ૨૦૧૦-૧૧ સુધી જળવાઈ રહી હતી. વર્ષ ૨૦૧૦-૧૧માં વૃદ્ધિદર ૧૦ ટકાથી ઓછો હતો અને વર્ષ ૨૦૧૫-૧૬ સુધી વૃદ્ધિદર ઓછો જળવાઈ રહ્યો હતો. હવે તેમાં વધારાની શરૂઆત થઈ છે. ૨૦૧૬-૧૭ માટે સ્વાસ્થ્ય ક્ષેત્ર માટેનો ખર્ચ ઉપલબ્ધ નથી, છતાં સુધારેલા અંદાજો મુજબ આ વર્ષ માટે સ્વાસ્થ્ય ખર્ચમાં આશરે ૧૭ ટકાની વૃદ્ધિ થવાની શક્યતા છે. અન્ય એક મહત્ત્વપૂર્ણ બાબત છે કે વર્ષ ૨૦૧૫-૧૬માં સ્વાસ્થ્ય ક્ષેત્ર માટેની ફાળવણીમાં ૧૫ ટકા સુધી (વૃદ્ધિ દર -૧૫ ટકા)નો ઘટાડો થયો હતો, સ્વાસ્થ્ય ક્ષેત્ર માટેના ખર્ચમાં ૯ ટકાની વૃદ્ધિ થઈ હતી, જે બજેટના અર્ધવાર્ષિક સુધારા દરમિયાન સુધારો સૂચવે છે.*

પુનિયન બજેટમાં સ્વાસ્થ્ય માટેની ફાળવણી વધીને રૂ. ૫૦,૨૮૩ કરોડ થઈ છે, જે અગાઉના બજેટમાં આ ક્ષેત્ર માટે કરવામાં આવેલી રૂ. ૩૯,૫૩૩ કરોડની ફાળવણીની સરખામણીમાં આશરે ૨૭ ટકા વૃદ્ધિ સૂચવે છે. છેલ્લાં ૧૫ વર્ષમાં કોઈ પણ બજેટમાં સ્વાસ્થ્ય માટે કરવામાં આવેલી ફાળવણીમાં આ સૌથી વધુ વધારો છે. આ માટેની નીચેનો ગ્રાફ જુઓ. આગામી નાણાકીય વર્ષમાં તબીબી ફુગાવો સ્થિર રહેવાની અપેક્ષા છે, ત્યારે તેને સરભર કર્યા પછી વાસ્તવિક દૃષ્ટિએ પણ તે સ્વસ્થ વૃદ્ધિનું પ્રતિનિધિત્વ કરે છે.

કેન્દ્ર સરકારની સ્વાસ્થ્ય ક્ષેત્ર માટેની ફાળવણી અને ખર્ચમાં ટ્રેન્ડ પર નજર નાખવાથી કેન્દ્ર સરકાર સ્વાસ્થ્ય ક્ષેત્રને કેટલું મહત્ત્વ આપે છે, એ સમજવામાં મદદ મળશે.




**સ્ત્રોતઃ કેન્દ્ર સરકારનાં બજેટનો વિવિધ વર્ષોમાં દસ્તાવેજ**

ઉપરોક્ત ગ્રાફ કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૦૪-૦૫થી વર્ષ ૨૦૧૭-૧૮ વચ્ચે સ્વાસ્થ્ય ક્ષેત્ર માટે કરેલી ફાળવણી અને ખર્ચ (સાધારણ દૃષ્ટિએ)માં વૃદ્ધિદર સૂચવે છે. અહીં સંદર્ભને ધ્યાનમાં રાખવો મહત્ત્વપૂર્ણ છે. આ ગાળો જાહેર સ્વાસ્થ્ય માટેના ખર્ચમાં ઓછા ભંડોળની સાથે તેમાં વૃદ્ધિમાં ઘટાડો સૂચવે છે. સેવા પૂરી પાડવા આ ખર્ચમાં વધારો કરવા વર્ષ ૨૦૦૫-૦૬ ઊંચી આર્થિક વૃદ્ધિ અને ઊંચી સરકારી આવકના સમયમાં રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. અત્યાર સુધી વર્ષ ૨૦૦૪-૦૫થી

વર્ષ ૨૦૧૭-૧૮ સુધી કેન્દ્ર સરકારની સ્વાસ્થ્ય ક્ષેત્ર માટેની ફાળવણીમાં આ તમામ વર્ષોમાં વર્ષ ૨૦૧૩-૧૪થી વર્ષ ૨૦૧૫-૧૬ વચ્ચેનાં ત્રણ વર્ષને બાદ કરતાં તમામ વર્ષોમાં વાર્ષિક ૧૦ ટકાથી વધારે વૃદ્ધિ થઈ છે. આ ત્રણ વર્ષના ગાળામાં કેન્દ્ર સરકારમાં સત્તા પરિવર્તન થયું હતું અને ઉપરાંત ૧૪મા નાણા પંચની ભલામણો મુજબ સરકારને પ્રાપ્ત કરવેરાના હિસ્સામાં વધારો થયો હતો. રાજ્યને કરવેરાની આવકમાં વધારો થવાથી સરકારને સ્વાસ્થ્ય સહિત વિવિધ સામાજિક ક્ષેત્રો માટે ભંડોળ પૂરું પાડવા વધારે ભંડોળ મળ્યું હતું.

કેન્દ્ર સરકારની સ્વાસ્થ્ય ક્ષેત્ર માટેની ફાળવણીમાં ઊંચી વૃદ્ધિ વર્ષ ૨૦૧૦-૧૧ સુધી જળવાઈ રહી હતી. વર્ષ ૨૦૧૦-૧૧માં વૃદ્ધિદર ૧૦ ટકાથી ઓછો હતો અને વર્ષ ૨૦૧૫-૧૬ સુધી વૃદ્ધિદર ઓછો જળવાઈ રહ્યો હતો. હવે તેમાં વધારાની શરૂઆત થઈ છે. ૨૦૧૬-૧૭ માટે સ્વાસ્થ્ય ક્ષેત્ર માટેનો ખર્ચ ઉપલબ્ધ નથી, છતાં સુધારેલા અંદાજો મુજબ આ વર્ષ માટે સ્વાસ્થ્ય ખર્ચમાં આશરે ૧૭ ટકાની વૃદ્ધિ થવાની શક્યતા છે. અન્ય એક મહત્ત્વપૂર્ણ બાબત છે કે વર્ષ ૨૦૧૫-૧૬માં સ્વાસ્થ્ય ક્ષેત્ર માટેની ફાળવણીમાં ૧૫ ટકા સુધી (વૃદ્ધિ દર -૧૫ ટકા)નો ઘટાડો થયો હતો, સ્વાસ્થ્ય ક્ષેત્ર માટેનો ખર્ચમાં ૯ ટકાની વૃદ્ધિ થઈ હતી, જે બજેટના અર્ધવાર્ષિક સુધારા દરમિયાન સુધારો સૂચવે છે.

આ પૃષ્ઠભૂમિમાં વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં સ્વાસ્થ્ય ક્ષેત્ર માટેની ફાળવણીમાં આશરે ૨૭ ટકાની વૃદ્ધિ ઊંચો વધારો સૂચવે છે. જો ૨૦૧૭-૧૮માં કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય ક્ષેત્ર માટે આયોજન મુજબ અમલ થાય, તો તે સ્વાસ્થ્ય માટેના ખર્ચમાં પણ ઊંચી વૃદ્ધિ સૂચવશે. સ્વાસ્થ્ય માટેના ખર્ચને સ્વાસ્થ્ય માટેની ફાળવણી સાથે શા માટે સરખાવવામાં આવશે? છેલ્લાં ૨ વર્ષમાં બજેટના વપરાશના દરમાં સુધારો આ વિશ્વાસ વધારે છે. નીચેનું ટેબલ જુઓ.

| બજેટના ઉપયોગનો દર | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ |
|---|---|---|---|---|---|---|---|
| બજેટ ફાળવણીમાં સુધારાનો હિસ્સો | ૯૯.૬ | ૯૨.૯ | ૮૪.૯ | ૮૨.૬ | ૮૧.૫ | ૧૦૫.૦ | ૧૦૩.૭ |
| બજેટ ફાળવણીમાં વાસ્તવિક હિસ્સો | ૯૭.૨ | ૮૫.૦ | ૮૦.૯ | ૮૦.૭ | ૮૧.૯ | ૧૦૫.૭ | |

**સ્ત્રોતઃ વિવિધ વર્ષોમાં કેન્દ્ર સરકારના બજેટનો દસ્તાવેજ**

**બજેટની ફાળવણી**

કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૧૭-૧૭ના બજેટમાં સ્વાસ્થ્ય ક્ષેત્ર માટેની ફાળવણીમાં ૯૪ ટકા હિસ્સો ધરાવતા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના બજેટનો વિસ્તૃત વિચાર કરીએ તો કેટલાંક રસપ્રદ પાસાં જાણવા મળે છે (નીચેનું ટેબલ જુઓ):

- બજેટ સરળતાપૂર્વક સમજાય એ માટે પુનર્ગઠિત કરવામાં આવ્યું છે;
- સ્વાસ્થ્ય માટેના બજેટનો આશરે ૫૯ ટકા હિસ્સો રાષ્ટ્રીય સ્વાસ્થ્ય અભિયાન અને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સંરક્ષણ યોજના જેવી કેન્દ્ર સરકારની યોજનાઓ હેઠળ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને હસ્તાંતરિત કરવામાં આવશે;
- પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (પીએમએસએસવાય) સહિત કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓને ફક્ત ૧૫ ટકા હિસ્સો મળશે. પીએમએસએસવાય અંતર્ગત એમ્સ જેવી સંસ્થાઓની સ્થાપના અને મેડિકલ કોલેજ સંસ્થાઓનું અપગ્રેડેશન સામેલ છે;
- બજેટની ફાળવણીમાં આરોગ્ય અને તબીબી શિક્ષણ માટે માનવ સંસાધનોને ફાળવણીમાં સૌથી વધુ વધારો (રૂ. ૩૪૨૫ કરોડનો વધારો) મળ્યો છે અને ત્યારબાદ એનઆરએચએમને (રૂ. ૩૧૦૦ કરોડ) અને પીએમએસએસવાયને (રૂ. ૧૫૨૫ કરોડ)નો વધારો મળ્યો છે. કુલ આ ત્રણ યોજનાઓ માટેના ખર્ચમાં આશરે ૮૦ ટકાનો વધારો થયો છે;
- તબીબી વ્યાવસાયિકોની ખેંચને ધ્યાનમાં રાખીને, ખાસ કરીને સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર્સની, સ્વાસ્થ્ય માટે માનવ સંસાધનો ઊભાં કરવા સરકારની પ્રાથમિકતા છે. બજેટના ભાષણમાં નાણાપ્રધાને દર વર્ષે નવી ૫,૦૦૦ પોસ્ટ ગ્રેજ્યુએટ બેઠકો ઊભી કરવાની વાત કરી હતી. એટલે બજેટમાં સ્વાસ્થ્ય અને તબીબી શિક્ષણ માટે માનવ સંસાધનો માટેની ફાળવણીમાં સૌથી વધુ વધારો કરવામાં આવ્યો છે, એમાં કોઈ નવાઈ નથી;
- સ્વાસ્થ્ય ક્ષેત્ર માટેના બજેટમાં એનઆરએચએમને સૌથી વધુ ફાળવણી થઈ છે — સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને કુલ ફાળવણીનો આશરે ૪૫ ટકા હિસ્સો છે. જોકે એનઆરએચએમની અંદર ફાળવણી એનઆરએચએમ હેઠળ સ્વાસ્થ્ય વ્યવસ્થાને મજબૂત કરવા વધારે ભાર મૂકવાનું સૂચવે છે;
- બજેટમાં મૂડીગત ખર્ચમાં વધારો કરીને રૂ. ૩,૫૧૦ કરોડ કરવામાં આવ્યો છે, જે વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૧૭૬૦ કરોડ હતો, જેમાં મોટા ભાગનો ખર્ચ પીએમએસએસવાય હેઠળ સરકારી હૉસ્પિટલોમાં મૂડીગત ખર્ચ પર થશે.

**સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું બજેટ**

**રૂ. કરોડમાં**

| | | બજેટ ૨૦૧૬-૧૭ | બજેટ ૨૦૧૭-૧૮ | વાસ્તવિક ફેરફાર | ટકાવારીમાં ફેરફાર |
|---|---|---|---|---|---|
| | | A | B | B – A | %માં |
| ૧ | કેન્દ્ર સરકારનો સંસ્થાગત ખર્ચ | ૩૮૦૪ | ૪૭૩૧ | ૯૨૭ | ૨૪.૪ |
| ૨ | કેન્દ્ર સરકારની યોજનાઓ/પ્રોજેક્ટ્સ, | ૪૭૮૯ | ૬૯૬૭ | ૨૧૭૮ | ૪૫.૫ |
| | જેમાં પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના માટે | ૨૪૫૦ | ૩૯૭૫ | ૧૫૨૫ | ૬૨.૨ |
| ૩ | કેન્દ્ર સરકારના ક્ષેત્રના અન્ય ખર્ચ, જેમાં | ૬૬૦૭ | ૭૯૬૫ | ૧૩૫૮ | ૨૦.૬ |
| | કાયદેસર અને નિયમનકારી સંસ્થાઓ | ૧૦૦ | ૧૭૧ | ૭૧ | ૭૧.૦ |
| | સ્વાયત્ત સંસ્થાઓ | ૫૧૭૪ | ૬૦૮૮ | ૯૧૪ | ૧૭.૭ |
| | અન્ય | ૧૩૩૩ | ૧૭૦૬ | ૩૭૩ | ૨૮.૦ |
| ૪ | કેન્દ્ર સરકાર પ્રાયોજિત યોજનાઓ (a + b) | ૨૧૮૬૨ | ૨૭૬૯૧ | ૫૮૨૯ | ૨૬.૭ |
| | (a) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય અભિયાન, જેમાં | ૨૦૬૩૨ | ૨૬૬૯૧ | ૬૩૨૯ | ૩૧.૧ |
| | રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય અભિયાન | ૧૮૦૮૭ | ૨૧૧૮૯ | ૩૧૦૨ | ૧૭.૨ |
| | રાષ્ટ્રીય શહેરી સ્વાસ્થ્ય અભિયાન | ૯૫૦ | ૭૫૨ | -૧૯૮ | -૨૦.૮ |
| | ટર્શરી કેર કાર્યક્રમો | ૭૨૫ | ૭૨૫ | ૦.૦ | ૦.૦ |
| | સ્વાસ્થ્ય અને તબીબી શિક્ષણ માટે માનવ સંસાધનો | ૬૦૦ | ૪૦૨૫ | ૩૪૨૫ | ૫૭૦.૮ |
| | (b) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સંરક્ષણ યોજના | ૧૫૦૦ | ૧૦૦૦ | -૫૦૦ | -૩૩.૩ |
| | કુલ | ૩૭૦૬૨ | ૪૭૩૫૪ | ૧૦૨૯૨ | ૨૭.૮ |

**સ્ત્રોતઃ કેન્દ્ર સરકારનું બજેટ ૨૦૧૭-૧૮**

### ઊંચી અપેક્ષાઓ અને તેનો આધાર

જોકે આ બજેટમાં સ્વાસ્થ્ય માટેની ફાળવણીમાં કરવામાં આવેલા ૨૭ ટકાના વધારાથી અનેક પક્ષકારો ખુશ નથી, જેઓ આ બજેટમાંથી વધારે ફાળવણીની અપેક્ષા રાખતા હતા. આ બજેટમાં ઊંચી અપેક્ષાનો આધાર શું હોઈ શકે? એક, ચોક્કસ, ભારતની સરકારી સ્વાસ્થ્ય પાછળ ઓછો ખર્ચ અને બે, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સંરક્ષણ યોજના સાથે સંબંધિત કોઈ પણ જાહેરાત કરવામાં આવી નથી તેમજ તાજેતરમાં જાહેર થયેલા નવા કાર્યક્રમોમાંથી કેટલાંક માટે ભંડોળની અસ્પષ્ટતા. ચાલો, આ બંને કારણોનો થોડો વિગતે વિચાર કરીએ.

ભારતમાં સરકારી સ્વાસ્થ્યમાં ઓછો ખર્ચઃ જીડીપીમાં સરકારી સ્વાસ્થ્ય ક્ષેત્રનો હિસ્સો વર્ષ ૨૦૧૪-૧૫માં ૧.૩ ટકા હતો કે વર્ષ ૨૦૧૪-૧૫માં કુલ સરકારી ખર્ચમાં હિસ્સો આ ક્ષેત્રનો હિસ્સો ૪.૮ ટકા હતો કે માથાદીઠ ખર્ચ વર્ષ ૨૦૧૩-૧૪માં ૨૦ ડૉલરથી ઓછો હતો. આ ત્રણેય પાસાંની દૃષ્ટિએ અન્ય વિકાસશીલ અને વિકસિત દેશોની સરખામણીમાં ભારત સ્વાસ્થ્ય ક્ષેત્ર માટે ઓછો ખર્ચ કરે છે. જોકે ભારતમાં સરકારી સ્વાસ્થ્ય ક્ષેત્ર માટેનો ખર્ચ અગાઉથી જ ઓછો છે. એટલે એકાએક તેમાં જંગી વધારો થાય તેવી આશા રાખવી ઉચિત નથી. ઉપરાંત કેન્દ્ર સરકાર સરકારના સ્વાસ્થ્ય ક્ષેત્ર પાછળના કુલ ખર્ચમાં ફક્ત ૩૩ ટકા હિસ્સાનો જ ઉપયોગ કરે છે. તેનો અર્થ એ થયો કે ૬૬ ટકા સરકારી ખર્ચ રાજ્ય સરકારો કરે છે. એટલે રાજ્ય સરકારો ભારતમાં સ્વાસ્થ્ય માટેના ખર્ચમાં વધારો કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ધરાવે છે. ૧૪મા નાણાકીય પંચની ભલામણોના અમલ સાથે હેલ્થકેરના ભંડોળમાં રાજ્ય સરકારોની ભૂમિકામાં વધારો થયો છે.

પ્રાદેશિક સ્તરે હેલ્થકેર સાથેની સમસ્યા તેના ફાઇનાન્સ સાથે નથી. રાજ્યો પણ સ્વાસ્થ્ય સંબંધિત સેવાઓ પૂરી પાડવા જવાબદાર છે. સ્વાસ્થ્યની સારસંભાળ માટે

સરકારી સેવા પૂરી પાડવાની વ્યવસ્થામાં મોટો ફરક છે, એ જાણીતી હકીકત છે. અમલીકરણ સંસ્થાઓ ધરાવતી રાજ્ય સરકારો વાસ્તવિક સ્થિતિથી વધારે વાકેફ હોવાથી હેલ્થકૅર સેવા પ્રદાન કરવા અને તેના માટે યોગ્ય દિશામાં ભંડોળ પૂરું પાડવાની બાબત વધારે સારી રીતે સમજે છે. આ બંને પાસાંને વધારે અસરકારક બનાવવાની જરૂર છે.

રાજ્ય સરકારો સ્વાસ્થ્ય ક્ષેત્ર પર વધારે ખર્ચ કરશે, તો સ્વાસ્થ્ય સેવાઓની ગુણવત્તામાં સુધારો થશે. આરોગ્ય સેવાઓમાં સુધારો સેવા પૂરી પાડવા રહેલી ખામીઓ દૂર કરવા સાથે સંબંધિત નથી. સેવા પૂરી પાડવાની વ્યવસ્થા માટે રોગના ભારણમાં ફેરફાર થવાથી વસતિની જરૂરિયાતો વધારે અસરકારક રીતે પૂરી પાડવા શ્રેષ્ઠ વ્યવસ્થાપન અને ડિલિવરી સિસ્ટમની જવાબદારી વચ્ચે સહસંબંધ છે. આ સહસંબંધને અસરકારક બનાવવા રાજકીય પ્રતિબદ્ધતા, મજબૂત નેતૃત્વ અને દરેક રાજ્યમાં વિઝનની જરૂર છે.

**રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સંરક્ષણ યોજના (એનએચપીએસ) :** પ્રધાનમંત્રીએ ઑગસ્ટ, ૨૦૧૬માં સ્વતંત્રતા દિનના ભાષણમાં ઉલ્લેખ કર્યો હતો કે તેમની સરકાર ગરીબોને રૂ. એક લાખ સુધીનું સ્વાસ્થ્ય વીમાકવચ પૂરું પાડવાની યોજના પર કામ કરે છે. વળી ફેબ્રુઆરી, ૨૦૧૬માં નાણામંત્રીએ પણ તેમની સરકારનો એનએચપીએસ લૉંચ કરવાનો ઇરાદો જાહેર કર્યો હતો, જે હૉસ્પિટલમાં ભરતી થઈને સારવાર મેળવવાના ખર્ચ સામે ઊંચું નાણાકીય સંરક્ષણ પૂરું પાડવાની સાથે વસતિના મોટા ભાગને આવરી લેશે. આ પૃષ્ઠભૂમિમાં બજેટ ૨૦૧૭-૧૮માં સરકારે જાહેર કરેલી એનએચપીએસની આસપાસ અપેક્ષાઓ ઊભી થઈ હતી. નાણામંત્રીએ આ પ્રકારની કોઈ જાહેરાત કરી નહોતી, પણ પ્રજાની અપેક્ષા વધી છે.

તમામ શક્યતાઓનો વિચાર કરીએ તો યોજનાની જાહેરાત મોકૂફ રાખવામાં આવી છે, પણ પડતી મૂકવામાં આવી નથી. કદાચ પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓને કારણે આવું કરવામાં આવ્યું હોય તેવું બની શકે છે.

તે જ રીતે કેટલીક નવી યોજનાઓ માટે ભંડોળની તાજેતરમાં જાહેરાત થઈ છે, પણ તે સ્પષ્ટ નથી. ઉદાહરણ તરીકે સંસ્થાકીય સેવા અને રસીકરણને પ્રોત્સાહન આપવા ગર્ભવતી માતાને રૂ. ૬,૦૦૦ રોકડ હસ્તાંતરિત કરવાની યોજના તેમજ વર્ષ ૨૦૧૭ સુધીમાં કાલા-અઝાર અને ફિલારિઆસિસ, વર્ષ ૨૦૨૦ સુધીમાં ઓરી, વર્ષ ૨૦૨૫ સુધીમાં ટીબી નાબૂદ કરવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક હાંસલ કરવાનો આધાર રાજ્ય સરકારોની આ કામગીરીઓ માટે ફાળવવામાં આવેલ ભંડોળનો ઉપયોગ કરવાની ક્ષમતા પર છે. જોકે આ યોજના માટે ફાળવણી કરવામાં આવી છે કે નહીં એ સ્પષ્ટ નથી. જો કાર્યકારી યોજનાઓ વિકસાવવામાં આવી હોય, તો ભંડોળની જોગવાઈ કરવી પડશે.

ઉપરાંત નાણામંત્રીએ સમગ્ર દેશમાં હેલ્થ ઍન્ડ વેલનેસ સેન્ટર્સમાં આરોગ્ય પેટાકેન્દ્રો (એસસી)ની કાયાપલટ કરવાની જાહેરાત કરી હતી. જોકે સમગ્ર દેશમાં ૧.૫ લાખ એસસીની કાયાપાલટ કરવા માટે કોઈ સમયમર્યાદા નક્કી કરવામાં આવી નથી, કે આ માટે અત્યારે કોઈ ભંડોળ ફાળવવામાં આવ્યું નથી. કદાચ તેની પાછળનો વિચાર કરવામાં આવ્યો છે, જે માટે આગામી થોડાં વર્ષોમાં ભંડોળ મેળવવામાં આવશે. વળી, બજેટમાં વાજબી કિંમતે દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને જેનેરિક દવાઓને તથા તબીબી ઉપકરણોનાં નિયમનોને પ્રોત્સાહન આપવા દવાઓ અને કૉસ્મેટિક નિયમોના સુધારા જેવી જાહેરાતો કરવામાં આવી છે, જે બહુ અંદાજપત્રીય અસર ધરાવતી નથી.

સંપૂર્ણપણે જોઈએ, તો કેન્દ્ર સરકારનું બજેટ ઉપયોગી અને અસરકારક છે. હવે બધાની નજર આગામી અઠવાડિયાંઓ અને મહિનાઓમાં જાહેર થનાર રાજ્ય સરકારોનાં બજેટ પર છે. જોવાનું એ છે કે કયું રાજ્ય સ્વાસ્થ્ય ક્ષેત્રને નાણાકીય ભંડોળ અને સ્વાસ્થ્ય સંબંધિત સેવાઓ પૂરી પાડવા એમ બંનેમાં પ્રાથમિકતા આપવાની કામગીરીમાં આગેવાની લે છે.

**લેખક વિકાસશીલ અર્થતંત્રો સાથે સંબંધિત બાબતોમાં નિષ્ણાત અર્થશાસ્ત્રી છે, જેઓ અગાઉ બિલ ઍન્ડ મેલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન (બીએમજીએફ) અને વર્લ્ડ બૅન્કમાં કામ કરતા હતા.**

**E-mail:ahujaahuja@yahoo.com**

# કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૭-૧૮માં કૃષિને મોટું પ્રોત્સાહન

**લક્ષ્મી જોષી અને વી. પી. આહુજા**




*સરકારે આગામી પાંચ વર્ષમાં ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પ સાથે છેલ્લાં બે વર્ષ દરમિયાન કૃષિમાં વિવિધ પહેલોની જાહેરાત કરી છે. આ યોજનાઓમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (પીએમકેએસવાય), પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના (પીએમએફબીવાય), અને ઈલેક્ટ્રોનિક પ્લૅટફોર્મ મારફત ખેત પેદાશોના વેચાણ માટે રાષ્ટ્રીય કૃષિ બજાર (ઇ-નામ)ની રચનાનો સમાવેશ થાય છે. કેન્દ્રીય બજેટ ૨૦૧૭-૧૮માં પણ નાબાર્ડ સાથે રૂ. ૫૦૦૦ કરોડનું માઈક્રો-ઈરીગેશન ભંડોળ ઊભું કરવાની દરખાસ્ત છે. ભારતમાં ૧૪.૧ કરોડ હૅક્ટર જમીનમાંથી ૫૪ ટકાથી વધુ જમીન સિંચાઈ માટે જરૂરી માળખાગત સુવિધાઓ પણ ધરાવતી ન હોવાથી આ પગલું આવકારદાયક છે.*

વર્ષ ૨૦૧૭ના અંદાજપત્રમાં કૃષિ ક્ષેત્ર માટે અનેક જાહેરાતો કરવામાં આવી છે. આ બધા જ પગલાં એક સાથે લેવામાં આવે તો ભારતીય ખેડૂતોને ઘણી રાહત મળી શકે, વપરાશમાં વૃદ્ધિ થઇ શકે અને કૃષિ તથા સંલગ્ન ક્ષેત્રોમાં તેજી આવી શકે છે. વર્તમાન અંદાજપત્ર આંતરસંબંધિત ક્ષેત્રો માટે મહત્ત્વપૂર્ણ બળ પૂરું પાડનાર છે. જેમ કે, બાગાયત અને ડેરી સેક્ટર્સમાં ફાળવણી વધારવામાં આવી છે, જેનાં પરિણામ ભવિષ્યમાં જોવા મળશે. કૃષિ ક્ષેત્રે વર્ષ ૨૦૧૫-૧૬માં ૪.૧ ટકાની સ્વસ્થ વૃદ્ધિ નોંધાવી હતી. જોકે, દુષ્કાળના પરિણામે વૃદ્ધિમાં ૨ ટકાનો ઘટાડો થયો હતો. અંદાજપત્ર કૃષિમાં બજારમાં સુધારાને આગળ વધારે છે અને પાક વીમા માટે ભંડોળ વધારવામાં આવ્યું છે તથા કૃષિ ધિરાણ માટે લક્ષ્યાંકો ઊંચા નિશ્ચિત કરાયા છે. અંદાજપત્રમાં સિંચાઈ સુવિધાઓ વધારવા અને ડેરી સેક્ટર વિકસાવવા માટેની યોજનાઓના અમલના કામ સાથે સર્વોચ્ચ ગ્રામીણ બૅન્ક નેશનલ બૅન્ક ફૉર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ)ને ભંડોળની ફાળવણી કરવામાં આવી છે.

કૃષિ ક્ષેત્રની વૃદ્ધિને બળ આપવાના ભાગરૂપે બજેટ ૨૦૧૭-૧૮માં ધિરાણ ક્ષેત્રને સૌથી વધુ અગ્રતા મળી છે. વર્ષ ૨૦૧૭-૧૮ માટે રૂ. ૧૦ લાખ કરોડની ફાળવણીનો લક્ષ્યાંક છે, જે રૂ. ૧ લાખ કરોડનો વધારો દર્શાવે છે. આ એક આવકારદાયક જોગવાઈ છે, કારણ કે તે કૃષિ ક્ષેત્રમાં ધિરાણ વધારશે.

સરકારે આગામી પાંચ વર્ષમાં ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પ સાથે છેલ્લાં બે વર્ષ દરમિયાન કૃષિમાં વિવિધ પહેલોની જાહેરાત કરી છે. આ યોજનાઓમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (પીએમકેએસવાય), પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના (પીએમએફબીવાય), અને ઇલેક્ટ્રોનિક પ્લૅટફોર્મ મારફત ખેત પેદાશોના વેચાણ માટે રાષ્ટ્રીય કૃષિ બજાર (ઇ-નામ)ની રચનાનો સમાવેશ થાય છે. કેન્દ્રીય બજેટ ૨૦૧૭-૧૮માં પણ નાબાર્ડ સાથે રૂ. ૫૦૦૦ કરોડનું માઇક્રો-ઈરીગેશન ભંડોળ ઊભું કરવાની દરખાસ્ત છે. ભારતમાં ૧૪.૧ કરોડ હૅક્ટર જમીનમાંથી ૫૪ ટકાથી વધુ જમીન સિંચાઈ માટે જરૂરી માળખાગત સુવિધાઓ પણ ધરાવતી ન હોવાથી આ પગલું આવકારદાયક છે.

રાષ્ટ્રીય કૃષિ બજાર (ઇ-નામ)નું વર્તમાન ૨૫૦ બજારમાંથી ૫૮૫ કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ (એપીએમસી) સુધી

વિસ્તરણ કરવાની દરખાસ્ત છે. વધુમાં સ્વચ્છતા, ગ્રેડિંગ અને પૅકેજિંગ સુવિધાઓ ઊભી કરવા માટે પ્રત્યેક ઈ-નામ બજારને રૂ. ૭૫ લાખ સુધીની સહાય કરવાની દરખાસ્ત છે. આ પગલાંથી ખેડૂતોને તેમના ઉત્પાદનોની મૂલ્ય વર્ધિત પેદાશોને પ્રોત્સાહનો આપવાનો લાભ મળી શકે છે.

બજેટમાં કોન્ટ્રાક્ટ ફાર્મિંગ પર એક મૉડેલ કાયદો તૈયાર કરીને રાજ્યોમાં તેનું વિતરણ કરવાનો પણ નિર્ણય લેવાયો છે, જેથી રાજ્યો આ કાયદો અપનાવીને ફળ અને શાકભાજીનું વાવેતર કરતા ખેડૂતોને વધુ સારા ભાવ મળી રહે અને લણણી બાદનું નુકસાન ઘટે તેની ખાતરી કરવા માટે એગ્રો-પ્રોસેસિંગ એકમો સાથે ખેડૂતોનું જોડાણ શક્ય બનાવી શકે. ખેડૂતો વચેટીયાઓની ચુંગાલમાંથી છૂટી શકે અને તેઓ તેમની પેદાશોનું સ્વતંત્ર રીતે વેચાણ કરી શકે તે માટે રાજ્યોને ઝડપથી બગડી જાય તેવી ખેત પેદાશોને એપીએમસીમાંથી ડી-નોટીફાઈ કરવા વિનંતી કરાઈ છે.

દેશમાં વર્ષ ૨૦૧૬ની ખરીફ મોસમથી પીએમએફબીવાય શરૂ થઈ છે, જેણે પ્રથમ સત્ર દરમિયાન અસરકારક પ્રગતિ કરી છે. આ યોજના ૩૬૬.૬૪ લાખ ખેડૂતો (એટલે કે કુલ ખેડૂતોના ૨૬.૫૦ ટકા)ને આવરી લે છે અને વર્ષ ૨૦૧૬-૧૭માં ખરીફ અને રવી મોસમમાં ૩૦ ટકાથી વધુ ખેડૂતોને આ યોજના હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક છે. પાક વીમાની ફ્લેગશિપ યોજના પીએમએફબીવાય માટે બજેટમાં ૨૦૧૭-૧૮ માટે રૂ. ૯,૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જે ૨૦૧૬-૧૭માં રૂ. ૫૫૦૦ કરોડ હતી. બજેટ વર્ષ (૨૦૧૭-૧૮) માટે પીએમએફબીવાય હેઠળ કુલ લક્ષ્યાંકિત કવરેજ વીમા હેઠળ ૪૦ ટકા પાક વિસ્તારને લઈ આવવાનો રહેશે અને આગામી વર્ષે (૨૦૧૮-૧૯)માં ૫૦ ટકા સુધી લઈ જવાનો છે.

સોઈલ હેલ્થ કાર્ડ યોજના વર્ષ ૨૦૧૫માં શરૂ કરાઈ હતી. આ યોજના સમગ્ર ભારતમાં ૬૪૮ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (ખેત સંશોધન સંસ્થાઓ)માં જમીનના પરીક્ષણ માટે લઘુ લેબ સ્થાપવા સાથે વધુ લાભદાયક બનશે. વધારામાં સરકારની સહાયથી લાયકાત ધરાવનાર સ્થાનિક ઉદ્યોગ સાહસિકો દ્વારા ૧,૦૦૦ લઘુ લેબ સ્થપાશે.

કૃષિ અને ખાદ્યાન્ન ક્ષેત્રો પર કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા હાલમાં અનેક પ્રત્યક્ષ અને પરોક્ષ કર વસૂલવામાં આવે છે ત્યારે તાજેતરમાં બનાવાયેલો ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) કાયદો પણ આ ક્ષેત્રો માટે લાભદાયક બનવાની સંભાવના છે.

વધુ સારો ભાવ મેળવવા અને લણણી બાદનું નુકસાન ઘટાડવા માટે સરકાર ફળો અને શાકભાજીનો પાક લેતા ખેડૂતોને એગ્રો-પ્રોસેસિંગ એકમો સાથે એકીકૃત કરવાની યોજના બનાવી રહી છે. આ યોજનાના પ્રથમ તબક્કામાં દસ રાજ્યોમાં ૨૫૦ મંડીઓ (બજારો)ને ઈલેક્ટ્રોનિક રાષ્ટ્રીય કૃષિ બજાર (ઈ-નામ) સાથે જોડવામાં આવ્યા છે. આ બજારોમાં કુલ રૂ. ૪૨૧ કરોડના મૂલ્યની કોમોડિટીઝના સોદા થાય છે. ખેડૂતોને આ નવી પહેલનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવા ઈ-નામ પ્લૅટફૉર્મ પર કોમોડિટીઝના ભાવ સંબંધિત માહિતી પૂરી પાડવા એક મોબાઈલ એપ પણ લોન્ચ કરાઈ છે. ઈ-નામ પ્લૅટફૉર્મ પર ટ્રેડિંગ માટે ફળો અને શાકભાજી સહિત અંદાજે ૬૯ કૃષિ અને બાગાયતી કોમોડિટીઝને નોટીફાઈ કરાઈ છે. ઈ-પ્લૅટફૉર્મ સાથે આ મંડીઓના એકીકરણથી ખેડૂતોની આવક વધારવામાં મદદ મળશે.

નાબાર્ડ હેઠળ એક નવું ફંડ સ્થાપવા ડેરી એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ તરીકે અંદાજે રૂ. ૨,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. દૂધ અને પશુ ઉછેરથી પણ ખેડૂતો તેમની આવક વધારી શકે છે. આથી ડેરી ડેવલપમેન્ટ માટે સમર્પિત ભંડોળ સ્થાપવાના પગલાથી ખેડૂતોની આજીવિકામાં સુધારો થશે જ્યારે રાષ્ટ્રના એકંદર કૃષિ ઉત્પાદનમાં દૂધ અને પ્રોસેસ્ડ દૂધની વસ્તુઓના યોગદાનની ટકાવારીમાં પણ વધારો થશે. પેકેજ્ડ દૂધ અને અન્ય ડેરી ઉત્પાદનોની વધતી માગને અનુરૂપ ડેરી સહકારી મંડળીઓ અને અન્ય ડેરી કંપનીઓ પણ દૂધ અને દૂધના ઉત્પાદનોની ખરીદી અને તેના માર્કેટિંગ માટે કોલ્ડ-ચેઈન સુવિધામાં રોકાણ કરવા આગળ આવી છે. દૂધ અને દૂધના ઉત્પાદનોની માગ માટે વધતો ટ્રેન્ડ ચાલુ રહેવાની અપેક્ષા છે અને ટૂંકા અને મધ્યમ ગાળે આ સેક્ટરમાં નોંધપાત્ર વૃદ્ધિ થશે.

**લક્ષ્મી જોશી નવી દિલ્હીમાં નેશનલ કાઉન્સિલ ઑફ એપ્લાઈડ ઈકોનોમિક રિસર્ચ (એનસીએઈઆર)માં એસોસિએટ ફેલો છે. તેઓ નવી દિલ્હીમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ એગ્રિકલ્ચરલ ઈકોનોમિક્સ ઍન્ડ પૉલિસી રિસર્ચ (એનસીએપી)માં પણ કામ કરે છે.**

**E-mail: ljoshi@ncaer.rog**

**શ્રી વેદ પ્રકાશ આહુજા ભારતના કૃષિ મંત્રાલયના ભૂતપૂર્વ અધિક આર્થિક સલાહકાર છે. તેઓ અત્યારે એનસીએઈઆરમાં કન્સલ્ટન્ટ તરીકે એગ્રિકલ્ચરલ આઉટલૂક પ્રોજેક્ટ સાથે જોડાયેલા છે.**

# અંદાજપત્ર : રિયલ એસ્ટેટ સેક્ટર માટે સર્વાંગી પરિવર્તનની સંભાવના

ડૉ. રણજીત મહેતા




*કેન્દ્રીય બજેટ ૨૦૧૭ આર્થિક સુધારા ચાલુ રાખવા, ફુગાવાને નિયંત્રણમાં રાખવા અને દૂરદર્શી રાજકોષીય વ્યવસ્થાની ખાતરી આપે છે, ત્યારે હવે અફૉર્ડેબલ હાઉસિંગ સેક્ટરને 'ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો દરજ્જો' આપવાથી રિયલ એસ્ટેટ સેક્ટર પર તેની હકારાત્મક અસર પડશે, જેનો લાભ મધ્યમ વર્ગના યુઝર્સને મળશે. 'વર્ષ ૨૦૨૨ સુધીમાં બધા માટે ઘર'નું મિશન આ ક્ષેત્રને મહત્ત્વપૂર્ણ બળ પૂરું પાડશે. આ ક્ષેત્રમાં ખાનગી કંપનીઓની સામેલગીરીથી સ્પર્ધા વધશે. પરિણામે મધ્યમ વર્ગ અને નીચલા મધ્યમ વર્ગને તેમનું સૌપ્રથમ ઘર ખરીદવા માટે વધુ સારા વિકલ્પો મળી રહેશે.*

*રિયલ એસ્ટેટ ઉદ્યોગ સરકાર સમક્ષ સતત તેને 'ઉદ્યોગનો દરજ્જો' આપવાની માગણી કરી રહ્યું છે. રિયલ એસ્ટેટ ક્ષેત્રનો ઉદ્યોગની કૅટેગરીમાં સમાવેશ નહીં કરાયો હોવાથી ડેવલપર્સ, બિલ્ડર અને રોકાણકારોને ઊંચા વ્યાજદરે ઋણ લેવાની ફરજ પડતી હતી. ઊંચા વ્યાજદરના ઋણના કારણે બિલ્ડરને ભંડોળની અછતનો સામનો કરવો પડે છે.*

બજેટ ૨૦૧૭ અનેક રીતે એકદમ અજોડ છે. સૌપ્રથમ તો સરકારે આયોજન અને બિન-આયોજન ખર્ચના વર્ગીકરણને દૂર કર્યું. હવે આ બાબતોને મહેસૂલ અને મૂડી ખર્ચ તરીકે વર્ગીકૃત કરાશે. બીજું, ૯૨ વર્ષની પરંપરાને બાજુ પર મૂકીને રેલવે બજેટનું કેન્દ્રીય બજેટમાં વિલીનીકરણ કરાશે. આ બંને પગલાં યોગ્ય દિશામાં લેવાયા છે અને તેના સારા પરિણામ મળવાની આશા છે.

સામાન્ય રીતે મંદીના સમયમાં નાણામંત્રીઓ વાર્ષિક અંદાજપત્રો તૈયાર કરતા હોય છે, ત્યારે આર્થિક વૃદ્ધિને બળ આપવા માટે તેમની પાસે માત્ર બે માર્ગ માંગ અને પુરવઠા બાજુઓ અથવા બંનેના સંયોજનની બાજુઓ હોય છે. માંગ આધારિત વૃદ્ધિ આવશ્યકપણે વપરાશ આધારિત વૃદ્ધિ હોવી જોઈએ, જે ખાસ કરીને પ્રત્યક્ષ અને પરોક્ષ કરોના નીચા દરનું કારણ છે તથા તેને પગલે ગ્રાહકોના હાથમાં વપરાશ માટે વધુ રકમ રહે છે અને કેટલીક રાહતો, સબસિડીઓથી તેને બળ મળી શકે છે. આ પગલાં ઉત્પાદનો અને સેવાઓની માંગ વધારે છે અને અર્થતંત્રને બળ આપે છે. નાણામંત્રીએ એક અથવા બીજાની ભાગ્યેજ પસંદગી કરી છે. તેના બદલે તેમણે માંગ અને પુરવઠા બંને પક્ષેથી આર્થિક પ્રવૃત્તિઓને બળ મળે તેવા હેતુઓ સાથે મિશ્રણમાં ઈન્સેન્ટિવ પુરાં પાડયાં છે.

વર્ષ ૨૦૧૭ના અંદાજપત્રમાં નાણામંત્રી શ્રી જેટલીએ ભારતીય અર્થતંત્રમાં માંગ આધારિત વૃદ્ધિના બદલે રોકાણ આધારિત વૃદ્ધિની પસંદગી કરી છે. ભારત ખૂબ જ નીચા ગ્રાહક અને ઔદ્યોગિક સેન્ટિમેન્ટમાં સપડાયું છે, ત્યારે કરમાં ઘટાડા મારફત વપરાશમાં તેજી લાવવાની તકો બહુ ઓછી છે. તેથી માગમાં વધારાની આશાએ કરોમાં ઘટાડો કરવો જોખમી બાબત જણાય છે, તેથી નિશ્ચિત અને ટકાઉ વૃદ્ધિ માટે સરકારી રોકાણ વધારીને પરિસ્થિતિ પર નિયંત્રણ મેળવવું વધુ સારી બાબત હતી.

નાણામંત્રીએ તેમનાં બધાં જ સંસાધનો અર્પણ કરીને અર્થતંત્રની રોકાણ / પુરવઠા બાજુને બળ આપ્યું છે. તેમણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે રૂ. ૩.૯૬ લાખ કરોડ, ઉદ્યોગસાહસિકો માટે ઉદય સ્કીમ હેઠળ ઋણ ૨.૪૪ લાખ કરોડ, ગ્રામીણ, કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો માટે રૂ. ૧.૮૫ લાખ કરોડ, ગ્રામીણ વિસ્તારોમાં ઉત્પાદક અસ્કયામતો સર્જવા મહાત્મા ગાંધી મનરેગામાં રૂ. ૪૮,૦૦૦ કરોડ, મહિલા અને બાળકો માટેની યોજનાઓ માટે રૂ. ૧.૮૪ લાખ કરોડની ફાળવણી કરી છે. સરકારનું માનવું છે કે આ પ્રકારના પ્રોજેક્ટ્સ સંલગ્ન ક્ષેત્રો માટે પર્યાપ્ત માંગ સર્જશે, જેનાથી ઉચ્ચ સ્તરની આર્થિક પ્રવૃત્તિઓની ક્રમિક પ્રતિક્રિયાઓ સર્જાશે.

પરંતુ માંગ અને પુરવઠા આધારિત અર્થતંત્રનો છેવટનો હેતુ અર્થતંત્રને ગતિશીલ બનાવવાનો છે, ત્યારે માંગ આધારિત વૃદ્ધિ એકાદ ત્રિમાસિક સમયમાં અર્થતંત્રમાં વપરાશ

વૃદ્ધિને બળ આપી શકે છે. તેનાથી વિપરીત રોકાણ આધારિત વૃદ્ધિની અસર ત્રણેક ત્રિમાસિક બાદ ઊંચા જીડીપી આંકડાઓમાં જોવા મળી શકે છે. આ પૃષ્ઠભૂમિમાં ભારતીય રિયલ એસ્ટેટ સેક્ટર બૅકવર્ડ અને ફૉરવર્ડ લિંકેજ સાથે અંદાજે ૨૬૫ આનુષંગિક ઉદ્યોગોને તાત્કાલિક જરૂરી બળ મળશે.

રિયલ એસ્ટેટ સેક્ટરે તાજેતરના સમયમાં લાંબી ફલાંગો ભરી છે અને ભારતીય અર્થતંત્રમાં સૌથી મહત્ત્વના યોગદાતા તરીકે ઊભરી આવ્યું છે. પરંતુ નોટબંધી બાદ રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં મંદી જોવા મળી છે. સેક્ટર મોટા પાયે વિભાજિત અને અસંગઠિત ક્ષેત્રમાંથી માળખાગત અને સંગઠિત ક્ષેત્રમાં પરિવર્તિત થઈ રહ્યું છે. વૈશ્વિક સ્તરે વિકસિત અર્થતંત્રોમાં પણ આ ક્ષેત્ર સંગઠિત છે. વૈશ્વિક સ્તરે ભારતનું મહત્ત્વ વધી રહ્યું છે તેવી પરિસ્થિતિની હકારાત્મક અસરોએ આ સેક્ટર પર અપેક્ષાઓ અને જવાબદારી પણ વધારી છે. કેન્દ્રીય બજેટ ૨૦૧૭માંથી રિયલ એસ્ટેટ ક્ષેત્રને બળ મળવાની આશા છે ત્યારે અફૉર્ડેબલ હાઉસિંગ સેક્ટરને 'ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્ટેટસ'ની જાહેરાત 'વર્ષ ૨૦૨૨ સુધીમાં બધા માટે ઘર'ના સરકારના મિશનને હાંસલ કરવા તરફ નોંધપાત્ર પગલા તરીકે કામ કરી શકે છે. અફૉર્ડેબલ સેગ્મેન્ટમાં સારી હાજરી ધરાવતા ડેવલપર્સ માટે આ જાહેરાત ગેમ-ચેન્જિંગ પગલું બની શકે છે. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૨ સુધીમાં બધા માટે ઘર મિશન હેઠળ ૩૦૫ શહેરો અને નાનાં શહેરોને ઓળખી કાઢ્યાં છે. આ મિશનને પ્રધાનમંત્રી આવાસ યોજના પણ કહેવાય છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨ સુધીમાં શહેરી ગરીબો માટે ૨ કરોડ ઘરો બનાવવાનું સરકારનું લક્ષ્ય છે. આ મિશન માટે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૩.૮ કરોડ કાર્યબળની જરૂર પડશે, તેવી અપેક્ષા છે, જે હાલમાં ૨.૯ કરોડ છે. આમ, આ મિશન એક મહત્ત્વપૂર્ણ રોજગારી સર્જક પ્રોજેક્ટ બની રહેશે.

**બજેટ ૨૦૧૭ 'પરિવર્તન, ઊર્જા અને સ્વચ્છતા'ના લક્ષ્યાંકો સાથે નીચેનાં ૧૦ થીમ્સ પર આધારિત છેઃ**

૧. **ખેડૂતો :** જેમના માટે અમે પાંચ વર્ષમાં તેમની આવક બમણી કરવા કટીબદ્ધ છીએ.

૨. **ગ્રામીણ વસતિ :** રોજગારી અને પાયાની માળખાગત સુવિધાઓ પૂરી પાડવી.

૩. **યુવાનો :** શૈક્ષણિક કુશળતા અને રોજગારી મારફત તેમને ઊર્જાથી ભરવા.

૪. **ગરીબ અને વંચિતો :** સામાજિક સલામતી અને અફૉર્ડેબલ હાઉસિંગની વ્યવસ્થા મજબૂત બનાવવી.

૫. કાર્યક્ષમતા, ઉત્પાદક્તા અને જીવનની ગુણવત્તા વધારવા માટે માળખાગત સુવિધાઓ.

૬. **નાણાકીય ક્ષેત્ર :** મજબૂત સંસ્થાઓ મારફત વૃદ્ધિ અને ટકાઉપણું.

૭. ઝડપી જવાબદેયીતા અને પારદર્શિતા માટે ડિજિટલ અર્થતંત્ર.

૮. **જાહેર સેવા :** લોકોની ભાગીદારી મારફત અસરકારક શાસન અને કાર્યક્ષમ સેવા પૂરી પાડવી.

૯. સંશાધનોના મહત્તમ ઉપયોગ અને નાણાકીય સ્થિરતા જાળવી રાખવા માટે દૂરદર્શી રાજકોષિય વ્યવસ્થા ગોઠવવી.

૧૦. **કર વહીવટીતંત્ર :** પ્રામાણિકોનું સન્માન કરવું.

**રિયલ એસ્ટેટ ક્ષેત્રને પ્રોત્સાહન આપતી બજેટ ૨૦૧૭ની મુખ્ય હાઈલાઈટ્સ :**

- અફૉર્ડેબલ હાઉસિંગને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો દરજ્જો આપ્યો છે.
- વર્ષ ૨૦૧૯ સુધીમાં ગ્રામીણ વિસ્તારમાં એક કરોડ ઘરો બંધાશે.
- નેશનલ હાઉસિંગ બૅન્ક રૂ. ૨૦,૦૦૦ કરોડના ઋણને પુનઃ ધિરાણ કરશે.
- પ્રધાનમંત્રી આવાસ યોજનાને રૂ. ૨૩,૦૦૦ કરોડ મળ્યા
- કૅપિટલ ગેઈન ટૅક્સ ચૂકવવાની જવાબદારી પ્રોજેક્ટ પૂરો થયા બાદથી જ શરૂ થવાની હોવાથી રિયલ એસ્ટેટ ડેવલપર્સને નહીં વેચાયેલાં મકાનો પર કરમાં રાહત મળશે.
- અફૉર્ડેબલ હાઉસિંગ માટે ૩૦ અને ૬૦ ચો. મીટરના બિલ્ટ-અપ એરિયાના બદલે ૩૦ અને ૬૦ ચો. મીટરનો કાર્પેટ એરિયા અમલી બનશે.
- સ્થાવર મિલકતો માટે કૅપિટલ ગેઈન ટૅક્સ માટે હોલ્ડિંગ સમય ૩ વર્ષથી ઘટાડીને ૨ વર્ષ કરાયો.
- નહીં વેચાયેલાં મકાનો માટે કમ્પ્લિશન સર્ટિફિકેટની રિસિપ્ટ મળ્યા બાદ ૧ વર્ષનો ટૅક્સ બ્રેક.
- રૂ. ૩ લાખથી ઉપરના રોકડ વ્યવહારોને મંજૂરી નહીં.
- ઈન્દ્ર આવાસ યોજના ૬૦૦ જિલ્લાઓ સુધી લંબાવાશે.
- કેપિટલ ગેઈન્સ માટે ઈન્ડેક્શન ૦૧-૦૪-૮૧થી બદલીને ૦૧-૦૪-૨૦૦૧ કરાયું.

**અફૉર્ડેબલ હાઉસિંગ સેક્ટરને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો દરજ્જો**

કેન્દ્રીય બજેટ ૨૦૧૭ આર્થિક સુધારા ચાલુ રાખવા, ફુગાવાને નિયંત્રણમાં રાખવા અને દૂરદર્શી રાજકોષીય વ્યવસ્થાની ખાતરી આપે છે, ત્યારે હવે અફૉર્ડેબલ હાઉસિંગ સેક્ટરને 'ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો દરજ્જો' આપવાથી રિયલ એસ્ટેટ સેક્ટર પર તેની હકારાત્મક અસર પડશે, જેનો લાભ મધ્યમ વર્ગના યુઝર્સને મળશે. 'વર્ષ ૨૦૨૨ સુધીમાં બધા માટે ઘર'નું મિશન આ ક્ષેત્રને મહત્ત્વપૂર્ણ

બળ પૂરું પાડશે. આ ક્ષેત્રમાં ખાનગી કંપનીઓની સામેલગીરીથી સ્પર્ધા વધશે. પરિણામે મધ્યમ વર્ગ અને નીચલા મધ્યમ વર્ગને તેમનું સૌપ્રથમ ઘર ખરીદવા માટે વધુ સારા વિકલ્પો મળી રહેશે.

રિયલ એસ્ટેટ ઉદ્યોગ સરકાર સમક્ષ સતત તેને 'ઉદ્યોગનો દરજ્જો' આપવાની માગણી કરી રહ્યું છે. રિયલ એસ્ટેટ ક્ષેત્રનો ઉદ્યોગની કેટેગરીમાં સમાવેશ નહીં કરાયો હોવાથી ડેવલપર્સ, બિલ્ડર અને રોકાણકારોને ઊંચા વ્યાજદરે ઋણ લેવાની ફરજ પડતી હતી. ઊંચા વ્યાજદરના ઋણના કારણે કન્સ્ટ્રક્ટર્સે ભંડોળની અછતનો સામનો કરવો પડે છે.

ઓછી કિંમતનાં મકાનોને પ્રધાન મંત્રી આવાસ યોજના (પીએમએવાય) મારફત વધુ એક બળ આપવામાં આવ્યું છે. આ યોજના હેઠળ સરકારે રૂ. ૯ લાખથી વધુના ઋણ પર વ્યાજદર માત્ર ૪ ટકા અને રૂ. ૧૨ લાખથી વધુના ઋણ પર વ્યાજદર ૩ ટકા ચૂકવવાની જાહેરાત કરી છે. જોકે, ઇડબલ્યુએસ (આર્થિક પછાત વર્ગ) અથવા એલઆઈજી (લો ઈન્કમ ગ્રૂપ) સિવાયના લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળશે કે કેમ તે અંગે અનિશ્ચિતતા પ્રવર્તે છે. સરકારે આ પ્રકારના પ્રોજેક્ટ્સ પૂરા કરવાનો સમય ૩ વર્ષથી લંબાવીને ૫ વર્ષનો કરી દીધો છે. આમ, વધુ પ્રોજેક્ટ્સ હવે પ્રોફિટ લિંક કરમુક્તિ માટે લાયક ઠરશે. અત્યાર સુધીમાં આપણે ઊંચી માંગ હોવા છતાં અફૉર્ડેબલ હાઉસિંગ સેગ્મેન્ટમાં ખાનગી ડેવલપર્સની મર્યાદિત ભાગીદારી જોઈ છે. જોકે, અફૉર્ડેબલ હાઉસિંગને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો દરજ્જો મળવા સાથે પ્રૉફિટ-લિંક કરમુક્તિ ડેવલપર્સને વધુ પ્રમાણમાં અફૉર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ્સ હાથ ધરવા પ્રોત્સાહિત કરશે. આમ, આ સેક્ટરમાં ખાનગી કંપનીઓની ભાગીદારી વધશે.

**લો કોસ્ટ / અફૉર્ડેબલ મકાનોના માપદંડો :**

લો કોસ્ટ / અફૉર્ડેબલ મકાનો માટેના માપદંડો ૩૦ / ૬૦ ચો. મી.ના બિલ્ટ-અપ એરિયામાંથી બદલીને ૩૦ / ૬૦ ચો. મી. કાર્પેટ એરિયા કરવામાં આવ્યા છે. આમ, લો કોસ્ટ - અફૉર્ડેબલ હાઉસિંગ સેગમેન્ટને બિલ્ડરો માટે વધુ લાભદાયક બનાવાયું છે અને ખરીદદારો માટે પણ આ સેગમેન્ટ વધુ આકર્ષક બન્યું છે. બિલ્ટ-અપ એરિયાથી કાર્પેટ એરિયાના માપદંડના ફેરફારથી ખરીદનારાઓને વધુ સ્પેશિયસ મકાનો મળશે અને બિલ્ડર ખરીદદારોના મોટા વર્ગને તેની મિલકતો વેચવા સક્ષમ બન્યા છે. ૩૦ ચો. મી.ની મર્યાદાનો અમલ માત્ર ચાર મેટ્રોપોલિટન શહેરોની મ્યુનિસિપલની હદમાં જ થશે જ્યારે આ શહેરોના પરાં વિસ્તાર સહિત દેશના બાકીના ભાગમાં ૬૦ ચો. મી.ની મર્યાદા લાગુ પડશે.

**સ્થાવર મિલકતો જાળવી રાખવાનો સમય ૩ વર્ષથી ઘટાડીને ૨ વર્ષનો કર્યો**

બજેટ ૨૦૧૭-૧૮માં નફા માટે સ્થાવર મિલકતો જાળવી રાખવાનો સમય ત્રણ વર્ષથી ઘટાડીને બે વર્ષ કર્યો છે. પરિણામે બે વર્ષ બાદ મિલકતો વેચતા લોકો પર કરનો બોજ નોંધપાત્ર પ્રમાણમાં ઘટશે અને રિયલ એસ્ટેટ સેક્ટરમાં રોકાણને પ્રોત્સાહન મળશે. સરકારે સ્થાવર મિલકતોના હસ્તાંતરણ ખર્ચના ઈન્ડેક્સ તરીકેના બેઝ વર્ષમાં પણ ફેરફાર કર્યો છે. નવું બેઝ વર્ષ હવે ૧૯૮૧ના બદલે ૨૦૦૧ કરવામાં આવ્યું છે. આથી લોકો તેમની સ્થાવર મિલકતોના હસ્તાંતરણ ખર્ચમાં સુધારો કરી શકશે, જેથી તેમના એકંદર કૅપિટલ ગેઇનમાં ઘટાડો થશે. ઉપરાંત નહીં વેચાયેલાં મકાનો માટે કમ્પ્લિશન સર્ટિફિકેટની રીસિપ્ટ બાદના એક વર્ષના ટૅક્સ બ્રેકથી પણ બિલ્ડરોને રાહત થશે.

**નેશનલ હાઉસિંગ બૅન્ક (એનએચબી) બજેટ ૨૦૧૭માં રૂ. ૨૦,૦૦૦ કરોડની વ્યક્તિગત હાઉસિંગ લોન્સનું પુનઃધિરાણ કરશે**

વર્ષ ૨૦૧૬ના અંતમાં નોટબંધીની પહેલથી બૅન્કોમાં ફાજલ રોકડ વધી છે. તેથી સમગ્ર દેશમાં અગ્રણી બૅન્કોએ તેમના ધિરાણ દરોમાં ઘટાડો કર્યો છે. ધિરાણદરમાં કાપને માત્ર નવા મકાન ખરીદદારોએ આવકાર્યો નથી, પરંતુ ફ્લેક્સિબલ હાઉસિંગ લોન લેનારા મકાન ખરીદદારો માટે પણ આનંદનું કારણ છે. જોકે, એનએચબીની પુનઃ ધિરાણ યોજના વર્તમાન મકાન માલિકો ખાસ કરીને ભૂતકાળમાં ઊંચું ધિરાણદર લેનારાના સેન્ટીમેન્ટમાં સુધારો કરશે.

**મિલકતોના વિકાસ માટે જૉઈન્ટ ડેવલપમેન્ટ (જેડીએ) કરાર માટે કૅપિટલ ગેઇન ટૅક્સની જવાબદેયીતા બદલાઈ**

બજેટમાં વર્તમાન કાર્યપ્રણાલી બદલવાની દરખાસ્ત કરાઈ છે અને સ્પષ્ટતા કરાઈ છે કે મિલકતોના વિકાસ માટે જોઈન્ટ ડેવલપમેન્ટ ઍગ્રીમેન્ટ (જેડીએ) કરારમાં જમીન માલિકનો પ્રવેશ પ્રોજેક્ટ પૂરો થવાના સમયે કૅપિટલ ગેઈન ટૅક્સને આધીન રહેશે. આ એક મહત્ત્વપૂર્ણ ફેરફાર છે, જેમાં વિભાગ સાથે કાયદાકીય સંઘર્ષ ટાળવા વધુ સ્પષ્ટતા લાવવાની જરૂર છે. મિલકતના વિકાસ માટે જોઈન્ટ ડેવલપમેન્ટ કરાર કરવામાં આવે તો પ્રોજેક્ટ પૂરો થયાના વર્ષે જ કેપિટલ ગેઈન ટૅક્સ ચૂકવવામાં આવશે. કેપિટલ ગેઇન ટૅક્સ ઘટાડવા અન્ય કેટલાંક પગલાંઓ ઉપરાંત આ પગલાંથી જમીન માલિકને માત્ર કર રાહત જ નહીં મળે, પરંતુ બિલ્ડર / પ્રમોટરની જવાદેયીતામાં પણ ઘટાડો થશે. તેનાથી જમીનના હસ્તાંતરણોમાં સુધારામાં મદદ મળશે અને પ્રોપર્ટી બજારમાં જમીનનો પુરવઠો વધશે, જેથી છેલ્લાં ત્રણ વર્ષથી ઊભું થયેલું દબાણ ઘટશે.

**રૂ. ૩ લાખથી ઉપર કોઈ રોકડ વ્યવહાર નહીં**

નોટબંધીની પહેલને લંબાવતું આ એક મહત્ત્વપૂર્ણ પગલું છે, જેમાં સરકારે રૂ. ૩ લાખથી વધુના કોઈપણ રોકડ વ્યવહારો પર પ્રતિબંધ મૂકી દીધો છે. નોટબંધીની પહેલ પહેલા રિયલ એસ્ટેટ સેક્ટરમાં મોટા પ્રમાણમાં

રોકડ વ્યવહારો થતા હતા. જોકે, નોટબંધી બાદ ખરીદદારો અને ડેવલપર્સ સાવધ બન્યા હતા, જેથી રોકડ વ્યવહારોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેથી આ જોગવાઈની સેક્ટર પર ટૂંકા ગાળા માટે જ અસર જોવા મળી શકે છે જ્યારે તેનાથી અર્થતંત્રમાં પારદર્શિતાનો પાયો મુકાશે અને વિદેશી રોકાણ વધશે.

**આંધ્રપ્રદેશના નવા પાટનગરના વિકાસ માટે લૅન્ડ-પુલિંગ મિકેનિઝમ - જમીન હસ્તાંતરણ બીલના સંદર્ભમાં તે ખૂબ જ મહત્ત્વની છે**

બજેટમાં જાહેરાત કરવામાં આવી છે કે આંધ્રપ્રદેશનું નવું પાટનગર જમીન હસ્તાંતરણ કાયદાનો ઉપયોગ કર્યા વિના નવીન લૅન્ડ-પુલિંગ મિકેનિઝમ દ્વારા બાંધવામાં આવશે. જમીન હસ્તાંતરણ હજી પણ ઘણો જ ચર્ચાનો મુદ્દો છે અને મોટા પાયે વિકાસના સંદર્ભમાં એક મોટો અવરોધ છે. નવી લૅન્ડ પુલિંગ મિકેનિઝમ જમીન સંબંધિત વિવાદોમાં નોંધપાત્ર ઘટાડો લાવી શકે છે અને તેનાથી વિકાસની ઝડપ વધશે. કૅપિટલ ગેઈન ટૅક્સમાંથી મુક્તિથી સરકારી યોજના હેઠળ પાટનગર બનાવવા માટે જેમની જમીન પૂલ કરવાની છે, તે જમીન માલિકોનો વિશ્વાસ વધશે. જોકે, આ મુક્તિ માત્ર આંધ્રપ્રદેશ રાજયના વિભાજનની તારીખ જૂન ૨, ૨૦૧૪ના સુધીમાં આ પ્રકારની જમીન ધરાવતા માલિકોને જ આપવામાં આવી છે.

**બેઝિક સ્લેબ માટે આવકવેરામાં ૫ ટકાનો ઘટાડો**

રૂ. ૨.૫ લાખથી રૂ. ૫ લાખ વચ્ચે વ્યક્તિગત આવક પર કરનો દર ૧૦થી ઘટાડીને ૫ ટકા કરાયો છે. આ પગલાથી પહેલી વખત મકાન ખરીદનારાઓને મિલકત ખરીદવામાં મદદ મળશે. આ ઘટાડાથી ટૅક્સનું જાળું વ્યાપક બનાવવામાં મદદ મળશે અને આ કૅટેગરીમાં આવતા કરદાતાઓના હાથમાં ખર્ચ કરવા લાયક આવકમાં વધારો થશે. લો કોસ્ટ હાઉસિંગ પર પ્રોત્સાહનો અને બૅન્કો દ્વારા વ્યાજદરોમાં ઘટાડા સાથે અફૉર્ડેબલ હાઉસિંગ સેગ્મેન્ટને પ્રોત્સાહન મળશે.

અંતે ઉપસંહારમાં કોઈપણ ખચકાટ વિના કહી શકાય કે રિયલ એસ્ટેટ સેક્ટર માટે આ પરિવર્તનશીલ બજેટ છે અને સરકાર કર પૂર્તતા વધારવાની જરૂરિયાત માટે યોગ્ય પ્રમાણમાં જાગૃતિ લાવી છે. સરકારે આર્થિક પહેલો અને નીતિવિષયક સુધારાને હકારાત્મક બળ આપ્યું છે, જેનાં ફળ ધીમે ધીમે ચાખવા મળી રહ્યાં છે. નોટબંધી કામચલાઉ પીછેહઠ છે અને અર્થતંત્ર પુનઃ વૃદ્ધિ પામશે. ખાસ કરીને આ વર્ષના બીજા ત્રિમાસિકમાં ગૂડ્સ ઍન્ડ સર્વિસ ટૅક્સ (જીએસટી)નો અમલ શરૂ થવા પર બધાની નજર છે.

કેટલાંકા પાયાના અવરોધો દૂર કરવાથી બજારમાં ગુણવત્તાપૂર્ણ પુરવઠો વધશે. ડેવલપર્સ જમીન માલિકો સાથે જોઈન્ટ ડેવલપમેન્ટ અને ભાગીદારીના વિકલ્પો અપનાવી રહ્યા છે, કારણ કે તેનાથી જોખમ વહેંચાય છે અને મૂડી ખર્ચ ઘટે છે. રિયલ એસ્ટેટમાંથી કાળાં નાંણાંને સંપૂર્ણપણે દૂર કરવા પર સરકારની નજર છે, ત્યારે પૂર્ણ ચેક પેમેન્ટ્સ સાથે જમીનોના વ્યવહારને પ્રોત્સાહન આપવા હજી લાંબી મજલ કાપવાની રહેશે.

બજેટના દસ થીમ્સનો આશય મૂડી ખર્ચ, વપરાશ અને ઉત્પાદકતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરતાં રાજકોષીય દૂરદર્શિતાનું સારું સંતુલન જાળવવા સાથે 'પરિવર્તન, પ્રોત્સાહિત કરવા અને સ્વચ્છતા' છે.

અફૉર્ડેબલ હાઉસિંગ બજેટના હેતુઓ માટે અનેક રીતે લોહચુંબક સમાન છે. અફૉર્ડેબલ હાઉસિંગ માટે વ્યાપક, આધારભૂત અને મોટા ભાગે પૂરી નહીં થઈ શકેલી જરૂરિયાતો છે. શહેરી વિસ્તારમાં અંદાજે ૧.૮૯ કરોડ મકાનોની અછત છે, જેમાંથી ૯૬ ટકા માંગ સમાજના આર્થિક રીતે નબળા અથવા ઓછી આવક ધરાવતા વર્ગની છે. ભારતના સમાવેશક અને ટકાઉ વૃદ્ધિ માટે આ સેગ્મેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે.

બિલ્ડરો દ્વારા રોકાણને પ્રોત્સાહન આપવા સેક્ટરને પ્રમોટ કરવા બજેટની પહેલો યોગ્ય રીતે અનેક ક્ષેત્રોને આવરી લે છે. અફૉર્ડેબલ હાઉસિંગને વધુ મૂડી આકર્ષવા અને નીચા ખર્ચે ભંડોળ ઉપલબ્ધ કરાવવાના લાભ સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર દરજ્જો આપવામાં આવ્યો છે. વધુમાં એનએચબી રૂ. ૨૦,૦૦૦ કરોડની વ્યક્તિગત હોમ લોન્સનું પુનઃ ધિરાણ કરશે. સંલગ્ન વિકાસ તરીકે ટૅક્સ સ્લેબ ઘટાડવા અને વ્યાજદર હળવા કરવાથી સેક્ટર પર હકારાત્મક માંગ અસર ઊભી થશે.

ભારતને યુવા વસતીની દૃષ્ટિએ વ્યાપક ડેમોગ્રાફિક લાભ છે અને રોજગારી સર્જનની ખાતરી મળી રહે તે માટે યોગ્ય પગલાં લેવા ખૂબ જ મહત્ત્વનું છે. હાઉસિંગ લાંબી બેકવર્ડ લિંકેજ સાથે મજૂરલક્ષી ઉદ્યોગ છે અને તે રોજગારી સર્જનમાં નોંધપાત્ર ભાગ ભજવતા સેક્ટર્સમાં અનેક આર્થિક પ્રવૃત્તિઓ ઊભી કરે છે. ભારતના યુવાનોની આશાઓ પૂરી કરવામાં તે ઘણી જ મહત્ત્વની ભૂમિકા ભજવશે અને આ સેગ્મેન્ટના ડેમોગ્રાફિક ડિવિડન્ડના વળતરમાં મદદરૂપ થશે. આ બજેટ યોગ્ય દિશામાં લેવાયેલું પગલું છે.

**લેખક નવી દિલ્હીમાં પીએચડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ડિરેક્ટર છે, જેઓ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પાવર સેક્ટર, રિન્યૂએબલ એનર્જી, ઓઈલ અને ગેસ, હાઉસિંગ સેક્ટર, રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી બિલ, જમીન સંપાદન ખરડો વગેરે વિવિધ નીતિગત મુદ્દાઓમાં નિષ્ણાત છે.**
**E-mail:ranjeetmehta@gmail.com**

# આવકવેરા ધારાની કલમ ૭૧ની પેટા કલમ (૩A) અને ભારતની હાઉસિંગ સમસ્યા

ડૉ. એચ. સી. સરદાર




*તમામ યોજનાઓને અમલમાં મૂકવાનું મુખ્ય કારણ સમગ્ર રાષ્ટ્રના એકસમાન વિકાસ અંગેનો છે. દેશનો દરેક નાગરિક સન્માનપૂર્વકનું જીવન ધોરણ ધરાવે, આર્થિક અસમાનતાઓ દૂર થાય, પ્રાદેશિક અસમાનતાઓ દૂર થાય, તમામ પ્રજાજનોને અનાજ, કપડાં અને રહેઠાણ અંગેની સગવડો પૂરતા પ્રમાણમાં મળે, દેશનો આર્થિક અને ઔદ્યોગિક વિકાસ થાય, ભ્રષ્ટાચાર દૂર થાય, સરકારી યોજનાઓના સંબંધિત પક્ષકારોને લાભ મળે, વગેરે જેવી બાબતોનો સરકારની યોજનાઓમાં સમાવેશ થઈ રહ્યો છે. સરકારના આ પ્રયાસોમાં નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮નું અંદાજપત્ર પણ પોતાની અગત્યની ભૂમિકા ભજવે છે. સામાન્ય પ્રજાજનોની સમજ માટે અને ખાસ કરીને વ્યક્તિગત કરદાતાઓ માટે કલમ ૭૧ ની પેટા કલમ (૩A) અંગે વિશ્લેષણ કરવામાં આવેલ છે.*

ભારતના સમગ્રલક્ષી વિકાસ અંગે સરકાર દ્વારા વિવિધ બાબતો અંગે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત છે. આ બાબતો અંગે સરકારી નીતિઓ અને તેમનું અસરકારક અમલીકરણ અનિવાર્ય છે. આ અંગે વર્તમાન સરકાર પોતાના સંનિષ્ઠ પ્રયાસો અંગે કટિબદ્ધ છે. તેમના દ્વારા વિવિધ પ્રકારનાં પગલાંઓ અમલમાં મૂકવામાં આવી રહ્યાં છે. છેલ્લાં બે વર્ષમાં પરિણામલક્ષી યોજનાઓ વડાપ્રધાન અને તેમની સરકાર દ્વારા દેશને સમર્પિત કરવામાં આવી છે. આ યોજનાઓને પ્રજાએ પણ સારો આવકાર આપેલ છે.

તમામ યોજનાઓને અમલમાં મૂકવાનું મુખ્ય કારણ સમગ્ર રાષ્ટ્રના એકસમાન વિકાસ અંગેનો છે. દેશનો દરેક નાગરિક સન્માનપૂર્વકનું જીવન ધોરણ ધરાવે, આર્થિક અસમાનતાઓ દૂર થાય, પ્રાદેશિક અસમાનતાઓ દૂર થાય, તમામ પ્રજાજનોને અનાજ, કપડાં અને રહેઠાણ અંગેની સગવડો પૂરતા પ્રમાણમાં મળે, દેશનો આર્થિક અને ઔદ્યોગિક વિકાસ થાય, ભ્રષ્ટાચાર દૂર થાય, સરકારી યોજનાઓના સંબંધિત પક્ષકારોને લાભ મળે, વગેરે જેવી બાબતોનો સરકારની યોજનાઓમાં સમાવેશ થઈ રહ્યો છે. સરકારના આ પ્રયાસોમાં નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮નું અંદાજપત્ર પણ પોતાની અગત્યની ભૂમિકા ભજવે છે. સામાન્ય પ્રજાજનોની સમજ માટે અને ખાસ કરીને વ્યક્તિગત કરદાતાઓ માટે કલમ ૭૧ ની પેટા કલમ (૩A) અંગે નીચે પ્રમાણે વિશ્લેષણ કરવામાં આવેલ છે :

**આવકવેરા ધારાની કલમ ૭૧ માં પેટા કલમ (૩A) અંગેની જોગવાઈઓ:**

આવકનાં પાંચ શીર્ષકોમાંથી મકાન-મિલકતની આવકના સંદર્ભમાં આ નવી પેટા કલમ દાખલ કરવામાં આવેલ છે.

આવકવેરા ધારાની કલમ ૨૪(b) મકાન-મિલકતની ખરીદી કે બાંધકામ કે સમારકામ માટે લીધેલ લોનના વ્યાજની કપાત અંગેની છે. આ કપાતને બે ભાગોમાં વિભાજીત કરવામાં આવેલ છે.

**(a) સ્વ રહેઠાણ મકાનની લોનનાં વ્યાજ અંગે:**

પ્રવર્તમાન જોગવાઈ પ્રમાણે સ્વ રહેઠાણ અંગેના લોનના વ્યાજને પણ બે અલગ અલગ સંજોગો માટે વિભાજિત કરવામાં આવેલ છે.

(i) જો વ્યક્તિ મકાન બાંધકામ કે ખરીદી માટે તા. ૧-૪-૯૯ કે ત્યાર બાદ નાણા ઉછીનાં લીધેલાં હોય, તો આકારણી વર્ષ ૨૦૧૫-૧૬ થી કલમ ૨૪(b) હેઠળ વ્યાજની કપાતની મહત્તમ મર્યાદા રૂ. ૨,૦૦,૦૦૦ રાખવામાં આવેલ છે.

(ii) જો વ્યક્તિએ મકાનનાં સમારકામ અથવા પુનઃનિર્માણ માટે નાણાં ઉછીનાં લીધેલા હોય તો કલમ ૨૪(b) હેઠળ વ્યાજની કપાતની મહત્તમ મર્યાદા રૂ. ૩૦,૦૦૦ સુધીની છે.

**(b) ભાડે આપેલ મકાન અથવા ભાડે આપેલ માની લીધેલ મકાનની લોનના વ્યાજ અંગે:**

પ્રવર્તમાન જોગવાઈ પ્રમાણે મકાન ભાડે આપવામાં આવતાં હોય અને ભાડે આપેલ માની લીધેલ હોય, તેવા સંજોગોમાં મકાનની લોનના વ્યાજની પૂરેપૂરી રકમ વ્યાજ તરીકે બાદ મળે છે. પરંતુ નાણાબિલ ૨૦૧૭-૧૮માં નવી કલમ (૩છ) દાખલ કરવામાં આવી છે અને તેમાં આ મર્યાદા રૂ. ૨,૦૦,૦૦૦ સુધીની જ નક્કી કરવામાં આવેલ છે. જોકે આ કપાત બાદ કર્યા પછી મકાનમિલકતની આવકનું શીર્ષક ખોટ દર્શાવતું હોય, તો આ ખોટની રકમ જે તે પાછલા વર્ષ બાદનાં આઠ વર્ષ સુધી મજરે મેળવી શકાય છે.

નાણાબિલની આ નવી જોગવાઈ અંગેની યોગ્યતા નીચેના ઉદાહરણ દ્વારા સમજીએ.

એક વ્યક્તિ રમેશ પાસે બે મકાન છે. મકાન અ અને મકાન બ જેની વિગતો નીચે પ્રમાણે છે.

| વિગત | મકાન - અ | મકાન - બ |
|---|---|---|
| વાજબી મળવાપાત્ર ભાડું | ૬,૦૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ |
| મ્યુનિસિપલ કરવેરા | ૧૫,૦૦૦ | ૧૫,૦૦૦ |
| મકાનની ખરીદી અંગે લીધેલ લોનનું વ્યાજ | ૪,૦૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦ |

મકાન અ અથવા મકાન બ બે માંથી કોઈ પણ એક મકાન પોતાના સ્વ રહેઠાણ માટે પસંદ કરે, તો મકાન-મિલકતની આવકનાં શીર્ષક હેઠળ તેની કરપાત્ર આવક નીચે પ્રમાણે ગણાશે. ધારો કે મકાન અ સ્વરહેઠાણ માટે છે અને મકાન બ ભાડે આપેલ છે.

| **ભાડે આપેલ મકાન – બ** | **રૂ.** | **રૂ.** |
|---|---|---|
| ભાડાનીઆવક (ગ્રોસ વાર્ષિક મૂલ્ય) | | ૬,૦૦,૦૦૦ |
| બાદઃ મ્યુનિસિપલ વેરા | | ૧૫,૦૦૦ |
| ચોખ્ખું વાર્ષિક મૂલ્ય | | ૫,૮૫,૦૦૦ |
| બાદઃ કપાતો | | |
| કલમ ૨૪(a) પ્રમાણે | ૧,૭૫,૫૦૦ | |
| કલમ ૨૪(b) પ્રમાણે | ૪,૦૦,૦૦૦ | ૫,૭૫,૫૦૦ |
| કરપાત્ર આવક | | ૯,૫૦૦ |

**સ્વરહેઠાણનું મકાન—અ**

| | | |
|---|---|---|
| લોનના વ્યાજની કપાત બાદ મળશે (વધુમાં વધુ રૂ. ૨,૦૦,૦૦૦) | | -૨,૦૦,૦૦૦ |
| મકાન મિલકતની કુલ કરપાત્ર આવક | | |
| મકાન—બ | | ૯,૫૦૦ |
| મકાન - અ (નુકસાન) | | ૨,૦૦,૦૦૦ |
| ચોખ્ખું નુકસાન | | ૧,૯૦,૫૦૦ |

ધારો કે રમેશની અન્ય કરપાત્ર આવકો રૂ. ૯,૫૦,૦૦૦ હોય અને મકાન મિલકતની આવકનું નુકસાન રૂ. ૧,૯૦,૫૦૦ હોય, જે તેને મજરે મળતા કરપાત્ર આવક રૂ. ૪,૯૯,૫૦૦ થાય, જેથી શ્રી રમેશ આવકવેરાના ૩૦% નાં સ્લેબમાંથી ૨૦% ના સ્લેબમાં આવી જશે.

પરિણામે શ્રી રમેશની આવકવેરાની જવાબદારી નીચે પ્રમાણે નક્કી થશે. (પેટા કલમ (૩A) ની ગેરહાજરીમાં)

| | |
|---|---|
| રૂ. ૪,૯૯,૫૦૦ | |
| રૂ. ૨,૫૦,૦૦૦ | |
| રૂ. ૨,૪૯,૫૦૦ ટ ૫% = | ૧૨,૪૭૫ |
| ૩% શિક્ષણ વેરો | ૩૭૪ |
| કરવેરાની જવાબદારી થાય | ૧૨,૮૪૯ |

**પેટા કલમ (૩A) ની જોગવાઈની અસર:**

ભાડે આપેલ મકાનની આવક સામે વ્યાજની કપાત પૂરેપૂરી રૂ. ૪,૦૦,૦૦૦ કલમ ૨૪(b) પ્રમાણે બાદ મળી છે, પણ હવે આ મર્યાદા રૂ. ૨,૦૦,૦૦૦ સુધીની નક્કી કરવામાં આવેલ છે. તેથી રૂ. ૫,૮૫,૦૦૦ માંથી રૂ. ૫,૭૫,૫૦૦ના સ્થાને રૂ. ૩,૭૫,૦૦૦ બાદ થશે અને રમેશની ભાડા સામે મકાનની આવક રૂ. ૯,૫૦૦ના સ્થાને રૂ.૨,૦૯,૫૦૦ થશે.

**મકાન મિલકતની કુલ કરપાત્ર આવક**

| | |
|---|---|
| મકાન બ | રૂ. ૨,૦૯,૫૦૦ |
| મકાન અ (નુકસાન) | રૂ. ૨,૦૦,૦૦૦ |
| | રૂ. ૯,૫૦૦ |

રમેશની અન્ય કુલ આવકો રૂ. ૬,૯૦,૦૦૦ માંથી જે રૂ. ૧,૯૦,૫૦૦ બાદ થયા હતા, તેના સ્થાને રૂ. ૯,૫૦૦ આવકમાં ઉમેરાશે અને તેમની કુલ કરપાત્ર આવક રૂ.૬,૯૯,૫૦૦ થશે. તેના આધારે તેમની આવકવેરાની જવાબદારી નીચે પ્રમાણે થશે.

| | | |
|---|---|---|
| રૂ. ૬,૯૯,૫૦૦ | | |
| રૂ. ૨,૫૦,૦૦૦ | કરમુક્ત | |
| રૂ. ૪,૪૯,૫૦૦ | | |
| રૂ. ૨,૫૦,૦૦૦ | ૫% લેખે | રૂ. ૧૨,૫૦૦ |
| રૂ. ૧,૯૯,૫૦૦ | ૨૦% લેખે | રૂ. ૩૯,૯૦૦ |
| | | રૂ. ૫૨,૪૦૦ |
| ૩% શિક્ષણ વેરો | રૂ. ૧૫૭૨ | રૂ. ૫૩,૯૭૨ |

**કલમ (૩A) ની જોગવાઈની યોગ્યતાઃ**

૧. સ્વ રહેઠાણનાં નવાં મકાનોના બાંધકામ અથવા ખરીદી અંગે વધુમાં વધુ રૂ. ૨,૦૦,૦૦૦ લોનનાં વ્યાજની રકમ કપાત તરીકે બાદ મળે છે. તેવી જ રીતે વધારાના સ્વ રહેઠાણ સિવાયના મકાન પર પણ લોનનાં વ્યાજની મહત્તમ રકમ રૂ. ૨,૦૦,૦૦૦ બાદ મળે છે.

૨. એસેસી દ્વારા સ્વ રહેઠાણ સિવાયનાં મકાનની રૂ. ૨,૦૦,૦૦૦થી વધારાના વ્યાજની રકમને જે તે પાછલા વર્ષ પછીનાં આઠ વર્ષ સુધી આગળ ખેંચી જવા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઈના કારણે દર વર્ષની કરપાત્ર આવક સામે વધુમાં વધુ રૂ. ૨,૦૦,૦૦૦ સુધીની રકમ બાદ મળશે અને તેટલા અંશે કરવેરાની જવાબદારી ઘટશે.

૩. જો એસેસી ૫%, ૨૦% અથવા ૩૦% ના આવકવેરાના સ્લેબમાં હોય, તો તેને અનુક્રમે પાછલા વર્ષ પછીનાં વર્ષોમાં આવકવેરામાંથી અનુક્રમે રૂ. ૧૦,૩૦૦; રૂ. ૪૧,૨૦૦ અથવા રૂ. ૬૧,૮૦૦ કપાત તરીકે બાદ મળશે. આ રીતે આ પ્રમાણેની કપાતનો લાભ એક કરતાં વધુ વર્ષ સુધી મળે છે.

૪. સરકારની આવકવેરાની રકમમાં નોંધપાત્ર વધારો થશે.

૫. જે વ્યક્તિ પાસે પોતાના સ્વ રહેઠાણ ઉપરાંત વધારાનું મકાન હોય અને ભાડે ન આપેલ હોય અને કલમ ૨૪(b) હેઠળ પૂરેપૂરી વ્યાજની રકમ કપાત તરીકે બાદ મેળવતા હોય અને મિલકત ઊભી કરીને મકાન ભાડે નહિ આપેલ હોય તો તેઓ મકાન ભાડે આપવા માટે તૈયાર થશે, જેથી દેશની રહેઠાણની સમસ્યા અમુક અંશે હળવી કરી શકાશે.

૬. જેની પાસે નાણાકીય જોગવાઈઓ છે તેઓ મકાન-મિલકતમાં બિન ઉત્પાદકીય રોકાણ કરતાં અટકશે. જેથી કરીને કૃત્રિમ ઓછા પુરવઠાના સ્થાને વ્યાવહારિક વધુ પુરવઠો (મકાન-મિલકતનો) ઉપલબ્ધ થશે અને વ્યાવહારિક રીતે માંગ-પુરવઠાની સમતુલાના નિયમના આધારે મકાન-મિલકતના ભાવ નક્કી થશે.

૭. મકાનોનો કૃત્રિમ ભાવ વધારો અંકુશિત થતાં જરૂરિયાતમંદો તેમના બજેટ પ્રમાણે આ પ્રકારની મકાન-મિલકતો ખરીદી શકશે.

૮. સરકારની આવકનો સ્ત્રોત વધતા પ્રાદેશિક અસમાનતા દૂર કરવામાં સરકાર સફળ થશે. દેશનો દરેક નાગરિક અમુક કક્ષાનું યોગ્ય જીવન ધોરણ જીવી શકશે.

૯. જેમ જેમ મકાનના હપ્તાઓ ચૂકવાતા જાય તેમ તેમ દર વર્ષે મુદ્દલ પ્રત્યેની ચુકવણી વધે છે અને વ્યાજની રકમમાં ઘટાડો થતો જાય છે. તેથી પછીનાં વર્ષોમાં મકાનની લોનનું વ્યાજ ઘટતાં મકાન-મિલકતની આવકમાં વધારો થાય છે. (જો વ્યાજ રૂ. ૨,૦૦,૦૦૦થી ઓછું થાય ત્યારે) એટલે મકાન-મિલકતના વ્યાજના કારણે કપાતની રકમ વધે છે. પણ જો અગાઉનાં વર્ષોનું વ્યાજ મજરે મળવાનું હોય, તો પૂરેપૂરી રકમ રૂ. ૨,૦૦,૦૦૦ સુધીનો લાભ લઈ શકાય છે.

૧૦. મકાનના હપ્તા પેટે મુદ્દલ પેટે ચૂકવેલ રકમનો લાભ તો કલમ ૮૦C માં મળવાપાત્ર છે જ.

૧૧. સરકારની મહેસૂલી આવકમાં વધારો થાય છે અને કર ભરનારને એક વર્ષની કપાતના બદલે પછીના આઠ વર્ષ સુધી વ્યાજની કપાત મજરે મળી શકે છે.

**ભારતમાં રહેઠાણનાં મકાનો અંગેની માહિતી અને પેટા કલમ (૩A) ની સુસંગતતાઃ**

૧. ભારતના ૨૦૧૧ વસ્તી ગણતરીના અહેવાલ પ્રમાણે કુલ ૩૩,૦૮,૩૫,૭૬૭ રહેઠાણના મકાનોમાંથી રહેઠાણનાં મકાનોમાંથી ૩૦,૬૧,૬૨,૭૯૯ મકાનોનો રહેઠાણ તરીકે ઉપયોગ થાય છે, જ્યારે ૨૪૬,૭૨,૯૬૮ રહેઠાણનાં મકાનો ઉપયોગ વિનાનાં પડી રહ્યાં છે. જે બિનઉત્પાદકીય રોકાણ કહેવાય.

જો આ ૨,૪૬,૭૨,૯૬૮ મકાનોમાં સરેરાશ એક કુટુંબના ૬ સભ્યો રહી શકે, તો દેશના ૧૪,૮૦,૩૭,૮૦૮ લોકોના રહેઠાણની સમસ્યા હલ કરી શકાય.

૨. Times of Indiaમાં પ્રગટ થયેલ અહેવાલ પ્રમાણે મોટા ભાગના ભારતીયો માટે વ્યક્તિ દીઠ રહેવા,

સુવા, જમવાનું બનાવવા, કપડાં ધોવા માટે અને કુદરતી હાજતની પ્રક્રિયા માટે ફક્ત ૧૦ ફૂટ ટ ૧૦ ફૂટની જગ્યા જ ઉપલબ્ધ છે. જો સરેરાશની દૃષ્ટિએ જોઈએ, તો શહેરી વિસ્તારમાં વ્યક્તિ દીઠ ૧૦૩ ચોરસ ફૂટ અને ગ્રામ વિસ્તારમાં ૧૧૭ ચોરસ ફૂટ જેટલી જ જગ્યા ઉપલબ્ધ છે.

એક સર્વે પ્રમાણે ૪૦૦ મિલિયન લોકો પાસે તો સંડાસ-બાથરૂમની વ્યવસ્થા જ ઉપલબ્ધ નથી. આ પરિસ્થિતિ તો ઝુંપડપટ્ટીમાં અતિ ગંભીર છે.

૩. વર્ષ ૨૦૧૩ માં ભારત સરકાર અને અમેરિકન નેશનલ હાઉસિંગ બૅન્ક દ્વારા વિશ્વ બૅન્ક પાસેથી ૧૦૦ મિલિયન ડૉલર જેટલી લોન નીચી આવક ધરાવતા લોકોને રહેઠાણ પૂરું પાડવા માટે લેવામાં આવી છે.

૪. ભારત સરકાર દ્વારા તેમજ રાજ્ય સરકાર દ્વારા વિશ્વ બૅન્ક દ્વારા પૂરી પાડવામાં આવેલ આર્થિક સહાયનો ઉપયોગ શુદ્ધ પાણી, સંડાસ, બાથરૂમ બાંધકામ અને ગટર વ્યવસ્થા કરવા માટે કરવામાં આવી રહ્યો છે.

ખાનગી ક્ષેત્રની કામની જેવી કે તાતા કંપની પણ આ પ્રકારની સગવડો પૂરી પાડવા માટે કાર્યરત છે.

૫. મુંબઈ જેવા શહેરમાં ૯ મિલિયન વસ્તી ૬૦% વસ્તી અવૈધિક મકાનો અથવા ઝૂંપડપટ્ટી જેવા વિસ્તારોમાં રહે છે. તેમની દયનીય પરિસ્થિતિ ખૂબ જ ચિંતાજનક પરિસ્થિતિ દર્શાવે છે, આ પ્રકારની સમસ્યામાં ભારતના અન્ય શહેરો મદ્રાસ, દિલ્હી, કોલકાતા, હૈદ્રાબાદ વગેરેમાં પણ આ જ પ્રકારનું ચિત્ર રજૂ કરે છે.આ આંકડાઓ આર્થિક અસમાનતા અને નિર્ધારિત જીવન ધોરણ અંગે એક પ્રશ્નાર્થ ઊભો કરે છે.

૬. શ્રી રામ મહાદેવન દ્વારા ૨૩-૧૦-૧૫ના રોજ લખાયેલા લેખમાં જણાવે છે કે ભારતની હાઉસિંગ ખાધ લગભગ ૧૯ મિલિયન એકમો જેટલી છે. જો આ અંગે વિચારણા કરવામાં નહિ આવે, તો આ ખાધ ૨૦૩૦માં વધીને ૩૮ મિલિયન એકમો જેટલી થવા પામશે. આ ખાધના ૯૫% લોકો આર્થિક રીતે પછાતવર્ષ અને નીચી આવક ધરાવતા સમૂહના લોકોનો સમાવેશ થાય છે.

ઉપરના આંકડાઓ સરકારને આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે નિર્ધારિત સહાય પૂરી પાડવા માટે આ પેટા કલમ (૩છ) દાખલ કરવામાં આવી છે તેવું સાબિત થાય છે.

વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં સરકાર દ્વારા દેશના અર્થતંત્રને મજબૂત કરવા, વેરાને લગતા વ્યવહારો માટેની સમયમર્યાદા ઘટાડવા, કર ભરનારાઓમાં સજાગતા ઉભી કરવા, કર અનુસંધાને ઝડપી અને નિયમિત વ્યવસ્થા ઊભી કરવા વગેરે જેવી બાબતોને આવરી લેતી નવી વિવિધ જોગવાઈઓ કરવામાં આવે છે. દા.ત.: (i) કલમ ૮૦ G પ્રમાણેના રોકડ દાન અંગેના મર્યાદા રૂ. ૧૦,૦૦૦થી ઘટાડીને રૂ.૨,૦૦૦ સુધીની કરવામાં આવી છે.(ii) રિવાઈઝ્ડ રિટર્ન ફાઈલ કરવાનો સમયગાળો કલમ 13a(5) પ્રમાણેનો છે તેમાં પણ સુધારો કરવામાં આવ્યો છે, જેથી કરીને જે, તે પાછલા વર્ષની આકારણીની કામગીરી ઝડપી બને અને વેરા અંગેની સ્પષ્ટ જવાબદારી પણ જલદીથી નક્કી થઈ શકે. (iii) બિલમાં આવકનું રિટર્ન મોડું ભરવા અંગે કલમ ૨૪૩(F) પ્રમાણે જરૂરી ફી ભરવા અંગેની પણ જોગવાઈ કરી છે. જેથી કરીને કર ભરનારાઓ દ્વારા પોતાનાં રિટર્ન ભરવા અંગે સજાગ રહે અને નિયત સમયમાં આ કામ પૂર્ણ કરે, જેથી સરકાર પાસે બૅકલોગ ઊભો ન થાય અને કામનું ભારણ ઘટે. નાણાબીલની તમામ જોગવાઈઓનું હકારાત્મક વિશ્લેષણ કરીને રજૂ કરવામાં આવે તો તેના વિવિધ લાભો અંગે પ્રજાને જાણકારી પ્રાપ્ત થાય.

બજેટને લગતી તમામ જોગવાઈઓનું જે તે પ્રાદેશિક ભાષામાં રૂપાંતર કરીને સામાન્ય પ્રજાજનો સમક્ષ મુકવામાં આવે અને તેને ઉદાહરણો દ્વારા સમજાવવામાં આવે, તો સામાન્ય પ્રજા સરકારના પ્રયાસોની જરૂરિયાત સમજી શકે અને તેનું તાર્કિક મૂલ્યાંકન કરી શકે. દેશની તમામ જરૂરિયાતોનું ઘડતર દેશના વધુમાં વધુ વર્ગને તેનો લાભ મળે અથવા આ બાબતને ધ્યાનમાં લઈને આવકવેરા ધારાની કલમ ૭૧ની પેટા કલમ (3A) જે નવા નાણાબિલમાં રજૂ કરવામાં આવી છે, તેને ઉદાહરણ દ્વારા વિશ્લેષણ કરીને અહી રજૂ કરેલ છે.

**લેખક એસ.ડી. સ્કૂલ ઑફ કૉમર્સ, ગુજરાત યુનિવર્સિટીમાં પ્રોફેસર છે.**

# અંદાજપત્ર ૨૦૧૭-૧૮ : એક વિશ્લેષણ

**ડૉ. મહેશ આર. સોનારા**




*આ વર્ષે બજેટમાં જે ક્ષેત્રોમાં વધુ નાણા ઠલવાયાં છે તે છે- માળખાકીય સુવિધા ક્ષેત્ર જેમાં રૂ. ૩,૯૬,૦૦૦ કરોડ ફાળવાયા છે, જે ગત વર્ષ કરતા ૧૬ ટકા વધારે છે. માત્ર હાઈવેના નિર્માણ માટે જ રૂ. ૬૫,૦૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. આ સાથે સંરક્ષણ ક્ષેત્રે પણ રૂ. ૨,૭૪,૦૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. જો કે તેમાં ગતવર્ષ કરતા ૧ ટકા ઓછી ફાળવણી થઈ છે. ગ્રામીણ વિસ્તારોમાં સ્થળાંતર અટકે અને ગ્રામીણ વિસ્તારોમાં સવલતો વધે તે હેતુ ધ્યાનમાં રાખીને ગ્રામીણ ક્ષેત્રે રૂ. ૧,૮૭,૦૦૦ કરોડ ફાળવાયા છે. જેમાં ગ્રામીણ ક્ષેત્ર અને કૃષિક્ષેત્ર સામેલ છે. મહિલા અને બાળકલ્યાણનું મહત્ત્વ સ્વીકારીને તેમના કલ્યાણ માટે રૂ. ૧,૮૪,૦૦૦ કરોડની જોગવાઈ કરી છે. આ એવા મહત્ત્વના ક્ષેત્રો છે જેમાં આર્થિક વિકાસ સાથે રોજગારી અને સમતુલા, સુરક્ષા અને સેવાને મહત્ત્વ અપાયું છે.*

ભારતમાં નાણામંત્રીએ રૂ. ૨૧,૪૬,૭૩૫ કરોડની કુલ રકમનું બજેટ રજૂ કર્યું છે. ગત વર્ષ ૨૦૧૬-૧૭ કરતાં આ રકમ રૂ. ૧,૩૨,૩૨૮ કરોડ વધારે છે. બજેટમાં પ્રામાણિક કરદાતાને લાભ થાય તેનું ધ્યાન રખાયું છે. કૃષિ પ્રધાન દેશ ભારતમાં ખેડૂતોની આવકમાં વધારો થાય, ગ્રામીણ વસ્તીને રોજગારી મળે અને માળખાકીય સુવિધાઓ પ્રાપ્ત થાય, યુવાનોને શિક્ષણ અને કૌશલ્યના વિકાસથી રોજગારી મળે, નાણાકીય ક્ષેત્ર તથા સંસ્થાઓને મજબૂત બનાવી સંતુલિત વિકાસ સાધી શકાય, વિકાસ માટે ટેક્નોલૉજીનો વધુ ને વધુ ઉપયોગ થાય, જેના ધ્યેયોને ધ્યાનમાં રાખીને આ ક્ષેત્રો પર વધુ ભાર મુકાયો છે.

આ વર્ષે બજેટમાં જે ક્ષેત્રોમાં વધુ નાણા ઠલવાયાં છે તે છે- માળખાકીય સુવિધા ક્ષેત્ર જેમાં રૂ. ૩,૯૬,૦૦૦ કરોડ ફાળવાયા છે, જે ગત વર્ષ કરતા ૧૬ ટકા વધારે છે. માત્ર હાઈવેના નિર્માણ માટે જ રૂ. ૬૫,૦૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. આ સાથે સંરક્ષણ ક્ષેત્રે પણ રૂ. ૨,૭૪,૦૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. જો કે તેમાં ગતવર્ષ કરતા ૧ ટકા ઓછી ફાળવણી થઈ છે. ગ્રામીણ વિસ્તારોમાં સ્થળાંતર અટકે અને ગ્રામીણ વિસ્તારોમાં સવલતો વધે તે હેતુ ધ્યાનમાં રાખીને ગ્રામીણ ક્ષેત્રે રૂ. ૧,૮૭,૦૦૦ કરોડ ફાળવાયા છે. જેમાં ગ્રામીણ ક્ષેત્ર અને કૃષિક્ષેત્ર સામેલ છે. મહિલા અને બાળકલ્યાણનું મહત્ત્વ સ્વીકારીને તેમના કલ્યાણ માટે રૂ. ૧,૮૪,૦૦૦ કરોડની જોગવાઈ કરી છે. આ એવા મહત્ત્વના ક્ષેત્રો છે જેમાં આર્થિક વિકાસ સાથે રોજગારી અને સમતુલા, સુરક્ષા અને સેવાને મહત્ત્વ અપાયું છે.

આઝાદ ભારતના ૮૭મા બજેટ રજૂ કરતાં નાણામંત્રી રાજકોષીય ખાધ જીડીપીના ૩.૨ ટકા રાખવા માગે છે, જે એક આવકારદાયક વાત છે. રાજકોષિય શિસ્ત જાળવવી એ નાણામંત્રી માટે એક પડકાર હોય છે. ભારતમાં નોટબંધી પછી જીડીપી વિકાસદર ૭.૫ ટકાથી ઘટીને ૬.૫ ટકા થવા પામ્યો છે. ખાનગી ક્ષેત્રે રોકાણ ઘટયું છે. ચાવીરૂપ ક્ષેત્રોમાં માંગ અને નફો પણ ઘટવા પામ્યો છે. બેન્ક લૉન રિકવરી પ્રમાણ ચિંતાજનક છે. દેશમાં મોટા પ્રમાણમાં રોજગારીમાં વધારો આવશ્યક છે. વૈશ્વિક કક્ષાએ પણ માંગ અને આર્થિક વિકાસનો દર નીચો જઈ રહ્યો છે. આ સંજોગોમા દેશના લોકોની સરકાર પાસે અપેક્ષા છે કે વિકાસ દરમાં બહુ મોટો સુધારો થાય અને ૭ ટકાની ઉપર રહે. નાણાંમંત્રીએ બજેટ તૈયાર કરતી વખતે ચાર બાબતો નજર સમક્ષ રાખી છે કે -મૂડીરોકાણ કઈ રીતે વધારવું, માંગમાં વધારો કઈ રીતે કરવો, રોજગારીની તકોનું સર્જન કઈ રીતે કરવું, અને રાજકોષીય ડહાપણ કઈ રીતે જાળવવું.

સુસ્ત બનતા અર્થતંત્ર અને વધતા જતા વૈશ્વિક જોખમ વચ્ચે રજૂ કરાયેલ બજેટ સમય કરતાં વહેલું હોવા છતાં લક્ષ્ય સ્પષ્ટ હતું કે અર્થતંત્રને સ્થાનિક અને વૈશ્વિક પ્રતિકુળતાઓથી બચાવવું.

બજેટમાં એ વાતનું ધ્યાન રખાયું છે કે તેની ગરીબ લોકો તરફી સરકારની છાપ બની રહે. આ સાથે નાણાબંધી એ કાળાં નાણાં વિરુદ્ધની ઝુંબેશમાં માત્ર અલ્પવિરામ છે પૂર્ણ વિરામ નહીં એ અંદેશો પણ જવો જોઈએ. ઈન્ડિયામાં ઓછા શહેરી અને ગ્રામીણ લોકોને લાભ મળ્યો હોવાથી વધુ લાભ મળે તેવા ભારતનું નિર્માણ કરવાનું નાણામંત્રીએ તેમનું આ ચોથું બજેટ ગેમચેન્જર બનવાની સંપૂર્ણ આશા સાથે આપ્યું છે. આથી તેમણે ધ્યેયોની સિદ્ધિ માટે પાંચ ક્ષેત્રને મોટો ધક્કો માર્યા છે જેમાં માળખાકીય ક્ષેત્ર, હાઉસીંગ, ઉદ્યોગ સાહસિકતા, કૃષિ અને ડિજિટલ વ્યવહારો છે. આ ચાવીરૂપ ક્ષેત્રને મહત્ત્વ આપી સરકારે સીધા કરવેરા ન વધારવાનું યોગ્ય માન્યું છે.

મધ્યમવર્ગને કરરાહત અને ગ્રામીણ વિસ્તારોમાં ખર્ચ વધારાના કારણે વધુ રોજગારી સર્જન થશે. આનાથી ખરીદ શક્તિ વધશે એટલે કે માંગમાં મોટાપાયે વધારો થશે.

નાણામંત્રીએ જે મહત્ત્વના ક્ષેત્રોમાં પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યુ છે, તે ક્ષેત્રો વિશે વિસ્તારથી જાણવાથી ખ્યાલ આવશે કે સરકાર કઈ રીતે પોતાના મહત્ત્વના ધ્યેયો સિદ્ધ કરવા આગળ વધી રહી છે.

**માણખાગત ક્ષેત્ર :**

નાણાંમંત્રીએ માળખાગત ક્ષેત્રના વિકાસ માટે રૂા. ૩.૯૫ લાખ કરોડની જંગી ફાળવણી કરી છે. તેમના મતે દેશના વિકાસમાં રેલવે, રોડ અને રિવર 'લાઈફ લાઈન' નું કામ કરી રહી છે. આ દિશામાં માળખાગત વિકાસને વેગ આપવામાં આવશે, તો આર્થિક વિકાસની ઝડપ વધશે અને રોજગારીનું પણ સર્જન થશે. હાઈવેના વિકાસ માટે રૂા. ૬૪,૦૦૦ કરોડની ફાળવણી કરાશે. પરિવહન ક્ષેત્રમાં રેલવે, રોડ અને વહાણ પરિવહન સામેલ છે. ત્યાં વિકાસ માટે સરકાર રૂ. ૨.૪૧ લાખ કરોડની ફાળવણી કરશે. હાલમાં ૨૦૦૦ કિમીના દરિયાઈ રસ્તાઓનું બાંધકામ અને વિકાસ કરવામાં આવી રહેલ છે, જેના કારણે ભવિષ્યમાં પૉર્ટ અને દરિયાઈ ગામડાંઓ સાથે જોડાણમાં મદદ મળશે. ૩૫૦૦ કિમીની રેલવે લાઈન નાખવામાં આવશે અને ૨૫ રેલવે સ્ટેશનોનું ફરીથી વિકાસ કરવામાં આવશે. ભારત નેટ કાર્યક્રમ હેઠળ ૧,૫૦,૦૦૦ પંચાયતોની હાઈ સ્પીડ બ્રોડબેન્ડ થી જોડવામાં આવશે. માળખાકીય વિકાસના ક્ષેત્રે આ ફાળવણીથી સિમેન્ટ, સ્ટીલ, વાહનવ્યવહાર ક્ષેત્રે માંગમાં વધારો થશે. બાંધકામ ક્ષેત્રે અકુશળ કારીગરોની રોજગારી વધશે. માળખાકીય ક્ષેત્ર એવુ છે જ્યાં વધુ રોકાણથી વધુ રોજગારી મળશે અને વિકાસ થશે.

આ બજેટમાં પરવડી શકે તેવાં મકાનોના ક્ષેત્રને માળખાકીય ક્ષેત્રમાં સમાવવામાં આવેલ છે. સરકાર ૨૦૧૯ પહેલા મકાન વિહોણા લોકો માટે ૧૦ મિલિયન મકાનો બાંધશે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂ. ૨૩,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. રોટી, કપડા અને પછી મકાનની જરૂરિયાત સંતોષાય તેને સરકાર પ્રાથમિકતા આપે છે. હાઉસીંગ ક્ષેત્રે ધ્યાન આપવા ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં માંગ અને રોકાણ બંનેમાં વધારો થશે. રિયલ એસ્ટેટ સેક્ટરમાં મંદી દૂર કરવા અને રોકાણને આકર્ષવા નેશનલ હાઉસીંગ બૅન્ક રૂ. ૨૦,૦૦૦ કરોડની વ્યક્તિગત હાઉસીંગ લોન આપશે. દરમાં રાહત મેળવવા અગાઉ પોજેક્ટ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની શરત હતી તે સમય વધારીને હવે પાંચ વર્ષનો કરવામાં આવ્યો છે. સરકારે જે બિલ્ડરોના મકાનો વેચાતા ન હોય તેમને પણ ટૅક્સમાં રાહત આપવાનો નિર્ણય લીધો છે.

દેશમાં ૧.૮૮ કરોડ શહેરી આવાસોની ઘટ છે. જેમાં ૯૬ ટકા આર્થિક દૃષ્ટિએ નબળા અને ઓછી આવક ધરાવનારા વર્ગમાં છે. દેશના નક્કર વિકાસ માટે આ ક્ષેત્ર પર ધ્યાન આપવું જરૂરી હતુ. બજેટમાં આ ક્ષેત્રે અનેક પગલાઓ પર તેના વિકાસ પર ધ્યાન અપાયું છે. વિશાળ યુવાવર્ગ હોવાના કારણે રોજગારી ઊભી કરવી એ મુખ્ય પ્રાથમિકતા છે. રહેઠાણ એવું ક્ષેત્ર છે કે જેના વિકાસથી અનેક ક્ષેત્રોમાં રોજગારીની તકો ઉભી થાય છે. સરકારે આ ક્ષેત્રનું મહત્ત્વ સ્વીકારી માળખાકીય ક્ષેત્રને ખૂબ જ મહત્ત્વનું અને ચાવીરૂપ ગણેલ છે.

**ઉદ્યોગ સાહસિકતા**

નાણામંત્રીએ ૫૦ કરોડ રૂપિયા સુધીનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી કંપનીઓ માટે આવકવેરો ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરેલ છે. જેથી નાના, લઘુ અને મધ્યમ ઉદ્યોગ કંપનીઓને વધારે વ્યવહારુ બનાવવા તથા ફર્મ ને કંપનીઓ સ્વરૂપે આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી શકે. ટકાવારી અનુસાર ૯૬ ટકા કંપનીઓ આ ઘટાડાનો લાભ ઉઠાવી શકશે. લઘુત્તમ વૈકલ્પિક કર (મેટ) ને હટાવવા અથવા ઘટાડવો એ નાણામંત્રીના મતે વ્યવહારિક નથી. જો કે આગામી વર્ષોમાં કંપનીઓને મેટ ક્રેડિટનો ઉપયોગ કરવા માટે મેટને આગામી ૧૦ વર્ષોના બદલે ૧૫ વર્ષના સમય સુધી આગળ વધારવા પ્રસ્તાવ મૂકયો છે. સ્ટાર્ટઅપ ઉદ્યોગો માટે ટૅક્સ હોલી ડે વધુ બે વર્ષ લંબાવાયો છે. એમએસએમઈને ટૅક્સમાં રાહતથી સરકારનો પ્રયાસ છે કે લઘુ ઉદ્યોગોને અસંગઠીત થી સંગઠીત ક્ષેત્રમાં સામેલ કરી શકાય. તેનાથી તેમને બૅન્કોની લોન લેવામાં સરળતા રહેશે. કેશની

ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, એન્જિનિયરિંગ અને સિરામિક સહિતના ક્ષેત્રની કંપનીઓને તેનો લાભ મળશે. જોકે વર્તમાનમાં એમએસએમઈ કંપનીઓ ઓછી માંગના પડકાર સામે ઝઝુમી રહી છે, ત્યારે માંગ વૃદ્ધિના પગલાની પણ આવશ્યકતા છે. રૂ. ૫૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતી કંપનીઓ માટે આવકવેરામાં ઘટાડાનું પગલુ પ્રોત્સાહક જરૂર છે પરંતુ આ કંપનીઓમાં કેપેસીટી યુટિલાઈઝેશન બહુ નીચુ છે. સ્થિર ખર્ચ વધી ગયેલ છે અને નફાકારકતા ઘટી ગઈ છે. તેથી હાલમાં તાત્કાલિક ટેક્ષ રાહતનો લાભ મળશે નહિ. જો કે બજેટના કારણે માંગ વધવાની ધારણા છે ત્યારે વિવિધ જોગવાઈ ના કારણે લેધર, ફુટવેર, ટેક્સટાઈલ, ઇલેક્ટ્રૉનિકસ મેન્ટ્રફેક્ચરીંગ ક્ષેત્રમાં ઘણી નવી તકો સર્જેશે.

**કૃષિ ક્ષેત્ર :**

નાણામંત્રીએ કૃષિ અને ગ્રામીણ ક્ષેત્રનું મહત્ત્વ વિકાસ અને રોજગારીના સંદર્ભમાં સ્વીકારીને આ ક્ષેત્રમાં એટલે કે ગ્રામીણ, કૃષિ અને તેના સંલગ્ન ક્ષેત્રોમાં રૂ. ૧.૮૭ લાખ કરોડની જોગવાઈ કરી છે. નાણામંત્રીએ કૃષિધિરાણમાં કુલ બજેટમાં એક લાખ કરોડનો વધારો કર્યો છે. જેથી આગામી નાણાકીય વર્ષથી કૃષિ ધિરાણ રેકોર્ડ બ્રેક રૂ. ૧૦ લાખ કરોડ સુધી પહોંચી જશે. આગામી પાંચ વર્ષમાં ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્યાંકના ભાગરૂપે આ નિર્ણાય લેવાયો છે. સરકાર ખેડૂતોને ૭ ટકાના વ્યાજે ૩ લાખ સુધીની ટૂંકાગાળાની લોન આપશે. આ સાથે જો ખેડૂતો નક્કી કરેલી તારીખે વ્યાજ ચુકવશે તો વધારાના ૩ ટકાનું ડિસ્કાઉન્ટ પણ અપાશે. આ રીતે ખેડૂતોને માત્ર ચાર ટકાના વ્યાજે ટૂંકાગાળાની લોન મળશે. આ સાથે ફસલ બીમા યોજનાનું બજેટ પણ રૂ. ૫,૫૦૦ કરોડથી વધારીને રૂ. ૯,૦૦૦ કરોડ કરવાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ હાલ દેશનો માંડ ૩૦ ટકા કૃષિ વિસ્તાર આવરી શકાયો છે જે આગામી નાણાકીય વર્ષમાં ૫૦ ટકા સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક છે. આ સાથે નાની સિંચાઈ યોજનાઓ માટે પણ પાંચ હજાર કરોડના ભંડોળની જાહેરાત કરાઈ છે. ગામડાઓમાં રોજગારની યોજના મનરેગા માટે રૂ. ૪૮ હજાર કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ રકમ અત્યાર સુધીની સૌથી વધુ છે. આ યોજના હેઠળ જળસંચય માટે પાંચ લાખ તળાવ બનશે. દેશની ૫૦,૦૦૦ ગ્રામ પંચાયતોને ગરીબીમુક્ત બનાવવાનું આયોજન છે. રૂ. ૫૦૦૦ કરોડના પ્રારંભિક રોકાણથી પ્રતિ ટીપા વધુ પાકનું લક્ષ્ય હાંસલ કરવા માટે નાબાર્ડ બનાવશે માઈક્રો ઈરિગેશન ફંડ. આગામી ૩ વર્ષમાં રૂ. ૮,૦૦૦ કરોડનું ડેરી પ્રોસેસીંગ ફંડ બનાવવામાં આવશે. ૧ કરોડ પરિવારોને અંત્યોદય યોજના હેઠળ ગરીબીમાંથી ઉગારવાનું લક્ષ નક્કી કરાયુ છે. મે ૨૦૧૮ સુધી બધા ગામોમાં વીજળી પહોંચાડવાનું લક્ષ્ય નક્કી કરાયુ છે. નાણામંત્રીએ કૃષિ, ગ્રામીણ અને સંલગ્ન ક્ષેત્રે જંગી ફાળવાણી કરતા ગ્રામીણ ક્ષેત્રોમાં ઉત્પાદન અને માંગમાં વધારો થશે. ફુડ પ્રોસેસીંગ અને સંગઠિત છુટક બજારને ફાયદો થશે. રોજગારીની તકોમાં ખૂબ વધારાની શક્યતા છે.

**ડિજિટલ તથા કેશલેસ વ્યવહારોને પ્રોત્સાહન**

બજેટમાં કેશલેસ ઈકોનોમીને પ્રોત્સાહન આપવા માટે અડધો ડઝનથી વધુ જોગવાઈ કરી છે. તેમાં ભીમ એપ પર કેશબેક, ૧૦ લાખ સ્વાઈપ મશીન, આધાર ઈનેબલ્ડ પેમેન્ટને પ્રોત્સાહન આપવુ મુખ્ય છે. તેનાથી કેશ ટ્રાન્ઝેક્શનમાં ૬ ટકા જેટલો ઘટાડો આવશે. મહત્ત્વની ડિજિટલ રીતો આ મુજબ છે.

નેટ બેન્કિંગ - ઈન્ટરનેટ પર ક્યાંયથી પણ લોગ ઈન કરીને બેન્કિંગ શક્ય છે. હાઈવેલ્યુ ટ્રાન્જેક્શન અને ઈન્સ્ટન્ટ ટ્રાન્સફર માટે ખૂબ સારી યોજના છે.

ક્રેડિટ / ડેબિટ કાર્ડ - પૈસા ઉપાડવાની સાથે ડાયરેક્ટ શોપિંગ કે ઑનલાઇન શોપિંગ થઈ શકે છે. સાથે કેશ રાખવામાંથી મુક્તિ મળે છે.

ભીમ એપ - સરકારે વર્તમાનમાં દાખલ કરેલી છે અને તેને નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઑફ ઈન્ડિયાએ બનાવી છે. ભીમએપથી યુપીઆઈ અને નોન યુપીઆઈ બંને પ્રકારના એકાઉન્ટમાં પેમેન્ટ કરી શકાય છે. જે ફ્રી ચાર્જિસ છે. નોટબંધી બાદ લોન્ચ થયેલી આ એપ ઝડપથી લોકપ્રિય થઈ રહી છે.

યુપીઆઈ- પેમેન્ટ ઈન્ટરફેસ છે. બેન્કની એપથી ચાલે છે. તે ઈમેલની જેમ સરળ છે. માત્ર એક આઈડીની જાણકારીથી પૈસા ટ્રાન્સફર કરી શકાય છે.

કેશકાર્ડ- જે પ્રી-પેઈડ કાર્ડ છે. જેને રિચાર્જ કરી શકાય છે. ઈન્સ્ટન્ટ સ્વાઈપ થઈ જાય છે. આ કાર્ડની વિશેષતા એ છે કે બૅન્ક એકાઉન્ટ ના હોય તો પણ તેનો ઉપયોગ કરી શકાય છે.

ઈ વોલેટ - આ એપથી મોબાઈલમાં પૈસા રાખી શકાય છે. કોઈપણ સમયે મોબાઈલથી પેમેન્ટ શક્ય છે. રીત સરળ છે. ઈવોલેટ ખૂબ જ સુરક્ષિત છે. નાની ચુકવણી માટે સારો વિકલ્પ છે.

યુએસએસડી- આ એપ ગ્રામીણ વિસ્તારોમાં ટ્રાન્ઝેકશન માટે બનાવાઈ છે. કેશલેસના તમામ પેમેન્ટ માટે ઈન્ટરનેટ અને સ્માર્ટફોનની જરૂર હોય છે. પરંતુ યુએસએસડી થી ઈન્ટરનેટ વિના ટ્રાન્ઝેકશન કરી શકાય છે. આ કારણે જ તેને ગ્રામીણ ક્ષેત્રોમાં ઝડપથી અપનાવાઈ રહી છે.

ઉપરની વિવિધ કેશલેસ યોજનાઓના કારણે આ નાણાકીય વર્ષમાં સરકારનું લક્ષ્ય ૨૫૦૦ કરોડ ડિજિટલ લેવડ દેવડનું છે. બજેટમાં સરકાર દ્વારા કેશલેસના કરવામાં આવેલા ઉપાયોના કારણે વિવિધ વ્યવહારોમાં રોકડમાં ૮ થી ૧૦ ટકાનો ઘટાડો થશે. નોટબંધી બાદ ડિજિટલ પેમેન્ટમાં વધારો થઈ રહ્યો છે. પીઓએસ મશીનો લાગવાના કારણે ગ્રાહકો તથા નાના દુકાનદારો પણ કેશલેસ તરફ આગળ વધશે. ભીમ એપ પર બોનસ સ્કીમ, સેલ ડિવાઈસ અને ફિંગર પ્રિન્ટ ડિવાઈસ પર ડયુટી હટાવી ૧૦ લાખ પીઓએસ ટર્મિનલ લાવવાની યોજનાથી આ સ્કીમોને ખૂબ પ્રોત્સાહન મળશે જે સરકારનું એક મહત્ત્વાકાંક્ષી ધ્યેય છે.

### શિક્ષણ અને આરોગ્ય સેવાઓ

નાણામંત્રીએ શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવાઓ માટે રૂ. ૧,૩૦,૨૧૫ કરોડ ફાળવ્યા છે. તેઓ ઉચ્ચ શિક્ષણમાં થતી દરેક પ્રકારની પરીક્ષા માટે નેશનલ ટેસ્ટિંગ એન્જસી બનાવવા માંગે છે. જેનાથી વિવિધ સંસ્થાઓ પર પરીક્ષાનું ભારણ ઓછું થશે. શાળાઓમાં શિક્ષણના સ્તરને માપવા માપદંડો તૈયાર કરાશે. રૂ. ૫૦૦ કરોડના ખર્ચનાં ૧૪ લાખ આંગણવાડી કેન્દ્રોમાં મહિલા શક્તિ કેન્દ્ર બનશે. ઉત્પાદન વધારવા શ્રમ કાયદામાં ફેરફાર કરાશે મહિલાઓ માટે રોજગારી વધારવાનું આયોજન છે. આપણે ત્યાં શિક્ષણ અને રોજગાર માટે જરૂરી લાયકાત અને આવડત વચ્ચે મોટુ અંતર જોવા મળે છે. આથી ઈન્ડસ્ટ્રીમાં જરૂર હોવા છતાં યોગ્ય, કુશળ લોકો મળતાં નથી. આથી રોજગારીની તકો હોવા છતાં બેરોજગાર યુવાઓની સંખ્યાઓમાં વધારો થાય છે. આ વાત ધ્યાનમાં રાખીને આ બજેટમાં એક યોજના દાખલ કરાઈ છે. સ્કિલ ઈકિવજેશન એન્ડ નોલેજ અવેરનેશ ફોર લાઈવલીહુડ પ્રમોશન પ્રોગ્રામ (સંકલ્પ) લોન્ચ કરાશે. તેના માટે રૂ. ૪ હજાર કરોડનું ફંડ નક્કી કરાયુ છે. આ યોજના અંતર્ગત ૩.૫ કરોડ યુવાનોને ઈન્ડસ્ટ્રી પ્રમાણે ટ્રેન્ટિંગ આપવાનું લક્ષ્ય નક્કી કરાયું છે. આમ વિવિધ યોજનાઓ દ્વારા યુવાનોની સ્કિલ વધારવા પાછળ રૂ. ૬૨૨૦ કરોડ ખર્ચવાનું આયોજન છે.

સ્વાસ્થ્ય ક્ષેત્રે ગત વર્ષ કરતા ૨૮ ટકાનો વધારો કરી રૂ. ૪૭,૩૫૨ કરોડનું બજેટ ફાળવાયુ છે. સરકારમાં લોકોને સસ્તા દરે દવા મળે તે માટે કાયદાઓ પણ ફેરફાર કરશે. ડૉકટરો માટે મેડીકલ પીજીની સીટોમાં ૫૦૦૦નો વધારો કરાશે.

ઉપરોક્ત પ્રકારના મહત્ત્વના ક્ષેત્રોને વિવિધ પ્રોત્સાહનો દ્વારા સરકાર દેશની વિકાસની ગતિ વધારવા સાથે રોજગારી વધારવાનો અને અર્થક્ષેત્રને વધુ ચેતનવંતુ બનાવવાનો અભિગમ ધરાવે છે.

### ઉપસંહાર

નાણામંત્રીએ વિવિધ યોજનાઓમાં નાણા ફાળવણીમાં વધારો કરવા સાથે કેટલાંક નવા લક્ષ્યાંકો પર ધ્યાન આપ્યું છે. દેશમાં નોટબંધી પછી સર્જાયેલી સ્થિતીમાં માંગમાં તથા રોજગારીમાં કઈ રીતે વધારો થાય તેના પર જ ધ્યાન અપાયું છે. આ બજેટમાં કરવેરામાં સારી રાહતોના કારણે તથા ગ્રામીણ વિસ્તારો માટે વધુ ફાળવણી એટલે કે બજેટ ખર્ચમાં વધારાના લીધે લોકો પાસે વધુ નાણાં આવશે. જુદી જુદી યોજનાઓમાં નાણાં વધાર્યા હોવાથી નોકરીઓમાં પણ વધારો થશે અને સામાન્ય લોકો પાસે નાણાં વધશે. મનરેગા અને સામાજિક સુરક્ષાની યોજનાઓમાં વધારો થવાથી લોકો પાસે નાણાં વધુ આવશે જેથી માંગમાં બહુ મોટો વધારો થશે. જો ફુગાવો આજ દરે જળવાઈ રહે કે ઘટાડો થાય તો માંગમાં વધુ વધારો થશે. જેથી ઉત્પાદન અને રોજગારીમાં સુધારો થાય. વરસાદની સ્થિતી સામાન્ય રહે તો વિકાસદર ૭-૮ ટકાની વચ્ચે જળવાઈ રહેશે. માળખાકીય સવલતો જેવી કે મકાન-રોડ-રેલ્વે-વાહનવ્યવહાર વગેરેમાં વધુ નાણા ફાળવાતા નોકરીની તકોમાં વધારો થશે. જો કે તેનો આધાર આ વિવિધ યોજનાઓના અમલીકરણ પર છે. જો અમલીકરણ યોગ્ય થશે તો નોકરીઓ વધશે. જો કે આ યોજનાઓ પાછળ હજુ વધુ ખર્ચ કરવાની જરૂર હતી. નાણામંત્રીએ મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે ધ્યાન આપતા તેમાં પણ નોકરીઓ વધશે. ખાસ કરીને એમએસએમઈ ક્ષેત્રે લેધર, ટેક્સટાઈલ, ઈલેક્ટ્રોનિક ક્ષેત્રે નોકરીઓ વધવાની અપેક્ષા છે. આની સાથે ખેતી અને ગ્રામીણ ક્ષેત્રે બજેટમાં ૨૪ ટકાનો વધારો થતા વધુ પ્રોત્સાહન મળ્યુ છે. આ સાથે ધિરાણમાં વધારો થતાં ગ્રામીણ આવકમાં વધારો થશે. જેથી નોકરીઓ વધશે અને વિકાસ દર ઊંચો આવશે. આર્થિક વિકાસ માટે જોઈએ તો ખેતી, ગ્રામીણ, ખનીજક્ષેત્ર, વાહનવ્યવહાર, માળખાકીય ક્ષેત્રે વધુ ખર્ચ થવાથી આર્થિક પ્રવૃત્તિમાં વધારો થશે અને તેની ગુણાત્મક અસરો થશે. સરકારી ખર્ચ વધવાથી લોકોના વપરાશી ખર્ચમાં વધારો થશે. માંગ વધશે અને વિકાસમાં મદદ મળશે. અહીં ખાનગી રોકાણ અને ધિરાણ દર ધ્યાનમાં રાખવાં જરૂરી છે. નાણામંત્રીએ ૫૦ કરોડથી ઓછુ ટર્નઓવર ધરાવતી કંપનીના કરવેરા ઘટાડાથી હરીફાઈ ક્ષમતા વધશે જેથી તે મોટી કંપનીઓ સામે ટકી શકશે. વર્તમાનમાં સ્થાનિક તથા વૈશ્વિક કક્ષાએ અનિશ્ચિતતા વચ્ચે આ બજેટ સમતુલા બતાવે છે. નીતિવિષયક સુધારા કરાઈ રહ્યા છે. વિકાસ થઈ રહયો છે. ત્યારે સમગ્રતયા જોતા કહી શકાય કે બજેટ તેના વિકાસના લક્ષ્યાંક અવશ્ય પ્રાપ્ત કરી શકશે અને લોકોની અપેક્ષા સંતોષવામાં સફળ થશે.

**લેખક એચ.એ.કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદમાં અર્થશાસ્ત્રના એસોસિયેટ પ્રોફેસર છે.**

# અંદાજપત્ર ૨૦૧૭-૧૮ની મહત્વની જોગવાઈઓનું વિશ્લેષણ

**ડૉ. સંજય એ. પંડ્યા**




*પ્રસ્તુત લેખમાં ૨૦૧૭-૧૮ માટેના અંદાજપત્રની કેટલીક મહત્વની જોગવાઈઓ અને ભલામણો અને તેના સુચિતાર્થોની રજૂઆત કરી છે. આ અંદાજપત્રમાં નાણામંત્રીએ લગભગ તમામ ક્ષેત્રોને રાહત આપવાનો પ્રયત્ન કર્યો છે. જેમ કે એફોર્ડેબલ હાઉસિંગ માટે શેર બજાર, બેંકિંગ, કૃષિ, ઉદ્યોગ, વિદ્યાર્થીઓ, ગરીબ વર્ગ તમામ માટે ભલામણો છે. સારા ચોમાસા અને આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડના ભાવોની સ્થિતિ જોતા નાણામંત્રીએ બહુ કઠોર બનવાની જરૂર પડી નથી. નોટબંધીથી પરેશાન થયેલા લોકોને વિશેષ રાહતની અપેક્ષા પણ હતી. અંદાજપત્રની ફાળવણી અને ભલામણોનો અસરકારક અમલ થશે તો તેની લાંબા ગાળાની હકારાત્મક અસરો પડશે અને ભારતીય અર્થતંત્રના પાયાના પ્રશ્નો, બેરોજગારી, ગરીબી, આંતરમાળખાકીય સવગડોનો અભાવ, નીચા કૃષિ વિકાસ દરને દૂર કરવામાં સફળતા મળશે.*

નાણામંત્રી અરૂણ જેટલીએ તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટેનું અંદાજપત્ર સંસદમાં રજૂ કર્યું. બજેટ રજૂ કરતી વખતે નાણામંત્રીએ તંગ દોરડા પર ચાલવા જેવું હોય છે. કારણ કે વિવિધ વર્ગના લોકોની આશા-અપેક્ષાઓ હોય છે. સામાન્ય માણસથી માંડીને ખેડૂત, નોકરી કરતાં વ્યવસાયી વ્યક્તિઓથી માંડીને ઉદ્યોગપતિઓને પણ અંદાજપત્રમાં પોતાને-પોતાના વ્યવસાયને લાભ થાય. છૂટ મળે તેવા પગલાંઓની અપેક્ષાઓ હોય છે. તમામ લોકોની, બધી અપેક્ષાઓ પૂર્ણ રીતે ન સંતોષાય તે પણ સ્વાભાવિક છે. કારણકે સરકાર પાસે નાણાકીય સ્રોત મર્યાદિત હોય છે. નાણામંત્રીના દૃષ્ટિકોણથી આર્થિક સુવ્યવસ્થાપન સ્થપાય, અર્થતંત્રનો વિકાસ થાય, સમાજના વિવિધ વર્ગના લોકોને, ખાસ કરીને વંચિત વર્ગ અને ક્ષેત્રોને લાભ મળે તે વિશેષ જોવાનું હોય છે.

આ અંદાજપત્ર ઘણી રીતે સીમાચિહ્ન રૂપ છે. એક, સામાન્ય રીતે ફેબ્રુઆરીના અંતમાં રજૂ થતું અંદાજપત્ર આ વખતે ફેબ્રુઆરીની પહેલી તારીખે રજૂ થયું છે. આ ઉપરાંત ૯૨ વર્ષથી ચાલી આવતી અલગ રેલવે અંદાજપત્ર રજૂ કરવાની પરંપરાનો ત્યાગ કરીને રેલવે અંદાજપત્રને પણ સામાન્ય અંદાજપત્રના ભાગ તરીકે જ રજૂ કરવામાં આવ્યું. તેમજ આ અંદાજપત્રમાં યોજનાકીય અને બિન યોજનાકીય રીતે ખર્ચના વિભાજનને પણ બંધ કરવામાં આવ્યું છે. પ્રસ્તુત લેખમાં અંદાજપત્રની કેટલીક મહત્ત્વની બાબતોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**અંદાજપત્રનું કદ :**

આ અંદાજપત્રનું કુલ કદ રૂ. ૨૧.૪૭ લાખ અંદાજવામાં આવ્યું છે, જે ગત વર્ષના અંદાજપત્રના કદ ૨૦.૧૪ લાખ કરોડ કરતાં ૬.૬ ટકા વધું છે. આ અંદાજપત્રમાં ૨૧.૪૭ લાખ કરોડના કુલ ખર્ચ સામે ૨૦.૧૪ લાખ કરોડની કુલ આવક અંદાજવામાં આવી છે. જેમાંથી ૧૦.૮૮ લાખ કરોડ કરવેરાની અને ૩.૩૪ લાખ કરોડ કરવેરા સિવાયની આવક અંદાજવામાં આવી છે. ૩.૧૦ લાખ કરોડ મહેસૂલી ખાધ અને ૫.૩૪ લાખ કરોડ રાજકોષીય ખાધ અંદાજવામાં આવી છે. આ અંદાજપત્રમાં ખર્ચની યોજનાકીય ખર્ચ અને બિન યોજનાકીય ખર્ચ તરીકે અલગ-અલગ ફાળવણી કરવામાં આવી નથી.

**સામાન્ય અંદાજપત્ર અને રેલવે :**

આ અંદાજપત્રમાં નાણામંત્રીએ રેલવે અંદાજપત્ર રજૂ કરવાની ૯૨ વર્ષથી ચાલી આવતી પરંપરાનો ત્યાગ કરીને રેલવે અંદાજપત્રને સામાન્ય અંદાજપત્રના ભાગ તરીકે જ રજૂ કર્યું છે. નાણામંત્રીએ જણાવ્યું કે રેલવે માટે આગામી નાણાકીય વર્ષ માટેની યોજનાનું કદ ૧.૩૧ લાખ કરોડ છે, જે ગત વર્ષે ૧.૨૧ લાખ કરોડનું હતું. જેમાં બજેટમાં સરકાર દ્વારા આપવામાં આવેલા રૂ. ૫૫૦૦૦ કરોડનો પણ સમાવેશ થાય છે. આ અંદાજપત્રમાં રેલવેમાં સુરક્ષા, સ્વચ્છતા, સુવિધા અને વિકાસનાં ચાર ક્ષેત્રો પર ભાર મૂકવામાં આવ્યો છે. તાજેતરમાં થયેલા અકસ્માતોને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય રેલ સંરક્ષકકોષ સ્થાપવાની દરખાસ્ત કરી છે. ૨૦૨૦ સુધીમાં બ્રૉડગેજ નેટવર્ક પર માનવરહિત ક્રૉસિંગનો અંત લાવવાનું લક્ષ પણ નક્કી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પહેલી એપ્રિલથી સર્વિસ ચાર્જમાંથી મુક્તિની જાહેરાત કરવામાં આવી છે, તેથી ઈ-ટિકિટ સસ્તી થશે.

**અંદાજપત્ર અને કૃષિક્ષેત્ર :**

ભારતીય અર્થતંત્રમાં કૃષિનું મહત્વ સવિશેષ છે. આ અંદાજપત્રમાં નાણાપ્રધાને કૃષિક્ષેત્ર માટે અનેક મોટી જાહેરાતો કરી છે. કૃષિ ધિરાણ માટે ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં ૧૦ લાખ કરોડની જોગવાઈ કરી છે. ફસલ વીમા યોજનાનું કવરેજ વધારવાની જાહેરાત કરી છે. ફસલ વીમા યોજના હેઠળના કવરેજને ૨૦૧૬-૧૭માં પાક તળેના વિસ્તારના ૩૦ ટકાથી વધારીને ૧૭-૧૮ માં ચાલીસ ટકા અને ૨૦૧૮-૧૯ માં પચાસ ટકા કરાશે. આ માટે બજેટમાં ૯ હજાર કરોડની જોગવાઈ કરાઈ છે. નાબાર્ડ અંતર્ગત

સિંચાઈ માટે ફાળવાયેલ નાણાં ત્રીસ હજાર કરોડથી વધારીને ચાલીસ હજાર કરોડ કરવામાં આવશે. સૂક્ષ્મ સિંચાઈનો વ્યાપ વધારવા માટે ૫ હજાર કરોડનું એક અલગ માઈક્રો સિંચાઈ ભંડોળ બનાવાશે. આ ઉપરાંત નાબાર્ડને ડિજિટલ કરવા પણ ધ્યાન અપાશે. જેથી ખેડૂતોને ધિરાણ આપવું સરળ થશે. સૉઈલ હેલ્થ કાર્ડ ઉપર પણ સરકાર ધ્યાન આપશે. કૃષિ વિજ્ઞાન ક્ષેત્રમાં નવી ૧૦૦ લૅબ બનાવશે. આ અંદાજપત્રમાં કૃષિ અને ગ્રામીણ વિસ્તાર માટે અનેક જોગવાઈઓ અને ફાળવણી છે. આ ભલામણો અને ફાળવણીનો લાભ કૃષિ અને પ્રાથમિક ક્ષેત્રમાંથી રોજગારી મેળવતા લગભગ ૪૮.૯ ટકા લોકો અને ગ્રામીણ વિસ્તારમાં રહેતી લગભગ ૬૮.૮ ટકા જનસંખ્યાને મળશે.

**પ્રત્યક્ષ કરવેરા અને અંદાજપત્ર :**

કરવેરા એ સરકારને પ્રત્યક્ષ બદલા વિના ફરજિયાત પણે ચૂકવવી પડતી રકમ છે. સરકાર પાસે વિવિધ કરવેરા સિવાયના પણ આવકના સ્રોત હોય છે. જેમ કે જાહેર સાહસોનો નફો, જાહેર સાહસોનું વેચાણ વગેરે. પરંતુ ભારત જેવા દેશમાં કરવેરા એ જ સરકારની આવકનો મુખ્ય સ્રોત હોય છે. કરવેરાના મુખ્ય બે પ્રકાર છે. પ્રત્યક્ષ કરવેરા અને પરોક્ષ કરવેરા પરોક્ષ કરવેરા એ વસ્તુઓ અને સેવાઓ પરના કરવેરા છે. ૧ જુલાઈ ૨૦૧૭ થી જીએસટી (વસ્તુ અને સેવા વેરો) અમલમાં આવવાની અપેક્ષા હોય સરકારે પરોક્ષ કરવેરાના દરોમાં ખાસ ફેરફારો કર્યા નથી. જો કે તમાકુની બનાવટો વગેરે પર દરેક અંદાજપત્રની જેમ કરબોજ વધાર્યો છે.

વ્યક્તિગત કરવેરાના દરોમાં નાણામંત્રીએ ફેરફારો કર્યા છે અને તમામ કરદાતાઓને લાભ થાય. ખાસ કરીને નાના કરદાતાઓને સાપેક્ષ રીતે વધુ લાભ થાય તેવા ફેરફારો કર્યા છે. તો ૫૦ લાખ થી વધુ આવક ધરાવતા કરદાતાઓ પર સરચાર્જ નાખ્યો છે. અગાઉ કરમુક્ત આવક ૨.૫ લાખ સુધીની હતી તે વધારીને ૩.૦ લાખ કરવામાં આવી છે. આ ઉપરાંત ૫.૦ લાખ સુધીની આવક પર ૧૦ ટકાના દરે કર વસૂલવામાં આવતો હતો તે ઘટાડીને ૫ ટકાના દરે વસૂલવાની ભલામણ કરવામાં આવી છે. જેનો લાભ તમામ કરદાતાઓને મળશે. ૫ લાખ થી ૧૦ લાખ સુધીની આવક પર ૨૦ ટકાના દરે તથા ૧૦ લાખ થી વધુની આવક પર ૩૦ ટકાના દરે કર વસૂલવામાં આવશે. આમ, ૫ લાખ પછીની આવક પરનું કર માળખું યથાવત રાખ્યા છે.

પ્રત્યક્ષ કરવેરા એ કુલ આવકનો ૧૬ ટકા ભાગ છે. આ ઉપરાંત સર્વિસ વર્ગ સિવાયના ખૂબ ઓછા લોકો ૫ લાખથી વધુની કર આવક બતાવે છે. કરચોરી તરફની માનસિકતા અને કરપાત્ર આવક ધરાવનારને કર માળખામાં લાવવાની વહીવટી મુશ્કેલીને કારણે ખરેખર કર ભરનારાઓ વાસ્તવિક શક્યતા કરતાં ઘણા ઓછા જણાય છે. જે બાબત નાણામંત્રી બજેટ પ્રવચનમાં કરી છે. આમ છતાં ઉપરના સ્લેબમાં પણ થોડી વધારે છૂટ મળી હોય તો તે આશાસ્પદ વાતાવરણ સર્જવામાં વધુ મદદગાર સાબિત થાય.

**ટેલિફોન અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી :**

ગ્રામીણ વિસ્તારમાં વસતા લોકોને બ્રૉડબેન્ડ કનેક્ટિવિટી પૂરી પાડવા માટે સરકારની મહત્ત્વકાંક્ષી ભારત નેટ યોજના હેઠળની ફાળવણી ૧૦,૦૦૦ કરોડ કરવામાં આવી છે. ભારત નેટ યોજના હેઠળ ૧,૫૫,૦૦૦ કિલોમીટરની ઑપ્ટીકલ ફાઈબર લગાડવામાં આવી છે. આ રોકાણ દ્વારા ૨૦૧૭-૧૮ ના અંત સુધીમાં ૧.૫ લાખથી વધારે ગ્રામ પંચાયતોને હોટસ્પોટ તથા ઓછી કિંમતે ડિજિટલ સેવાઓ ઉપલબ્ધ થશે. જે બાબત ડિજીટલ ઈન્ડિયાને કાર્યરત રાખવા અને જીએસટી ના અમલ માટે ઉપયોગી થશે. જીએસટી અંતર્ગત પેપરલેસ કામગીરી થવાની હોય આઈ.ટી. ક્ષેત્રની સજ્જતા અને વ્યાપની ખૂબ આવશ્યકતા રહેશે. જે બાબતને ધ્યાનમાં લેતા આ ભલામણ મહત્ત્વની છે.

**મનરેગા યોજનામાં જંગી ફાળવણી :**

નાણામંત્રીએ વર્ષ ૨૦૧૭-૧૮ માટે મનરેગા યોજના માટે રૂ. ૪૮૦૦૦ કરોડની ફાળવણી કરી છે. જે અત્યાર સુધીની સૌથી વધુ છે. તેમાં મહિલાઓની ભાગીદારી વધીને ૫૫ ટકા થઈ હોવાનું નાણામંત્રીએ જણાવ્યું છે. મનરેગા યોજના અત્યંત ગરીબ લોકોને રોજગારી પૂરી પાડતી હોય આ ફાળવણી અત્યંત મહત્વની સાબિત થશે. આ ઉપરાંત મનરેગા યોજના અંતર્ગત ૫ લાખ ખેત તલાવડીઓનું કામ હાથ ધરાશે. જે ભૂગર્ભજળના તળ ઊંચા લાવવામાં પાણીને સમુદ્રમાં વહી જતું અટકાવવામાં અને સિંચાઈની સગવડો વધારવામાં ઉપયોગી થશે. મનરેગા યોજના સમાજના અત્યંત ગરીબ વર્ગને રોજગારી માટેનો મહત્વનો આધાર હોય આ ફાળવણી ગરીબ વર્ગને હકારાત્મક અસર કરશે. તેનાથી ગ્રામીણ અર્થતંત્રને પણ વેગ મળશે.

**અંદાજપત્ર અને આર્થિક સુધારા :**

આ અંદાજપત્રમાં નાણામંત્રીએ રાજકોષીય ખાધ જીડીપી ના ૩ ટકા થી વધુ રહેવાનો અંદાજ મૂક્યો છે. આ પગલાંને વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને લીધેલું પગલું કહી શકાય. પરંતુ વર્તમાન નાણામંત્રીનું આ ચોથું બજેટ છે. વર્ષ ૨૦૧૪ માં બે વર્ષની અંદર રાજકોષીય ખાધને જીડીપી ના ૩ ટકા ની અંદર લાવવાની વાત કરી હતી. હાલ ક્રુડ ઓઈલના ભાવ નીચે છે. આવા સંજોગોમાં આ લક્ષ્યાંક પાર પડી શકે તેવા રાજકોષીય પગલાંઓ લેવાની જરૂરી હતી.

અગાઉના અંદાજપત્રોમાં નાણામંત્રીએ public sector units (PSU) ના વેચાણની વાત કરી હતી. આ માટે નીતિ આયોગે પીએસયુ ના વેચાણની યાદી તો તૈયાર કરી છે. પરંતુ આ દિશામાં નક્કર પગલાંઓની અંદાજપત્રમાં કોઈ ભલામણો દેખાતી નથી.

રૂપિયા ૩ લાખથી વધુના નાણાકીય વ્યવહારો પર, અમુક અપવાદોને બાદ કરતાં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ જાહેરાત અનુસાર ૧ એપ્રિલ ૨૦૧૭ થી રૂ. ૩ લાખ કે તેના કરતાં વધુ રકમ રોકડમાં સ્વીકારનારને તેટલી જ રકમનો દંડ થશે. અર્થાત્ ૫ લાખ સ્વીકારનારને ૫ લાખ રૂપિયાનો દંડ થશે અને ૫૦ લાખ રૂપિયા સ્વીકારનારને ૫૦ લાખનો દંડ થશે. આ દંડ ભરવાની જવાબદારી સ્વીકારનારની રહેશે. જે બાબત ખૂબ મોંઘી વસ્તુ રોકડથી ખરીદનારાઓ આવકવેરા કચેરીને ધ્યાનમાં આવશે. જે બાબત કાળાનાણાના દૂષણને ડામવા-વધતું અટકાવવા મહત્વનું પગલું છે.

આ અંદાજપત્રમાં બેંકોમાંથી લોન લઈ ભાગી જનારાઓની સંપત્તિ જપ્ત કરવા અંગે કાયદો બનાવવાની જાહેરાત કરી છે. જે પણ મહત્ત્વપૂર્ણ છે.

**સમાપન :**

પ્રસ્તુત લેખમાં ૨૦૧૭-૧૮ માટેના અંદાજપત્રની કેટલીક મહત્વની જોગવાઈઓ અને ભલામણો અને તેના સુચિતાર્થોની રજૂઆત કરી છે. આ અંદાજપત્રમાં નાણામંત્રીએ લગભગ તમામ ક્ષેત્રોને રાહત આપવાનો પ્રયત્ન કર્યો છે. જેમ કે એફોર્ડેબલ હાઉસિંગ માટે શેર બજાર, બેંકિંગ, કૃષિ, ઉદ્યોગ, વિદ્યાર્થીઓ, ગરીબ વર્ગ તમામ માટે ભલામણો છે. સારા ચોમાસા અને આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડના ભાવોની સ્થિતિ જોતા નાણામંત્રીએ બહુ કઠોર બનવાની જરૂર પડી નથી. નોટબંધીથી પરેશાન થયેલા લોકોને વિશેષ રાહતની અપેક્ષા પણ હતી. જેમાં પણ નાણામંત્રી ખરા ઉતર્યા હોય તેવું જણાય રહ્યું છે. અંદાજપત્રની ફાળવણી અને ભલામણોનો અસરકારક અમલ થશે તો તેની લાંબા ગાળાની હકારાત્મક અસરો પડશે અને ભારતીય અર્થતંત્રના પાયાના પ્રશ્નો, બેરોજગારી, ગરીબી, આંતર માળખાકીય સવગડોનો અભાવ, નીચા કૃષિ વિકાસ દરને દૂર કરવામાં સફળતા મળશે.

**લેખક સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રના આસિસ્ટન્ટ પ્રોફેસર છે.**

# ડિજિટલ અર્થતંત્ર મારફત ગ્રામીણ અર્થતંત્રને પ્રોત્સાહન

**સંદિપ દાસ**



*ગયા વર્ષે નવેમ્બરમાં રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટોના ચલણમાંથી બંધ થવાની જાહેરાતને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે આ નોટબંધીથી અર્થતંત્રને માત્ર કૅશલેશ અર્થતંત્રની દિશામાં જરૂરી ધક્કો જ નહી મળે, પરંતુ તે અર્થતંત્રને આ દિશામાં એક મહત્ત્વપૂર્ણ બળ પૂરું પાડશે. નોટબંધીના બે મહિનાથી વધુ સમય બાદ ગ્રામીણ વિસ્તારમાં લોકો કૅશલેસ નાણાકીય વ્યવહારની સુવિધાઓની અલગ-અલગ પદ્ધતિઓ અપનાવી રહ્યા છે, જેમાં પેમેન્ટ ગેટવે અથવા આધાર આધારિત પેમેન્ટ સિસ્ટમ જેવી મોબાઇલ બૅન્કિંગ સેવાઓ, નૅશનલ યુનિફાઇડ યુએસએસડી (અનસ્ટ્રક્ચર્ડ સપ્લિમેન્ટરી સર્વિસ ડેટા) પ્લૅટફૉર્મ , ડૅબિટ અને ક્રૅડિટ કાર્ડ સાથે સંકળાયેલ પૉઇન્ટ ઑફ સેલ (પીઓએસ) મશીન અને ઇ-વૉલેટ જેવી મોબાઇલ એપ આધારિત પ્રોગ્રામ્સનો સમાવેશ થાય છે.*

ગયા વર્ષે નવેમ્બરમાં રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટોના ચલણમાંથી બંધ થવાની જાહેરાતને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે આ નોટબંધીથી અર્થતંત્રને માત્ર કૅશલેશ અર્થતંત્રની દિશામાં જરૂરી ધક્કો જ નહી મળે, પરંતુ તે અર્થતંત્રને આ દિશામાં એક મહત્ત્વપૂર્ણ બળ પૂરું પાડશે. નોટબંધીના બે મહિનાથી વધુ સમય બાદ ગ્રામીણ વિસ્તારમાં લોકો કૅશલેસ નાણાકીય વ્યવહારની સુવિધાઓની અલગ-અલગ પદ્ધતિઓ અપનાવી રહ્યા છે, જેમાં પેમેન્ટ ગેટવે અથવા આધાર આધારિત પેમેન્ટ સિસ્ટમ જેવી મોબાઇલ બૅન્કિંગ સેવાઓ, નૅશનલ યુનિફાઇડ યુએસએસડી (અનસ્ટ્રક્ચર્ડ સપ્લિમેન્ટરી સર્વિસ ડેટા) પ્લૅટફૉર્મ , ડૅબિટ અને ક્રૅડિટ કાર્ડ સાથે સંકળાયેલ પૉઇન્ટ ઑફ સેલ (પીઓએસ) મશીન અને ઇ-વૉલેટ જેવી મોબાઇલ એપ આધારિત પ્રોગ્રામ્સનો સમાવેશ થાય છે.

હવે સરકારનું સંપૂર્ણ ધ્યાન ગ્રામીણ લોકો વિવિધ પ્રવૃત્તિઓ માટે કૅશલેસ વ્યવહાર અપનાવે તેના તરફ છે. જેમકે, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગૅરન્ટી ઍક્ટ (મનરેગા)નાં ભથ્થા બૅન્ક ખાતાં મારફત મેળવવાં, સહકારી મંડળી અથવા ખાનગી ક્ષેત્રને દૂધ વેચીને ચુકવણી સીધી જ ડેરી ખેડૂતોના બૅન્ક ખાતાંમાં હસ્તાંતરિત કરવી અથવા પ્રધાનમંત્રી જનધનયોજના હેઠળ બૅન્કો દ્વારા વિતરણ કરાયેલા રુપે કાર્ડ્સના ઉપયોગથી ખરીદી કરવી, જેવાં કામો માટે ગ્રામીણ લોકોને કૅશલેસ વ્યવહારો તરફ વાળવામાં આવી રહ્યા છે. હાલમાં જનધન યોજના હેઠળ ૨૬.૫ કરોડથી વધુ બૅન્ક ખાતાં ખોલાવવામાં આવ્યાં છે. આ સ્કીમ પ્રત્યેક નવા જનધન ખાતાંધારકને રુપે ડૅબિટ કાર્ડ પૂરું પાડવાની ખાતરી આપે છે. અત્યાર સુધીમાં અંદાજે ૧૯.૫ કરોડ કાર્ડ્સ ઇશ્યુ થઈ ગયા છે. નાણાંમંત્રાલયના અધિકારીઓનું કહેવું છે કે ગ્રામીણ વિસ્તારમાં જનધન બૅન્ક ખાતાંધારકો અર્થતંત્રના ડિજિટલ પરિવર્તનના મુખ્ય સૂત્રધાર બને તેવો સરકારનો આશય છે.

### કૅશલેસ વ્યવહારોમાં ડેરીસેક્ટર અગ્રેસર

નોટબંધીની સરકારની જાહેરાત બાદ વેપારનાં કેટલાંક ક્ષેત્રોમાં ડિજિટલ વ્યવહારોમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે ત્યારે સંગઠિત ડેરી સેક્ટર પણ તેમાં પાછળ નથી. સરકારી સહકારી મંડળીઓ અને ખાનગી કંપનીઓ સાથે સંકળાયેલા દૂધ ઉત્પાદકોએ ૧૦ લાખથી વધુ નવાં બૅન્ક ખાતાં ખોલાવ્યાં છે અને ૧૦મી નવેમ્બરથી તેમના ખાતાંમાં ચુકવણી પણ મેળવી રહ્યા છે. ગયા વર્ષના મધ્યથી ડેરી-ખેડૂતો માટે ખોલવામાં આવેલા કુલ બૅન્ક ખાતાંની સંખ્યા ૩૦ લાખથી વધુની થઈ ગઈ છે.

કૃષિમંત્રાલય હેઠળના પશુસંવર્ધન વિભાગે તાજેતરમાં નૅશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એનડીડીબી), દિલ્હી મિલ્કસ્કીમ અને રાજયસ્તરના બધાં જ સંગઠનોને આગામી કેટલાંક મહિનાઓમાં ખેડૂતોના બૅન્ક ખાતાંઓમાં જ સીધી ચુકવણી કરવાના નિર્દેશો આપ્યા છે. સરકારે અમૂલ તરીકે પ્રખ્યાત દેશના સૌથી મોટા ડેરી ફેડરેશન ગુજરાત કો-ઑપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનને પણ દૂધની ખરીદી માટે તેની સાથે સંકળાયેલા અંદાજે ૨૯ લાખ ખેડૂતોનાં બૅન્ક ખાતાં ખોલવામાં આવે તેની ખાતરી કરવા વિનંતી કરી છે.

જીસીએમએમએફના મૅનેજિંગ ડિરેક્ટર આર. એસ. સોઢીએ જણાવ્યું હતું કે, 'નોટબંધીની જાહેરાત બાદથી અમે ડેરી ખેડૂતોનાં ૮ લાખ નવાં બૅન્ક ખાતાં ખોલાવ્યાં છે. હાલમાં સહકારી મંડળીને દૂધ વેચતા અંદાજે ૧૯ લાખથી વધુ ડેરી ખેડૂતોને બૅન્ક ખાતાં મારફત દૂધની ચુકવણી કરવામાં આવે છે. જોકે, સોઢીએ ઉમેર્યું હતું કે, 'ફેડરેશને આદિવાસી વિસ્તારોના તેના બાકીના ખેડૂતોનાં બૅન્ક ખાતાં ખોલાવવા માટે બૅન્કોને આ વિસ્તારોમાં તેમની શાખાઓ ખોલવા માટે જણાવ્યું છે. અમૂલ દૂધની ખરીદી માટે ખેડૂતોને સાપ્તાહિક અંદાજે રૂ. ૪૫૦ કરોડની ચુકવણી કરે છે. અમૂલ સાપ્તાહિક ધોરણે ખેડૂતોનાં બૅન્ક ખાતાંઓમાં અંદાજે રૂ. ૩૧૦ કરોડના વ્યવહાર કરે છે, જે નોટબંધી પહેલાં લગભગ બમણું સ્તર છે. આ બાજુ ચેન્નઈ સ્થિત ખાનગી ડેરીકંપની હટસન એગ્રો પ્રોડક્ટ્સ દ્વારા ૩ લાખથી વધુ દૂધ-ઉત્પાદકોને પ્રત્યેક ૧૦ દિવસે રૂ. ૭૫ કરોડનું હસ્તાંતર થાય છે. એક જ સમયે થતા આ ઇ-પેમેન્ટ્સે અનેક ખાનગી કંપનીઓનું ધ્યાન ખેંચ્યું છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે સહકારી મંડળીઓ સાથે સંકળાયેલા ખેડૂતોને સપ્તાહ અથવા પ્રત્યેક ૧૦ દિવસે દૈનિક રૂ. ૧૨૦ કરોડની ચુકવણી થાય છે. પરિણામે રોકડ વિતરણ માટે જંગી પ્રમાણમાં રોકડની જરૂર પડે છે. હાલ દેશમાં ૨૨ ડેરી સહકારી મંડળીઓના નેટવર્કના ભાગરૂપ અંદાજે ૧ કરોડ ડેરી ખેડૂતોમાંથી ૬૦-૭૦ ટકા બૅન્ક ખાતાં ધરાવે છે. એક અધિકારીએ જણાવ્યું કે, ' છેલ્લાં કેટલાંક મહિનાઓથી અમે રાજયોનાં સંગઠનોને કૅશલેસ વ્યવહારો કરવા અને સરકારના નોટબંધી પર અમારા પ્રયાસોને પ્રોત્સાહન મળે તેવા પ્રયત્નો કરીએ છીએ. સહકારી મંડળીઓની સર્વોચ્ચ સંસ્થા એનડીડીબીએ જીસીએમએમએફ, કર્ણાટક કો-ઑપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર્સ ફેડરેશ, રાજસ્થાન કો-ઑપરેટિવ ડેરી ફેડરેશન જેવાં બધાં જ રાજયોનાં સંગઠનોને તાત્કાલિક રોકડ ચુકવણી થતી હોય તેવા ખેડૂતોનાં બૅન્ક ખાતાં ખોલાવવા જણાવ્યું છે.

**પીડીએસ દુકાનોમાં કૅશલેસ વ્યવહારો માટે અન્નમંત્રાલયે ડિજિટલ પર ભાર મૂક્યો**

અન્નમંત્રાલયે સમગ્ર દેશમાં બધી જ ૫ લાખ વ્યાજબી ભાવની દુકાનોમાં કૅશલેસ વ્યવહારની ખાતરી માટે વિશેશ પહેલ શરૂ કરી છે, જેના હેઠળ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા (એનએફએસએ) મુજબ આવરી લેવાયેલા લાભાર્થી બૅન્કો દ્વારા અપાયેલાં રુપે કાર્ડ્સ અથવા આધાર સાથે સંકળાયેલ બૅન્ક ખાતાંઓનો ઉપયોગ કરીને જ અનાજની ખરીદી પર ઊંચી સબસિડીનો લાભ મેળવી શકશે. અન્નમંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું હતું કે, 'એનએફએસએ હેઠળ આવરી લેવાયેલા લાભાર્થીને અનાજની સબસિડી સ્વરૂપે માસિક માત્ર રૂ. ૭૫થી ૮૦ ચૂકવવાના હોય છે. અમે એ બાબતની ખાતરી કરવા માગીએ છીએ કે આટલી નાની રકમ પણ રોકડમાં ચૂકવવામાં ન આવે.' એનએફએસએ હેઠળ પ્રત્યેક લાભાર્થીને માસિક અનુક્રમે ૫ કિલો ચોખા અથવા ઘઉં અનુક્રમે પ્રતિ કિલો રૂ. ૩ અને રૂ. ૨ના દરે મળે છે. જોકે, ઓડિશા, છત્તીસગઢ અને તામિલનાડુ જેવાં અનેક રાજ્યો અનાજ પર વધુ સબસિડી આપી રહ્યાં છે.

આંધ્રપ્રદેશ કે જેણે તેની બધા જ ૨૯,૦૮૨ વ્યાજબી ભાવની દુકાનો (એફપીએસ)માં પૉઈન્ટ ઑફ સેલ (પીઓએસ) મશીનો મૂકી દીધાં છે, ત્યારે તેણે આધાર આધારિત પીઓએસ મશીન્સનો ઉપયોગ પણ શરૂ કરી દીધો છે, જે એનએફએસએ લાભાર્થીનાં બૅન્ક ખાતાંઓ સાથે સંકળાયેલ છે. અધિકારીએ જણાવ્યું હતું કે, 'પીઓએસ મશીનમાં કાર્ડનો ઉપયોગ કરીને લાભાર્થીઓ રોકડ ચૂકવ્યા વિના એનએફએસએ હેઠળ અનાજની ખરીદી કરી શકશે. હાલમાં દેશમાં કુલ ૫,૨૭,૭૫૦ વ્યાજબી ભાવની દુકાનોમાંથી ૩૩ ટકા જ પીઓએસ મશીનો ધરાવે છે, જે એનએફએસએ હેઠળ અનાજની ખરીદીના વ્યવહારોના ઈલેક્ટ્રૉનિક્સલી રેકૉર્ડ રાખે છે. આ પીઓએસ મશીનો લાભાર્થીઓનાં બૅન્ક ખાતાંઓ સાથે સાંકળવામાં આવ્યાં છે.' તેમ એક અધિકારીએ જણાવ્યું હતું.

કર્ણાટક ઉપરાંત મહારાષ્ટ્ર, હરિયાણા, રાજસ્થાન અને ઓઢીશા જેવાં રાજયોએ જાહેર વિતરણ વ્યવસ્થા (પીડીએસ)માં આધાર આધારિત ચુકવણીનો અમલ શરૂ કરી દીધો છે. રાજયમાં ૨૦,૭૭૮ વ્યાજબી ભાવની દુકાનોમાં આધાર આધારિત પૉઈન્ટ-ઑફ-સેલ (પીઓએસ) મશીનો એનએફએસએ હેઠળ ઊંચી સબસિડીવાળા અનાજની

ખરીદી સામે ૧.૦૮ કરડો ગરીબી રેખા નીચે જીવતા (બીપીએલ) રેશનકાર્ડ ધારકોના બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનનો ઉપયોગ કરશે. રાજ્ય સરકાર આધાર મારફત કાર્ડ ધારકના જનધન ખાતાંઓને સાંકળશે.

મહારાષ્ટ્ર સરકારે બિઝનેસ કોરસપોન્ડન્સ મોડેલ અથવા યુએસએસડી અને ઈ-વૉલેટ સુવિધા મારફત ચુકવણી કરવા વ્યાજબી ભાવની ૮૪ દુકાનોમાં કેશલેસવ્યવહારો માટે પાઈલટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ પીડીએસ દુકાનો હવે પોઈન્ટ-ઑફ સેલ ટર્મિનલ્સ મારફત વ્યવહારો કરશે. વ્યાજબી ભાવની દુકાનો રેશનકાર્ડધારક અને ગરીબીરેખા નીચેના લોકોને સબ્સિડાઇઝ ગૂડ્સ પૂરું પાડશે. મહારાષ્ટ્ર સરકારનો આશય બધા જ ૫૦,૦૦૦ પીડીએસ આઉટલેટ્સમાં કેશલેસ વ્યવહારોની સુવિધા શરૂ કરવાનો છે.

નોટબંધીની જાહેરાતના સમયથી રોકડની અછતના કારણે એનએફએસએ હેઠળ અનાજની ડિલિવરીમાં વિલંબ થયાના કોઈ અહેવાલ નથી. ૨૪ કરોડ રેશનકાર્ડ્સમાંથી ૭૧ ટકાથી વધુ આધાર કાર્ડ ધરાવે છે અને લાભાર્થીઓનાં બૅન્ક ખાતાંઓ સાથે આ કાર્ડ્સના જોડાણ અને પીઓએસ મશીન્સના ઈન્સ્ટોલેશન મારફત રોકડ વ્યવહારની ખાતરી કરવામાં આવે છે તેમ અધિકારીએ જણાવ્યું હતું. હાલમાં એનએફએસએ હેઠળ ૫૦થી ૫૫ મિલિયન ટન (એમટી) ચોખા અને ઘઉંનો ૮૨ કરોડ લોકોને પુરવઠો પૂરો પાડવામાં આવ્યો છે.

અન્ન અને ગ્રાહકબાબતોના મંત્રાલયે પણ બધાં જ સત્તાવાર કામોમાં કેશલેસ વ્યવહારોની ખાતરીના નિર્દેશ આપ્યા છે. ફૂડ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા (એફસીઆઈ) દ્વારા ખેડૂતો પાસેથી અનાજની ખરીદી બૅન્ક ખાતાંઓમાં લઘુતમ ટેકાના ભાવ (એમએસપી)ની ટ્રાન્સફર મારફત કરવામાં આવે છે, જ્યારે માત્ર પંજાબ અને હરિયાણામાં આર્થિસ અથવા કમિશન એજન્ટનાં બૅન્કોના ખાતાંમાં એમએસપી ટ્રાન્સફર થાય છે. એ જ રીતે ગ્રાહક બાબતોના વિભાગે તાજેતરમાં ખરીફ મોસમ દરમિયાન રૂ. ૭૦૩ કરોડના કઠોળની ખરીદી કરી હતી અને તેની ચુકવણી ખેડૂતોને ઑનલાઇન પેમેન્ટ્સથી કરી હતી. મંત્રાલયે અધિકારીઓને બધાં જ કૉન્ટ્રાક્ટ કામોની ચુકવણી માટે ફરજિયાત કેશલેસ વ્યવહારોની ખાતરી કરવા નિર્દેશ આપ્યા હતા.

### મનરેગા કામદારોનાં ભથ્થાં તેમનાં બૅન્ક ખાતાંમાં જમા થાય છે

વર્ષો પહેલાં શરૂ કરાયેલા નાણાકીય સમાવેશક કાર્યક્રમના પગલે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગૅરન્ટી ઍક્ટ (મનરેગા)ના કામદારોને ભથ્થાંની ચુકવણી કેશલેસ થઈ ગઈ છે. હવે મોટા ભાગના લાભાર્થીઓના બૅન્કના ખાતાંમાં ભથ્થાં જમા થાય છે. ચાલુ નાણાકીય વર્ષ (૨૦૧૬-૨૦૧૭)માં ૨૫ કરોડ લાભાર્થીઓને રૂ. ૩૨,૦૦૦ કરોડથી વધુની રકમ ટ્રાન્સફર થઈ છે.

### એક કરોડ લોકોને ડિજિટલ શિક્ષણ આપવાનો સરકારનો લક્ષ્યાંક

સરકારે એક કરોડ ગ્રામીણ નાગરીકોને ડિજિટલી શિક્ષિત કરવાનો લક્ષ્યાંક બનાવ્યો છે. આ પહેલ હેળઠ ગ્રામીણ લોકોને દરેક પ્રકારની ચુકવણીના વિકલ્પોના ઉપયોગની તાલીમ અપાશે, જેમાંથી તેઓ તેમને સૌથી સારી રીતે અનુકૂળ સુવિધાનો ઉપયોગ કરી શકશે. ૪૦ લાખથી વધુ ગ્રામીણ નાગરિકો અને ૧.૨ લાખ વેપારીઓની ડિજિટલ પેમેન્ટ્સ માટે નોંધણી થઈ ગઈ છે.

એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, ‘અમે લોકોમાં આ અંગે જાગૃતિના તબક્કા સુધી પહોંચી ગયા છીએ, જ્યાં લોકો સક્રિયપણે ઇલેક્ટ્રૉનિક્સ પેમેન્ટ વિકલ્પો અપનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. ઇલેક્ટ્રૉનિક્સ મંત્રાલય દ્વારા કૉમન સર્વિસ સેન્ટર્સ (સીએસસી) સ્થાપવામાં આવ્યાં છે અને માહિતી ટેક્નોલૉજી મંત્રાલય આ અભિયાનનો પ્રસાર કરી રહ્યું છે.

તાજેતરમાં વડાપ્રધાને સ્વીકાર્યું હતું કે, ‘કેશલેસ’ સમાજ તાત્કાલિક શક્ય નથી અને તેમણે લોકોને ‘લેસકેશ’ સમાજનો ભાગ બનવા તરફ કામ કરવા હાકલ કરી છે. વડાપ્રધાને જણાવ્યું હતું કે આ ડિજિટલ અર્થતંત્ર કેવી રીતે કામ કરે છે તે શીખો. તમારાં બૅન્ક ખાતાંઓ અને ઇન્ટરનેટ બૅન્કિંગનો ઉપયોગ કરવાના વિવિધ માર્ગ શીખો. તમારા ફોન્સ પર વિવિધ બૅન્કોની એપ્સનો ઉપયોગ કેવી અસરકારક રીતે થઈ શકે છે તે શીખો. રોકડ વિના તમારો કારોબાર કેવી રીતે ચલાવી શકાય તે શીખો.’ આ દિશામાં આગળ વધતા એમ જણાય છે કે ગ્રામીણ ભારતને લેસકેશ અર્થતંત્ર બનાવવા માટેની કામગીરી દ્રઢતાથી આગળ વધી રહી છે.

**લેખક દિલ્હી સ્થિત પત્રકાર છે, જે ગ્રામીણ મુદ્દાઓ પર લખવામાં બહોળો અનુભવ ધરાવે છે.**

(E-mail:sandipdas2005@gmail.com)

# યુનિવર્સલ બેઝિક ઈન્કમ (યુબીઆઈ)

દેશને આઝાદી મળી ત્યારે દેશમાં આશરે ૭૦ ટકા ગરીબી હતી, જે વર્ષ ૨૦૧૧-૧૨માં ઘટીને ૨૨ ટકા થઈ (તેંદુલકર સમિતિ) હોવા છતાં આપણે કહી શકીએ કે, આપણે હજુ પણ 'દરેક વ્યક્તિની આંખમાંથી દરેક આંસુને લૂંછવાથી' ઘણાં દૂર છીએ. કહેવાનો અર્થ એ છે આપણે ગરીબી દૂર કરવા ઘણી કામગીરી કરવાની છે.

એટલે ભારતનો આર્થિક સર્વે ૨૦૧૬-૧૭ ગરીબી ઘટાડવાના પ્રયાસ રૂપે વિવિધ સામાજિક કલ્યાણકારક યોજનાઓના વિકલ્પ સ્વરૂપે યુનિવર્સિલ બેઝિક ઈન્કમ (યુબીઆઈ)ની વિભાવનાની હિમાયત કરે છે. યુનિવર્સલ બેઝિક ઈન્કમ પાછળનો વિચાર એ છે કે દરેક નાગરિકને તેની મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડવા મૂળભૂત આવક મેળવવાનો અધિકાર આપવો જોઈએ.

યુબીઆઈ ત્રણ ભાગ ધરાવે છે :

(૧) **સાર્વત્રિકતાઃ** તે તમામ નાગરિકો માટે છે.

(૨) **બિનશરતી :** લાભાર્થીને રોકડ હસ્તાંતરણ સાથે કોઈ પૂર્વશરતો જોડાયેલી નથી.

(૩) **એજન્સી :** ગરીબોની નિર્ણય લેવાની ક્ષમતાને સન્માન આપવું અને તેમના પ્રત્યે પૈતૃકવાદી વલણ ન અપનાવવું.

**યુબીઆઈના ફાયદા :**

(i) **સામાજિક ન્યાય :** દરેકને પ્રતીત થવું જોઈએ કે સમાજનાં તમામ સભ્યોને મૂળભૂત અધિકારો ન મળે, તો કોઈ સમાજ ન્યાયી કે સ્થિર ન રહી શકે.

(ii) **ગરીબીમાં ઘટાડો :** યુનિવર્સલ બેઝિક ઈન્કમ તેની વહેંચણી કરવા સારી રીતે કાર્યરત નાણાકીય વ્યવસ્થા પૂરી પાડી ગરીબી ઝડપી ઘટાડવાનો સરળ માર્ગ બની શકે છે.

(iii) **રોજગારી :** રોજગારીના અનિશ્ચિત સર્જનના યુગમાં યુબીઆઇ સમાજની લઘુતમ જીવનધોરણ પૂરું પાડવાની જવાબદારીને માન્યતા આપે છે. યુબીઆઈ સાથે કોઈ પણ વ્યક્તિ શ્રમ બજારમાં બાર્ગેન કરવા સક્ષમ બનશે અને તેને કોઇ પણ સ્થિતિસંજોગોમાં કામ કરવાની ફરજ નહીં પાડી શકાય. તેનાથી કામદારોનું શોષણ ઘટશે.

(iv) **એજન્સી :** ભારતમાં ગરીબોને સરકારી નીતિઓના લાભાર્થી ગણવામાં આવે છે. આપણી વર્તમાન કલ્યાણકારક વ્યવસ્થા સારો ઈરાદો ધરાવતી હોવા છતાં એવું માનવામાં આવે છે કે ગરીબો તેમના જીવન સાથે સંબંધિત આર્થિક નિર્ણયો લઈ ન શકે. બિનશરતી રોકડ હસ્તાંતરણ તેમને પરિવર્તનના વાહકો બનાવશે, નહીં કે લાભાર્થી.

(v) **વ્યાવહારિક રીતે ઉપયોગી :** વ્યક્તિને ગરીબી તરફ દોરી જતાં સ્થિતિસંજોગો અલગ હોય છે. તેઓ જે જોખમ અને મુશ્કેલીઓનો સામનો કરે છે, એ પણ જુદાં-જુદાં હોય છે. સરકાર કયા જોખમોને ઘટાડવાં પડશે અને કઈ બાબતોને પ્રાથમિકતા આપવી પડશે એ નક્કી કરવાની સ્થિતિમાં નથી. લાભાર્થીના એકમ તરીકે કુટુંબને બદલે વ્યક્તિને ગણવાથી યુબીઆઈ એજન્સી વધારી શકે છે, ખાસ કરીને કુટુંબમાં મહિલાઓ માટે.

(vi) **વહીવટી કાર્યદક્ષતા :** વર્તમાન કલ્યાણકારક યોજનાઓમાં અનુચિત ફાળવણી થાય છે, તેમાં ગેરરીતી કરવા માટે અનેક છીંડાં છે અને તેમાં ગરીબો સામેલ નથી. જનધન, આધાર અને મોબાઈલની ત્રિપુટી (જેએએમ) સંપૂર્ણપણે સ્વીકાર્ય છે, ત્યારે વહીવટી રીતે વધારે કાર્યદક્ષ બનવાનો સમય પાકી ગયો છે.

**યુનિવર્સલ બેઝિક ઈન્કમની મુખ્ય ચિંતાઓઃ યુબીઆઈ નીચેની ત્રણ ચિંતા ધરાવે છે, જે એકબીજા પર નિર્ભર છે -**

(i) યુબીઆઈ કામ કરવા પ્રોત્સાહન ઘટાડે છે. આ દલીલ અતિશયોક્તિપૂર્ણ છે. યુનિવર્સલ બેઝિક ઈન્કમનું સ્તર શ્રેષ્ઠ લઘુતમ હશે. એટલે તેનાથી કામ માટે પ્રોત્સાહનને અસર થવાની શક્યતા નથી.

(ii) બીજી ચિંતા એ છે કે આવકને રોજગારીથી અલગ કરવી જોઈએ? આ ચિંતાનો પ્રામાણિક આર્થિક જવાબ એ છે કે સમાજમાં મોટા ભાગે ધનિક અને વિશેષાધિકાર સંપન્ન વર્ગ આવું કરે છે. વારસાગત કે બિનકાર્ય સંબંધિત આવક કોઈ પણ સ્વરૂપે ધરાવતા સમાજમાં રોજગારીથી આવક અલગ હોય છે.

(iii) ત્રીજી ચિંતા આદાનપ્રદાન સાથે સંબંધિત છે. જો સમાજ કોઈ વ્યક્તિને યુબીઆઈ પૂરી પાડે, તો તેને વળતરમાં શું મળશે? જવાબ છે કે મોટા ભાગના કેસમાં વ્યક્તિ વિવિધ રીતે સમાજને પ્રદાન કરે છે. હકીકતમાં યુબીઆઈ સમાજને વેતન ન મળતું હોય તેવા કાર્ય સાથે સંબંધિત પ્રદાન કરવાનો એક માર્ગ બની શકે છે. ઉદાહરણ તરીકે ગૃહિણી-મહિલાઓના કામની મોટા ભાગે નોંધ લેવાતી નથી અને તેની ચુકવણી થતી નથી..

**ગરીબી નાબૂદી માટેના વર્તમાન કાર્યક્રમોની સમસ્યાઓ :**

(i) જિલ્લાઓમાં સંસાધનોની અસમાન ફાળવણી. આંકડા દર્શાવે છે કે દેશના અતિ ગરીબ વિસ્તારો ઘણી વખત ધનિક વિસ્તારોની સરખામણીમાં સરકારી સંસાધનોમાં ઓછો હિસ્સો મેળવે છે.

(ii) વાસ્તવિક લાભાર્થીઓની બાદબાકી

(iii) સિસ્ટમમાં લીકેજ

**યુબીઆઈ આ સમસ્યાઓનું સમાધાન કેવી રીતે કરી શકે?**

(i) સૈદ્ધાંતિક રીતે યુબીઆઈ વ્યવસ્થામાંથી છીંડાં ઘટાડશે, કારણ કે હસ્તાંતરણ લાભાર્થીના બૅન્ક ખાતામાં સીધું થાય છે. તેનાથી વાસ્તવિક લાભાર્થીને બદલે ખોટા લાભાર્થીને હસ્તાંતરણ કરવામાં નોંધપાત્ર ઘટાડો થયો છે, કારણ કે ઑથોરિટીઝની આ માટેની સત્તા લગભગ નાબૂદ થઈ છે.

(ii) સાર્વત્રિક હોવાથી યુબીઆઈ હેઠળ બાદબાકીની ભૂલો વર્તમાન લક્ષિત યોજનાઓથી ઓછી હોવી જોઈએ.

(iii) યુબીઆઈ જોખમ માટે વીજ તરીકે કામ કરશે અને ગરીબોને માનસિક રાહત આપશે.

**સફળ યુબીઆઈ માટેની બે પૂર્વજરૂરિયાતો :**

(૧) જેએએમ (જનધન, આધાર અને મોબાઈલ) સિસ્ટમનો અમલ — કારણ કે તે સુનિશ્ચિત કરે છે કે રોકડ હસ્તાંતરણ લાભાર્થીના ખાતામાં સીધું થાય છે. ભારતમાં આશરે ૩૩ ટકા પુખ્ત વ્યક્તિઓ આજે પણ બૅન્ક ખાતું ધરાવતી નથી અને આ લાભ મેળવવામાં પાછળ રહી જવાની શક્યતા છે. આ વ્યક્તિઓ અતિ ગરીબ સામાજિક જૂથો સાથે સંબંધિત હોવાની શક્યતા છે - જેમ કે મહિલાઓ, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, વયોવૃદ્ધ અને નબળાં લોકો - જેમને આ લાભની સૌથી વધુ જરૂર છે.

(૨) સંઘ વ્યવસ્થામાં મુખ્ય પ્રશ્ન યુબીઆઈના ફંડિંગમાં કેન્દ્ર-રાજ્ય વચ્ચે વહેંચવાનો હશે. એટલે આ સંબંધે કેન્દ્ર-રાજ્ય વચ્ચેની વાટાઘાટ મહત્ત્વપૂર્ણ રહેશે.

**યુબીઆઈના અમલનો રાજકોષીય ખર્ચ:** ૦.૫ ટકા ગરીબી ઘટાડતી યુબીઆઈનો ખર્ચ જીડીપીના ૪થી ૫ ટકા વચ્ચે આવશે, જેમાં આવકમાં ટોચના ૨૫ ટકા લોકો સામેલ નહીં થાય તેવું ધારવામાં આવે છે. બીજી તરફ, મધ્યમ વર્ગને વર્તમાન સબસિડી અને ખાદ્ય, પેટ્રોલિયમ અને ખાતરની સબસિડીનો ખર્ચ જીડીપીના આશરે ૩ ટકા રહેશે.

આર્થિક સર્વે અંતે જણાવે છે કે, યુબીઆઈ અસરકારક વિચાર છે, જેનો અમલ કરવા માટે સમય પાક્યો ન હોય તો પણ તેની ગંભીર ચર્ચા કરવા માટેનો સમય પાકી ગયો છે તથા યુબીઆઈ મહાત્મા ગાંધીના સ્વપ્ન સમાન સમર્થ, સશક્ત અને સમૃદ્ધ ભારતનું નિર્માણ કરવાના ઉદ્દેશને હાંસલ કરવામાં મદદરૂપ થઈ શકે છે.


**FORM IV**

*Statement about ownership and other particulars about newspaper (Yojana Gujarati.) to be published in the first issue every year after the last day of February*

| | |
|---|---|
| 1. Place of publication | Ahmedabad |
| 2. Periodicity of its publication | Monthly |
| 3. Printer's Name | Dr. Sadhana Rout |
| Nationality | Indian |
| Address | Soochna Bhawan, |
| | Publication Division, New Delhi, 110003 |
| 4. Publisher's Name | Dr. Sadhana Rout |
| Nationality | Indian |
| Address | Soochna Bhawan, |
| | Publication Division, New Delhi, 110003 |
| 5. Editor's Name | Ajay Indrekar |
| Nationality | Indian |
| Address | Yojana Karyalaya, Ambika Complex |
| | Paldi, Ahmedabad, 380007 |
| 6. Names and addresses of Individuals who own the newspapers and partners or shareholders holding more than one per cent of the total Capital. | Ministry of I.&.B., Govt. of India New Delhi 110 001 |

I, Sadhana Rout hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date 25/2/2017

(Dr. Sadhana Rout)
Signature of Publisher

## માહિતી અને પ્રસારણ મંત્રીશ્રીએ એન્યુઅલ ઈન્ડિયા ૨૦૧૭ અને ભારત ૨૦૧૭ વાર્ષિક સંદર્ભ ગ્રંથોનું કરેલું વિમોચન

પ્રકાશન વિભાગના બે અત્યંત પ્રતિષ્ઠિત વાર્ષિક સંદર્ભ ગ્રંથો ઈન્ડિયા-૨૦૧૭ અને ભારત-૨૦૧૭, નું કેન્દ્ર સરકારના શહેરી બાબતો, ગૃહ નિર્માણ, શહેરી ગરીબી નિવારણ, તથા માહિતી અને પ્રસારણ વિભાગના મંત્રી શ્રી વેંકૈયા નાયડુના હસ્તે તાજેતરમાં વિમોચન કરવામાં આવ્યું છે. વિવિધ ક્ષેત્રોમાં દેશની પ્રગતિ અંગે એક ઘનિષ્ઠ ડાયજેસ્ટ તરીકે દેશની પ્રગતિનો ચિતાર આપતા આ વાર્ષિક સંદર્ભ ગ્રંથો આ વર્ષે તેના પ્રકાશનના ૬૧માં વર્ષમાં પ્રવેશ્યા છે. આ પુસ્તકોનાં ૩૩ પ્રકરણમાં ગ્રામ્યથી શહેરી, ઉદ્યોગથી માંડીને માળખાગત સુવિધાઓ, વિજ્ઞાન અને ટેકનોલોજી, કલા અને સંસ્કૃતિ, અર્થતંત્ર, આરોગ્ય, સંરક્ષણ, શિક્ષણ અને માસ કોમ્યુનિકેશન સહિત વિકાસનાં તમામ પાસાંને આવરી લેવાયાં છે. આ પ્રસંગે વાત કરતાં શ્રી નાયડુએ જણાવ્યું કે ઈન્ડિયા ૨૦૧૭માં ભારત અંગે માહિતીનો ખજાનો રજૂ કરાયો છે, જેમાં દેશના સર્વેક્ષણમાં ભારે ચોકસાઈ દાખવવામાં આવી છે. તેમણે વર્તમાન સરકારની માહિતીની ભરોંસાપાત્રતા, આધારભૂતતા અને વિશ્વાસપાત્રતા બાબતે સિમાચિહ્નરૂપ ગણાવ્યા છે.




શહેરી બાબતો, ગૃહ નિર્માણ, શહેરી ગરીબી નિવારણ તથા માહિતી અને પ્રસારણ વિભાગના મંત્રીશ્રી વેંકૈયા નાયડુ અને રાજ્ય કક્ષાના મંત્રી કર્નલ રાજ્યવર્ધન રાઠોડ (નિવૃત્ત), એવીએસએમ, સેક્રેટરી (માહિતી અને પ્રસારણ) શ્રી અજય મિત્તલ, સચિવશ્રી (પીવાનું પાણી અને સ્વચ્છતા) શ્રી પરમેશ્વર ઐયર, સંયુક્ત સચિવ (માહિતી અને પ્રસારણ) શ્રી મિહીર કુમાર સિંઘ અને એડિશનલ ડિરેક્ટર જનરલ ડૉ. સાધના રાઉત જણાય છે.

આ પ્રસંગે ઈન્ડિયા અને ભારત ૨૦૧૭ના ઈલેક્ટ્રોનિક વર્ઝનના પણ વિમોચન કરાયા હતા. શ્રી નાયડુએ જણાવ્યું હતું કે ઈ-વર્ઝન્સમાં અતિ આધુનિક ટેકનિકલ ફીચર્સ દર્શાવાયા છે અને તે આંતરરાષ્ટ્રિય ધોરણોને અનુસરે છે. ઈ-વર્ઝન્સમાં બહેતર માહિતી માટે હાઈપર લીંક્સ, હાઈલાઈટીંગ, બુક માર્કિંગ અને ઈન્ટર એક્ટિવિટી જેવા વિવિધ રિડર-ફ્રેન્ડલી ફીચર્સ પણ રજૂ કરાયા છે, જેનાથી તેને સોશ્યલ મિડિયા પર શેર કરવાનું આસાન બની રહે છે. આ પુસ્તકોમાં સર્ચેબલ કન્ટેન્ટ, રેફ્રન્સીંગ ઉપરાંત સારી વાંચન ક્ષમતા છે તથા તે બેકઅપ અને રિટ્રિવલ પૂરું પાડે છે. આ ઈ-બુક અત્યંત સામાન્ય ઉપયોગ ધરાવતા e-PUB ફોર્મેટમાં ઉપલબ્ધ છે, જેથી ટેબ્લેટસ, કોમ્પ્યુટર્સ, ઈ-રીડર્સ અને સ્માર્ટ ફોન પર આસાનીથી ઉપલબ્ધ થઈ શકે છે.




મંત્રીશ્રીએ પ્રકાશન વિભાગ દ્વારા નિર્માણ કરાયેલી ઓનલાઈન ડીજીટલ લાયબ્રેરીનો પણ પ્રારંભ કર્યો હતો. આ લાયબ્રેરી ૭૫૦ થી વધુ પુસ્તકોની રિપોઝીટરી ધરાવે છે. મુલાકાતીઓને ડીપીડી બુક ગેલેરીમાં વિવિધ શિર્ષકો ધરાવતા પુસ્તકોનું ફ્રી બ્રાઉઝીંગ ઉપલબ્ધ થયું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકારની ડીજીટલ ગતિવિધિને આગળ ધપાવતાં પબ્લિકેશન્સ ડિવિઝને ૭૫૦ પુસ્તકોનું ડીજીટલ સ્વરૂપમાં રૂપાંતર કર્યું છે અને તે માર્ચ ૨૦૧૭ના અંત સુધીમાં ૧,૦૦૦ પુસ્તકોને ડીજીટાઈઝ કરવાની ૧૨મી પ્લાન સ્કીમને પહોંચી વળશે. ભારતિય ભાષાઓ ઉપર ભાર મૂકતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે પુસ્તકો, જર્નલ્સ અને મેગેઝીન્સને તમામ રાષ્ટ્રિય ભાષાઓમાં પ્રસિધ્ધ કરવા આવશ્યક છે, જેથી તે નવી પેઢી સુધી પહોંચી શકે.

રૂ.૩૫૦ની કિંમતે ઉપલબ્ધ પી-બુક્સ ડીપીડીના ૮ સેલ્સ એમ્પોરિયા અને ૩ રિજીયોનલ ઓફિસો દ્વારા ઉપલબ્ધ છે. આ ઉપરાંત દેશના અધિકૃત વિક્રેતાઓ પાસેથી પણ મળી શકશે. સેલ્સ એમ્પોરિયા અને અધિકૃત એજન્ટોની યાદી ડીપીડીની વેબસાઈટ www.publicationsdivision.nic.in ઉપર ઉપલબ્ધ છે. businesswng@gmail.com ઉપર ઈમેલ મોકલાવીને પણ આ પુસ્તકો બુક કરાવી શકાશે. આ પુસ્તકો ભારત કોશ પોર્ટલ ઉપર પણ ઉપલબ્ધ છે અને ત્યાં પબ્લિકેશન ડિવિઝનની વેબસાઈટ દ્વારા પહોંચી શકાશે.

ઈ-વર્ઝન્સની કિંમત રૂ.૨૬૩ રાખવામાં આવી છે અને તે ટોચના ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ Amazon.in, ગૂગલ પ્લેબુક્સ અને Kobo.com ઉપર ઉપલબ્ધ છે.

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

પ્રકાશન તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૭
પોસ્ટિંગ તા. ૧ માર્ચ, ૨૦૧૭

**YOJANA (GUJARATI), March 2017** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅન્કની ઉપર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

## અંદાજપત્ર ૨૦૧૭-૧૮ અંગે પ્રધાન મંત્રીશ્રીના મંતવ્યો

અંદાજપત્ર એ છેલ્લા અઢી વર્ષ દરમ્યાન સરકારે લીધેલા વિકાસલક્ષી પગલાંનું પ્રતિબિંબ અને આ દિશામાં આગળ વધવાની ગતિશીલતાનુ વિઝન દર્શાવે છે.

આ અંદાજપત્ર એ દેશના એકંદર વિકાસ માટેનું મહત્વનું કદમ છે. તેનાથી રોજગારીની તકો ઉભી થશે, એકંદર આર્થિક વૃધ્ધિમાં સહાય થશે અને તે ખેડૂતોની આવક વધારવામાં પૂરક બની રહેશે.

આ અંદાજપત્રમાં કૃષિ, ગ્રામ વિકાસ અને માળખાગત સુવિધાઓને કેન્દ્રમા રાખવામાં આવી છે, જે પણ સરકારની મૂડીરોકાણ વધારવાની અને રોજગાર નિર્માણની તકો ઉભી કરવાની નિષ્ઠા દર્શાવે છે.

સરકારનો ઉદ્દેશ વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનો છે અને એ બાબતને ધ્યાનમાં રાખીને નીતિઓ અને યોજનાઓ ઘડવામાં આવી છે.

દેશભરના નાના અને મધ્યમ કદના ઉદ્યોગો રોજગાર નિર્માણનો મહત્વનો સ્રોત છે. આ ઉદ્યોગોની માંગણી એવી હતી કે તેઓ વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે અને જો કરવેરા નીચા લઈ જવામાં આવે તો લઘુ ઉદ્યોગોના અંદાજે ૯૦ ટકાને લાભ થશે. આથી સરકારે નાના કદના ઉદ્યોગોની વ્યાખ્યામાં સુધારો કર્યો છે અને તેમનો વ્યાપ વિસ્તાર્યો છે તથા કરવેરાનો દર ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કર્યો છે.

આ અંદાજપત્ર અમારી આશાઓ, અમારા સપનાં અને ભાવિનું જે રીતે ચિત્ર દોરીએ છીએ તેની સાથે સંકળાયેલું છે. તે આપણી નવી પેઢીનું ભાવિ તથા ખેડૂતોનું પણ ભાવિ છે.

ભવિષ્યમાં એફ શબ્દ ફાર્મર માટે ઓળખાશે. યુ શબ્દ વંચિત વર્ગ માટે વપરાય છે, જેમાં દલિતો, કચડાયેલો સમુદાય, મહિલાઓ વગેરેનો સમાવેશ થાય છે. ટી અક્ષરનો અર્થ ટ્રાન્સપરન્સી (પારદર્શકતા), ટેકનોલોજી અપગ્રેડેશન-થાય છે, જે આધુનિક ભારતનું સપનું છે. યુ અક્ષર શહેરી નવચેતના-શહેરી વિકાસ તથા આર અક્ષર રૂરલ ડેવલપમેન્ટ (ગ્રામ વિકાસ) માટે અને ઈ અક્ષર યુવાનોને એમ્પલોયમેન્ટ (રોજગારી) માટે વપરાય છે. આંત્રપ્રિનિયોર્શીપ અને એન્હેન્સમેન્ટ (વૃધ્ધિ) નવી રોજગારીને ગતિ આપશે અને યુવા ઉદ્યોગ સાહસિકોને વેગ મળશે.

**<u>અંદાજ પત્ર ૨૦૧૭-૧૮ અંગે નાણાં મંત્રીશ્રી અરૂણ જેટલીના મંતવ્યો</u>**

અંદાજપત્ર તૈયાર કરતી વખતે મારો એકંદર અભિગમ ગ્રામ વિસ્તારો, માળખાગત સુવિધાઓ અને ગરીબી નિવારણ માટે વધુ ખર્ચ કરવાનો હોવા છતાં નાણાંકીય ડહાપણના ઉત્તમ ધોરણો જાળવી રાખવાનો હતો.

અમે વિકાસના ફળ ખેડૂતો, કામદારો, ગરીબો, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ, મહિલાઓ અને સમાજમાં દારૂણ સ્થિતિમાં જીવતા અન્ય વર્ગોને પ્રાપ્ત થાય તે માટે આવા પગલાં લેવાનું ચાલુ રાખવાની અમે ખાત્રી આપી છે.

લોકોની અપેક્ષાઓ સાકાર કરવાનું ચાલુ રાખીને આગામી વર્ષનો અમારો એજન્ડાઃ ટ્રાન્સફોર્મ એનર્ગાઈઝ અને ક્લિન ઈન્ડિયા રહેશે, જે ટીઈસી ઈન્ડિયા તરીકે ઓળખાશે. જેનો અર્થઃ

- શાસન અને આપણાં લોકોની જીવનની ગુણવત્તામાં પરિવર્તન લાવવું
- સમાજના વિવિધ વર્ગો અને ખાસ કરીને યુવાનો તથા દારૂણ સ્થિતિમાં જીવતા લોકોને તેમની સાચી ક્ષમતા બહાર લાવવામાં સહાય કરવી અને
- દેશને ભ્રષ્ટાચાર, કાળુ નાણું અને બિન પારદર્શક રાજકીય ભંડોળમાંથી મુક્તિ અપાવવી (સ્વચ્છ બનાવવું)

ડીજીટલ ઈકોનોમીને સરકારની વ્યૂહ રચનાના આંતરિક હિસ્સા તરીકે પ્રોત્સાહિત કરીને શાસન વ્યવસ્થાને સ્વચ્છ બનાવવી તથા ભ્રષ્ટાચાર અને કાળા નાણાંને દૂર કરવા.

Printed & Published by **Dr. (Ms) Sadhana Rout,** A.D.G. and Head on behalf of Publication Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110 003.
Printed by Mirror Image Pvt. Ltd., A-40/41, GIDC Electronics Estate, Sector-25, Gandhinagar-382016. Phone: 079-23287291

**Director & Chief Editor : Deepika Kachhal** **Editor : Ajay Indrekar**

For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 24367260 / 24365609 / 24365610**